
||હરિઃૐ||



# પૂજ્ય શ્રીમોટાના બે બોલ

॥ હરિ:ૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના બે બોલ

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

- પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

- **આવૃત્તિ વર્ષ પ્રત**
પ્રથમ ૨૦૧૪ ૨૦૦૦

- પૃષ્ઠ : ૬ + ૩૬૬ = ૩૭૨

- કિંમત : **રૂ.** ૩૫/-

- **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

- મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

- ડિઝાઇનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

- ટાઇપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઇન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. ૯૩૨૭૦ ૩૬૪૧૪

- મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

# સમર્પણાંજલિ

**(પ્રથમ આવૃત્તિ)**

પૂજ્ય શ્રીમોટાના સાહિત્યના સંગે વિશેષતઃ પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈના સતત સંપર્કમાં રહીને જીવનવિકાસ માટેની પ્રેરણા મેળવનાર, પૂજ્ય શ્રી ઝીણાકાકા પ્રત્યે અનન્ય આદરભાવ રાખનાર, આશ્રમનાં કાર્યોમાં તેમ જ પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોમાં ઊંડાણપૂર્વક રસ ધરાવનાર, પોંડિચેરી સ્થિત શ્રીઅરવિંદ તથા શ્રીમાતાજીનાં પુસ્તકોના સતત અભ્યાસુ, નિમિત્તયોગે ન્યુ જર્સી અમેરિકામાં સ્થાઈ થયા બાદ પણ પોતાની અંતરંગ ભાવના થકી હરિઃૐ સત્સંગમંડળ, ન્યુજર્સીમાં સ્થાપના કરી પરદેશમાં સ્થાઈ થયેલા. પૂજ્ય શ્રીમોટાનાં સૌ સ્વજનોને દર મહિને ભેગાં કરી હરિઃૐ ધૂન, ભજન અને વાંચન કાર્યક્રમ શરૂ કરનાર, પૂજ્ય શ્રીમોટાના નિમિત્તે સૌ સ્વજનોને પ્રેમના તાંતણે બાંધી રાખનાર, ઉત્કૃષ્ટ કક્ષાના સાત્ત્વિક વિચારક, લેખક અને શાંતિપ્રિય જીવન જીવનાર

**શ્રી કાર્તિકેયભાઈ આપાભાઈ અમીન**

તથા તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી ગીતાબહેન કાર્તિકેયભાઈ અમીન**ને

પૂજ્ય શ્રીમોટા પોતાનાં પુસ્તકોમાં 'લેખકના બે બોલ' સ્વરૂપે પ્રગટ થયેલા, તે તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનો સંગ્રહ એકઠો કરી **'પૂજ્ય શ્રીમોટાના બે બોલ'**ની આ પ્રથમ આવૃત્તિનું પ્રકાશન આદરપૂર્વક સમર્પણ કરતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

તા. ૨૪-૧૦-૨૦૧૪ — **ટ્રસ્ટીમંડળ,**

નૂતન વર્ષ, સંવત ૨૦૭૧ — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

(પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા દ્વારા રચાયેલ સાહિત્યના પ્રકાશન સમયે 'લેખકના બે બોલ' તરીકે તેઓશ્રી દ્વારા જે ભાવના વ્યક્ત થઈ છે, તેને એકત્રીત કરી એક આગવું અને સ્વતંત્ર પ્રકાશન થાય તો વાચક વર્ગને એક પ્રકારની સુગમતા ઉપલબ્ધ થઈ શકે. આ વિચારને આકાર આપતું **'પૂજ્ય શ્રીમોટાના બે બોલ'**નું આ પ્રથમ પ્રકાશન કરતાં અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. અમોને આશા અને શ્રદ્ધા છે કે જિજ્ઞાસુ વાચક વર્ગ એને આવકારશે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

તા. ૨૪-૧૦-૨૦૧૪ — **ટ્રસ્ટીમંડળ**

નૂતન વર્ષ, સંવત ૨૦૭૧ — હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ક્રમ | પુસ્તકનું નામ | પૃષ્ઠ | ક્રમ | પુસ્તકનું નામ | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧. | ભાવ હર્ષા | ૧ | ૨૪. | જીવન પગદંડી | ૧૯૩ |
| ૨. | ભાવ જ્યોતિ | ૧૧ | ૨૫. | જીવન પગલે | ૨૦૬ |
| ૩. | ભાવ કણિકા | ૧૯ | ૨૬. | જીવન પગરણ | ૨૦૭ |
| ૪. | ભાવ પુષ્પ | ૨૨ | ૨૭. | જીવન પોકાર | ૨૧૧ |
| ૫. | ભાવ રેણુ | ૩૩ | ૨૮. | જીવન પ્રભાત | ૨૧૪ |
| ૬. | ગુણવિમર્શ | ૩૬ | ૨૯. | જીવન પ્રવાહ | ૨૨૨ |
| ૭. | હરિજન સંતો | ૩૮ | ૩૦. | જીવન રંગત | ૨૨૯ |
| ૮. | જિજ્ઞાસા | ૪૧ | ૩૧. | જીવન સ્મરણ | ૨૪૦ |
| ૯. | જીવન રસાયણ | ૬૧ | ૩૨. | જીવન સોપાન | ૨૪૭ |
| ૧૦. | જીવન તપ | ૭૭ | ૩૩. | જીવન સ્પંદન | ૨૪૯ |
| ૧૧. | જીવન આહ્‌લાદ | ૧૦૨ | ૩૪. | જીવન ઝલક | ૨૬૪ |
| ૧૨. | જીવન અનુભવ ગીત | ૧૧૧ | ૩૫. | કર્મ ઉપાસના | ૨૬૬ |
| ૧૩. | જીવન ચણતર | ૧૧૮ | ૩૬. | કૃપા | ૨૭૩ |
| ૧૪. | જીવન દર્શન | ૧૨૯ | ૩૭. | મોહ | ૨૭૭ |
| ૧૫. | જીવન ગીતા | ૧૩૪ | ૩૮. | નિમિત્ત | ૨૮૬ |
| ૧૬. | જીવન ઘડતર | ૧૪૧ | ૩૯. | પ્રેમ | ૨૮૯ |
| ૧૭. | જીવન કથની | ૧૫૩ | ૪૦. | શ્રદ્ધા | ૩૦૭ |
| ૧૮. | જીવન કેડી | ૧૫૫ | ૪૧. | શ્રીસદ્‌ગુરુ | ૩૨૧ |
| ૧૯. | જીવન લહરિ | ૧૬૮ | ૪૨. | સ્વાર્થ | ૩૪૧ |
| ૨૦. | જીવન મંડાણ | ૧૭૩ | ૪૩. | મનને | ૩૪૩ |
| ૨૧. | જીવન મંથન | ૧૭૫ | ૪૪. | તુજ ચરણે | ૩૪૬ |
| ૨૨. | જીવન મથામણ | ૧૭૯ | ૪૫. | નર્મદા પદે | ૩૪૭ |
| ૨૩. | જીવન પગથી | ૧૮૯ | ૪૬. | રાગદ્વેષ | ૩૫૦ |

# પૂજ્ય શ્રીમોટાના બે બોલ

-મોટા

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

# ૧. ભાવ હર્ષા

ભાવમાળાનાં ચાર પુસ્તકો - 'ભાવકણિકા', 'ભાવરેણુ', 'ભાવપુષ્પ' અને ચોથું 'ભાવજ્યોતિ' પૂરાં કર્યાં અને પછી રોગોના સખત હુમલાના કારણે મારે વડોદરા શ્રી ભાઈલાલ અમીન હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું.

હૉસ્પિટલમાં સંચાલકોએ તાબડતોબ પ્લાસ્ટર, વીજળી, વૉટર કનેક્ષન વગેરે કરાવીને રહેવા લાયક રૂમ બનાવી દીધો અને બધી સુવિધા કરી આપી. દાક્તરોએ મારી જે જે શારીરિક ચિકિત્સા કરાવવી ઘટે તે કરાવી અને નિદાન અનુસારની દવા-સારવાર શરૂ થઈ. હૉસ્પિટલની નર્સ બહેનો અને બીજા સેવકોએ દિવસ-રાત ખડે પગે મારી શુશ્રૂષા કરી. શ્રી રામ, કાંતાબા, ભાઈ રાજુ અને રેણુકા, શ્રી ઇંદુકાકા અને જયશ્રી અને પુષ્પાબહેન વગેરે બધાં થોડા થોડા દિવસ આવીને મને હળવાશ આપવા મારી સેવામાં હાજર રહ્યાં. એ રીતે પાંત્રીસેક દિવસ ગાળ્યા બાદ મેં હૉસ્પિટલ છોડી. દમની રાહત માટે ઑકિસજન ચાલુ હતો. દિવસમાં ચારપાંચ વાર ઑકિસજન લેવો પડતો હતો. નડિયાદ, સુરત, ફાજલપુર વગેરે જુદે જુદે સ્થળે રહેવાનું બને છે, છતાં બધે બધી સગવડ મળી રહે છે, તેને હું ઈશ્વરની કૃપાપ્રસાદી જ સમજું છું અને મારો વહાલો કેવો હાજરાહજૂર છે, તે જાણીને ગદ્ગદિત થાઉં છું. જે ભગવાનનો થાય છે તેની ભગવાન કેટલી બધી સંભાળ રાખે છે, તેનો પ્રત્યક્ષ પુરાવો આનાથી બીજો વધુ કયો હોઈ શકે ?

મારા વહાલાએ મારા જીવનમાં મને એટલી બધી મદદ કરેલી છે કે તેનાં ગુણગાન ગાતાં મને ધરવ થતો નથી.

ભગવાનનું નામ એક નહિ અને અનેક રીતે ગાતાં મને એટલો બધો આનંદ આવે છે કે મારું રોમેરોમ તેથી પુલકિત થાય છે અને મારા શ્વાસોશ્વાસમાં તેનો રણકાર ગુંજ્યા કરે છે. ઘણીવાર હરિના નામનું ગુંજન મારી ઊંઘ પણ હરી લે છે, પણ તેથી કદી મને નુકસાન થયું નથી, પણ મારા દિલમાં મસ્તી જ પ્રવર્તી છે અને ખરું કહું તો ભગવાનના નામને લીધે જ આજે હું જીવી રહ્યો છું.

ઘણા લોકો ઘણી વાર મને કહે છે કે 'મોટા, તમારાં લખાણોમાં એક ને એક વાત ઘણી વાર બેવડાતી હોય છે.'

તેમને મારો જવાબ છે કે 'ભાઈ, ભગવાનનું નામ પણ એક જ છે અને અનેક રીતે એને લઈએ છીએ, તેથી શું તે બેવડાય છે એમ કહેશો ? અથવા અયોગ્ય છે એમ કહેશો ?

વિદ્વાનો કે સાહિત્યકારોને કદાચ મારાં લખાણો ન ગમે તે અંગે પણ મારાં પુસ્તકોમાં મેં જાહેર કરેલું છે કે હું વિદ્વાનો અને સાહિત્યકારોને માટે લખતો નથી, પરંતુ જેમને આત્મોન્નતિમાં રસ છે, એવા જે જે જીવો મારી સાથે સંકળાયેલાં છે તેમને માટે હું લખું છું. મારી શૈલી સીધીસાદી ગામઠી છે કે જેથી સાધારણ માણસ તે સમજી શકે. મારાં લખાણોને કોઈ સાહિત્ય ગણે કે ન ગણે તે સાથે મારે લેવાદેવા નથી, પરંતુ જેમને માટે હું લખું છું તેમને તે સ્પર્શે છે કે નહિ તે તરફ મારો વિશેષ ઝોક હોય છે.

• • •

આજે જ્યારે જીવનને આરે બેઠો છું ત્યારે મારાં લખાણો

વિશે આટલી સ્પષ્ટતા એટલા માટે કરું છું કે ભવિષ્યમાં મારાં લખાણો વિશે કોઈને સગડગ ન રહે.

• • •

માંદગીમાંથી ઊઠ્યા બાદ શ્રી ઇંદુકાકાએ મને વાત કરી કે 'મોટ, જો તમે પુસ્તક લખો તો તેનો બધો ખર્ચ આપવાની વાત અમદાવાદના મારા એક સ્નેહી ભાવુક ભાઈએ કરી છે.' આ ભાઈ મને અમદાવાદમાં એકબે વાર મળેલા અને ઇંદુકાકા સાથે નડિયાદ આશ્રમે પણ એકવાર પધારેલા. નાણાં મળે તો જ હું પુસ્તક લખવાનું સ્વીકારું છું, એ વાત હવે સૌ કોઈ જાણે છે. આમ, નાણાં મળવાની વાત થઈ એટલે પુસ્તક લખવાનું હાથમાં લીધું. ૨૦૮ મૌક્તિકો લખવાનાં હતાં. ૧૫૪ મૌક્તિકો નડિયાદ હતો તે દરમિયાન લખાયાં અને બાકીનાં ૫૪ ફાજલપુર હતો ત્યારે લખાયાં. એ રીતે આ 'ભાવહર્ષા' પુસ્તક પૂરું થયું.

આ પુસ્તકમાં મેં જે હરિને ગાયો છે, આરાધ્યો છે અને જે હરિને લીધે આજે મારું સમાજમાં આદરમાન થાય છે તેની મેં વાત કરી છે.

જે વાતનો મુદ્દલે વિચાર નહિ કે જે વાતનો કશો પણ ખ્યાલ નહિ એ ભગવાનના માર્ગ તરફ હું શી રીતે વળ્યો હોઈશ ? તે વિશે આજે વિચાર કરું છું ત્યારે મને પોતાને પણ આશ્ચર્ય થાય છે. ગાંધીજી પાસેથી દેશસેવાનું વ્રત લઈને હું હરિજન સેવામાં જોડાયો હતો. તે કાળે ગાંધીજીનો એવો સૂરજ તપતો હતો કે તેઓ જે આદેશ આપે એ જ ખરું કામ. સાધુસંતો અને બાવા એ તો દેશને ભારરૂપ ગણાતા હતા. એટલે એમને વિશે વિચાર પણ ક્યાંથી આવે ? તો પછી ભગવાનના નામની વાત તો ક્યાંથી જ હોય ?

પણ ભગવાનને મને એના માર્ગે વાળવો હતો. એને થયું હશે કે આ છોકરાનો માર્ગ જુદો છે અને એ જુદે માર્ગે ચઢી ગયો લાગે છે. એને એમ ને એમ કહીશ કે તારો માર્ગ જુદો છે અને તું ખોટે રસ્તે ચઢી ગયો છે તો એ નહિ માને. એને Shock-આઘાત આપીશ તો જ એ સાચે માર્ગે ચઢશે. એટલે મને ફેફરાનો રોગ થયો. દવાઓથી મટ્યું નહિ અને રોગથી હું કાયર, કાયર થઈ ગયો. એક વેળા ચાણોદ ફરવા ગયો હતો, ત્યાં નર્મદા કિનારે એક સાધુ મહાત્માએ કહ્યું, 'બચ્ચા, તારે રોગ મટાડવો હોય તો એક દવા બતાવું, પણ તારા માન્યામાં નહિ આવે.' મેં એ મહાત્માને ખાતરી આપી કે તમે બતાવશો એ દવા હું જરૂર કરીશ ત્યારે એમણે મને ભગવાનનું નામ લેવાનો ઉપાય બતાવ્યો.

સાધુ મહાત્માએ ભલે મને સાચો ઉપાય બતાવ્યો, પરંતુ જ્યાં સુધી એમાં શ્રદ્ધા ન બેસે ત્યાં સુધી એ નિરર્થક છે. હું આગળ જણાવી ગયો તેમ તે કાળે ગાંધીજીની બોલબાલા હતી અને ઈશ્વરમાં એમને ભારે શ્રદ્ધા હતી. એટલે મારી બધી હકીકત લખી જણાવી, પૂછ્યું. ગાંધીજીનો જવાબ આવ્યો કે ઈશ્વરના નામથી ગમે તે રોગ મટી શકે છે. માટે ખુશીથી તું ભગવાનનું નામ લે અને મેં ભગવાનનું નામ લેવા માંડ્યું. પ્રભુકૃપાથી ભગવાનનું નામ એવું સરસ રીતે લેવાયું કે મારો રોગ તો મટ્યો જ, પરંતુ મારું કામ જીવંત રીતે થવા માંડ્યું. તેમાં ગતિ આવી અને એકીસાથે અનેક કામ કરવા છતાંય બધાંય કામ તરફ એકસરખું લક્ષ અપાવા માંડ્યું. આ રીતે ભગવાનના નામની અસર મારા શરીર, મન અને કામમાં પ્રવર્તાવા લાગી. એટલે તેનું નામ હું વધુ લેવા લાગ્યો.

આ સમય દરમિયાન સાંઈ ખેડાવાળા શ્રીધૂણીવાળા દાદાએ શ્રીબાળયોગી મહારાજને મારે માટે મોકલેલા, તેમનો ભેટો થઈ ગયો હતો અને તેઓએ મને સાધનામાં દીક્ષિત કર્યો હતો. તેઓએ મારી સાથે બે માસ જેટલો સમય ગાળ્યો હતો અને સાધનામાં મારે શું કરવું તે વિશે મને માર્ગદર્શન આપ્યું હતું. વળી, ભવિષ્યમાં 'સાધનામાં તને મુશ્કેલી પડે અને તારી 'સાધના' અટકી પડે ત્યારે મને યાદ કરજે. એટલે તરત તારી પાસે આવી હાજર થઈશ.' એવું અભયવચન આપ્યું હતું અને તેમનાં વચન પ્રમાણે જ્યારે જ્યારે મારી સાધનામાં મને મુશ્કેલી જણાઈ અને બીજો કશો ઉપાય સૂઝ્યો ન હતો ત્યારે તેમણે આવીને મને મદદ કરી છે અને પ્રેરણા આપી છે. આ ગાળામાં દિવસના સોળ સોળ કલાક ભગવાનનું નામ લેતો હતો, તેમ છતાં સ્મરણની નિરંતરતા હજી મારામાં પ્રગટી ન હતી. શું કરું તો તેમ થાય તે માટેનાં મારાં મંથન અને મથામણ બંને ચાલુ હતાં, પણ તેથી કશું વળ્યું નહિ. ગુરુમહારાજને પણ ઘણી ઘણી વિનવણી અને પ્રાર્થના કરતો પણ તેઓ જાણે અલોપ થઈ ગયા હોય તેમ મને કશી ઝાંખી થતી ન હતી.

એવામાં મરણશરણનો એક ભયંકર ઉલ્કાપાત મારી ઉપર થયો. ખેડા જિલ્લામાં બોદાલ હરિજન આશ્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે બધું કામ પતાવીને આશ્રમની બહાર રાતે ખેતરમાં ખુલ્લામાં હું સૂતો હતો. મારી એક પડખે શ્રી ઠક્કરબાપા અને બીજે પડખે શ્રી શ્રીકાંત શેઠ સૂતા હતા. ત્યાં મધરાત બાદ મારી સાથળમાં આવીને એક સાપે મને બેચાર ડંખ માર્યા. બૂમાબૂમ થઈ અને બધા જાગી ગયા. બધાએ જોયું કે હું બેભાન

બનતો જતો હતો અને હું હરિઃૐના પોકારો મોટેથી પાડતો હતો. કોણે કહ્યું તેની મને યાદ નથી પણ કોઈકે ત્યારે મને એમ પણ કહ્યું કે ભગત ! તમને સાપ કરડ્યો છે અને તમે હરિઃૐના બરાડા શા માટે પાડો છો ? ત્યારે મારામાં બોલાય એવી શક્તિ ન હતી. એટલે તેમને હું કેવી રીતે સમજાવું કે સાપ કરડ્યાને કારણે મારા શરીરની નસેનસ અને રોમેરોમ જે ઝેર પ્રસરી રહ્યું હતું તે થંભાવવાને માટે હું હરિઃૐના પોકારો પાડું છું. મેં કોઈનું કંઈ ગણકાર્યું નહિ અને હરિઃૐના પોકારો ચાલુ જ રાખ્યા. ગામમાં જે કંઈ ઘરગથ્થુ દવાઓ પ્રાપ્ત હશે તે બધી કરી જોઈ, પરંતુ ફેર પડ્યો નહિ. ત્યારે પાસેના ગામમાં કોઈ સાપ ઉતારનારને ત્યાં મને લઈ ગયા, પણ ત્યાંય કંઈ વળ્યું નહિ. મારી સ્થિતિ વિકટ થતી જતી હતી. હમણાં બેભાન થઈ જવાશે અને પછી ખલાસ, પણ મારા મુખમાંથી હરિઃૐના પોકારો તો જોરશોરથી ચાલુ જ હતા. આ સ્થિતિમાં મને આણંદમાં ડૉ. કૂકના દવાખાને લઈ જવામાં આવ્યો અને દાક્તરને બધી પરિસ્થિતિથી વાકેફ કર્યા. દાક્તરે તુરત જ મને એનિમા આપી મારા શરીર અને આંતરડાંને વૉશ કરી (ધોઈ નાખ્યાં) અને બધું પાણી બહાર કાઢી નાખ્યું. તેની તપાસ કરાવતાં તેમાં સાપનું ઝેર એટલા બધા પ્રમાણમાં હતું કે સાધારણ સંજોગોમાં માણસ મરી જ જાય તેમ છતાં આ છોકરો કેવી રીતે જીવ્યો ? એ તેમને મન એક આશ્ચર્ય જ હતું. છેવટે તેઓ બોલ્યા કે દવાખાનામાં એક દર્દીને બચાવવા મારાથી જે બની શકે તે બધું મેં કર્યું છે. હવે, ઉપરવાળો જે કરે તે ખરું. એટલું બોલી તેઓ ચાલ્યા ગયા, પરંતુ સવારે આવીને જુએ છે

તો હું ભાનમાં હતો અને બચી ગયો છું તે જોઈને તેમના મુખમાંથી સહજ ઉદ્‌ગાર નીકળ્યા કે મારા એકલાની શક્તિનું આ પરિણામ નથી, ભગવાનની કૃપાશક્તિએ એમાં ખરો ભાગ ભજવ્યો છે. કેમ બચ્યો તે હું જાણતો હતો પણ તે વખતે બોલવું યોગ્ય ન હતું. એટલે હું કાંઈ બોલ્યો નહિ. દવાખાનામાં પડ્યો પડ્યો એક તરફ હું સર્પદંશની વેદનાથી પીડાતો હતો અને મારા માથામાં ઝાટકા વાગતા હતા તો બીજી તરફ મારા હૃદયની ધડકનમાં એક સુખદ નાદ ગાજી રહ્યો હતો. એ નાદ શેનો હતો તે હું એકલો જ જાણતો હતો. સ્મરણના નિરંતરનાં સોપાને હું પહોંચી ગયો હતો. આમ, મારા દિલમાં ત્યારે દુઃખ અને આનંદની કેવી સંમિશ્રણ લાગણીઓ પ્રગટી હશે તેની કલ્પના વાચક જ કરી લે.

મારી સાધનાના પ્રસંગોની હકીકત મારા **'જીવન દર્શન'** પુસ્તકમાં મેં વિસ્તૃત રીતે લખી છે. જેમને રસ હોય તેઓ તે જરૂર વાંચે, જેમ મનુષ્યના જીવનમાં બાલ્યવયના ઘડતરને અતિ મહત્ત્વનું ગણ્યું છે તેમ સાધનામાંય શરૂઆતનો કાળ ઘણો જ મહત્ત્વનો હોય છે. એટલા માટે મેં મારી સાધનાના પ્રારંભકાળને આ પુસ્તકમાં ક્રમબદ્ધ આલેખ્યો છે. જેથી, વાચક તે સરળતાથી સમજી શકે. મનુષ્યનાં પ્રકૃતિ અને સ્વભાવ એકસરખાં હોતાં નથી. દરેક માણસનાં પ્રકૃતિ અને સ્વભાવ નોખાં નોખાં હોવાનાં. એટલે તે અનુસાર દરેકની સાધના પણ નોખા નોખા પ્રકારે જ થવાની. એકે અમુક પ્રકારે સાધના કરી તો બીજો તે જ પ્રકારે સાધના કરશે એવું નહિ બનવાનું. વળી, ભગવાનનું નામ લીધું એટલે સાધના થઈ ગઈ એવું માનવાની પણ રખે કોઈ ભૂલ કરે. નામસ્મરણ એ તો હૃદયની શુદ્ધિ કરવાનું એક સાધન

માત્ર છે અને તે દ્વારા ભગવાનની ભક્તિમાં સ્થિર અને દૃઢ થવાય છે અને સાધનામાં આગળ વધવા માટે તે પ્રેરણાને મદદરૂપ થાય છે. શ્રેયાર્થીએ આ બધું જાણવાની, સમજવાની અને તેમાં ઊંડા ઊતરવાની જરૂર છે. એમ નહિ બને તો શ્રેયાર્થી જ્યાંનો ત્યાં પડી રહેશે અને સાધનામાં તેની પ્રગતિ થશે નહિ. યુદ્ધમાં જો સૈનિક બરાબર સાવધ રહે અને દુશ્મનની ચાલ પારખીને લડે તો જ તે જીતે છે, તેમ સાધના પણ જીવનના ઊર્ધ્વીકરણ માટેનું એક યુદ્ધ જ છે અને શ્રેયાર્થી તેમાં સતત સાવધ રહીને પાર પડે છે તો જ તે સિદ્ધિને વરે છે, પણ સિદ્ધિ વરવી એમ કાંઈ સહેલી નથી. શ્રેયાર્થીની ઘણી વાર એમાં ચડપડ થાય છે અને કોઈ વાર તો સિદ્ધિની મોહામણી ભુલભુલામણીમાં અટવાઈ જઈ તે શ્રેયાર્થી એક માર્ગને બદલે બીજે માર્ગે પણ ચઢી જાય છે. આમ, સિદ્ધિ વરવા જતાં ભયસ્થાનો પણ ઘણાં આવે છે. ઘણી વાર શ્રેયાર્થીનો કેફ પણ એને સાધનામાં આગળ જતાં રોકી રાખતો હોય છે.

આથી જ ભગવાનનાં નામ અને ભક્તિનો મેં મહિમા ગાયો છે. આથી, આપણું અહમ્ ટળે છે. રાગદ્વેષ મોળા પડે છે, કશી આશા અપેક્ષા રહેતી નથી. હૃદય નિર્મળ થાય છે અને ખળખળ વહેતી નદી જેમ સાગરમાં ભળી જાય છે એમ ભગવાનનું નામ લેવાથી આપણો આત્મા પ્લાવિત થઈને ભગવદ્ ભાવમાં ભળી જાય છે. આથી મનમાં જે પ્રસન્નતા રહે છે, શાંતિ પ્રવર્તે છે અને તૃપ્તિ થાય છે, તે લાખો રૂપિયા આપવા છતાં પણ સંસારમાં ન મળે એવાં છે. મારી આ વાત જગતને હું કેવી રીતે સમજાવું ?

મારી સાધનામાં ભગવાનના નામને આથી જ મેં મુખ્ય ગણ્યું છે. કોઈ મને પૂછે કે મોટા, ભગવાનના નામમાં તમને શું મળ્યું ? તો હું તેને કહું કે ભગવાનના નામથી શું નથી મળ્યું ?

(૧) મને ભગવાને એનો બનાવ્યો એ પહેલું મળતર.

(૨) ભગવાને મને એની ભાવપ્રસાદી આપી અને મેં તે એકલા ન આરોગતાં સર્વને ધરી એ બીજું મળતર.

(૩) બુડથલ જેવા મારી પાસેથી એણે શાસ્ત્રો જેવાં કેટલાંય પુસ્તકો લખાવ્યાં એ ત્રીજું મળતર.

(૪) લોકકલ્યાણનાં કાર્યો માટે લાખો રૂપિયા અપાવરાવ્યા એ ચોથું મળતર.

(૫) આટઆટલી માંદગીઓ છતાં એની છત્રછાયાથી હું સ્વસ્થતાથી જીવી શકું છું એ પાંચમું મળતર.

(૬) આબાલવૃદ્ધ મારા જે ચાહકો છે તેમના દિલમાં મને સ્થાન મળ્યું છે અને 'મોટા'ને અમુક વસ્તુ જોઈએ છે તેનું નામ પડતાં જ તે મને મળી જાય છે. આવો લોકોનો નિર્વ્યાજ પ્રેમ મળ્યો છે એ છઠ્ઠું મળતર.

આમ, ભગવાનને મેં કશું નથી આપ્યું, છતાં ભગવાને મને કેટકેટલું આપ્યું છે ? ભગવાને સર્વોત્તમ ભેટ તો મને ભાવની બક્ષી છે. જે ભાવ દ્વારા સૌની સાથે દોસ્તી કરવાની મને તક મળે છે. અને તેમને ભગવાનનો ભાવ પહોંચાડવામાં હું નિમિત્ત બનું છું. તેના રસનો જે સ્વાદ મેં ચાખ્યો છે તેની તોલે જગતનો કોઈ સ્વાદ આવે એમ નથી. જેમ જેમ હું એની સમીપ ગયો છું તેમ તેમ એનું સ્વરૂપ મને નિરનિરાળું લાગ્યું છે, જેને શબ્દોમાં હું વર્ણવી શકતો નથી. એથી જ આ પુસ્તકમાં મેં ગાયું છે કે 'સર્વશ્રેષ્ઠ હરિ જ છે.'

ઈશ્વરની આવી બલિહારી છે. એ ઈશ્વરનો થવા માટે મેં જે જે પ્રયત્નો કર્યા છે તેને ટૂંકમાં આ પુસ્તકમાં રજૂ કર્યા છે. મારા ગુરુમહારાજે મને સાધનામાં દીક્ષિત કર્યો ત્યારે કહેલું કે ઈશ્વરને માર્ગે જતાં જતાં તને જે જે થાય તેને તું હૃદયમાં સંઘરી ના રાખીશ, પરંતુ જેઓ ભગવાનને માર્ગે જવા માગે છે તેમને તારા અનુભવોની જાણ કરજે. મેં તને જેમ ઈશ્વરને માર્ગે જવામાં પ્રોત્સાહિત કર્યો છે તેમ તું પણ લોકોને ઈશ્વરને માર્ગે જવામાં પ્રોત્સાહિત કરજે. લોકોને ઈશ્વરાભિમુખ કરવા માટે આથી જ મારી સાધનાના અનુભવોની જાણ હું કરી રહ્યો છું કે જેથી કોઈને પણ એનો રંગ લાગે. મારા ગુરુમહારાજને આ જ મારી ગુરુદક્ષિણા છે. સંપાદકના બે બોલમાં આ પુસ્તક વિશે વિસ્તૃતમાં લખાયું છે એટલે તે વિશે વધુ લખતો નથી. અંતમાં મેં અનેક વાર ગાયું છે તે ફરી વાર નીચે ટાંકીને લેખકના બે બોલ પૂરા કરું છું.

**'કેવો હતો ? પતિત શો મુજને ચઢાવ્યો !**
**ક્યાંનોય ક્યાંય મુજને ગગને ઉરાડ્યો ?'**
**દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો,**
**એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો.**

હરિઃૐ આશ્રમ, નડિયાદ **—મોટા**

તા. ૨૦-૨-૧૯૭૫

❑

# ૨. ભાવ જ્યોતિ

મુંબઈમાં હતો ત્યારે ભાઈ ચંદ્રકાંત મહેતાના દીવાનખાનામાં મારા ફોટાઓ સરસ રીતે મઢીને ગોઠવેલા મેં જોયા. એની નીચે સૂત્રો લખેલાં પણ મેં જોયાં. સરસ રીતે મઢેલાં. એ સૂત્રો મને ગમ્યાં. રચેલાં તો મેં જ હતાં, તેમ છતાં મને ગમ્યાં. એટલે મને એમ થયું કે આ બધાં સૂત્રો હવે લખવાં. એક તો થોડાકમાં બધો સાર સમાઈ જાય અને અત્યાર સુધી બધી ચોપડીઓ લખતો હતો-ગઝલો-તેનો સાર પણ એમાં આવી જાય, કારણ કે આ બધાંનું મૂળ અંગ તો ભાવ. ભાવ જ્યાં ના હોય તેવું લખાણ મિથ્યા. ભાવ એ જ આ બધાંનો પાયો છે. એટલે ભાવના પાયા ઉપર આ બધું લખાણ લખવાનું મેં શરૂ કર્યું. એ લખાણમાંથી 'ભાવપુષ્પ', 'ભાવકણિકા', 'ભાવરેણુ' અને આ ચોથું પુસ્તક પ્રસિદ્ધ થાય છે 'ભાવજ્યોતિ', 'ભાવપુષ્પ', 'ભાવકણિકા', 'ભાવરેણુ' એ ત્રણેના છપાવવા માટે ભગવાનની કૃપાથી પૈસા મળી ગયા છે. 'ભાવજ્યોતિનું' પણ એમ જ થયું. એટલે એ પણ હવે છપાવવાનું બનશે. આજકાલ કાગળની ઘણી મોંઘવારી અને મળતા પણ નથી, પણ એ તો મળી રહેશે. આ 'ભાવજ્યોતિ' જે મેં લખ્યું છે, તે એનાં મૂળમાં તો ભાવ છે. જો ભાવ ના હોય તો બધું લખેલું મિથ્યા ગણાય. ભાવ જ આમાં જે તે મહત્ત્વનો ભાગ ભજવે છે અને મેં લખ્યું છે તે બધું જ ભગવાન ઉપર લખ્યું છે. ભગવાન વિના બીજું કશું લખવાનું મને સૂઝતું નથી.

એક કાળ એવો હતો કે જ્યારે મેં નવલકથા લખી હતી, પણ નવલકથા ગુમ થઈ ગઈ. એટલે આપણે સમજી લીધું કે આપણે હવે બીજું કશું લખવાનું નથી. અને આ પણ લખવાનું બહુ જ ઓચિંતું બન્યું. મને કવિતા લખતાં પહેલાં આવડતી પણ નહિ. મારા ત્રણે ભાઈઓ, મારા મોટા ભાઈ જમનાદાસભાઈ, મૂળજીભાઈ ભક્ત, સોમાભાઈ ભાવસાર બધા કવિઓ. હું એકલો જ નહિ. એટલે મને લાગે કે હું એકલો નમારમૂંડો બાકી રહ્યો. મને જ કવિતા કરતાં આવડતું નથી. કૉલેજમાં ભણતો ત્યારે પ્રયત્ન કરેલો, પણ કાંઈ ફાવી શકેલો નહિ. ત્યાર પછી તો ઘણાં વર્ષો વીતી ગયાં અને ભક્તિના માર્ગમાં ભગવાનની કૃપાથી કંઈક પ્રવેશ મળ્યો અને તે વખતે જે કંઈ ભાવના જાગી એમાંથી આ દ્વાર ખુલ્લું થયું. અને પહેલવહેલું ભજન મેં લખેલું કે 'નાથ વ્હારે આવે તો વહેલો આવજે રે' એ ગીત મેં લખ્યું. એ આમ તો સામાન્ય ગીત, ગામડિયા લોક ગાય એવું ગીત છે, પણ એ ગીત લખ્યાથી મને પોતાને સંતોષ થયો કે આવાં ગીતો લખાય તો સામાન્ય સરળ માણસો પણ સમજી શકે. એ તો જાણે કે મારા ગુરુમહારાજનો મને આદેશ હતો કે 'દીકરા, એવું લખવું કે સામાન્ય માણસ પણ સમજી શકે. તમારે પાંડિત્ય બતાવવાની જરૂર નથી.તમારી વિદ્વત્તાને તમે ભૂંસી નાખો. વિદ્વત્તાને ખોઈ નાખો. તમારામાં જે ડહાપણ છે, તે ડહાપણને જવા દો. પણ સીધું સાદું, અહંકાર વિનાનું ગામડિયા માણસો સમજી શકે એવું તમે લખો.' એ વાત મારે ગળે ઊતરી ગઈ અને એ પ્રમાણે લખવાનું મેં શરૂ કર્યું. અને આ 'ભાવજ્યોતિ'માં પણ મેં એ પ્રમાણે જ બધું લખ્યું છે. એને સાહિત્ય કોઈ કહે

કે ના કહે, તેને માટે હું કશો વિચાર કરતો નથી. સાહિત્ય હોય કે ન હોય, પણ એવું એક લખાણ હોય કે જે સમાજનો ઘણો મોટો ભાગ સમજી શકે. એવું હોય તેને સાહિત્ય કહેવું કે ન કહેવું તે સાહિત્યકારો સમજે. મારા મનથી તો આ પણ સાહિત્ય જ છે. એક કાળ એવો આવશે કે જ્યારે આ પણ સાહિત્યની એક પદ્ધતિ કે લક્ષણ ગણાશે. એવો કાળ આવે કે ન આવે, એને કોઈ સાહિત્ય ગણે કે ન ગણે, તે વિશે મારા મનમાં હું તદ્દન નિઃસ્પૃહ છું. તેમ છતાં આ રીતે લખ્યા કરું છું ખરો. તેમ છતાં તે રીતે મને વધારેમાં વધારે ફાવે છે, અનુષ્ટુપ છંદમાં અને ગઝલમાં પણ, પરંતુ અનુષ્ટુપમાં હું બહુ સરળતાથી લખી શકું છું અને લખવાનું હોય છે તે તો તૈયાર જ હોય છે. એને વિશે મારે કંઈ વિચારવાનું હોતું નથી, કે હું કશું વિચારીને લખતો પણ નથી. વિચારીને જો કંઈ લખાય તો હું તે ફાડી જ નાખું. અને એ સ્થિતિ જ અત્યારે નથી કે હું કંઈ વિચારીને લખી શકું. એટલે જ્યાં સુધી, જ્યારે એમ નક્કી થાય કે આ પુસ્તક છપાવવાના પૈસા અમુક જણ આપી દેવાના છે, એવું જ્યારે નક્કી થાય છે ત્યારે ઝડપભેર લખાઈ જાય છે. અરે, આખું પુસ્તક બે કે ત્રણ દિવસમાં હું પૂરું કરી નાખું. એવા કેટલાયે દાખલા બનેલા છે. એટલે આ ‘ભાવજ્યોતિ’ લખતાં મને થોડાક દિવસ થયા ખરા. એનું મૂળ કારણ તો આ. જોકે શરીરની માંદગી એ કારણ ખરું, પણ શરીરની માંદગી એ કંઈ બહુ મોટી વાત મને લાગતી ન હતી.

એક દિવસ સવારમાં અમારા સુરતના પ્રખ્યાત પ્રતિષ્ઠિત ડૉ. શ્રી આર. કે. દેસાઈ સાહેબ મને જોવા આશ્રમમાં કૃપા

કરીને પધાર્યા હતા. ત્યારે જરા કંઈક વાર હતી, અને કંઈ ભૂલ હતી તે સુધારવાની હતી કે 'મોટા, આ બે ગીત તમારે બરાબર કરવાના છે.' તેમાં ફરીથી મેં એક તો લખી આપ્યું. એટલામાં એ પધાર્યા. મેં હાથ જોડ્યા, નમસ્કાર કર્યા. એ વિધિ થઈ પછી કહ્યું કે 'સાહેબ, આટલું ભજન લખવાનું બાકી છે, તે આપ રજા આપો તો લખી લઉં.' તો કહે, 'લખી લો, લખી લો.' એટલે મેં તરત જ એ બીજું ગીત લખીને પેલા ભાઈને આપી દીધું. તો મને કહે, 'મોટા, તમારું મન તો બહુ સ્વસ્થ છે અને મન તો હમણાં પેલી ગોળી કામપોઝ, બે ગોળી લો છો તેનાથી મન તમારું સ્વસ્થ ના રહે.' મેં કહ્યું કે 'રહે કે ના રહે તે હું જાણતો નથી, પણ અત્યારેયે ૧૦ ભજન હું લખી શકું, જો મને નિમિત્ત મળે તો.' મારે કહેવાની મતલબ એ કે આ 'ભાવજ્યોતિ' આવી જ રીતે ધીરે ધીરે લખાયું અને આ શરીર ત્યારે અને અત્યારે પણ માંદલું છે. અને અત્યારે તો પહેલાં કરતાં વિશેષ માંદલું છે અને હાલીચાલી પણ શકાતું નથી, ઊઠીબેસી શકાતું નથી, ચાલી શકાતું નથી, પણ સાત્ત્વિક મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ માંદાં પડ્યાં નથી, એ તૈયારીવાળાં છે અને આ 'ભાવજ્યોતિ' પૂરું થાય છે ત્યાર પછી બીજું પુસ્તક લખવાનું પણ શરૂ કર્યું છે. અને ભગવાનની કૃપાથી કોઈક હરિનો લાલ મળી જશે પૈસા આપનારો. એને છપાવવાને એ પૈસા પણ મળી જશે અને ઝપાટાબંધ પૂરું થઈ જશે.

આ મેં લખ્યું છે તે મારો લખવાનો ઉદ્દેશ વિદ્વત્તા બતાવવાનો હતો નહિ અને વળી આમાં કોઈ વિદ્વત્તા છે પણ નહિ, પરંતુ આ જ્યારે લખવાનું બન્યું ત્યારે એ લખવાની

શ્રેણીને જ્યાં સુધી એની મેળે લંબાવાતી હોય ત્યાં સુધી એને લંબાવા દેવી. અને જ્યારે બંધ પડી જાય ત્યારે એને બંધ રાખી દેવી. આ રીતે એ લંબાતી રહેતી રહી અને લખાતું ગયું. શરીર માંદું હતું તોપણ લખાતું ગયું. એટલે મેં એને ચાલુ રાખી. અને ધીમે ધીમે લખાતું હતું, કારણ કે મને એ માટેના પૈસા મળ્યા ન હતા અને જે દિવસે પૈસા મળવાની વાત થઈ તો તે ને તે જ દિવસે બાકીનું બધું પૂરું કરી દીધું. એ ચોપડી પણ પૂરી કરી દીધી. એનો ઈતિહાસ આ જાતનો છે.

'ભાવજ્યોતિ'માં મુખ્ય તો ભાવને ઉદ્દેશીને, ભગવાનમાં ભગવાનનો ભાવ કેળવવાનો, ભગવાનના ભાવમાં સ્થિર થવાને માટે, એની ભક્તિનો રંગ લાગવાને માટે જે તે બધું લખાયેલું છે. અને જે લખેલું છે તે અનુભવનું છે. કોઈ કલ્પનાથી કંઈ કશું લખાયેલું નથી. એ એવી રીતે લખાયેલું છે કે જે અનુભવમાંથી નીતરેલું છે. જેમ અનુભવી વેપારી બધી હકીકત કહે, અનુભવી વહાણવટી જેમ દરિયામાં અમુક અમુક ઠેકાણેથી અમુક રીતે આવવું, અમુક ઠેકાણે તો ખડક છે, અમુક ઠેકાણે જવાય એવું નથી વગેરે બધું જેમ પોતાના અનુભવો કહે, તેમ આવી રીતે મારા અનુભવો મૌક્તિકોમાં મેં મૂકેલા છે. જે આ બાબતના અભ્યાસી હશે, એ અભ્યાસી આ વાંચશે-પ્રેમપૂર્વક વાંચશે તો એમને જરૂર એમાં રસ પડ્યા વિના રહેશે નહિ. શ્રેયાર્થી હશે એને એમાંથી ઘણું સમજવાનું, જાણવાનું મળશે. અને સાહિત્ય રસિકોની વાત હું કરી શકતો નથી. સાહિત્ય રસિકોની આમાં ચાંચ બૂડશે કે કેમ તે ભગવાન જાણે. હું કંઈ સાહિત્ય રસિકો માટે લખતો નથી. હું તો સામાન્ય સમાજ

માટે લખું છું અને સામાન્ય સમાજ આવાં લખાણને આવકારશે એટલું જ નહિ પરંતુ એમાંથી જે ભગવાનના રસિયા જીવ હશે તે તો એને જરૂર આવકારશે એવી પણ મને શ્રદ્ધા છે.

આ 'ભાવજ્યોતિ' પુસ્તક એવા પ્રકારનું છે કે એમાં ચાર ચાર કડીઓ છે, કોકમાં છ છે. અપવાદરૂપે કોકમાં આઠ છે, પણ એકભાવ ચાર લીટીમાં સમાઈ જાય છે. અને એ ભાવને એક જ ઠેકાણે એવી રીતે કેંદ્રિત કરેલો છે કે જેથી ભગવાનની ભાવનાનો આપણા મનમાં ઉઠાવ આવે, ઉઠાવ પ્રગટે, અને ભગવાન વિશે આપણું મન વધારે ખેંચાય, એ એનો ઉદ્દેશ છે. ભગવાન પરત્વે આપણે દોરાઈએ, ભગવાન પરત્વે આપણે ખેંચાઈએ, ભગવાન પરત્વે કે એનાં ચરણકમળ વિશે આપણું આકર્ષણ જીવતુંજાગતું થાય, એ આનો ઉદ્દેશ છે. એ થાય કે ન થાય તેનો પણ વાંધો નથી. કોઈ સદ્‌ભાગી જીવ હોય તેને આમાંથી લાભ મળશે તોપણ ઘણું છે. અને નહિ મળે તો ભવિષ્યમાં કોઈક જીવ-આવી જેની ભૂમિકા હશે અને એવો જીવ-આમાંથી જો વાંચીને કંઈક એને આગળ વધવાની તક પ્રાપ્ત થશે તો મારા મનથી મોટામાં મોટી એ ભગવાનની કૃપા છે.

આ 'ભાવજ્યોતિ' જે ભાઈઓ વાંચે, વિચારે અને એ અંગે ભગવાનને માટે એમના જીવનમાં જ કંઈ તૈયારી કરવી ઘટે તે કરે એવી મારી પ્રાર્થના છે.

વળી, આ જે 'ભાવજ્યોતિ' પુસ્તક છપાશે એને બધાંને વેચવાનું તો રહેશે, કારણ કે વેચાણના પૈસા કંઈ મારા ખાનગી નથી. એ બધા પૈસા સારાં કામમાં વપરાય છે. અને આવી રીતે લગભગ દોઢેક લાખ રૂપિયા થયા હશે. તે નાનીસૂની

રકમ નથી. એ સમાજની રકમ છે. હું એને મારી રકમ ગણતો નથી. ભલે મેં લખ્યું હોય, તેથી કંઈ મારી માલિકી થતી નથી. બુદ્ધિ તો ભગવાનની આપેલી છે, સમાજની છે. એટલે આ બધું સમાજનું છે. આ જેમ સમાજે મને આપ્યું છે, સમાજે મને પોષ્યો છે, તો આ પણ ભગવાનની કૃપાથી સમાજ લઈ લે. બહુ વધારે એની કિંમત નથી. ઘણાઓ હોટલમાં જતા હશે અને આટલા પૈસા તો લોક ખરચી નાખતા હશે. તો આ પુસ્તકો ખરીદી લઈને રાખે અને કોક દિવસ વાંચશે તો એમના મનને શાંતિ મળશે. તો મારી સમાજને વિનંતી છે કે આ બધાં પુસ્તકો સમાજ વેચાતાં લઈ લે. એ એમને ભારે પડશે નહિ. અને અમારે ઇંદુકાકાને ઘેર આ બધાં પુસ્તકોના ઢગલે ઢગલાથી આખો ઓરડો ભરાઈ ગયો છે. એટલે બધાંને મારી વિનંતી કે આ બોજામાંથી મને ઋણમુક્ત કરે અને એટલી મારા ઉપર મહેરબાની કરે. એટલી સમાજને મારી ઘણી ઘણી કાકલૂદી ભરી વિનંતી છે.

આ 'ભાવજ્યોતિ'નાં ભજનો મેં લખેલાં છે અને ભાઈ જવાહરે આ બધાં ભજનો પોતાના સારા અક્ષરે લખી આપ્યાં છે, તે માટે તેનો આભાર માનું છું. જે ભાઈઓએ આ બધાં ભજનો સાંભળ્યાં અને મને ઉત્સાહ આપ્યો તે બધા ભાઈઓનો પણ ઉપકાર માનું છું. આ બધા ભાઈઓ સંખ્યામાં થોડા છે. અને સ્વજનો એવી સ્થિતિના છે કે એ લોકો વેચી આપી શકે એવી સ્થિતિના નથી. તોપણ બીજા બધાંને વિનંતી કરે અને આ પુસ્તક વેચી આપવામાં મદદરૂપ થાય એવી મારી વિનંતી છે. અને સમાજ આ સમજે કે આખરે આ માણસે એની આવી

ઉંમરે ૮૫ લાખનાં તો કામ કર્યાં છે. હવે, એના શરીરની સ્થિતિ સારી નથી રહી તેવી વેળાએ એને મદદ કરવી, તે એની સાથેવાળાઓનો, એની સાથે લાગણી રાખવાવાળાઓનો, એને નમસ્કાર કરવાવાળાઓનો ખરેખરો ધર્મ તો હવે એ છે કે, શરીરની આવી સ્થિતિમાં, શરીરની મરવાની સ્થિતિમાં એને મદદ કરવી એ એમનો ખરેખરો ધર્મ છે. એટલે આટલી ચોપડીઓનું ઋણ સમાજ મારે માથેથી ઓછું કરી આપે તો સમાજનો હું ઘણો મોટો ઋણી થઈશ. હવે, બહુ વધારે રકમ નથી. થોડી થોડી બે બે, પાંચ પાંચ કે સાત સાત ચોપડીઓ બધાં લે તો ઝપાટાભેર ખપી જાય. તો આ સંબંધમાં સમાજ આ કામ ધ્યાનમાં લઈ માથે ઉપાડે એવી મારી એમને નમ્ર વિનંતી છે.

હરિઃૐ આશ્રમ, સુરત **-મોટા**

તા. ૧૦-૯-૧૯૭૪

❑

# ૩. ભાવ કણિકા

મારા શરીરને અનેક પીડાકારી રોગો હોવા છતાં કર્મયજ્ઞ આચરતાં આચરતાં આ જે જોડકણાં મારાથી લખાય છે, એ મારે મન શ્રીહરિના ભાવની પ્રત્યક્ષ પ્રસાદી છે. આ પુસ્તકમાંની કણિકાઓ કશા પણ વિચાર વિના સહજમેળે જ લખાઈ છે. એમાં રહેલો વિચાર એ કોઈ તુક્કો કે કલ્પના નથી, પણ આ જીવનમાં એ બધું ભાવપૂર્વક જિવાયું છે, એનો અનુભવ આલેખાયો છે. શ્રેયાર્થી આ કણિકાના વાચન-મનનથી એની યથાર્થતાને સ્વીકારે એવી મારી પ્રાર્થના છે.

જીવનવિકાસની ભાવનાવાળા શ્રેયાર્થીનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ સંસાર પરત્વે અને કર્મ આચરવા પરત્વે કેવાં હોવાં જોઈએ એનો આ જોડકણાંમાં સ્પષ્ટ નિર્દેશ છે. આજે આપણો સમાજ ઘોર તમસમાં પડેલો છે. અને બ્રહ્મ, બ્રહ્માનંદ અને ઈશ્વર વિશે યદ્વાતદ્વા વાતો કરીને નર્યો દંભ જ છતો કરે છે. હરિની ભાવનામાં જીવવા કાજે ધગધગતી તમન્ના અને જિજ્ઞાસા હોવી ઘટે. એટલું જ નહિ પણ સાધનાના અભ્યાસમાં નિરંતરતા પ્રગટાવવા કાજેનો અવિરત ખંતભર્યો પુરુષાર્થ હોવો ઘટે. જ્યાં લગી રાગદ્વેષ અને કામક્રોધાદિ મોળા પડે નહિ ત્યાં લગી જીવનના વિકાસની દિશામાં ગતિ થઈ શકે નહિ.

સંસાર તો શ્રીહરિનું વ્યક્તત્વ છે. એવી સંસાર પરત્વેની જ્ઞાનભક્તિપૂર્વકની દૃષ્ટિ કેળવીને પ્રાકૃતિક વલણોને મોળાં પાડવાં અને એનાથી પર તરવાનો અભ્યાસ કેળવવો એ સંસારનો હેતુ છે. શ્રેયાર્થીએ કર્મ પણ સાધનાની ભાવનાથી આચરવાનાં હોય છે. સકળ કર્મો પ્રભુપ્રીત્યર્થે આચરીને એ

શ્રીપ્રભુને ચરણે ધરવાનાં હોય છે. સંસાર અને કર્મ એકબીજાં સાથે સંકળાયેલાં છે. કર્મથી સંસાર નભે છે. આથી, કર્મ પરત્વે ઉદાસીનતા કે પ્રમાદ તો રખાય જ નહિ. મેં મારા જીવનમાં કર્મને સાધનાના ભાવથી દિલની પૂરી મસ્તીથી આચર્યાં છે. સંસારમાં કર્મનું મહત્ત્વ કર્મ આચરવા પાછળની ભાવનાને લીધે છે. શ્રેયાર્થીએ તો વૃત્તિઓના વેગને મોળો પાડવા અને એનાથી તટસ્થ રહેવાના હેતુથી કર્મ આચરવાનાં છે. કર્મને યદ્વાતદ્વા કે ઊડઝૂડિયા રીતે કરવાનાં ન હોય, પરંતુ દિલના પૂરા ઉમળકાથી પ્રેમભક્તિયુક્ત આચરવાનાં હોય. આમ થાય તો જ જીવનનો ઉઠાવ થઈ શકે. 'ભાવકણિકા'ના પહેલા ખંડમાં આ અંગે જે લખાયું છે એનું મનન-ચિંતવન શ્રેયાર્થીને સંસાર અને કર્મના યથાર્થ સ્વરૂપને સમજવામાં સહાયભૂત થશે.

વળી, જીવનનો સાધક પોતાનાં સાધન નિરંતર અને અખંડાકાર કરવાને સતત મથતો હોય છે. એ પોતાના ઉમળકાભર્યા પુરુષાર્થથી ઊર્ધ્વજીવન માટે ભૂમિકા રચ્યા કરતો હોય છે. સતત જાગૃતિ અને સભાનતાથી શ્રીહરિના સ્મરણમાં રચ્યોપચ્યો રહે છે. એને મન તો-

**જીવનમાં હરિનામ આનંદોત્સવ ભવ્ય છે,**
**ભક્તના દિલનો લ્હાવો કેવો તે મસ્ત હોય છે !**
**હરિનું નામ તો તેને અમૃતદરિયો જ છે,**
**એના જીવનનો કેવો ઉદ્ધાર, હરિનામ છે ! (પૃ. ૨૪)**

હરિસ્મરણથી હરિચરણમાં પોતાના ચિત્તને ઓગાળવા કઠણ તપશ્ચર્યા કરતો કરતો સાધક કેવી કેવી મથામણો, કેવા કેવા સંગ્રામો ખેલે છે. એનો ઈશારો પણ આ ચોપડીનાં જોડકણાંમાં છે.

'जीवन-अनुभव-गीत' એ શ્રેણીનાં ગઝલનાં પુસ્તકોમાં મારા સાધનામય જીવનનો ઈતિહાસ છુપાયો છે-તો અનુષ્ટુપ છંદમાં લખાયેલાં આ જોડકણાંમાં શ્રીહરિના કીર્તનનો પ્રસાદ છંટકાવરૂપે વ્યક્ત થયો છે. આમાં પણ મેં કરેલાં સાધનોને પરિણામે થયેલા અનુભવોનો અણસાર છે. જોકે મેં તો સ્પષ્ટ જ લખ્યું છે કે-

**માત્ર આ કલ્પનાથી મેં કશું નથી લખ્યું જરા,**<br>
**જે રીતે હું જીવેલો છું, ને જેવાં સાધનો થયાં,**<br>
**ને મેં અનુભવ્યું જેમ, ને પામ્યો સાર જે હૃદે,**<br>
**તે પ્રમાણે લખેલું આ, અક્ષરશઃ જ સાચું છે. (પૃ. ૫૩)**

હરિઃૐ આશ્રમ, સુરત - **મોટા**<br>
૧૫મી ઑગસ્ટ, ૧૯૭૪

❑

## ૪. ભાવ પુષ્પ

દક્ષિણ ભારતમાં મારો એક આશ્રમ છે. કાવેરી નદીને કાંઠે છે. સુંદર રમણીય, નૈસર્ગિક વાતાવરણ છે. ગામનું નામ છે કુંભકોણમ્.

કુંભકોણમ્ એ દક્ષિણનું કાશી છે. અને જેમ આપણા દેશમાં ઉત્તરપ્રદેશમાં ૧૨-૧૨ વર્ષે કુંભમેળો ભરાય છે એવો કુંભમેળો પણ એ કુંભકોણમ્માંય ભરાય છે. એટલે એ રીતે પ્રખ્યાત છે. ત્યાં કાવેરી નદીને કાંઠે સુંદર રમણીય વાતાવરણમાં એક આશ્રમ છે. જેમ આપણે અહીં સુરતમાં આશ્રમ છે તેવી રીતે જ, પણ બહુ રમણીય, બહુ સુંદર જગ્યા છે. પાસે જ કાવેરીમૈયા છે. આશ્રમનો આખો કિનારો ઈંટોથી ચણી લીધેલો છે. આશ્રમનો સ્વતંત્ર ઓવારો છે અને ઓવારાની પાસે એક નાનકડો પુલ બંધાવ્યો છે અને એના ઉપર બેસીને રોજ અમે ભોજન લઈએ છીએ. એટલું સુંદર નૈસર્ગિક દૃશ્ય છે કે જે જોતાં જ આપણું મન આહ્‌લાદ પામી જાય છે. દર વર્ષે ગુરુપૂર્ણિમા ઉપર તે ઠેકાણે જાઉં છું.

આ વખતે પણ અમે મુંબઈ ગયેલા. દર વર્ષે મુંબઈમાં ૮-૧૦ દિવસ રહેવું પડે. લોકો આમંત્રણ આપે, હરિદક્ષિણા આપે. તે પ્રમાણે એક ભાઈને ત્યાં ગયેલા. એમણે મારા ઘણા બધા ફોટા ત્યાં પાડ્યા અને એમણે ભીંત ઉપર લાકડાની પટ્ટીઓ કે ફ્રેમમાં ૧૨ ફોટા મૂક્યા, બહુ કલાત્મક, સુંદર રીતે. પછી કહે, ‘મોટા, મને દરેક ફોટાનું એક સૂત્ર લખી આપો.’ એટલે મેં એમને ૧૨ ફોટાનાં બાર સૂત્રો લખી આપ્યા. હરિસ્તવનનાં એમ કહોને. બધાંને બહુ ગમ્યાં.

એ પછી મને એમ વિચાર આવ્યો કે હું આ ભજનો તો લખું છું જ, અને 'જીવનઘડતર' નવું પુસ્તક પૂરું થયું અને ભગવાનની કૃપાથી એને છપાવવાના પૈસા પણ મળ્યા, ત્યારે થયું કે આ ભજનો લખું છું તેના કરતાં આવાં મૌક્તિકો લખાય-સ્તવનનાં મૌક્તિકો-તો બહુ સારું. એ મને વિચાર સ્ફુર્યો અને પછી તરત જ અમે ગયા બેંગ્લોર.

જે પેલા ભાઈને ૧૨ મૌક્તિકો મેં લખી આપેલાં, તે એણે તો એના ફોટા પડાવ્યા પાછા, મારા હસ્તાક્ષરમાં જ. મેં કહ્યું, 'ભાઈ, તું ફોટા પડાવે તો બે નકલ કરાવજે અને મને પણ એક આપજે. જોકે તે હું તો કોકને વેચીશ અને મને બે પૈસા મળશે.' તો કહે, 'મોટા, તમારે તો જેમાં ને તેમાં પૈસાનો જ વેપાર.' મેં કહ્યું, 'ભાઈ, મારે તો પૈસા જ જોઈએને ! હું તો બે પૈસા મળે તોય લઉં આ કામને માટે, અને વેચુંયે ખરો.' પછી એણે મને ફોટોસ્ટેટ મૌક્તિકો આપ્યાં. તે મેં બેંગ્લોરમાં શ્રી રમણભાઈ અમીન સાહેબને વાંચવા આપ્યાં. શ્રી રમણભાઈ કહે, 'મોટા, આ તો બહુ સુંદર તમે લખ્યું.' એટલે પાછું મને મન થયું કે જે મને વિચાર આવ્યો હતો તે બરાબર છે.

ભગવાનની કૃપાથી આવાં ભાવ-મૌક્તિકો જો બેંગ્લોરમાં લખી શકાય તો બહુ સારું. જેથી, શ્રી રમણભાઈ સાહેબને વંચાવી શકાય. ત્યાં આગળ બેંગ્લોરમાં મેં થોડાંક લગભગ ૧૫-૨૦ જેટલાં સ્તોત્રો-મૌક્તિકો લખ્યાં. એમને વંચાવ્યાં. એમને બહુ ગમ્યાં. કહે, 'મોટા, તમે આ બહુ સારું લખો છો.' પછી ત્યાંથી તો અમે સીધા ગયા કોડાઈ કેનાલ.

કોડાઈ કેનાલની આબોહવા અને એનું સુંદર નૈસર્ગિક

વાતાવરણ, એ બધું મને બહુ ગમ્યું. માત્ર મને ત્યાં શરીરમાં દમ વધારે ચઢતો. ત્યાં ઊંચાઈ વધારે ખરીને ! ૭૫૦૦ ફીટ ઊંચું, એટલે માત્ર મને દમ વધુ ચઢતો. બાકી, ત્યાં મને બહુ આનંદ આવ્યો. ત્યાં આ ૨૦૮ સ્તોત્રો પૂરાં કર્યાં. ૨૦૮ સ્તોત્રો મેં લખ્યાં ત્યાં આગળ, પછી એ સ્તોત્રો, મારે જે ભાઈને સંબોધીને લખેલાં તે ભાઈને રોજ એનો એક એક પોસ્ટકાર્ડ લખવાનો હોય. એટલે મેં તો બધા ગરબડિયા અક્ષરે અને સૂતાં સૂતાં લખેલું. એટલે અમારી સાથે ભાઈ નંદુભાઈના સગા નાના ભાઈ શ્રી ચંદ્રકાંતભાઈ-એન. ગોપાલદાસ પેઢીના એક ભાગીદાર તે અમારી સાથે ત્યાં રહેતા હતા. એમણે પેલાં ૨૦૮ સ્તોત્રો જોઈને એનાં પોસ્ટકાર્ડ લખ્યાં. પછી મેં કહ્યું, 'ભાઈ, તમે આટલી મહેનત કરી તો બીજી થોડી વધારે મહેનત કરો. એની પ્રેસકોપી માટે તમે મને એ ૨૦૮ મૌક્તિકો લખી આપો.' તે પણ એ ભાઈએ બહુ પ્રેમથી લખી આપ્યાં, પણ એમની શરીરની સ્થિતિ ત્યારે બહુ સારી નહિ. જેને આપણે ગુજરાતીમાં ટચકિયું કહીએ છીએ એવું ભારે ટચકિયું એમને થયું હતું. અને ઉઠાય-બેસાય પણ નહિ. એક પ્રકારનો વા જ એને કહેવાય. ઇંદુભાઈ અમારી સાથે હતા, તે એમની સંભાળ લેતા. દવા ચોપડતા. શેકની કોથળી આપતા. આવી તબિયતે પણ એમણે બેઠાં બેઠાં ૨૦૮ નકલ પ્રેસકોપીની બહુ પ્રેમથી લખી આપી. આ જાણે મૌક્તિકનો ઇતિહાસ છે.

હવે, એ છપાવવાને માટે એક ભાઈએ પૈસા પણ મને આપવા કહ્યું છે અને પોતાનું નામ ના આપવાનું કહ્યું છે. અને ભાઈ રતિભાઈ મહેતાએ પ્રેસમાં બધું આપવા માટે એનું જે

બધું વર્ગીકરણ કરવું જોઈએ તે બધું વર્ગીકરણ એમણે કર્યું છે. જોકે આમાં કંઈ વર્ગીકરણ કરવાનું ઝાઝું છે નહિ.

એક સ્તોત્ર મેં એમાં ખાસ સંસાર ઉપર લખ્યું છે કે 'ભાઈ, આ સંસાર મિથ્યા નથી. જે લોકો એને મિથ્યા કહે છે એ વાત ખોટી છે. એવું જે મિથ્યા બોલનારા છે તે કદી મિથ્યા સમજતા નથી અને સાચું જ માનીને બધો વ્યવહાર કરે છે. જો એ મિથ્યા જ માનતા હોય તો એમને જીવવાનો ક્ષણવાર પણ અધિકાર નથી, કારણ કે એ પત્નીને પત્ની જ ગણે છે, બીજું કંઈ ગણતા નથી. પૈસાને પૈસો જ ગણે છે, મિથ્યા ગણતા નથી. વ્યવહારને મિથ્યા ગણતા નથી. બોલવા ખાતર બોલે છે કે આ સંસાર મિથ્યા છે, ત્યારે એ તો ઊલટો દંભ કહેવાય. એટલે એના ઉપર-સંસાર ઉપર મેં ખાસ લખ્યું છે.'

આ પુષ્પ-મૌક્તિકો એવા પ્રકારનાં છે જે વાંચવાથી આપણને શ્રીહરિ ઉપર કંઈક ભાવ જાગે, પ્રેમ જાગે, વહાલ પણ જાગે. આપણા જીવનનું મુખ્ય કર્તવ્ય શું છે એનું પણ થોડું ઘણું યત્કિંચિત્ ભાન થાય. આ બધાં મૌક્તિકો લખવાની પાછળ મારો ઉદ્દેશ તો એટલો જ છે કે આપણે આ સંસારમાં જીવવાનું તો છે, એમાં તો કંઈ ફરક નથી, તો પછી જીવતાં જીવતાં આપણે થોડું ઘણું ભગવાનનું ભજન કરીએ, સ્મરણ કરીએ. ભજન કરતાં કરતાં પણ જે ગુણ અને ભાવ કેળવાય છે, તે ભગવાનની ભક્તિ કર્યા સિવાય નહિ કેળવાય.

મેં પોતે અનુભવથી જોયું છે કે એકલા ગુણ કેળવવા જતાં તો કેટલાયે જન્મો લેવા પડે, પણ જ્યારે ભક્તિ પાંગરે છે ત્યારે ગુણ એની મેળે આપણામાં પાંગરે છે અને ભક્તિની

મર્દાનગી એ તો મહાપરાક્રમી યોદ્ધો હોય તેના કરતાંય ચઢી જાય છે. નેપોલિયન બહુ મોટો યોદ્ધો ગણાતો હતો, પણ કહેવાય છે કે એ બિલાડીથી બીતો હતો. એવા યુદ્ધક્ષેત્રના મહાન ખેલાડીઓ અથવા એવા જે મહાપરાક્રમી ખેલાડી કે સેનાપતિ હોય એમની જે મર્દાનગી છે તે સંપૂર્ણતાવાળી નથી. ભક્તની મર્દાનગી એ સંપૂર્ણ છે. એનું પરાક્રમ, એની ધીરજ, એનો ત્યાગ એવા અનંત ગુણો એનામાં સહજમેળે પાંગરે છે,- જ્યારે ભક્તિ ફૂટી નીકળે છે ત્યારે. ભક્તિ એ શૂરવીરની છે. એનો એના જીવનમાં એને પ્રત્યક્ષ પરિચય થાય છે. એની સાથે રહેનારા જે હોય તેને પણ કદાચ ખબર પડે કે ના પણ પડે કે આ માણસમાં ગુણ અને ભાવ બંને છે. હું તો મારો જ દાખલો આપું. આ જે કંઈ લખું છું તે માત્ર લખવા ખાતર નહિ પણ તદ્દન સોએ સો ટકા સાચી હકીકત છે. મારા આ શરીરને, વેદનાવાળાં કેટલાંયે દર્દો છે. બધાં ગણાવવાં નકામાં છે, પણ એટલી બધી વેદના હવે થયા કરે છે કે જે જીરવાય એવી નથી, અને કેટલીક વખત એવું ભયંકર Shooting pain- એટલે અતિશય તીવ્ર એવું, સોયો ભોંકાતી હોય એવું દર્દ ઊપડે છે. તે વખતે જીરવવું મહામુશ્કેલ થઈ પડે છે. દાક્તરને ત્યારે બોલાવું ખરો. અમદાવાદમાં એક વખત હતો અને આ બધું ઊપડ્યું અને હુમલો થયો ત્યારે શ્રી ડૉક્ટર સાહેબ સુમંતભાઈને બોલાવેલા. લગભગ એક કલાક બેઠા, પ્રેમથી મેં કહ્યું, ‘જાવ સાહેબ, બીજા કોઈ પેશન્ટ તમારા માટે રાહ જોતા હશે અને બિચારા દુઃખથી પીડાતા હશે.’ તેમણે ‘ના’ કહી, અને કહ્યું કે ‘મોટા, તમને થોડી રાહત થાય પછી જાઉં.’ દવા તો કરી પણ કંઈ કશું ખાસ મટ્યું નહિ.

પણ એવી રીતે આ વખતે મને આ મુસાફરીમાં બે વખત હુમલા આવ્યા, ત્યારે ઈંદુભાઈ અને જયશ્રીબહેન બે જણ સાથે હતાં. એમને કહ્યું કે 'ભાઈ, હવે આ સહેવાતું નથી, તો તમે હું બોલું તે ભજન લખો.' અને એમણે ભજન લખ્યાં, ત્યારે ભજન ગાતાં ગાતાં મને કંઈક રાહત થઈ. એટલે આ શરીરની સ્થિતિ એવી ભયંકર અને દર્દવાળી છે કે હરિનું ભજન, હરિનો ભાવ એ જ મારે મોટામાં મોટી દવારૂપ થઈ પડેલાં છે. અત્યારે તો એવા શરીરને spondylitis-એટલે કરોડરજ્જુના મણકાનું દર્દ ત્રણ ઠેકાણે થયું છે. કમ્મરમાં, બરડામાં અને ગળામાં. ત્રણ ઠેકાણે આ દર્દ છે અને એ તો વધતું જ ચાલ્યું, કારણ મેં એના કોઈ ઉપાય ન કર્યા. એમાં દર્દનો કોઈ વાંક નથી. એટલે સતત એ દર્દ તો એકધારું ચાલ્યા જ કરે છે, પણ એની ગતિ જ્યારે તીવ્રતમ થાય છે, એ દર્દનો જ્યારે ભયંકર હુમલો થાય છે ત્યારે સહેવાવું લગભગ તદ્દન અશક્ય હોય છે. ત્યારે આ ભજન જ મને મદદકર્તા થઈ પડે છે. દેખીતી રીતે દવા લઉં છું ખરો, પણ આ ભજનનો આશરો ત્યારે મને ઘણો મોટો હોય છે, અને આજે પણ હું હંમેશાં ભજન જ કર્યા કરું છું, લખ્યા કરું છું. અત્યાર સુધી તો હું લખ્યા જ કરતો હતો પણ એમાં મારા જીવનમાં મેં જે સાધના કરેલી એ જીવન-Autobiography of my Sadahna-મારી સાધનાનો આત્મવૃત્તાંત-અને તેમાં જે જે રીતે વર્તવાનું બનેલું, જે જે સાધનો કરેલાં, જીવનમાં મારી કેવી કેવી મૂળ પ્રકૃતિ હતી, એનો સ્વભાવ કેવો હતો, આ બધું મેં લખેલું છે. અને આ સ્તોત્રો પણ જુદી જાતનાં છે. આ મૌક્તિકો જે રીતે લખાયાં છે,

તે હું જે રીતે જીવન જીવ્યો અને એમાંથી જે મને સાર લાગ્યો, અને જે મને સાચી રીતે સમજાયું કે હરિ કેવો છે ? હરિ કેવા ઉપયોગમાં આવે છે ? હરિ માત્ર કોઈ કલ્પના નથી, માત્ર કોઈ ધારણા નથી, હરિ માત્ર કોઈ ભાવના નથી પણ પ્રત્યક્ષ એ આપણને ખપમાં લાગે છે. તેવી રીતે હરિ આપણને સકળ વહેવારમાં ખપમાં લાગે એવો એક નિરાકાર હોવા છતાં સાકાર રૂપે પોતે છે. આ હકીકત કોઈ કલ્પના નથી, પણ મારા જીવનમાં મેં પ્રત્યક્ષ અનુભવ્યું છે. અને બધાંને ખાતરીથી કહી શકું છું કે આવાં ભયંકર દર્દોની વચ્ચે જે જિવાય છે તે ભગવાનની કૃપા છે. મારા જેવો-તરણા જેવો-માણસ, મારી એવી કોઈ પ્રખ્યાતિ નથી કે મારી પાસે એવી ચમત્કારિક કોઈકને આંજી નાંખે એવી કોઈ શક્તિ નથી, કે છટાભર્યું ભાષણ કરી કોઈને મુગ્ધ કરી દઈ શકે એવી કોઈ વાક્છટા પણ મારામાં છે નહિ, તેમ છતાં, એવાના કેટલાંય વર્ષોથી લાખોનાં પરમાર્થ-કાર્યોના જે સંકલ્પો થાય છે, તે ભગવાનની કૃપાથી જ પૂરા થાય છે. બાકી, કોણ આપે એવાને ?

અને આ વખતે પણ મુંબઈમાં અને દક્ષિણમાં ગયો ત્યારે ભગવાનની કૃપાથી સારી રકમ મળી. એ જ પુરવાર કરે છે કે ભગવાન એના ભક્તને મદદ કર્યા જ કરતો હોય છે.

આ તો પરમાર્થના કાર્યની વાત થઈ, પણ મારા અંગત જીવનમાં પણ મને મદદ મળ્યા કરી છે. આ મારા ભયંકર રોગોની વેદનાની વચ્ચે જે જીવવાનું થાય છે તે ભગવાનની કૃપા છે અને આ વેદનાના કાળમાં જ મારાથી આ મૌક્તિકો લખાયાં તે ભગવાનની એક પરમ કૃપા છે.

આ સ્તવન મૌક્તિક છપાવવાને મને જે ભાઈ રૂ. ૫,૦૦૦ની રકમ આપવાના છે તે ભાઈ વિશે લેખકના બે બોલમાં હું કશું ન લખું તો એ મારે માટે બિલકુલ યોગ્ય ન ગણાય. એ ભાઈના વિશે તો શું લખું કે કહું ? કેટલાંયે વર્ષોથી પરમાર્થનાં મારાં કાર્યોમાં તે મને મદદ કરતા આવ્યા છે. તેમનો ટેકો અને ઓથ જીવનમાં મને પ્રેરણા આપે છે. હંમેશાં તેઓએ મને તેમના ઉદાર દિલથી તેમના દિલમાં અપનાવ્યો છે. મારાં કામોને પણ બિરદાવ્યાં છે અને મદદ કરી છે. તે તો મને જાણે એમ લાગે છે કે સાક્ષાત્ ભગવાન આવીને મને મદદ કરી રહ્યા છે. દર વર્ષે એમને ત્યાં જાઉં અને પરમાર્થનાં કામને માટે તે જે ઉદારતાથી મદદ કરે છે-કરાવે છે-અને જે રકમ આપે છે, તે મારે માટે તો ભગવાનની પ્રત્યક્ષ પરમ કૃપા છે. રકમ તો ગમે ત્યાંથી મળી રહે, અત્યાર સુધી મળી રહી છે, પરંતુ એમનું જે દિલ છે, રકમ આપવાની પાછળ જે દિલનો ભાવ છે, તે દિલની વાત બહુ મોટી છે. એમની ઉદારતા, એમનું મોટું દિલ અને મારા પરત્વેનો એમનો ભાવ તે બધું તો મારા માટે શ્રીભગવાનની Grace એટલે કે ભગવાનની પરમ કૃપાનો અનુભવ પ્રત્યક્ષપણે આ જીવનમાં થઈ રહેલો હું અનુભવું છું. ભલે વર્ષમાં એક જ વાર એમને ત્યાં જતો હોઉં અને એક જ દિવસ એમને ત્યાં રહેતો હોઉં, પરંતુ એમની સ્મરણ-યાદ હંમેશાં મારા દિલમાં રહ્યા કરે છે. ભગવાનને પ્રાર્થના પણ કરું કે 'હે પ્રભુ ! એ જીવનું તું કલ્યાણ કરજે.' પરંતુ એટલાથી મારું કંઈ પતે એમ હોતું નથી. જગતમાં લેણ અને દેણ બે વસ્તુ રહેલી છે. મારી પાસે એકમાત્ર લેવાની

શક્તિ છે. દેવાની શક્તિ નથી. મેં ભગવાન પાસે એવું કંઈ માગ્યું નથી. આશ્રમ શરૂ કરવાનો હુકમ મળ્યો ત્યારે મેં ના પાડી દીધી હતી કે હું નહિ કરું. મારે માત્ર પૈસા જ લેવાના અને જો બદલો વાળી નહિ શકું તો એ મને ફાવશે નહિ. જગતમાં લેવું અને દેવું બે રહેલું છે. એટલે હું લઉં અને કંઈ આપી ન શકું એ બને નહિ. એટલે ગુરુમહારાજે કહ્યું કે 'દીકરા ! તું ચિંતા ન કર. તું તારે આશ્રમો શરૂ કર. તારે ઘણાં કામ હજુ કરવાનાં છે. આશ્રમોને લીધે તે થશે. માટે, તું આશ્રમો શરૂ કર. અને જે કોઈ મદદ કરશે એને કોઈ ને કોઈ રીતે હું બદલો વાળી આપીશ. બદલો આપવાનું કામ મારું છે.' ત્યાર પછી આશ્રમો શરૂ કર્યા અને બદલો તો મારો હજાર હાથવાળો ભગવાન આપે છે. બદલો આપવાની તાકાત મારામાં નથી. જે કોઈ પૈસાથી-લક્ષ્મીથી મદદ કરે તેને લક્ષ્મી જ મળે એવું કશું નથી. ભગવાનની બદલો આપવાની રીત અનોખી છે-નિરાળા પ્રકારની છે.

પણ અત્યાર સુધીના જીવનમાં એ મેં અનુભવ્યું છે કે જેણે જેણે મને મદદ કરી છે તે બધાંને કોઈ ને કોઈ બદલો મળ્યા સિવાય રહ્યો નથી. એ વાત સોએ સો ટકા સાચી છે. એમાં એક અક્ષરની પણ અતિશયોક્તિ નથી.

એટલે જે કોઈ મને મદદ કરે છે તેને માટે હું તો નિશ્ચિંત રહું છું. ભગવાન બદલો આપશે તેની પણ મને ખાતરી છે. તેમ છતાં મારો પોતાનો ધર્મ છે કે જ્યારે એક જુદું અસ્તિત્વ શરીરનું આ જીવને મળેલું છે ત્યારે એનો ધર્મ પણ એણે અદા કરવો, એ પણ એક સમજવા જેવી વાત છે. એટલે હંમેશાં જે

કોઈ મારા આશ્રમને કે મારાં પરમાર્થનાં કામોમાં મને મદદ કરે છે તેમને માટે મારું દિલ બહુ કૂંણું કુમળું રહે છે. એટલું જ નહિ પણ એને માટે મારા ભગવાનને પ્રાર્થના કર્યા સિવાય રહી શકતો નથી. હું જગતને સત્ય તરીકે સ્વીકારું છું. Reality તરીકે-વાસ્તવિકતા તરીકે સ્વીકારું છું. એટલે જે કંઈ બન્યા કરે છે એ પણ વાસ્તવિક છે. એટલે મને જે કોઈ મદદ કરે છે તેને માટે પ્રાર્થના કર્યા સિવાય રહેતો નથી. ભગવાનની રીત ન્યારી છે. ભગવાન અમુક રીતે મદદ કરે છે એવું પણ નથી.

મેં કેટલાય કિસ્સા જોયા છે કે કેટલાયને દુઃખ અને દર્દમાં પીડાયેલા જ રાખે, કેટલાકને ભરપૂર એશઆરામ મળે, કોઈકને ગરીબીમાં જ સબડતા-રિબાતા રાખ્યા કરે. ત્યારે આપણને એમ થાય કે આ પણ ભગવાનનો ભક્ત. અને આયે ભગવાનનો ભક્ત. એક દુઃખ દર્દથી પીડાય છે, એક એશઆરામમાં છે અને એક ગરીબીમાં છે. આ તે ભગવાનનો કેવો ન્યાય ? ભગવાનને ત્યાં કોઈ ન્યાય, અન્યાયનાં માપ નથી. ન્યાય, અન્યાય તો પ્રકૃતિમાં રહેલાં છે. ત્યારે ભલે એમ એ પ્રકૃતિમાં રહેલાં હોય ! પણ કોઈ બિચારો દુઃખ દર્દથી પીડાતો હોય છે, હવે એ કેમ પીડાતો હોય છે અને કેમ નહિ-એનું ધોરણ, એની સમજણ બધી જુદી છે. અહીં એ લખવા માટેનું સ્થાન નથી, પણ હકીકત આમ છે ખરી. એવા બધા જ લોકો ભક્ત હોય છે, પણ एनी ભગવાનની રીત બધી ન્યારી છે.

આ ભાઈએ, જે મને મદદ કરી છે, આ સ્તવન મૌક્તિક છપાવવાને માટે એ તો નાની સરખી વાત છે અને મદદ પણ

તેમને માટે તો બહુ સામાન્ય છે, પણ બીજી વાત એ છે કે એમને હું કદી ભૂલી શકતો નથી.

એમની ઉદારતા, એમનું ઉદાર દિલ, મારે માટે એમનો ન્યોછાવર થવાનો ભાવ-આ બધું જે છે તે એક મારા જીવનની મોટી ઓથ મને છે અને ફરીથી એમનો આભાર માનું તો એમને સારું ન લાગે, પરંતુ ફરીથી મારા ભગવાનને પ્રાર્થના કરું છું કે એમણે અનેક વાર જે મદદ મને કરી છે, જે ટેકો આપ્યો છે, જે ઓથ આપી છે, જે સહનુભૂતિ બક્ષી છે, જે પ્રેરણા પાઈ છે તે બધાંનો બદલો મારો હજાર હાથવાળો ભગવાન તેમને આપો. તેમને તેમના ધંધામાં બરકત આપો એવી મારા હૃદયની સાચેસાચી પ્રાર્થના છે. હરિઃૐ

*(આ 'ભાવપુષ્પ'માં ઘણે ઠેકાણે 'જ', 'માત્ર', 'શો' વગેરે જે આવે છે તે માત્ર અનુષ્ટુપમાં કોઈ અક્ષર ખૂટતા હોય એટલા ખાતર તે મૂકેલા નથી, પરંતુ તેનો તે તે પ્રકારનો ભાવાર્થ તે તે શબ્દમાં પ્રકાશે છે.)*

હરિઃૐ આશ્રમ, સુરત **-મોટા**

તા. ૭ સપ્ટેમ્બર, ૧૯૭૪

❏

# ૫. ભાવ રેણુ

મારા વહાલા શ્રીહરિનું નિરંતર અને અખંડ સ્મરણ રોમેરોમમાં કેવું નર્તતું છે ! મારા એ વહાલાના અનંત સ્વરૂપની કેવી રોમાંચકારી આ લીલા છે ! શ્રીહરિની કૃપાના સ્પર્શમાત્રથી તરણાનો મેરુ બને અને બોથડ વિદ્વાન બને, એવું મારા જીવનમાં પ્રત્યક્ષ જીવતુંજાગતું હું અનુભવું છું. શરીરના આવા તીવ્ર પીડાકારી રોગો હોવા છતાં દિલની પૂરી મસ્તીથી એનાં ભજનભાવમાં રહેવાય છે અને નિમિત્તે કરીને આવાં જોડકણાં લખાતાં જ જાય છે, એ તો મારા વહાલાની પ્રેમભરી પ્રસાદી છે. ઉપરાંત, સમાજમાં ગુણ અને ભાવના પ્રગટે તેમ જ એવા ગુણ અને ભાવનાના ઉદ્દીપન દ્વારા સમાજ બેઠો થાય એવા તલના કરોડમા ભાગ જેટલાં પણ કલ્યાણકારી કામો આવા શરીરથી થાય છે, એ તો મારા હજારો હાથવાળા ભગવાનના સ્વરૂપનું ચેતનવંતું ભાવવાહી પ્રત્યક્ષ દર્શન છે. નહિતર સમાજના છેક તળિયાના સ્તરનું આ શરીર આવાં મોટાં કામો કેવી રીતે પાર પાડી શકે ?

મારા આ પુસ્તક ‘ભાવરેણુ’માં મેં અનુભવેલા પ્રભુના સ્વરૂપનું આછું વર્ણન કર્યું છે. અને મારો વહાલો પ્રભુ સઘળે વિરાજેલો હોવા છતાં, સમર્થમાં સમર્થ હોવા છતાં સર્વથી ન્યારો છે. એ તે વળી વાણીથી વ્યક્ત થાય ? પ્રભુના એવા અવ્યક્ત સ્વરૂપના પરમ સામર્થ્યકારી ભાવને અનુભવવા એની જ કૃપાથી મેં મસ્તીથી એની ઉપાસના કરી છે. સાધનામય જીવનના પ્રત્યેક તબક્કે માથાં વધેર્યાં છે. અને એ પણ દિલના પૂરા ઉમળકાથી. આ પુસ્તકમાં મેં મારી સાધનાકાળની આરંભની સ્થિતિનું વર્ણન

કર્યું છે. જિજ્ઞાસુ શ્રેયાર્થી પોતાની સ્થિતિ વિશે જરા પણ પાછો ન પડે, એવી પ્રેરણા પામે, એવો હેતુ આવા પ્રકારનું સ્પષ્ટ લખવાપણામાં છે. સાધનામય જીવનમાં જીવનની પ્રાપ્ત પરિસ્થિતિમાંથી ભાગી છૂટવાનું નથી, પરંતુ જીવનવિકાસ સાધતાં સાધતાં જે ભાવ આંતરિકપણે સિદ્ધ થતો જાય તેને પ્રાપ્ત કર્મોમાં અવતારવાનો હોય છે. અને એ કર્મને પ્રભુની ભક્તિનું એક નિર્મળ પુષ્પ બનાવવાનું હોય છે. નિર્મળ પુષ્પ એ અર્થમાં કે એવાં કર્મો પાછળ જીવદશાનાં દૃષ્ટિ, વૃત્તિ કે વલણ રહેવાં ન જ જોઈએ ! ઊર્ધ્વ જીવનનો ભાવ જો કર્મમાં પ્રતિષ્ઠા ન પામે તો એ ભાવનું અવતરણ નક્કર બનતું નથી. કર્મો પણ જીવનવિકાસક છે, માટે જિજ્ઞાસુ શ્રેયાર્થીએ કર્મને સાધનાના ભાવથી જ આચરવાં ઘટે.

આમ થાય તો ભક્તિનો ભાવ ક્રમે ક્રમે અખંડિત બની જાય. માત્ર દેવદર્શન, સેવાપૂજા, કથાવાર્તા કે ભજનકીર્તન કરવાથી ભક્તિ પરાયણ જીવન જિવાય છે, એવી ભારે ભ્રમણામાં આપણો સમાજ જીવે છે. સમાજનું આ પ્રકારનું જીવન એ તો નર્યું અજ્ઞાનમય અને તમસયુક્ત છે. જો એ બધાં સાધનોનો ભાવ રોજિંદા વ્યવહાર કર્મમાં ઊતરે નહિ તો એ પ્રકારનું ઘરેડયુક્ત પરંપરા પ્રાપ્ત જીવન 'જીવન' જ ન ગણાય.

આથી, રાગદ્વેષાદિ મોળા પડે અને પ્રાપ્ત કર્મો આચરતાં આચરતાં આપણી એવા પ્રકારની અવસ્થાની પરખ થયા કરે. એવી પળે જાગૃતિપૂર્વક, ખંતથી જીવદશાની વૃત્તિમાંથી દૂર થવા મથામણ અનુભવાય, ત્યારે ભક્તિનાં ક્ષેત્રમાં આપણે પ્રવેશી શકવાની ભૂમિકા તૈયાર કરી રહ્યા છીએ એમ માનવું રહ્યું.

જીવનવિકાસ કાજે મથનારો સાધક કે ભગવાનનો ભક્ત ખંત, ધીરજ, હિંમત, પરાક્રમ, ખમીર, શહૂર તેમ જ શાંતિ અને પ્રસન્નતા ધારણ કરતો વીર યોદ્ધો છે. એ કશા ક્લેશ કે દુઃખો, ગેરસમજ કે અણસમજ એને ચિંતિત કરતાં નથી. એ તો પોતાના ધ્યેયની પ્રાપ્તિ કાજે નિરંતર મથતો મથતો સતત વિકસતો જ જાય છે. એણે અનંતને પામવા કાજે જે પગલાં માંડ્યાં છે, એ માર્ગ ઉપર અખૂટ ધીરજ અને અવિરત ખંતથી એ આગળ ધપ્યે જ જાય છે.

શ્રીહરિની કૃપાથી જીવનમાં ભગવાન, ભક્તિ અને ભક્ત વિશે જેવું જેવું અનુભવ્યું છે એવું આ 'ભાવરેણુ'માં પૂરેપૂરું વાસ્તવિકતાથી આલેખ્યું છે. આ જોડકણાંમાંથી કોઈ પણ મથતા શ્રેયાર્થીને યથાયોગ્ય પાથેય મળી રહેશે એવી મને શ્રદ્ધા છે.

સુરત, **—મોટા**

સપ્ટેમ્બર, ૧૯૭૪

❑

## ૬. ગુણવિમર્શ

એક્સપ્રેસ વૉચ કંપનીવાળા શ્રી ધીરેશભાઈ જોગીએ એકવાર કહ્યું કે, 'મોટા, રોજ ને રોજ મને કંઈ બોધ થાય એવું પોસ્ટકાર્ડમાં લખી મોકલો તો ઉત્તમ.' તેથી, તે ભાઈને મેં રોજ ને રોજ લખવા માંડ્યું. લગભગ સોએક જેટલા કાગળો મેં તે ભાઈને લખ્યા હશે.

તે કાગળો ભાઈ ધીરેશભાઈએ શ્રી શંકરલાલ મામાને આપ્યા, અને તેમણે તે કાગળો મુંબઈથી પ્રકાશિત થતા 'સાંઈસુમન' સામયિકના આગલા પાના પર છપાવવા માંડ્યા.

ભાઈ ધીરેશભાઈની ઇચ્છા કે આ બધું લખાણ છપાય અને પ્રસિદ્ધ થાય તો કોઈકના પણ વાંચવામાં આવે અને શ્રીહરિકૃપાથી કોઈકના હૃદયમાં કંઈક સમજણ અને ભાવ પ્રગટે, તો તેના જીવનમાં ફેરપલટો પ્રભુકૃપાથી કદાચ થઈ જાય.

શ્રી ધીરેશભાઈની એવી મરજી હોવાથી આવું બધું લખાણ, જોકે તેમને અંગત રીતે લખાયું હતું તે, પ્રસિદ્ધિને પામે છે, એ આનંદની હકીકત છે.

આ બધી કડીઓ ઓચિંતી જ લખાયેલી છે, અને જેમની તેમ કંઈ પણ મઠાર્યા વિના છપાવા આપી દીધી છે. સદ્‌ભાવી યોગ્ય ગ્રહણ કરશે અને જે ફોતરાં જેવું લાગે તે ફેંકી દેશે. આ બધું લખાણ એકદમ સરળ અને વાંચતાં જ સમજાય તેવું છે.

કવિની શૈલીથી કે પ્રભાવથી, સાહિત્યસર્જનની છટાથી, કળાથી કે તેના એવા રસથી આ લખાણ લખાયું નથી. જીવનને અનુભવવા જતાં માર્ગમાં જે જે મળ્યું તેનું આ દોહન છે. આમાં લખેલો કોઈ પણ ગુણનો વિચાર એ કોઈ કલ્પનાનો કે

અનુમાનનો તારવેલો નથી. શ્રીહરિકૃપાથી આ લખાયું છે અને તે પણ ઓચિંતું. આવું બધું હું બોલતો હોઉં અને કોઈ લખી લેતું હોય તેવો અનુભવ તો કેટલાંયને છે. અનુષ્ટુપ છંદ એ તો મને ભગવાનની સહજ કૃપાપ્રસાદી છે.

આને હું કાવ્ય તો લેખતો જ નથી, આ માત્ર જોડકણાં જ છે. ભાઈ ધીરેશભાઈની ઇચ્છા આ રીતે સફળ થાય છે, તે પણ આનંદની વાત છે.

નરોડા, તા. ૨૨-૧૦-૧૯૭૩ **-મોટા**

❑

## ૭. હરિજન સંતો

આ નાનકડી ચોપડીમાં વર્ણવેલા તથા એવા પ્રકારના બીજા હરિજન સંતભક્તો અનેક પ્રકારની હાડમારી અને હેરાનગતિમાં પણ જીવનના સત્ત્વને ભૂલ્યા નથી. જોકે તેઓ સમાજના નીચલામાં નીચલા થરમાં જન્મ્યા હતા, તેમ છતાં દૈવી પ્રકાશનાં કિરણોને તેમની નાની અવસ્થામાંથી જ તેમણે ગ્રહણ કરી લીધેલાં હતાં. શ્રદ્ધા અને ભક્તિ તરફ એમનાં હૃદય ખુલ્લાં થયેલાં હતાં. શ્રીપ્રભુને તેઓ સર્વ રીતે અને સર્વ પ્રકારે અને સર્વ ભાવે સમર્થ માનતા. તેઓ ભજનો ગાતા, ઉત્તમ પદો બનાવતા, ઉપદેશ કરતા અને શ્રીપ્રભુને ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરતા. આમ હોવા છતાં પણ આવા હરિજન સાધુ પુરુષો વિશે હૃદયનો પ્રેમ-આદર કેળવવો અને એવો વિચાર કરવો એ પણ ઉચ્ચ વર્ણના અંધશ્રદ્ધાળુઓ માટે અસહ્ય હતું. આવા હરિજન સંતભક્તોનો તિરસ્કાર કરવામાં આવ્યો છે, તેમનું અપમાન કરવામાં આવ્યું છે, પવિત્ર સ્થળો અને ઘરોમાંથી ઢોરની માફક તેમને હાંકી કાઢવામાં આવ્યા છે, તેમ છતાં આ સાધુ આત્માઓ જરા પણ ડગ્યા નથી. આવી હાડમારીઓ, આવો તિરસ્કાર, આવી હેરાનગતિ, તથા અનેક કનડગતોની વચ્ચે પણ તેઓ તેમની શ્રદ્ધાને વળગી રહ્યા હતા. તેમના હૃદયમાં જે પ્રકાશ પ્રકાશી રહ્યો હતો, તેના સૂચવેલા માર્ગે આગળ જવાને તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. જે લોકો તેમની કનડગત કરતા, તેમના વિશે કંઈ પણ મનમાં ઇતરાજી કે રાગદ્વેષ તેઓએ રાખ્યાં નથી. આ હકીકત હાલના જમાનાના આપણે બધાં હરિજનોએ ખાસ લક્ષમાં રાખવાની છે. હૃદયની સદ્‌ભાવના,

આદર અને સમભાવ જીવતોજાગતો આપણા હૃદયમાં સવર્ણ ગણાતા વર્ગ પરત્વે જાગી ગયેલો હોવો જોઈશે, તો જ આપણે તેમનાં દિલ પિગળાવી શકીશું. કોઈનાયે જીવનનો પલટો કરાવવાને કાજે આપણે પોતે જ આપણા જીવનને સંપૂર્ણપણે પલટાવી નાખવું પડશે. જીવનમાં ઊંડો ઉત્કટ પ્રેમભાવ પ્રગટ્યા વિના આપણે કંઈ કશું કરી શકવાનાં નથી, એનું પ્રભુકૃપાથી આપણને યોગ્ય ભાન જાગો એવી હૃદયની પ્રાર્થના છે.

ઉપલા પ્રકારના હરિજન સંતભક્તોની જીવનમાં પ્રગટેલી જીવતીજાગતી નમ્રતા, ભક્તિ અને સંપૂર્ણ સાધુતા હંમેશને માટે ધાર્મિક ઈતિહાસમાં તેમને અમર સ્થાન અપાવશે. આપણા ઈતિહાસમાં ઘણા ઘણાયે વિવિધ પ્રકારનો અને અનેક રંગી ફાળો આપ્યો છે. ઘણા ઉમદા અને સાત્ત્વિક સાધુઓ, મહાન તત્ત્વચિંતકો અને તે તે સમયના યુગાવતાર સમા મહાપુરુષોએ આ મહાન આર્યપ્રજાના જીવનને ઘડ્યું છે. એ ફાળામાં આ હરિજન સંતભક્તોનો અનેરો ફાળો સમાયેલો છે. ધર્મના પ્રદેશમાં શ્રીબુદ્ધ અને શ્રીશંકર ભગવાન તથા એવા બીજા ધર્માચાર્યો મહાન નદીઓ જેવા છે, તો આ નાના નાના હરિજન સંતભક્તો નિર્મળ ઝરા સમાન તો છે જ. કોઈ ભૂલો પડેલો થાક્યોપાક્યો તરસ્યો મુસાફર કે થાકેલો ખેડૂત એના કિનારે બેસી એનાં ઠંડાં અમૃત જેવાં જળ પી પી પોતે તાજો બનશે, નવીન જીવનની પ્રેરણા તે એમાંથી મેળવશે. આવા સંતભક્તોનો જે વર્ગમાંથી જન્મ થયો છે, તે લોકો તો બિચારા હજીયે અજ્ઞાન અને દુઃખમાં ડૂબેલા છે. તેમનો વસવાટ હજીયે ખંડેર જેવાં ઝૂંપડાંમાં છે. તેમનાં જીવન ગરીબાઈ અને દુઃખથી ભરેલાં છે.

ઉચ્ચ ગણાતા સમાજ તરફથી હજીયે તેમની કનડગત અને હેરાનગતિ થાય છે. એમાંના નંદ, ચોખામેળા, રવિદાસ અને હરિદાસ જેવા અનેક સાધુ પુરુષો હજીયે તેમનામાં છે. તેઓ શાંતિથી દુઃખો સહન કરી, રાગદ્વેષાદિ ત્યજી, સર્વ પરત્વે સદ્ભાવ અને સમતાથી વર્તી પોતાનું જીવન વ્યતીત કરે છે. આ દુઃખ પામેલા પવિત્ર સંતભક્તોની સાત્ત્વિક જીવનની સ્મરણગાથા આપણને આપણા ધર્મનું યોગ્ય જ્ઞાનભાન કરાવો એ જ પ્રાર્થના છે

ગાંધી આશ્રમ, સાબરમતી, અમદાવાદ — **મોટા**

તા. ૧૨-૨-૧૯૫૪

❑

# ૮. જિજ્ઞાસા

૧૯૭૦ના જુલાઈ માસમાં દક્ષિણ ભારતમાં કુંભકોણમ્ આશ્રમમાં હતો, ત્યારે એક રાતે જિજ્ઞાસા ઉપર કડીઓ સ્ફુરવા લાગી ત્યારે જ વિચારાયું કે જિજ્ઞાસા ઉપર જે લખાઈને છપાઈ પ્રસિદ્ધ થયું છે તે તો હજી ઘણું જ અધૂરું છે. એટલે તા.૨૫-૭-૧૯૭૦થી લખવાનું શરૂ થયું.

તા. ૨-૮-૧૯૭૦ તો અમે બધા તિરુચિરાપલ્લી ગયા અને તા. ૧૦-૮-૧૯૭૦ના સુરત આશ્રમે અને તા. ૧૩-૮-૧૯૭૦ના રોજ નડિયાદ આશ્રમે. તા. ૪, ૫, ૬-૯-૧૯૭૦ના રોજ અમે બધા ડુમસ મુકામે હતા. તા. ૧૪-૮-૧૯૭૦થી તે આખા મહિનામાં બહાર ફર્યાં કરવાનું બન્યા કરતું, તથા આશ્રમમાં સવારે માણસો તો અવારનવાર આવ્યા જ કરે, પરંતુ શ્રીપ્રભુકૃપાથી જિજ્ઞાસા પરની ટૂંકો લખાયે જ ગઈ. તા. ૩-૯-૧૯૭૦ સુધીમાં તો લગભગ ૯૦૦ ટૂંકો લખાઈ ગઈ અને તા. ૭-૯-૧૯૭૦ પછીથી પણ લગભગ બીજી આશરે બસો એક ટૂંકો લખાઈ.

આ બધી ટૂંકોની ક્રમબદ્ધ ગોઠવણી શ્રી રમેશભાઈ ભટ્ટે કરી છે. એમણે જિજ્ઞાસાને આ રૂપ આપવામાં ભારે જહેમત ઉઠાવી છે. એના નાના નાના વિભાગો પાડી ટૂંકોના ભાવ પ્રમાણેની ગોઠવણી પણ તેમણે જ કરી છે.

જિજ્ઞાસાનાં કેટકેટલાં અંગઉપાંગોને અનેક પાસાંઓ છે. જેમ જેમ લખાતું ગયું તેમ તેમ બધું સૂઝતું ગયું અને લખાતું જ ગયું.

એકની એક હકીકત ભલે હોય, પરંતુ તે જુદા જુદા સંદર્ભમાં લખવાનું બન્યું છે.

જીવનની આધ્યાત્મિક સાધનામાં પુનરાવર્તન તે દોષ નથી, કિંતુ ગુણવિકાસની વિકાસ પામતી જતી પ્રક્રિયાનું તે એક મુખ્ય લક્ષણ છે. આ હકીકત આધ્યાત્મિક માર્ગના પથિકને નવી ન હોવી ઘટે.

આધ્યાત્મિક માર્ગે વિચરનાર એવા કોઈક શ્રેયાર્થીની સાથે વાતચીતમાં 'તે માર્ગે જવામાં મૂળમાં જિજ્ઞાસા જીવતીજાગતી હોવી ઘટે.' ને જિજ્ઞાસા જાગી હોય, તો તે જણાયા વિના તો થોડી જ રહી શકે ? ને તે પરથી જિજ્ઞાસાનાં લક્ષણો વિશે જણાવવાનું થયું ને તેવી હકીકતોની વાત થઈ. ત્યારે તે ભાઈએ સૂચવ્યું કે 'મોટા, ત્યારે આવું બધું લખાણ તમે ક્રમબદ્ધ લખો, તો શ્રેયાર્થીને જિજ્ઞાસાના વિજ્ઞાનની ખબર તો પડેને ? જે બધા આ માર્ગે પળનાર છે, તેમને જિજ્ઞાસા પરત્વેની યોગ્ય સાચી હકીકતની કશી ખબર હોતી નથી, ને તમે (મોટા) જણાવો છો તેવી જિજ્ઞાસા જાગેલી હોય, તો એનો વિકાસ કેવો થાય, તે બધું સવિસ્તાર હકીકત લખો ને છપાવો તો ઘણું ઉત્તમ.'

'વળી, ગુજરાતી સાહિત્યમાં જિજ્ઞાસા પર કશું લખાણ ખાસ કરીને તો નથી. તો તમે લખશો તો જિજ્ઞાસા પરનું લખાણ સાહિત્યની દૃષ્ટિએ પણ મૌલિક સર્જન થશે ને એટલી ગુજરાતી સાહિત્યમાં તમારી આગવી ભેટ હશે.' તે ભાઈએ કહેતાં તો કહ્યું, પરંતુ મને પણ થયું કે જિજ્ઞાસા પર લંબાણથી તેની યોગ્ય હકીકતના વિવરણથી લખાય તો ઉત્તમ. શ્રીપ્રભુકૃપા થતાં લગભગ પંદરસોએક ટૂંકો લખાઈ છે.

શ્રીપ્રભુકૃપાથી આ જીવ શ્રીભગવાનને પંથે પળ્યો, ત્યારે જે જિજ્ઞાસાનું સ્વરૂપ હતું, તે બધું જેમ જેમ યાદમાં જીવંત પ્રગટતું ગયું તેમ તેમ લખ્યે ગયો છું ને જેમ લખાયું છે, તેમનું તેમ તે રાખ્યું છે. એને મઠારવાનું કર્યું નથી. માત્ર ક્રમવાર ગોઠવવાનું શ્રી રમેશભાઈ ભટ્ટે કર્યું છે.

આ બધું જ લખાણ ડુમસમાં બેત્રણ સ્નેહીઓએ (શ્રી રતિલાલ મહેતા, શ્રી દિલીપભાઈ મણિયાર, શ્રી રમેશભાઈ ભટ્ટ, શ્રી રામભાઈ પટેલ) આટલી બધી ટૂંકો પ્રેમથી સાંભળી ને જરા પણ કંટાળો સેવ્યો નહિ. તેથી મને પણ પોરો ચઢ્યો ને હૃદયમાં ઉત્સાહ વધ્યો. તાપી નદીનાં પૂરના કારણે અમારે બધાને ડુમસમાં રોકાઈ જવું પડ્યું હતું, તેથી આ કામમાં અમે બધા ઠીક લાગી પડ્યા હતા. ડુમસમાં જ આ કડીઓને અમે બધાએ ક્રમબદ્ધ ગોઠવવાને ઠીક મહેનત લીધી. જોકે તે પછીથી તો ભાઈશ્રી રમેશભાઈ ભટ્ટે ક્રમબદ્ધ ગોઠવવામાં એની આખી જ કાયાપલટ કરી નાખી છે.

શ્રેયાર્થીને હવે આ જિજ્ઞાસા વાંચતાં પોતાને પોતાની સ્થિતિનું યથાવત્ ભાન જાગ્યા વિના નહિ રહે. જિજ્ઞાસાનું પણ વિજ્ઞાનપૂર્વકનું એક શાસ્ત્ર છે. તે શાસ્ત્રને હજી સંપૂર્ણ શાસ્ત્ર તરીકે પૂરેપૂરું એના યથાયોગ્યપણામાં સંપૂર્ણપણે લખી શક્યો નથી તેનું મને ભાન છે જ. આ છપાઈ ગયા પછીથી પણ જેમ જેમ સૂઝતું કે ઊગતું જશે, તેમ તેમ શ્રીપ્રભુકૃપાથી લખતા રહેવાનું થતાં, લખતો રહીશ ખરો.

આધ્યાત્મિક પંથે પળનારને, વળનારને અથવા તો જેઓ તેમાં વળી ચૂક્યા છે તેવા શ્રેયાર્થીને, આ જિજ્ઞાસાનાં લખાણમાંથી

પોતાના જીવનની વાસ્તવિકતાનું સાચું દર્શન મળી શકશે, એવી મારી સમજણ છે.

આ જિજ્ઞાસા જે છે, તે કંઈ કોઈ એક પ્રકારનું સજ્જડ ચોકઠું છે, એમ તો નથી જ. કોઈ શ્રેયાર્થીનો વિકાસ અમુક રીતે જ, આમ ને આવી રીતે જ, થઈ શકે, તેવું શક્ય તો ન હોય, કોઈક પોતાનું ધ્યેય વહેલું પ્રાપ્ત કરી શકે ને કોઈક કેટલાક જન્મ પછીથી પણ.

તેમ છતાં શ્રેયાર્થીનું જીવન એટલે કે જે જીવે શ્રીપ્રભુનાં ચરણકમળમાં સર્વ ભાવે ને સર્વ રીતે યાહોમ કરીને ઝંપલાવ્યું છે, ને જે પોતાનું સર્વ કાંઈ પણ શ્રીપ્રભુને ચરણે જ્ઞાન-ભક્તિભાવે સમર્પણ કર્યા કરતો હોય છે, તેનાં લક્ષણ તો પરખાયા વિના રહી શકતાં નથી. શ્રીપ્રભુકૃપાથી મને તે પરત્વેની ગતાગમ તો હતી જ, ને તેવી સમજણને કારણે જ આ જિજ્ઞાસાની કડીઓ લખી શક્યો છું.

જિજ્ઞાસા વિજ્ઞાન પણ છે ને શાસ્ત્ર પણ છે, પરંતુ તે જડબેસલાખ નથી. જિજ્ઞાસાના હાર્દનો ભાવ પ્રત્યેક વ્યક્તિની કેટલી, કેવી, તીવ્ર, ગાઢ, ઉત્કટ જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના છે, ને કેટલી ગાઢ ઉત્કટ તત્પરતા ને તાલાવેલી જાગી છે, એના પર પણ આધાર રહેલો છે. પ્રત્યેકને પોતપોતાનાં સ્વભાવ, પ્રકૃતિ પ્રમાણે તે પ્રવર્તતી ભલે લાગે, પરંતુ આખરે તો જો જ્વાળામુખી સમી ધગધગતી ઉત્કટમાં ઉત્કટ તમન્ના જાગેલી હોય, તો નદીનાં પ્રચંડ પૂર સમયે તેના બંને કિનારાને છોડીને-વટાવીને નદીનું પાણી ક્યાંનું ક્યાંય વહી જતું હોય છે, તેવું તેવી જિજ્ઞાસાનો પ્રભાવ ને પ્રતાપ, તેનો ભાવ તે પ્રમાણે

પ્રવર્તતો અનુભવાય છે. જીવનાં પ્રકૃતિ ને સ્વભાવ તો મર્યાદાશીલ છે. તેમ છતાં ઉપરના પ્રકારની જિજ્ઞાસા તો જીવનું તેવું બધું પણ તોડીફોડીને ક્યાંયે ફગાવીને ક્યાંયે વહેતી જતી હોય છે. એવી પ્રચંડ ઝળહળતી તીવ્રતાથી જલતી જિજ્ઞાસાને નથી કોઈ મર્યાદા, નથી કોઈ રીતરસમ, કે નથી કોઈ પદ્ધતિ. તેનો માર્ગ નિરનિરાળો છે. પોતે પોતાના જ સ્વયં ધોરણે, સ્વતંત્ર રીતે વર્તનારી તે ચેતનાશક્તિ છે. એ પોતે સ્વયંભૂમાંથી પ્રગટેલી સ્વયંભૂમાં મળવા, હળવા, ભળવા ને ગળવાને તથા તેમાં જ એકરસ થઈ જિજ્ઞાસા પોતે પણ તેમ થવાતાં થવાતાં કેટકેટલાં સ્વરૂપના પલટા લેતી હોય છે, એ પણ એક મૌલિક અનુભવદર્શન છે.

જિજ્ઞાસા કદી સાંકડા બંધાયેલા માર્ગની હોતી નથી. શરૂશરૂમાં એનો માર્ગ ભલે અમુક ધોરણનો લાગે, કિંતુ ત્યાં પણ एના પ્રવાહનો વેગ પ્રચંડપણે વધતાં વધતાં જિજ્ઞાસાના કિનારાની ક્ષિતિજો ક્યાંની ક્યાંય ગગનગામિની પ્રવર્તતી હોય છે.

તેથી જ જેનામાં એવી જિજ્ઞાસા જાગી છે, તે જ જીવ પરમ સદ્‌ભાગી ને પરમ કૃપાળુ શ્રીભગવાનની કૃપાનો બડભાગી છે. ધન્ય છે એવી જિજ્ઞાસાને. જિજ્ઞાસાને જગજ્જનની મા રૂપે જ અનુભવું છું. જિજ્ઞાસા પતિતપાવની ગંગામૈયા છે. एના જ પ્રવાહમાં એ તરાવીને લઈ ગઈ તો તરાયું છે. એવી જિજ્ઞાસાનાં કેવાં કેવાં-જેમ કાલિકા સ્વરૂપનાં અનુભવદર્શન થયાં છે, તો સુભગ કલ્યાણકારી જીવનને શ્રીભગવાનનાં ચરણકમળમાં પ્રસ્થાપિત કરાવનારી એવી જિજ્ઞાસાના વિકાસના જુદા જુદા તબક્કામાં એવાં કેટલાંક સ્વરૂપોનાં જે દર્શન થયાં

છે, ને એવાં દર્શનની સૂઝ વડે કરીને આ બધું લખાયું છે, એમાં મહત્ત્વ ખરેખર હોય તો એવી તે જિજ્ઞાસામૈયાનું જ છે, એ જિજ્ઞાસા માને પ્રેમભક્તિભાવે નમું છું ને સ્તવું છું. જય હો એ જિજ્ઞાસાનો કે જેણે એના અંકમાં લઈ મને પામરને આવો ઘડ્યો. બાકી, મારા જેવા જીવનું ગજું કેટલું ?

ગદ્ય કરતાં પદ્ય મને શ્રીપ્રભુકૃપાથી વધારે ફાવે છે. જિજ્ઞાસા પરત્વેનું આ લખાણ જે છે, તે જો મારે ગદ્યમાં લખવાનું હોત, તો લખાણનાં ઘણાં બધાં પાનાં થઈ ગયાં હોત. જ્યારે પદ્યમાં તે સરળતાથી સહજપણે ને ટૂંકાણમાં તે બધું સ્પષ્ટતાથી લખાઈ ગયેલું છે. તે સાથે સાથે એનું સચોટપણું પણ એટલું જ જળવાઈ રહેલું છે. આ પદ્ય છે ખરું પણ તેને હું કાવ્ય ગણતો નથી. એ ગદ્ય જ છે, પરંતુ પદ્યરચનામાં હોવાથી તે વાંચવામાં જે તે લયબદ્ધ છંદબદ્ધ હોવાથી ગાવામાં ઘણું સરળ રહે છે. વળી, અનુષ્ટુપ છંદ તો શ્રીપ્રભુકૃપાથી એટલો બધો સરળ ને સહજ થઈ ગયો છે કે હરતાં ફરતાં પણ તેમાં જે લખવું હોય તે લખાઈ જાય છે, તે શ્રીપ્રભુકૃપાની પ્રસાદી છે.

જિજ્ઞાસાભાવના રસિક શ્રેયાર્થી આ જિજ્ઞાસાના સાહિત્યને આવકારશે ને તેમાં ક્યાંય પણ કશોય હકીકત દોષ હોય, ને તે મને 'હરિઃૐ આશ્રમ, નડિયાદ' જણાવશે તો નવી આવૃત્તિ થતાં સુધારી લેવામાં આવશે.

જીવનવિકાસના ભાથામાં આ જિજ્ઞાસાનું લખાણ કોઈ પણ શ્રેયાર્થીને થોડી ઘણી પણ પ્રેરણાત્મક મદદ અર્પી શકશે, તો તે શ્રીપ્રભુકૃપાની પ્રસાદી હશે.

જિજ્ઞાસાનું સાહિત્ય જે લખાયું છે, તેમાં જો કંઈક પણ મહત્ત્વ હોય, તો શ્રીપ્રભુકૃપાનું છે. આ જીવનું તો કશું નથી. જો હોય તો તમારાં બધાંના હૃદયની સક્રિય સહાનુભૂતિ-જે શ્રીપ્રભુકૃપાથી મળેલી છે-તે જ મારા જીવનનું પરમ બળ છે. શ્રીપ્રભુકૃપાથી સાધનાના જુદા જુદા તબક્કામાં જિજ્ઞાસાનાં અવનવાં રૂપ, લક્ષણ, કક્ષા એવું એવું પરખવાની (જે તટસ્થતાનું પ્રેમથી કૃપાદાન જિજ્ઞાસાએ દીધું હતું તેના વડે) જે દૃષ્ટિ અંતરતમ લાધી છે, તેને આજે હકીકતના સ્વરૂપમાં શ્રીપ્રભુનાં ચરણકમળમાં પ્રેમભક્તિભાવે નમી નમી લળી લળી મૂકું છું.

આમ તો મારે સાધનાનો ઈતિહાસ લખવો હતો, પરંતુ તેનો હુકમ હજી મળ્યો નથી. બાકી, શ્રીપ્રભુકૃપાથી સાધનાના પ્રત્યેક તબક્કાનાં વલણને, તેના પ્રત્યેક સ્વરૂપને આ જીવે જે ભાવમસ્તીથી અંતરમાં અંતરથી અનુભવ્યું છે, તેને યથાતથ શબ્દોમાં મૂકવાની શ્રીપ્રભુકૃપાથી શક્તિ છે જ, પરંતુ અમારે હુકમ એ સર્વસ્વ છે. તેથી, નિમિત્ત મળતાં આ જિજ્ઞાસા પર જે લખાયું છે, તેમાં અનુભવનાં અમૃતબિંદુ શ્રેયાર્થીના કંઠને આ આહ્‌લાદ, સંતોષ ને તૃપ્તિ પ્રેરશે જ એવી શ્રદ્ધા છે.

અભય કેળવવાથી કેવી નિર્ભીત બલિષ્ઠતા જીવનમાં પાંગરે છે. એ તો તે માર્ગના અનુભવી જ સમજી શકે. એવો અભય કેળવવાનો મહાવરો શ્રીપ્રભુકૃપાથી આ જીવને હતો તેના જાણકાર સ્નેહી મિત્રો આજે પણ જીવંત છે. અને એવા બીજા કેટલાય ગુણોનો વિકાસ આપમેળે શ્રીભગવાનનાં ચરણકમળમાં ભક્તિના અનુરાગનું માધુર્ય પ્રગટતાં પ્રગટતાં થયા કરતો હોય

છે, એ તો ભક્તિનો રાગ હૃદયમાં હૃદયથી જેને લાગ્યો છે, તે અનુભવ્યા વિના રહેશે નહિ. ભક્તિનો રંગ કોઈ ન્યારો છે. એના રંગથી જે નવા જન્મનો પલટો જીવનમાં જન્મીને પ્રસરે છે, તેના જેવું પરિણામ બીજા કશાથી પણ ઊગી શકતું નથી.

યોગ્ય કાળ, કૃપાથી શો ! પૂર્ણ સમજદારીને-
જીવને પાકવા દીધાં કેવી કૃપા પ્રસાદી તે !

યોગ્ય સમય ને પૂરેપૂરી સમજદારી શ્રીપ્રભુકૃપાના બળે પાકવા દેવા પડતાં હોય છે. ત્યાં સુધી હૃદયમાં ધીરજ, શાંતિ ધર્યા કરવાની રહે છે.

આ સાધનામાર્ગમાં ગણતરીનું મુદ્દલે કામ નથી. ભાવ કેળવાતો જાય ને ભાવનો ઉત્કર્ષ જેમ જેમ પ્રગટતો જાય છે, તેમ તેમ તેવા નવા નવા ઉન્મેષ ધોધની જેમ વહેતાં વહેતાં ફૂટી નીકળતાં, જે ભૂમિકા આપમેળે રચાતી જતી હોય છે, એવા જુદા જુદા તબક્કામાં જિજ્ઞાસાનાં શાં કક્ષા, દશા, લક્ષણો વગેરે બધું શ્રીપ્રભુકૃપાથી વર્ણવવાનું થયું છે, ને તે જ રીતે શ્રીપ્રભુપદે પ્રેમભક્તિભાવે ધર્યું છે.

અનુષ્ઠાન કરીએ છો, કિંતુ તે માનતા નથી,
માનીએ જે છીએ તેનું પાલન કરતા નથી.
એવા કૈંક મળ્યા લોક ચેતન પામવા હૃદે,
ભલીવાર કશો તેમાં આવે પછીથી શી રીતે ?

જે મેળવવું છે, તેના પરત્વે હૃદયમાં હૃદયથી હૃદયની ઉત્કટમાં ઉત્કટ જ્વાળામુખીના જેવી ધગધગતી લગની જ્યાં સુધી લાગતી નથી ત્યાં સુધી સાધનામાં જ્વલંત ચેતનાત્મક વિકાસ થવો શક્ય નથી. તેમ છતાં સાધન પકડીને

તેને એકધારા સતત વળગી જ રહ્યા કરવાથી પણ એવી જિજ્ઞાસા જાગે છે ખરી.

સંસ્કૃત ભાષામાં જિજ્ઞાસા પરનું પૃથક્કરણાત્મક લખાણ હશે કે કેમ તે જાણતો નથી, પરંતુ ગુજરાતી સાહિત્યમાં તો નથી જ.

જિજ્ઞાસા પરત્વેનું જો જે કોઈ, આ લખાણ વાંચશે તો તેવાને શ્રીપ્રભુના માર્ગે, જેમને જેમને વિકાસ કરવાની કે થવાની ઝંખના છે, ને જેઓ પોતે કેટલુંક ને કેવુંક ચાલ્યા છે, તેઓને તેની ખરેખરી સમજણ પડ્યા વિના નહિ રહે.

જિજ્ઞાસાભાવનું અનુશીલન ને પરિશીલન થતાં, પહેલાં તો કેવી કેવી કારમી નિરાશા ને નિષ્ફળતાની વૃત્તિ જન્મ્યા કરતી અનુભવતો, ત્યારે ત્યારે પ્રાર્થના કરવાનું તો શ્રીપ્રભુકૃપાથી ચૂકવાનું થયું નથી ને એવા પ્રાર્થનાના ભાવના સહારે વળી પાછો દિલમાં સજીવન થતો, એ હકીકતને દિલમાં દિલથી ગદ્‌ગદભાવે શ્રીપ્રભુકૃપાથી અનુભવવાનું થયા કરતું. પ્રાર્થના તો એવો નક્કર-ચોક્કસ કીમિયાગર છે કે જે જીવનમાં કેવા મોટા મોટા ચમત્કારિક ફેરફારો સર્જી શકે છે ને તેવો પ્રાર્થનાભાવ પણ જિજ્ઞાસાથી દિલનો દિલમાં દિલથી જે સેવાતો જતો હોય છે, તેવા ભાવના હૃદયંગમપણાથી ને તેવા તેના ઉદ્રેકથી ને તેમાંથી રણકો દેતો ઉઠાવ ને તેવા તેના સભાનતાના જ્ઞાનથી જીવનમાં તેવી તેવી નિરાશા ને નિષ્ફળતા-ઉભયને-તો જીવંત ચેતનાત્મક શ્રદ્ધા ને સફળતામાં જ પરિણમતી જે અનુભવી છે, તે જ ખરેખરી તો શ્રીપ્રભુકૃપા છે.

જિજ્ઞાસા એ સાધનાના અનુભવનો વિષય હોવા છતાં પ્રસ્તુત વિષયની હકીકત આપણી બુદ્ધિ સ્વીકારી શકે, તેવી

ઘણીખરી તો છે. કોઈક જ કડીઓ ગૂઢ હોય તો હોય, ને તે પણ ભાગ્યે જ.

આમાં 'સ્વાનુભવકથન' ઉમેરવાનું મને ખાસ દિલ થયું ને તે એટલા માટે કે શ્રીપ્રભુકૃપાથી મને સાધનામાં ગુણ ને ભાવ તથા શક્તિ અનિવાર્ય, અગત્યનાં માલૂમ પડ્યાં હતાં, તે તેવી કંઈક હકીકત ને તેના થોડાક નમૂના 'સ્વાનુભવકથન'માં મૂકેલા છે.

'મનુષ્યત્વ તો અક્ષય છે ને પૌરુષ પણ અજેય છે' એવો જીવનમાં પ્રત્યક્ષ પ્રયોગાત્મક અનુભવ ન થયો હોય, ત્યાં સુધી ચેતનાના સ્વાનુભવ પ્રદેશમાં કેવી રીતે પગલાં માંડી શકાય ? આવો ને આવા-એટલી પરમ કક્ષા-સાચી રીતે તો તે जीवदशानी અતીત કક્ષાનીયે બહારની કક્ષાના પ્રદેશના જીવનમાં ગુણ જીવતાજાગતા પ્રગટેલા હોવા જોઈશે. તો જ સાધનાના ઉચ્ચમાં ઉચ્ચ અપાર પ્રખર અનુભવ શિખરે પહોંચી શકાશે.

'જિજ્ઞાસા જાગી છે' તેનું પ્રત્યક્ષ લક્ષણ હોય જ છે. એવાં ઘણાં લક્ષણોમાંનું એક લક્ષણ પૃથક્કરણ તો છે જ છે. મને પોતાને તો જીવનમાં એ જ લક્ષણે ખરેખરો સહારો આપ્યો છે, ને એ તો મારી ખરેખર આંખ શ્રીપ્રભુકૃપાથી હતી. જિજ્ઞાસાએ પૃથક્કરણ તો એવી નિર્દયમાં નિર્દય રીતે કરાવ્યું છે કે તે જાણતાં જોતજોતામાં આપણા તો જાણે છક્કા જ ઊડી જતા અનુભવાય. ત્યારે તો નિરાશાના છેક તળિયે ડૂબી જવાતાં, જે નર્યા પ્રાણ હણાઈ ગયેલા ને સંપૂર્ણ મૃતપ્રાયઃ થઈ ગયેલા, આપણે આપણને પોતાને લાગતાં હોઈએ છતાં જેને જિજ્ઞાસાથી એવી પૃથક્કરણની થયા જવાની જીવંત પ્રથા જીવનમાં પાંગરેલી જીવંત થયેલી છે, તેનામાં તટસ્થતા તો જન્મેલી ઊગી ગયેલી તો હોય જ છે, ને

તે જ કારણથી તે તેવા કળણમાંથી તેવા જીવનમાં તે તે કાળે પ્રવર્તતી રહેતી જીવંત તટસ્થતાને કારણે ફરી પાછો ઉપર તરી આવતો નજરે પડે છે ને એ જ કારણે ફરી જિજ્ઞાસાનાં અનેક પાસાંઓને નીરખવાનું, સમજવાનું ને અનુભવવાનું શ્રીપ્રભુકૃપાથી બની શક્યું છે. વાચક આ જિજ્ઞાસા વાંચશે તો તેને ઉપરનું આ જીવનું કથન સાચું લાગ્યા વિના રહી શકવાનું નથી.

મારા ગુરુમહારાજનો હુકમ હતો કે 'મારે જીવનના પ્રત્યેક ક્ષેત્રે કશુંક ને કશુંક મૌલિક, एनी કૃપાથી સર્જતા રહેવું જ. જીવનના આધ્યાત્મિક વિકાસના પંથે મૂળમાં એના પરત્વેની જિજ્ઞાસા એ જ એક સાચો મૂળ ગુરુ છે. ને તેના સ્વરૂપને જિજ્ઞાસાએ આ જીવને કૃપા કરી અનેકવિધ ને અનેક રીતે દર્શાવ્યાં છે, ને તેથી કરી જે શીખવાનું મળ્યું છે ને તે તે બધાંથીયે નોખું થતું જવાનું જિજ્ઞાસાએ મને શિખવાડ્યું છે, તેની તેવી કૃપાબલિહારીથી આ જીવ ભાવના ઉદ્રેકથી ને તેવા તેના પ્રતાપ ને પ્રભાવથી આ જીવને જે વાણી વ્યક્ત થઈ, તેથી કરી આ જિજ્ઞાસાનું સર્જન થયું છે.

આટલું બધું લખાણ ને તે પણ જિજ્ઞાસાનું વિજ્ઞાનશાસ્ત્ર જે રીતે જે ભાવે આ બધું તટસ્થતાથી જે પૃથક્કરણ થયું છે, તે બધું આપોઆપ એની મેળે વિચાર્યા વિના લખાયે જ ગયું છે ને તે પણ થોડાક જ દિવસોમાં.

મળવું, ભળવું પૂર્ણ રહેવું નોખા છતાં ઠરી,
જિજ્ઞાસાએ ભણાવ્યા તે પાઠ મોંઘા ફરી કરી.

(ખંડ : ૧૦ : અધ્યાય : ૫ શ્લોક : ૩)

જિજ્ઞાસાએ શ્રીપ્રભુકૃપાથી સાધના વિકાસને પંથે આ एक

મુખ્ય ગુરુ-કિલ્લી આપી દીધી હતી કે જે તે બધું જ ભલે થયા કરે, પરંતુ દિલમાં, દિલથી દિલની તટસ્થતા તો પૂરેપૂરી સ્વસ્થ, જીવંત ને ચેતનાત્મક ઠરેલી રહ્યા કરવી જ ઘટે. તો જ જેનો તેનો પત્તો મળ્યા કરે ને જીવનના અનેક જુદા જુદા તબક્કામાં જેમાં જેમાંથી પસાર થયા કરવાનું બને, તેમાં તેમાંનું સ્વરૂપ-લક્ષણ ને વળી પાછા પોતે જો જીવંત ઠરેલા રહ્યા કરેલા હોઈએ, તો જ તેમાં મળ્યા ભળ્યા હોવા છતાં તેનાથી સંપૂર્ણ અલગ રહી શકવાની વાસ્તવિકતાપૂર્ણ ભૂમિકામાં જીવી શકાય, ને જેમાં જેમાં મળીએ, ભળીએ તેનું હાર્દ પામવાની અનુભવવાની સ્થિતિમાં હોઈ શકાય, એવી શ્રીપ્રભુકૃપાથી દશા હોવાથી આ જિજ્ઞાસાનાં જુદાં જુદાં સ્વરૂપને અનુભવી, તેમાંથી માખણ તારવી તારવી, તેનું સત્ત્વ જીવનમાં વાળી વાળી, આગળ ધપવાનું શ્રીપ્રભુકૃપાથી બની શક્યું છે, ને જિજ્ઞાસાનાં આવાં પૃથક્કરણ દર્શન-અનુભવ થયાં ને તેથી જ જિજ્ઞાસાના પ્રભાવથી તે લખવા-વર્ણવવા ભાગ્યશાળી થઈ શકાયું છે.

સર્વની જડ ઉખેડ્યા વિના ના પાંગરે નવું,
મથાવી તે રીતે એણે બનાવ્યો માલદાર શો !

(ખંડ : ૧૦ : અધ્યાય : ૫ શ્લોક : ૮)

કેટકેટલી જાતની એવી જડો જીવનમાં ઊગેલી હોય છે ને ફાલેલી હોય છે, જેનું આપણને ભાન પણ હોતું નથી. તેવી ભાવના તો ખરેખરી ઉત્કટ જિજ્ઞાસા જેને દિલમાં દિલથી દિલની જાગેલી હોય છે, તેવાને એકમાત્ર તેથી તેવી ઊગેલી, ફાલેલી ને વિકસેલી જડોનાં દર્શન જિજ્ઞાસામૈયા કરાવે છે, ને તેવી તેવી જડોનાં મૂળનું નિકંદન કરાવવા આપણને તે મથાવ્યા જ

કરે છે ને તેનાં મૂળ કઢાવ્યા વિના જિજ્ઞાસા આપણને જંપવા પણ દેતી નથી ને કળ પણ વળવા દેતી નથી એવી જિજ્ઞાસા જેને પ્રેમભાવે વરેલી છે, તેવા જ જીવ સાધનાના વિકાસપંથે આગળ ધપી શકવાના છે.

જેમ ખેતરની જમીનમાં ઊગેલી નકામી જડોને ઉખેડી નંખાવ્યા વિના ધાન્ય પાકી શકતું નથી ને ધારો કે પાકે તોપણ તે નજીવું જ પાકી શકે ને તેમાં ઝાઝા કસ-પ્રાણ ન હોઈ શકે, તેવું જીવનવિકાસની બાબતમાં છે.

એવી અનંત પ્રકારની જડો જીવનમાં ઊગેલી હોય છે, તે બધી જ જડો મૂળથી ઉખેડાઈ ગયા વિના દિવ્ય જીવનનો ફાલ ફાલી શકવાનો નથી.

श्रीप्रभुकृपाथी જે हुकम મળ્યો હતો, તેનું તૃણવત્ પાલન एनी કૃપાથી થઈ શક્યું છે.

સમાજના વિકાસક્ષેત્રે પણ एणे એવું જ કશુંક મૌલિક થાય એવું સુઝાડ્યું છે ને તેવું કરાવ્યું છે.

જે રીતે જીવનમાં આ આધ્યાત્મિક વિજ્ઞાનને પંથે જિજ્ઞાસાના બળે, ભાવે ધપાયું છે, તેનો પ્રત્યક્ષ ઈતિહાસ થોડો ઘણો પણ લખાયો, તેથી શ્રીપ્રભુએ તે રીતે મને જે જે જીવો મળેલાં છે તેમને તેમને એટલું તો જરૂર થશે જ કે આ જીવે જે ઊંડાણથી જિજ્ઞાસાનાં જુદાં જુદાં થરો, પાસાં ને એનાં અનેક સ્વરૂપોને જે રીતે દર્શાવ્યાં છે. તે તેમના તેવા અનુભવના નિચોડનું જ દર્શન છે. તેમને તેવું થાઓ કે ન થાઓ, પરંતુ મને તો આ જિજ્ઞાસાનું લખાણ વ્યક્ત થતાં થતાં જે આત્મસંતોષ થયો છે, એ જ एनी પ્રસાદી છે.

પોતાનાં પ્રકૃતિ ને સ્વભાવ જેવાં છે, તેવાં ને તેવાં રાખીને

કોઈ પણ જીવ અનુભવના પ્રદેશમાં કદી પણ પગલાં પાડી શકનાર નથી. તે હકીકત શ્રીપ્રભુકૃપાથી આ જીવને સંપૂર્ણપણે સ્પષ્ટ કરીને અનુભવે સમજાઈ હોવાથી આ સ્વાનુભવકથનની હકીકત જિજ્ઞાસાના પૂર્વભાગમાં હોય તો ઠીક. વળી,

અભય, નમ્રતા, મૌન એકાંત સેવડાવીને,<br>
રખાવી મુખ બીડેલું કરાવ્યો વ્યવહાર તેં.<br>
હવે હુકમ આપીને પ્રેમે શો લખવા મને,<br>
કૃપાનો આ પુરસ્કાર ધર્યો છે તે પ્રભુપદે.

અભય ને નમ્રતા અભિમુખતા પ્રગટાવે છે, ને મૌન-એકાંત બહિર્મુખપણું ઘટાડે છે. તેથી સાધનાના વિકાસને માટે મને પોતાને ઉપરના ચારે ગુણોએ ઘણી જ મદદ પ્રેરી છે.

જીવનના એક પાસાના ગુણધર્મના વિકાસની કેળવણી અર્થે ઘણાં વર્ષો પહેલાં જે બાળકને (હરિને) પ્રભુકૃપાથી પ્રભુપ્રીત્યર્થે ઉછેરવાનું બન્યું હતું તેને જિજ્ઞાસાનું સ્વરૂપ, લક્ષણ, સ્વભાવ, ગુણધર્મ, વર્તનકળા, લીલા વગેરે સમજાવવાનું સૂઝતાં તેને જિજ્ઞાસા પરત્વે લખવા માંડ્યું. એમ એકધારું તેને ત્રણ ચાર પત્રોમાં કુંભકોણમ્ (દક્ષિણ ભારત) લખ્યું, પરંતુ જિજ્ઞાસા ત્રણેક તબક્કે લખાઈ.

જિજ્ઞાસાનાં અનેક લક્ષણોને જુદી જુદી રીતે જેમ જેમ તે અનુભવમાં આવ્યાં કર્યાં હતાં, તે તે હકીકતોને મેં તે તે રીતે રજૂ કરી છે. કેટલીક વાર એકની એક હકીકત અનેક રીતે દોહરાવી પણ છે. જિજ્ઞાસાથી ઊંડો પૃથક્કરણભર્યો ચેતનાત્મક જાગૃત અભ્યાસ માનવીના હૈયામાં જાગૃત હોય છે, તેનાથી કરી તેની તટસ્થતાયુક્ત વિવેકશક્તિ પણ જાગી જઈ, વૃત્તિ,

વિચાર, લાગણી, ભાવનાનાં ક્ષેત્રમાં તે કેવી કુશળ કારીગરની જેમ કામ આપે છે તેનું પણ આમાં નિરૂપણ થયું છે.

જિજ્ઞાસા આટલી વિશદતાથી અને આટલા વિસ્તૃત સ્વરૂપમાં ભાગ્યે જ વ્યક્ત થયેલ હશે એમ માનું છું. જિજ્ઞાસાને કેળવાતી રહેવાને કાજે ને જિજ્ઞાસાને ચેતનવંતી પરિણામમાં ફળવતી થયા કરવા કાજે હેતુના જ્ઞાનની સભાનતાથી ભાવને મહત્ત્વ આપ્યા કરવાનું જે થયું તેને હું શ્રીભગવાનની પરમ કૃપાપ્રસાદી લેખું છું. ભાવ વિનાનું બધું જ શુષ્ક છે. ભાવ એ જ જિજ્ઞાસાની પાંગરતી જતી પ્રાણશક્તિ છે.

જાગતાં જાગતાં ભાવ શક્તિ કેવી અનંત છે !
આપમેળે હૃદે ભાન જાગતું એનું એ પળે.

● ● ●

જિજ્ઞાસાગ્નિ હૃદે પૂરો ચેતેલો રાખવા સદા,
કેવું કેવું મથાયું છે, એ તો એની હતી કૃપા.

● ● ●

મથામણતણા એવા જીવંત ઇતિહાસને
-જેવો તેવો જ આલેખ્યો જિજ્ઞાસાને નમી હૃદે.

● ● ●

'જિજ્ઞાસાએ મને તાવ્યો, તપાવ્યો, તારવ્યો પથે.'

એમ મેં જે ગાયું છે, તે તદ્દન યથાર્થ ને વાસ્તવિક છે. ઉપરની તે એક જ લીટી કેટલુંયે કહી જતી હોય છે ! એમાં કેટકેટલા કેવા સંગ્રામનો ગૂઢ ઇતિહાસ છુપાયેલ છે !

આધ્યાત્મિક વિજ્ઞાનશાસ્ત્રમાં જિજ્ઞાસાનું મહત્ત્વ પ્રથમ સ્થાને છે. જિજ્ઞાસા પરત્વેનું ગુજરાતી ભાષામાં એના સર્વ પાસાંને લગતું એવું ખાસ કોઈ લખાણ જ નથી.

એ પથિકોનું એ પંથે પ્રથમ પગલું જ જિજ્ઞાસા વડે કરીને મંડાય છે.

પ્રત્યક્ષ પ્રવર્તતાં લક્ષણ વિના કંઈ જ કશું એની યોગ્ય રીતે સ્વીકારાય જ નહિ, ને તેવાં જિજ્ઞાસાનાં લક્ષણો પણ આમાં બતાવવાનું શ્રીપ્રભુકૃપાથી બની શક્યું છે, કારણ કે જીવનવિકાસના સાધનાપંથમાં ધપતાં ધપતાં અથડાતાં કુટાતાં જે અનુભવ શ્રીપ્રભુકૃપાથી થયો, ને તે કાળે તેમાં તેમાં જીવંત ચેતનાત્મક તટસ્થતાની સભાનતા શ્રીપ્રભુકૃપાથી જાગેલી રહ્યા કરેલી હોવાથી, તેવું અનુભવથી સમજણમાં આવેલું હોવાથી, આ બધું તેથી કરી લખવાનું બની શક્યું છે ને તે પણ તેવું શ્રીપ્રભુકૃપાનું તેવું નિમિત્ત પ્રગટ્યું ત્યારે જ.

એકવાર અમદાવાદમાં ત્રણેક ઠેકાણે જ્યાં જ્યાં જવાનું હતું, ત્યાં ત્યાં મારા એક સ્નેહી સ્વજન શ્રી રમેશભાઈ ભટ્ટને સાથે લીધા ને જ્યાં જવાનું થયું, ત્યાં બધાની સાથે ને વચ્ચે વાતચીત થતાં થતાં તે ભાઈને હું જિજ્ઞાસા અંગેની કડીઓ લખાવતો ગયો.

વળી, અમદાવાદમાં નવાવાડજનીયે પાર એક શિલ્પી સ્નેહીને ત્યાં જવાનું થયું. ત્યાં તે શાંત, રમ્ય, કળાત્મક વાતાવરણમાં જિજ્ઞાસા અંગે આપમેળે લખાઈ ગયું ને છેવટનો તબક્કો ને છેક અંતનો ભાગ માથેરાનમાં લખાયો.

માથેરાનમાં રાતે 'જિજ્ઞાસા' પરત્વેની કડીઓ વારંવાર સૂઝ્યા કરતી ને હું તો 'પુષ્પા' 'પુષ્પા' એમ બૂમો મારી પુષ્પાબહેનને બોલાવતો ને તેમને કડીઓ લખાવતો ગયો ને

એમ વારંવાર થયું, છતાં તે બહેન મનથી કંટાળ્યાં નહિ, તેથી હૃદયથી રાજી થયો.

'અખંડ ચિંત્વને હૈયે જીવંત ભાવયજ્ઞથી
-આભામંડળ ફૂટેલું રક્ષે બાહિર-અંતરે.'

જીવનવિકાસની ઉચ્ચતમ ભૂમિકામાં પ્રવેશતાં પ્રવેશતાં કોઈ પણ પ્રકારના ચેતનાત્મક જીવંત ભાવનાત્મક સાધનના અખંડપણામાંથી જે ભાવનો ઝરો ફૂટી નીકળે છે, ને તેવો ભાવ જ્યારે જીવતોજાગતો અખંડપણે સતત પ્રગટ્યા જ કરતો હોય છે, તેવી વેળા પોતાના આધારની આગળ પાછળ એક એવા સૂક્ષ્મ પ્રકારનું AURA-આભામંડળ ફૂટી નીકળે છે, કે જે એક એવા પ્રકારનું કવચ બની જાય છે, કે જે કવચને બહારના વાતવરણમાંથી આવતાં અનેક પ્રકારનાં વમળો, વૃત્તિઓ, વિચારો તથા એવાં તત્ત્વો પણ તે કવચને ભેદી શકતાં નથી, ને તેની સાથે સાથે અંદરનો જે ચેતનાત્મક ભાવ જાગેલો, જીવંતપણે પ્રગટેલો રહ્યા કરે છે, ને જે-તેવા ભાવને-પેલું કવચ બહાર પણ નીકળી જવા દેતું નથી, તેથી તેવો ભાવ સદાય વધારે ને વધારે તેજસ્વી ને જ્વલંત તથા વધારે ને વધારે ગાઢ થયા કરતો હોય છે. ઉપરની હકીકત સાધનાના વિકાસક્ષેત્રના વિજ્ઞાનમાં એક મોટી રહસ્યવાળી હકીકત છે, જે અનુભવવાળી હકીકતનું ભાન ભાગ્યે જ કોઈકને શ્રીપ્રભુકૃપાથી થતું હશે.

તેવું જ નીચેની કડી વિશે છે :-

'શરીરકેરી મર્યાદા ઉપરવટ તો જવા
-દર્દ તો કીમિયો શો છે ! મળ્યાં કેવાં પ્રસાદીનાં !'

વાચકને આ કડીની સાર્થકતા એની યોગ્ય વાસ્તવિકતા સમજાય, એટલા ખાતર લખવું પડે છે કે આ જીવના શરીરને ઘણાં દર્દ છે, જેવાં કે માથાના ઝામર, આંખમાં ખીલ, ચામડીનું દર્દ, લોહીના દબાણની અનિયમિતતા (Fluctuating), દમ, આંખનું દર્દ, મૂત્રપિંડ (Prostrate Gland), અનિદ્રા, ગળાનું દર્દ, કરોડરજ્જુના બે મણકા વચ્ચેની ગાદી ખસી ગયેલી છે, ને જેને કારણે શરીરને સૂઈ રહેવું પડે ને તેનું દર્દ તો સતત ચાલુ જ રહ્યા કરે, આવાં બધાં દર્દો હોવા છતાં શ્રીપ્રભુકૃપાથી શ્રીપ્રભુપ્રીત્યર્થના કર્મયજ્ઞમાં પ્રેમભક્તિભાવે સતત હોમાયા જવાનું થયા કરે છે એ एनी કૃપાપ્રસાદી છે ને એટલાં દર્દો મળ્યાં છે, તેથી આવો અનુભવ મળી શક્યો છે.

જિજ્ઞાસાનો શ્રીપ્રભુકૃપાથી પ્રથમ આપમેળે આશ્રય મળી ગયો ને તે જેમ કેળવાતી ગઈ, તેમ તેમ વર્તાતી અનુભવાઈ ને કેવી કેવી રીતે ચાલતી, વર્તાતી ને કેવું કેવું રૂપલક્ષણ લેતી ગઈ, તે બધું તેવા તેવા અનુભવના પ્રમાણથી લખાયું છે. ચકાસી ચકાસીને વારંવાર તપાસી જવાની મુદલે આદત નથી, તેથી સુજ્ઞ વાચકો કંઈક ભૂલચૂક હોય, તો તેને દરગુજર કરશે એવી વિનંતી.

અનંતાનંત વિકાસના પંથે પળનારાને ‘જિજ્ઞાસા’ વાંચતાં વાંચતાં જ એના સાચા તથ્ય ને પથ્યના સ્વરૂપમાં સ્વીકારવાનું થતાં, હૃદયમાં હૃદયથી કૃતકૃત્યતા અનુભવાશે જ.

જિજ્ઞાસા અંગે જે લખાયું છે, તે જ સાચું છે ને બીજું નથી એવો કોઈ જ દાવો નથી. આ જે લખાયું છે તે સંપૂર્ણ પણ નથી, તેમ છતાં અનંતાનંત વિકાસના માર્ગીને જિજ્ઞાસારૂપી

ભોમિયાની જરૂર રહે છે જ. એ જેને શ્રીપ્રભુકૃપાથી સહજ ભાવે મળી ગયો, તેનો બેડો પાર થયો સમજવું.

ગુજરાત રાજ્યના ચીફ જસ્ટીસ શ્રી P. N. ભગવતી સાહેબે આ પુસ્તકના પ્રકાશન માટે ઉત્સાહ પ્રેર્યો અને રૂ. ૧૦૦૦/- તેના ખર્ચ પેટે તેઓશ્રીએ ઉદાર ભાવે આપ્યા છે, તે સારુ તેઓશ્રીનો ખરા હૃદયથી આભાર માનું છું.

શ્રી જયંતકૃષ્ણભાઈ હરિકૃષ્ણ દવે (M.A.LL.B.) ઍડ્વોકેટ, મુંબઈ) જેઓ સંસ્કૃતના પ્રખર વિદ્વાન છે, તેમણે આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપી અમોને ઘણા આભારી કર્યા છે.

શ્રી રમેશ ભટ્ટે (H. K. આટ્ર્સ કૉલેજના અધ્યાપક, અમદાવાદ) અને શ્રી ચૂનીભાઈ મોતીરામ તમાકુવાળાએ આ ગુજરાતીના પુસ્તકના સંપાદન કાર્યમાં જે ધીરજ અને ચીવટ દાખવીને પુસ્તકને યથાયોગ્યપણે પ્રકાશન થવામાં સહાયરૂપ થયા છે, તે સહાય અમૂલી નીવડી છે.

જે જે સંસ્થાઓએ અને વ્યક્તિઓએ આ પુસ્તકમાં જાહેરખબરો આપીને પ્રકાશન ખર્ચને પહોંચી વળવામાં અને તેમાંથી જે કંઈ બચત થાય તે લોકકલ્યાણપ્રદ શુભ પ્રવૃત્તિઓના સહાયાર્થે સક્રિય સાથ અને સહકાર સંપડાવ્યો છે, તે માટે તેઓ સર્વનો સહર્ષ આભાર માનીએ છીએ.

શ્રી ડાહ્યાભાઈ મોદી (અરુણ પ્રિન્ટિંગ પ્રેસના સંચાલક) એ હર વખતની જેમ ધીરજપૂર્વક તથા પોતાનું ઘરનું કામ સમજીને છાપકામમાં અંગત રસ દાખવીને અમોને જે સુવિધા કરી આપી છે, તે તેઓની અમોને અનોખી સહાય છે, જેનો કૃતજ્ઞતાપૂર્વક અમે સ્વીકાર કરીએ છીએ.

મેસર્સ R. R. Sheth & Co. (પ્રકાશક-બુકસેલર્સ, અમદાવાદ-મુંબઈ)ના શ્રી ભગતભાઈએ છપાઈ રહેલી 'જીવન-ગીતા' સિવાયનાં આ પુસ્તકના ને તે પછી છપાનારાં અમારાં બધાં પુસ્તકોના પ્રકાશનોના મુખ્ય વિક્રેતા બનવાનું સ્વીકારીને પુસ્તકોના વેચાણની રકમ વેળાસર અમોને પ્રાપ્ત થઈ શકે, તેવી જે સગવડ પ્રેમભાવે કરી આપી છે, તેવા તેમના ભાવનો બદલો અમે તો શું આપી શકવાના હતા ? પણ પ્રભુ તેનો તેમને બદલો આપો તેવી અમારી ભાવના છે. રૂ. ૧૦૧/- ચિરંજીવી કુમારી શેફાલી કિરીટભાઈ ભટ્ટે આ પુસ્તકના ખર્ચમાં ભેટ આપીને અમોને ઉપકૃત કર્યા છે.

ગુજરાતી સાહિત્યના કવિઓ, વિદ્વાનો, પ્રાધ્યાપકો પણ આ 'जिज्ञासा' વાંચે ને વિચારે એવી પ્રાર્થના છે.

હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર, **-મોટા**
જહાંગીરપુરા, સુરત
તા. ૯-૩-૧૯૭૧

❑

## ૯. જીવન રસાયણ

આ ચોપડી **'જીવન રસાયણ'**માં મારા શરીરના ભાઈ સોમાભાઈ ભાવસારે તેના ૧૨ ખંડ પાડેલા છે. તે બારે ખંડનાં નામ અનુક્રમણિકામાં છે.

**આ** બધી ગઝલો આઠનવ દિવસમાં જ લખાઈ છે અને શ્રીપ્રભુકૃપાથી **આ** શરીરનાં હઠીલાં દર્દોની વેદનાને જે આહ્લાદ આનંદજનક રાહત મેળવાઈ છે, તે વળી એક ઑર પ્રેરણાત્મક અનુભવ છે. અને દિવસે દિવસે ઉત્તરોત્તર **આ** શરીરના બધા રોગોનાં દર્દ વધારે ને વધારે વેદનાવાળાં અને પીડાકારક થતાં જાય છે, ત્યારે આવાં ભજનો આપમેળે લખાયા જવાથી જે પ્રકારની ઉષ્માપ્રેરક અને જીવન જીવવાનો લહાવો પ્રેરનારી જ્ઞાનભક્તિપૂર્વકની ચેતનાત્મક જે ભાવના જીવનમાં વ્યક્ત થતી અનુભવાય છે, તે પણ જીવનનો કોઈક અલભ્ય, અગમ્ય અને અવર્ણનીય એવો શ્રીભગવાનની કૃપાપ્રસાદીનો પ્રસંગ છે.

શ્રીભગવાન પરત્વેની જીવનવિકાસની ગતિ પ્રગટાવવામાં લોકોએ સર્વશ્રેષ્ઠ સહજમાં સહજ, તદ્દન સ્વાભાવિક અને સરળમાં સરળ જો કોઈ સાધન હોય, તો તે શ્રીભગવાનની સ્મરણભક્તિ છે. એવા શ્રીભગવાનના નામસ્મરણથી **આ જીવ**ની **શ્રીહરિ** પરત્વેની અંતર્મુખતા અને અભિમુખતા જીવતીજાગતી કેવી કેવી બઢ્યા કરેલી છે, તેનો મને પ્રત્યક્ષ અનુભવ છે. હાલના કાળમાં કેટલાક પ્રતિષ્ઠિત એવા મૌલિક વિચારકો આવા સ્મરણને કંઈક થોડેઘણે અંશે એને અવગણતા હોય એવું કંઈક લાગ્યું છે. વળી, કોઈક તો એને L.S.D.ની સાથે પણ સરખાવી દે છે. શ્રીભગવાનનું નામ લઈ લઈને

સંતભક્તો આપણા દેશમાં થઈ ગયા છે અને સંસાર તરી ગયા છે. એવા ભક્ત પ્રત્યેક દેશમાં થયેલા છે અને એવાં નામો કાલ્પનિક પણ નથી. ઈતિહાસમાં એવા ભક્તો પ્રભુભક્તિથી રંગાયેલા અને પ્રતિષ્ઠિત થયેલા છે. શ્રીભગવાનના નામસ્મરણની ભક્તિમાં જેમણે જેમણે ઊંડામાં ઊંડું અવગાહન કરેલું છે અને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક સર્વસ્વ રીતે અને સર્વ ભાવે જીવનને સમર્પણ કરી દઈને **શ્રીહરિ**ભક્તિમાં પ્રયોગાત્મક રીતે એકધારા સતત અનુભવ-મગ્ન થયેલા છે, તેઓને દિલ સ્મરણ એ એક સાંસારિક મોહ કલિલવાળી ભૂમિકામાંથી જીવનને ઊંચે તારવનારું એક મોટામાં મોટું અમોઘ સાધન છે.

**આ** શરીરને ફેફરાનો રોગ થયેલો. તે રોગને મટાડવાને કારણે કોઈ એક સાધુમહાત્માએ, શ્રીનર્મદામૈયાના મોખડીના ઘાટની ઉપરવાસ આવેલા શ્રીરણછોડજી મંદિરના પ્રાંગણમાં તે રોગને મટાડવાને માટે મને **'હરિઃૐ'** જપવાનું કહેલું. ત્યારે નામસ્મરણ ઉપર શ્રદ્ધા કે વિશ્વાસ મુદ્દલે ન હતાં. મહાત્મા ગાંધીને આ અંગે મેં એક કાગળ પણ લખ્યો હતો. તેઓશ્રીએ તો જણાવ્યું કે શ્રીભગવાનના નામસ્મરણથી પ્રત્યેક રોગ મટી શકે છે. મહાત્મા ગાંધીજીની ઉપર **આ જીવ**નો અનંત ચેતનાત્મક વિશ્વાસ. એટલે આમ શરીરના ફેફરાના રોગને મટાડવાની ગરજે નામસ્મરણને ગ્રહણ કરવાનું બનેલું હતું.

તે રોગ મટ્યો પણ ખરો. તે પછી નામસ્મરણ લેતાં લેતાં જીવનમાં જે પ્રકારનો ઉત્સાહ, ઉમંગ, ખંત, ઉદ્યમ વગેરે વગેરે શ્રીપ્રભુકૃપાથી મને વર્તાવા લાગ્યાં અને તે જ કારણથી નામસ્મરણ વધુ ને વધુ લેવાયા કરાયું. અને પછીથી તો એ

નામસ્મરણ લેવાતાં લેવાતાં જીવનના ધ્યેયની આછીપાતળી રૂપરેખા **શ્રીહરિ**કૃપાથી **આ જીવ**ના હૃદયમાં પ્રગટવા માંડી. તે સમજણે જીવનના ધ્યેયમાં નિશ્ચિત મંડાણ થયું. જીવનના હેતુનો પણ સભાનતાપૂર્વક ઊંડો ઊંડો પ્રેરણાત્મક ખ્યાલ જાગ્યો. પછી તો **શ્રીહરિ**સ્મરણમાં ધ્યેયનું અને હેતુનું શરૂશરૂમાં આછુંપાતળું ધ્યાન રહ્યા કરવાને હૃદયમંથન ચાલ્યા કરતું. જેમ જેમ જીવનનું ધ્યેય અને તે પરત્વેના હેતુનું જ્ઞાનભાન વધારે ને વધારે સ્પષ્ટ, ચોક્કસ, દિલમાં દિલથી અંકિત થતું ગયું, તેમ તેમ તે નામસ્મરણમાં કંઈક ઑર રંગ જામવા લાગ્યો. હૃદયમાં કંઈક ભાવ પણ પ્રગટવા લાગ્યો. અને એ ભાવ પ્રગટતાં પ્રગટતાં પ્રત્યેક સ્ફુરતાં વિચાર, વૃત્તિ અને વલણમાં અને દૃષ્ટિમાં અને થતાં જતાં કર્મમાં પણ શરૂશરૂમાં આછીપાતળી તટસ્થતા કેળવાવા લાગી. આજે પણ મને તે તે ભૂમિકાનું સ્પષ્ટ અનુભવદર્શન છે. જેમ જેમ સ્મરણમાં હૃદયની ભક્તિ ગાઢ થતી ગઈ, તેમ તેમ એકાગ્રતા પ્રગટવા માંડી અને એવી એકાગ્રતા ઉત્તરોત્તર ગાઢ થતાં થતાં તે મનાદિકરણમાં પણ પ્રગટવા માંડી. ભૂમિકાની એવી દશા થતાં જે એક પ્રકારની સક્રિય, ગતિશીલ અને જેમાં ને તેમાં પ્રવેશીને તેના મૌલિક હાર્દમાં પ્રગટવાની કળા અને તેમ છતાં-તેવું તેવું બધું થતું રહેતું હોવા છતાં-તે સાથે, નોખા રહેવાથી, એક પ્રકારની દશાની સહજ ગતિશીલતા જીવનમાં પ્રગટતી અનુભવવા મંડાઈ અને આવી ભૂમિકા પણ આગળ જતાં **શ્રીહરિ**કૃપાથી વિકસતી ગઈ. આમ જોતાં સ્મરણમાંથી તટસ્થતા, વિવેક જાગીને વલણ, વૃત્તિ આદિનું જીવનવિકાસની દૃષ્ટિએ કેવું ઝીણામાં ઝીણું

પૃથક્કરણ થતું રહે છે, તેનો **આ જીવ**ને પ્રત્યક્ષ જીવતોજાગતો અનુભવ છે.

સ્મરણમાં ભક્તિનો ભાવ પ્રગટતાં તેમાં એક પ્રકારનો ચેતનાત્મક નશો જરૂર છે. કોઈ સ્થૂળ પ્રકારનો નશો તેને ઉત્તેજિત કદાચ કરે ખરો અને બુદ્ધિમાં પણ ચમકારો લાવે, તેમ છતાં મનાદિકરણમાં સ્થૂળ નશાથી પ્રગટેલા એવા ચમકારા જીવનની ઊર્ધ્વમાં ઊર્ધ્વ ભૂમિકામાં જીવનની પ્રાકૃતિક ભૂમિકાથી મુક્ત એવા કોઈ અગોચર, અગમ્ય, અવર્ણનીય, દિવ્ય દેશમાં, અનુભવગમ્ય એવી ઉત્તરોત્તર ઊર્ધ્વગમ ભૂમિકામાં લઈ જવા માટે મુદ્દલે કામિયાબ નથી, તે નિશ્ચિત હકીકત છે. **શ્રીહરિ**કૃપાથી **આ જીવે** એવા નામસ્મરણનો **આ** જીવનમાં પ્રયોગ કરેલો છે અને એ અનુભવાત્મક પ્રયોગના ફળરૂપે આ **'જીવન રસાયણ'**માં તથા એવી પ્રકાશન પામેલી બીજી ચોપડીઓમાં **'સ્મરણ'** ઉપર **શ્રીહરિ**કૃપાથી મેં મસ્તીથી લખ્યું છે. સ્મરણને મેં હૃદયના ઉલ્લાસ, આહ્‌લાદ અને મસ્તીભર્યા ઉત્સાહથી વિધવિધ રીતે દોહરાવ્યું છે અને લહેરાવ્યું છે. તે સ્મરણ ઉપરનાં લખાયેલાં ભજનોમાં શ્રીપ્રભુકૃપાથી વ્યક્ત થયેલું છે.

સ્મરણની પણ જુદી જુદી ભૂમિકાઓ છે અને તેનાં જુદાં જુદાં પાસાં પણ છે. તે બધાંનું સ્પષ્ટ વર્ણન અને હકીકત તે તે ભજનોમાં મેં ઉમળકાથી ગાઈ છે. આ ભજનો માત્ર લહેકા નથી, પરંતુ મારી હૃદયની સમજણથી જીવનવિકાસના પંથના અનુભવના પ્રત્યક્ષ રણકાર છે.

મારા શ્રીસદ્‌ગુરુ મહારાજનો મને હુકમ છે કે જીવનના કોઈ અનુભવ પ્રદેશની હકીકતની કશી પણ અતિશયોક્તિભરી

હકીકત ભૂલેચૂકે પણ વ્યક્ત થવા દેવી નહિ. જે તે બધું એની સમતોલ દશામાં હોય એ જ યોગ્ય, બાકીનું બધું જ અયોગ્ય. હાલના મારા જીવનમાં પણ મારા શ્રીસદ્‌ગુરુ મહારાજનો એવો જીવતોજાગતો અને પ્રત્યક્ષ અનુભવમાં વર્તાતો દંડ મારી સામે જ રહ્યા કરે છે, તે એક એમની મારા ઉપરની મહેરબાનીનું સૂચક લક્ષણ છે. જરા પણ આડુંઅવળું થવાતાં અને જીવદશાની ભૂમિકામાં પણ કોઈક વાર બહેકાઈ જવાનું બનતાં, તે દંડનું મને અનુભવદર્શન શ્રીસદ્‌ગુરુ મહારાજની કૃપાથી બનેલું છે અને આજે પણ એ દર્શન છે. તેથી, જીવનનું સમતોલપણું યથાયોગ્ય રીતનું, જ્ઞાનભક્તિપૂર્વકનું એની કૃપાથી જીવંત રહ્યા કરે છે. એટલે આ જે તે બધું લખાયું છે, તે તે બધું તે તે પ્રદેશની તેવી તેવી ભૂમિકાનું યથાયોગ્ય, વાસ્તવિક, સહજ દર્શન છે.

સ્મરણ એ તો જીવનને અનુભવના ઊર્ધ્વ પ્રદેશમાં લઈ જનારું સાધન છે, જ્યારે સ્થૂળ નશો પ્રગટ કરનારી વસ્તુ એ ભલે નશો તો ચડાવે કે પ્રેરાવે અને નશાના સમયે તેનાથી કરીને ઉત્તેજના પણ પ્રગટાવી શકે છે, પરંતુ તે બધું પત્યા પછી તો તેવો જીવ નર્યો તામસમાં જ પડે, તે પણ નિર્વિવાદ હકીકત છે. જ્યારે સ્મરણમાં તેવું નથી.

જીવનમાં સ્મરણની અખંડાકાર ભાવના પ્રવર્તતાં **જીવ**ની દશા કેવી કેવી થાય છે, તે હકીકત પણ કોઈક કોઈક ભજનમાં વ્યક્ત થયેલી છે.

સ્મરણની ભાવના બઢતાં બઢતાં અને તે સ્મરણમાં જીવંત ભાવ પ્રગટતાં, જીવનના તેવા પ્રયોગવીરને ચરણરજનીયે રજ

થયા વિના તે જીવનવિકાસના માર્ગમાં આગળ પ્રગટી શકતો નથી, તેવું તેને પ્રત્યક્ષ દિલમાં દિલથી સમજાય છે. અને ત્યારે એને છેક નમ્રમાં નમ્ર થવાની ગરજપૂર્વકની સભાનતા જાગે છે. એવી ખરેખરી ઉત્કટ ગરજની સભાનતા જીવનવિકાસના શ્રેયાર્થીને નમ્રમાં નમ્ર થવાની એના હૃદયમાં તાલાવેલી જગાડે છે. ચેતનાત્મક તત્પરતા પ્રગટાવે છે અને તેવું નમ્રમાં નમ્ર થવાને માટે તેના દિલની જે નર્તતી અને ચેતનાત્મક સભાનતા જે જ્ઞાનભક્તિપૂર્વક એનામાં જીવંતપણે પ્રગટેલી છે, તે એના જીવનમાં ચરણરજનીયે રજ થવાની જ્વાળામુખીના જેવી એના દિલમાં તે પ્રચંડ જિજ્ઞાસા પ્રગટાવે છે. અને એ ચરણરજનીયે રજ જ્યારે થાય છે, ત્યારે એના જીવનમાં જે કોઈ દિવ્ય, રમ્ય અને ભવ્ય જે એક બલિહારી પ્રગટે છે, તેવી વ્યક્ત થયેલી તેના જીવનમાંની બલિહારી અને તેવા જીવનના ઊર્ધ્વ પ્રદેશના અનુભવમાંથી પ્રગટેલી જે સૌરભ તે એનાથી વ્યક્ત થયા વિના રહી શકતી નથી. તે ભાવે જ 'ચરણરજ'ની પ્રસાદીનો' તે ખંડમાં મેં જે ભજનો લલકાર્યાં છે, તેમાં આ ચરણરજ વિશેની હકીકત આપોઆપ આલેખાઈ છે. જીવનવિકાસના શ્રેયાર્થીને નમ્રમાં નમ્ર, છેલ્લામાં છેલ્લી હદનું કે જે તે બધું અક્કલ હોશિયારીનું અનેક જાતનું ઘણું બધું કર્મ કર્યાં કરતો હોય, તેમ છતાં તે સાવ ભોટ જેવો લાગે અને તેવું તેને ઉપનામ મળે તેવું પ્રત્યક્ષપણે તેને નમ્રતાની છેલ્લે સુધીની હદ જેવી કક્ષામાં અનુભવમાં પ્રત્યક્ષપણે જીવતુંજાગતું તેના જીવનમાં ખડું થયેલું હોવું જોઈએ. 'અહમ્'ને મોળું પાડવાનો આ એકમાં એક જ ઉત્તમમાં ઉત્તમ રચનાત્મક માર્ગ છે. 'અહમ્'ને **શ્રીહરિ**કૃપાથી

આ રીતે જ મોળું પાડવાનું બની શક્યું છે. આવી રીતે જ્યારે જ્ઞાનભક્તિપૂર્વકની છેલ્લામાં છેલ્લી નમ્રતા કેળવાઈ ગયેલી હોય છે-એટલે કે તે ભૂમિકામાં 'અહમ્' સાવ છેક મોળું પડી ગયેલું હોય છે-ત્યારે જ જીવનવિકાસના ઊર્ધ્વ પ્રદેશની ભૂમિકામાં પ્રવેશવાની આપણને નરી સરળતા પ્રાપ્ત થતી હોય છે. નમ્રતાની ઉત્તમમાં ઉત્તમ કક્ષાની છેલ્લી કક્ષાની કેળવણી પ્રાપ્ત થતી જતી હોય છે, ત્યારે જ તે તે વિષયના હાર્દમાં સહજમાં સહજ રીતે પ્રવેશ થયા જવાની ભૂમિકા જીવનમાં સાંપડે છે. એવી ભૂમિકા પ્રવેશની લાયકાતવાળી, યોગ્યતાવાળી નમ્રતા અગમ્ય અને અગોચર એવા દિવ્ય અનુભવ પ્રદેશમાં આપણો પ્રવેશ કરાવે છે.

'અહમ્'ના પણ અનેક પ્રકાર છે. ઊર્ધ્વ ભૂમિકામાં પણ 'અહમ્' તો જરૂર છે. છેક છેલ્લામાં છેલ્લી ઊર્ધ્વ પ્રદેશની ભૂમિકામાં જે 'અહમ્'નો પ્રકાર છે, તે પ્રકાર તો દિવ્ય ચેતનાશક્તિનો રણકાર છે અને તેનો તણખો છે. એવા પ્રદેશનો અનુભવી કોઈ અનુભવની લહેરમાં અને લહેરમાં, ભાવના વહેણમાં અને જુસ્સામાં બીજા જીવોને લાગતું એવું 'અહમ્'નું ઉચ્ચારણ કરે છે ખરો, પરંતુ તેમાં જીવદશાના અહમ્નો કોઈ પ્રકાર નથી. તે તો માત્ર ઊર્ધ્વકક્ષામાં પ્રવર્તેલા અનુભવમાંથી પ્રગટેલા ભાવનું માત્ર વ્યક્ત કરણ છે. એવું પણ કોક કોક ભજનમાં **આ જીવ**થી લખાયું છે ખરું.

**'હુકમ'** વિશે મેં ઘણું લખેલું છે. આજના આવા સ્વચ્છંદી અને પ્રપંચી કાળમાં ભણેલાંગણેલાં કહેવાતા સુધરેલા વર્ગને આ હુકમનું તત્ત્વજ્ઞાન ગળે ઊતરવું મુશ્કેલ છે, પરંતુ જેને

ગરજ લાગેલી હોય છે અને જેના તરફથી આપણી ગરજ સફળ થનાર છે, એવું જે જીવને અંતરમાં અંતરથી જીવતુંજાગતું હૃદયમાં હૃદયથી લાગી ગયું હોય છે, તેનું કહ્યું માનવાને આપણે પૂરેપૂરાં તત્પર થઈ જતાં હોઈએ છીએ, તે તો ઘણાખરાના અનુભવની હકીકત છે. તેવી રીતે હુકમની પણ જુદી જુદી ભૂમિકાઓ છે. તે સ્થૂળ છે, સૂક્ષ્મ છે અને કારણ સ્વરૂપે પણ છે. ઉચ્ચતમ ભૂમિકાઓમાં પ્રેરણાના સ્વરૂપમાં પણ 'હુકમ' પ્રગટતો હોય છે. એ 'હુકમ'નાં પણ જુદાં જુદાં પાસાંઓને અને તેની જુદી જુદી ભૂમિકાઓનાં રહસ્યોને અને હુકમને કેવા ભાવથી અને જીવનના ધ્યેયની, હેતુની જ્ઞાનભક્તિપૂર્વકની સભાનતાથી મેં ઉઠાવેલા છે, અને જીવનની ઊર્ધ્વતમ ભૂમિકાઓમાં મુદ્દલે સંકલ્પ વિકલ્પ વિના પ્રેમભક્તિપૂર્વકના હુકમનું પાલન કરેલું છે અને હુકમના પ્રેમભક્તિપૂર્વકના પાલનથી અને હેતુના જ્ઞાનભક્તિપૂર્વકપણે પાલન કરવામાં આવે છે, ત્યારે જીવનની અનેક પ્રકારની મર્યાદાઓને ઓળંગી દેવાને માટે 'હુકમ' એ સમર્થમાં સમર્થ સાધન છે. શ્રીપ્રભુકૃપાથી **આ જીવે** તેવું તારવેલું છે અને 'હુકમ'ને જુદી જુદી ચોપડીઓમાં મારા હૃદયના સચોટ ભાવથી **એને** મેં ગાયો છે.

'ખીલેલાં પુષ્પની વ્યક્ત થતી સુવાસ ખુમારી તે જેમ કરોડાધિપતિને લક્ષ્મીનો એક પ્રકારનો મદ હોય છે, બલકે જન્મે છે, અને તે તેના વર્તનમાં કોઈક વાર પ્રત્યક્ષ દેખા દે છે, તેવી જ રીતે અનુભવના પ્રદેશમાં સંપૂર્ણપણે ખીલેલા એવા અનુભવાર્થીને જે અનુભવ થાય છે, તેની પણ કોઈ અલૌકિક ન્યારી ન્યારી, અનેરી ભવ્ય ખુમારી હોય છે. અને તે ખુમારીનો

મદ પણ કોઈ અનોખા પ્રકારનો છે. અનુભવના એવા મસ્ત ઉછાળામાં કોઈક કોઈક વાર અનુભવીના દિલમાં તેવી ખુમારીનો નશો જરૂર પ્રગટે છે. અને તે ખુમારીનો નશો તેનાં નયન ઉપર, તેના મુખ ઉપર, તેના હાવભાવમાં અને તેના વર્તનમાં પણ અને તેની બોલીમાં પણ પ્રત્યક્ષ વર્તાયા વિના રહી શકતો નથી. એવી ખુમારી વિશે પણ **શ્રીહરિ**કૃપાથી ગાવાનું બન્યું છે. એવા અનુભવ જીવનની ખુમારી એ તો ખીલેલાં પુષ્પમાંથી વ્યક્ત થતી સુવાસના જેવી છે. તેવી ખુમારી વિશે બે ત્રણ ચોપડીઓમાં લખાયેલું છે, અને આ **'જીવન રસાયણ'**માં પણ ૧૭-૧૮ ભજનો છે. એ ખુમારી કેવી હોય, તેનાં લક્ષણ, તેની સમજણ તથા તેની ઝલક અને ખુમારી વિશેની વ્યાખ્યા પણ તે તે પ્રકારનાં ભજનોમાં **શ્રીહરિ**કૃપાથી સમજાવવાનું બની શક્યું છે.'

**આ જીવે શ્રીહરિ**કૃપાથી ગરીબી અનુભવેલી છે. ગરીબાઈનાં ત્રાસ, હેરાનગતિ, અન્યાય, અપમાન વગેરે પ્રત્યક્ષપણે અનુભવ્યાં છે. તેથી, ગરીબાઈથી ઊંચે પ્રગટવાનો અથવા તો જીવનમાં એવી પરિસ્થિતિ પ્રાપ્ત કરવી કે ત્યારે બધાં આપણને નમે, કોઈની અન્યાય કરવાની હિંમત જ ન ચાલે, એવી સ્થિતિ મેળવવાનો દૃઢ નિરધાર **શ્રીહરિ**કૃપાથી થયો હતો. તેવા જીવનની ગરીબાઈની હકીકતો અને તેમાંથી ઊંચે ચઢવાનો ઈરાદો તે વિશે પણ ગરીબી વિશેનાં ભજનોમાં જરૂર લખાયું છે.

જીવનના સાધનાકાળમાં શ્રેયાર્થીએ જે તે બધાં કર્મ પ્રભુપ્રીત્યર્થે કર્યે જવાનાં હોય છે અને અનુભવની દશામાં

**શ્રીહરિ**ને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક સંતોષ પ્રેરવવા કાજે તેનાં સકળ કર્મ એ એક યજ્ઞની પરંપરા જેવાં છે. ભક્તનાં સકળ કર્મ એક યજ્ઞ છે. યજ્ઞની પ્રત્યેક ભૂમિકામાં યજ્ઞના હેતુની ભાવનાની ધારણા-જ્ઞાનભક્તિપૂર્વકની સભાનતા-શ્રેયાર્થીને ત્યારે ત્યારે એનામાં જીવતીજાગતી જ્વલંતપણે પ્રગટેલી રહ્યા કરેલી હોવી જ જોઈશે. જીવનવિકાસ શ્રેયાર્થીને જીવનના ઊર્ધ્વ પ્રદેશમાં ચઢવાને કાજે પણ જે કર્મ છે, તે કર્મ પણ શહાદતનો, સમર્પણનો અને ફનાગીરીનો પ્રેમભક્તિપૂર્વકનો એક પ્રકારનો તે જ્વલંત યજ્ઞ જ છે. આમ, યજ્ઞની પરંપરા તો આદિ અનાદિથી જીવંત ચાલી આવ્યા કરેલી છે. એવો ચેતનનો યજ્ઞ અસ્ખલિત અને અખંડિત છે. તેથી, અનુભવીનાં સકળ કર્મ પણ ઉપર લખ્યા પ્રમાણેના યજ્ઞનાં જ કર્મ છે. ચેતનનું પણ જેમ વ્યક્ત થવાપણું સહજપણે સાકાર થતું રહે છે, તેમ અનુભવીનું પણ હોવું જ ઘટે. અનુભવીના વ્યક્ત થવાના પ્રકાર ભલે જુદા જુદા હોય. અનુભવીને હૃદયમાં જે ચેતનનો રણકાર પ્રગટ્યો છે, તેવો રણકાર તેના હૃદયમાંથી કોઈ ને કોઈ પ્રકારે વ્યક્ત થયા વિના રહી શકતો નથી. અને તેવું વ્યક્ત થવું તે તેના જીવનનો એક દિવ્ય યજ્ઞ જ છે. આના ઉપર પણ **શ્રીહરિ**કૃપાથી મારાથી ભજનો લખાયાં છે. અને તે રીતે વાચકો સ્વીકારે તેવી મારી વિનંતી છે.

જીવનમાં સર્વ કોઈને કંઈક ને કંઈક શીખવું પડે છે. શીખવાને માટે કોઈકની મદદની જરૂર તો રહે છે જ. એ તો અનુભવની હકીકત છે. સ્થૂળ વિદ્યા પણ શીખવાને માટે કોઈ સ્થૂળ શિક્ષકની જરૂર પડે છે, તો આધ્યાત્મિક વિજ્ઞાનની જે

એક વિદ્યા છે અને તે વિદ્યા તો સૂક્ષ્મ અને દિવ્ય પ્રદેશની છે, તે ભણવાને માટે તેવા પ્રકારના કોઈ શ્રીસદ્‌ગુરુની જરૂર ખરી જ.  એવા શ્રીસદ્‌ગુરુ પાસેથી શીખી લેવાની જે **જીવ**ને હૃદયમાં ઉત્કટમાં ઉત્કટ, પ્રજ્વળતી એવી ગરજ જાગેલી હોય છે અને એવી ગરજ કંઈ વર્તાયા વિના ન રહે, તેવો જ માનવી પેલા શ્રીસદ્‌ગુરુને વળગી શકે. બાકીનાંનું કશું ગજું નથી. અને એવા લોક ભલે શ્રીસદ્‌ગુરુ કરે, પરંતુ ગરજ પૂરેપૂરી પાકેલી ન હોય, તો એવા શ્રીસદ્‌ગુરુમાં તે દિલ પ્રવેશી શકતું નથી. શ્રીસદ્‌ગુરુ તેના દિલમાં પણ હોતા નથી. તેની સભાનતા પણ જીવંતપણે તેને પ્રગટેલી રહેતી નથી. તેના થતા જતા પ્રત્યેક કર્મમાં શ્રીસદ્‌ગુરુ હાજરાહજૂર હોઈ શકતા નથી. કર્મમાં જે પ્રકારની પ્રજ્વલંતી, ચેતેલી, જાગૃત ઉત્કટ ધારણા પ્રગટેલી હોય છે, તે પ્રકારનું પરિણામ છે, એટલે જ મેં ગાયું છે કે :-

જીવનપ્રવૃત્તિથી અંતર વણી દઈને જે ‘મોટાને’,
તમે શો કેટલો ઊંડો હૃદય જીવંત રાખ્યો છે ?

એ તો મેં આપણે જે મેળવવું છે, તેને જો તે રીતે જીવનમાં પ્રત્યક્ષ, જીવનના અનુભવક્ષેત્રમાં પ્રગટ કરાવવાની ધારણા હોય, તો તે તે કર્મમાં આપણે જેને પ્રેમભક્તિપૂર્વક શ્રીસદ્‌ગુરુ સ્વીકારેલાં છે, તેને તે રીતે કર્મ કરતી પળે જ પ્રેમભક્તિપૂર્વક આપણે ધારણ કરવાની રહે છે. પ્રત્યેક થતા જતા કર્મમાં એવી જીવંત ધારણા પ્રગટી શકેલી નહિ હોય, અને શ્રીસદ્‌ગુરુને પ્રેમભક્તિપૂર્વક તેવી ગરજના ભાન સાથેનો હૃદયથી ભાવ નીતરતો કાકલૂદીભર્યો સાદ-પોકાર હૃદયમાં હૃદયથી જો પડાયો હોય, તો તેવી યાદને તેવો પોકાર તે પણ શ્રેયાર્થીના દિલમાં એક મોટો ઉઠાવ જન્માવી શકે છે.

આ **'જીવન રસાયણ'**માં શ્રીસદ્‌ગુરુનાં ભજન મેં પ્રેમથી લલકારેલા છે. એમાં શ્રીસદ્‌ગુરુ પરત્વે મેં જે ભાવથી, જીવનવિકાસની જે સમજણથી, જીવનવિકાસના ધ્યેયના હેતુની સભાનતાથી જે ભજનો ગાયા છે, તે મારા ખરેખરા દિલના ઉદ્‌ગાર છે, તેમાં તે તે ભૂમિકાના રણકાર પણ છે. વળી, શ્રીસદ્‌ગુરુને હું જે રીતે સમજ્યો છું, જીવનમાં જે રીતે મેં ઓતપ્રોત થઈને, એકાકાર થઈને, જ્ઞાનપૂર્વક ભક્તિથી શ્રીસદ્‌ગુરુમાં મળી, હળી, ભળી અને ભક્તિથી ગળી જઈને જે એનામાં, હૃદયમાં હૃદયથી એકતા અનુભવવાનું બન્યું છે, તેવું બને ત્યારે જ તે સમયની ભૂમિકામાં સ્વીકારાત્મક (Pliable) મુલાયમતા પ્રગટી શકે છે. એવી સ્વીકારાત્મક મુલાયમતા જીવનમાં પ્રગટ્યા સિવાય શ્રેયાર્થીનો વિકાસ શક્ય નથી. એવી મુલાયમતા એટલે સંપૂર્ણ અનાસક્તિ. સર્વ પ્રકારના નિરાગ્રહ, બધા પ્રકારની સમજણ અને ટેવોથી મુક્ત, એવી ભૂમિકા થયેલી હોય, તો જ એવી સ્વીકારાત્મક ભૂમિકા પ્રગટી શકે. અને શ્રીસદ્‌ગુરુ પરત્વેની હૃદયની એવી સમજણ અને દિલની એવી ભાવના એવી મુલાયમતા ઘડાવાને માટે મેં શ્રીસદ્‌ગુરુના 'હુકમ' ઊછળતી, ધગધગતી ભાવની મસ્તીથી જ્ઞાનપૂર્વક પાળ્યા છે, તે હુકમને હું કેવી રીતે સમજ્યો છું અને શી રીતે પાળ્યા છે, તે બધું તે 'હુકમ'નાં ભજનમાં મેં દોહરાવ્યું છે અને લહેરાવ્યું પણ છે. ખરેખરી જાગેલી ગરજ અને જેમાં આપણો નર્યામાં નર્યો અને ઘણામાં ઘણો સ્વાર્થ હોય છે અને જેનાથી કરીને તે સધાવાનો હોય છે, તેનું બધું કહેવું આપણે તુરત સ્વીકારી લઈએ છીએ. આ ઉપરની હકીકત આપણી

બુદ્ધિ સ્વીકારી શકે તેવી છે. એમાં અતિશયોક્તિ મુદ્દલે નથી. અને તેથી જ મેં 'હુકમ' વિશે આ **'જીવન રસાયણ'**માં ગાયેલું છે અને બીજી પ્રકાશિત થયેલી ચોપડીઓમાં પણ ગાયું છે. તે 'હુકમ'ને હું જે રીતે સમજ્યો છું, જે ભાવનાથી અને હેતુની સભાનતાથી ભાવની મસ્તીથી જે પાલન કરેલું છે, હુકમના પાલનમાં મારા હૃદયનો ભાવ ઊછળતો ધોધના જેવો રહેતો તે પણ મેં ગાયું છે. વિકાસને પંથે જવા માગતા હાલના જમાનાના શ્રેયાર્થીઓને કદાચ તે નહિ સમજાય, ગળે પણ નહિ ઊતરે, તેમ છતાં મારા જીવનને ઉત્તમમાં ઉત્તમ ઊર્ધ્વકક્ષાનો અનુભવ થવા માટે 'હુકમ'ને જે રીતે સમજ્યો છું અને પામ્યો છું, તે બધું મેં વિના સંકોચે લખ્યું છે. તે રીતે મને કેટલાક old Tradition-જૂની પ્રણાલિકાનો -હું ઉપાસક છું એમ સમજે છે, પરંતુ જીવનઉપાસનાની બાબતમાં old (જૂનું) કે new (નવું) એવું કશું નથી. જે તે બધું ભાવનાની યથાયોગ્યતા ઉપર અને જીવનધ્યેયના હેતુની જીવંત ઉત્કટ સભાનતા ઉપર રહેલું છે અને એ સભાનતા એ જ જીવન છે. અને એવી સભાનતા **શ્રીહરિ**કૃપાથી રખાઈ છે. જે તે બધામાં વિકાસની યથાયોગ્ય ઉત્કટ સભાનતા ઉપર જ આધાર રહેલો છે અને એવી સભાનતા વિશે સાધકોને લખાયેલા મારા પત્રોમાં અનેક વાર લખાયું છે. તેવા લખાયેલા અનેક પત્રો પુસ્તક આકારે પ્રસિદ્ધ થયેલા છે. એટલે મારા માટે મેં આ નવું ગાયું છે એવું નથી. એ તો પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોમાં એ બધું વિદ્યમાન છે. શ્રીસદ્‌ગુરુ અને હુકમ એ પરસ્પર અવલંબિત જરૂર છે, પરંતુ શ્રીસદ્‌ગુરુની ચેતનાત્મક ભાવની સભાનતાપૂર્વકની ધારણા જે

તે બધામાં અત્યંત જરૂરની છે. પ્રભુપ્રીત્યર્થની ભાવના પણ એટલી જ જરૂરની છે, પરંતુ **શ્રીહરિ** તો નિરાકાર છે. તેનું કંઈક જરા જેટલું પ્રતિબિંબ પાડતું સ્વરૂપ તે આ અખિલ બ્રહ્માંડ છે, તે પણ તેનો એક નહિ જેવો અંશ માત્ર, પરંતુ ચેતનનું જેમ સૂરજનું એક કિરણ તે તેના લાખમાં ભાગ જેટલું ન હોઈ શકે, તેમ છતાં તે સૂરજનો ભાગ તો છે જ. સમુદ્રના કરોડો તરંગો, તેમ છતાં તેમાંનો એક તરંગ એ પણ સમુદ્રનો એક ભાગ જ છે, તેવી જ રીતે જીવનના અનુભવ પ્રદેશની ઉત્તરોત્તર એવી અનુભવ પ્રદેશની ઉચ્ચમાં ઉચ્ચ એવી અગોચર, અગમ્ય, અવર્ણનીય એવી ચેતનની દિવ્ય ભૂમિકાઓની અનુભવની સમજણ લઈને પ્રકાશિત થયેલો એવો શરીરધારી આત્મા તે શ્રીસદ્ગુરુ અને તેવો શ્રીસદ્ગુરુ તે ચેતનનો અંશ છે. અને એવા શ્રીસદ્ગુરુ **હરિ**ના સ્વરૂપને શરૂશરૂમાં તો મેં સાકાર સ્વરૂપે ભક્તિપૂર્વક ભજેલા છે. અને એવા શ્રીસદ્ગુરુ અને તેના હુકમને મેં બહુ જ ભાવની મસ્તીથી લલકાર્યો છે.

'અમે જીવન જીવ્યા કેવું જીવનમાં સાક્ષી તેના છે.'

કોક સાધુ હિમાલયની ગુફામાંથી આવી પોતાના જીવનની બધી હકીકત કહે તો તે માત્ર આપણે સાંભળી લેવાનું બને, પરંતુ તેની યથાયોગ્ય સાબિતીની હકીકત પણ આપણને મળી શકે નહિ, પરંતુ મારા જીવનનું તેવું નથી. સ્મરણ કર્યા કરતો હતો, પ્રાર્થના કરતો હતો,જ્યાં ત્યાં જતાંઆવતાં, હરતાંફરતાં, ખાતાંપીતાં અને સકળ કર્મ કરતાં કરતાં **આ જીવ** ભજન ગાયા કરતો હતો. અને તે જોનાર આજે પણ જીવતા છે. કર્મ કરતાં કરતાં કેટલીયે વાર ભાવાવસ્થા થઈ જતી તથા છેક સને

૧૯૨૪-'૨૫ની સાલમાં શ્રી ભાઈ સાહેબે (સ્વ. રમણલાલ વસંતલાલ દેસાઈએ) મને કેટલીય વાર ભજન ગાતાં ગાતાં ચરમ ભૂમિકાએ પહોંચેલો તદ્દન શૂન્ય અને સ્તબ્ધ થયેલી દશામાં બેઠેલો જોયેલો છે. અને તે હકીકત **'પ્રણામ પ્રલાપ'**ની ચોપડીની પ્રસ્તાવનામાં તેઓશ્રીએ લખેલી પણ છે. આશ્રમમાં બાળકોને ભણાવતો હોઉં, ત્યારે પણ તેવું થઈ ગયેલું કેટલાંકે તો જરૂર જોયેલું છે. ભયંકરમાં ભયંકર જગ્યાએ જઈને રાત્રે સૂઈ રહેવું એ તો જાણે મારો નિત્યનો ક્રમ. એટલે આ જે બધું મેં ગાયું છે, તે હકીકત મારા જીવનની સાચી ઘટના છે અને તેના સાક્ષી પણ છે.

'હૃદયનો ભાવ જીવનમાં સહુથી શ્રેષ્ઠ ઔષધ છે.'

આધ્યાત્મિક વિજ્ઞાનમય જીવનમાં સૌથી મહત્ત્વનું કશું હોય તો તે ભાવ છે. **શ્રીહરિ**કૃપાથી કોઈકના બેત્રણ વાર 'ભાવ એટલે શું', 'ભાવ એટલે શું' એમ પ્રેમપૂર્વકનું મને પૂછવાનું થતાં **'ભાવ'** ઉપર એક નાનકડી પુસ્તિકા પણ મેં છપાવી છે. જે વાચકને વાંચી જવા ભલામણ છે. જેથી 'ભાવ'ની વાસ્તવિકતાનો સાચો ખ્યાલ વાચકને પ્રગટી શકે. જેમ યોગ્ય અને શ્રેષ્ઠ ઉપયોગથી રોગ મટે, તેવી જ રીતે જીવદશા ટળવાનું ઉત્તમમાં ઉત્તમ અને જીવતું સાધન 'ભાવ' છે. 'ભાવ'ની નિરંતરતા અને ગાઢતા થતાં મનાદિકરણોનું સહજમેળે રૂપાંતર થાય છે અને જે કોઈ સાધનનો અભ્યાસ કરીએ તેમાં પણ જો 'દિલ' ન હોય તો 'ભાવ' તો જાગે જ ક્યાંથી ?

'**हरि**, **हरि**, બૂમ છો પાડે, ન દિલ તે બૂમ પાછળ છે'

એમ મેં આમાં ગાયું છે. 'દિલ' ની વાત સહુથી મોટી

છે. 'દિલ' વિનાનું બધું જ શુષ્ક. ખરેખરી ગરજ, સ્વાર્થ, જ્વાળામુખીની પેઠે ધગધગતી તમન્ના, તેના ઉત્કટ પ્રમાણમાં પ્રગટ્યા વિના, તેમાં 'દિલ' કદી પણ હોઈ શકતું નથી અને 'દિલ' હોય તો જ 'ભાવ' હોઈ શકે. જીવનવિકાસલક્ષી શ્રેયાર્થીના જીવનમાં તેથી 'ભાવ' મહત્ત્વનો છે અને વિકાસ થવામાં 'ભાવ' જ મુખ્યત્વે ભાગ ભજવે છે. 'ભાવ'ના પણ જુદા જુદા પ્રકાર છે, જુદી જુદી કક્ષાઓ છે, અને તેવું જ તેના વ્યક્ત થવાપણામાં પણ પ્રત્યેક ભૂમિકાનો 'ભાવ' પણ જુદો જુદો. 'ભાવ'ની નિરંતરતા હોવા છતાં તે દેખા દેતો નથી, પરંતુ ભાવનાં જ્યારે પૂર ઊછળે છે, ત્યારે તેમાં મસ્તી ચઢે છે અને એ 'ભાવ'માં મસ્તી પ્રગટે છે, ત્યારે તે 'ભાવ'નું વ્યક્ત લક્ષણ તો ખુમારી છે. એવા ભક્ત જીવનની ખુમારીને સંસારી લોક યોગ્ય રીતે નહિ સમજી શકે એવું મને લાગે છે. કેટલાય લોકોને મેં 'આ તો ભારે અભિમાની છે', એમ કહેતાં મેં જાતોજાત સાંભળેલા છે. જ્યાં ઊછળતા 'ભાવ'નો ધોધ છે. ત્યાં 'ખુમારી' છે જ. જ્યાં સૂર્ય ઊગે છે, ત્યાં પ્રકાશ છે જ. તેવું જ 'ભાવ'નું અને 'ખુમારી'નું લક્ષણ છે.

છેલ્લું છેલ્લું મેં 'સ્વજનોને સંબોધન' કરીને કેટલાંક ભજન ગાયેલાં છે અને તે પણ હકીકતરૂપે છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **- મોટા**

તા. ૨૨-૨-૧૯૭૨

❑

## ૧૦. જીવન તપ

'શરીરની કેવી મર્યાદા ઉપરવટ તો જવા મળિયાં
-દર્દ તો કીમિયો શો છે ! મળ્યાં કેવાં પ્રસાદીનાં ?'

વાચકને આ કડીની સાર્થકતા, એની યોગ્ય વાસ્તવિકતા, સમજાય એટલા ખાતર લખવું પડે છે જેવાં કે માથામાં ઝામર, આંખમાં ખીલ, ચામડીનું દર્દ, લોહીના દબાણની અનિયમિતતા (Fluctuating), દમ, આંખનું દર્દ, મૂત્રપિંડ (Prostrate gland), અનિદ્રા, ગળાનું દર્દ, હરસમસા, કરોડરજ્જુના ત્રણ મણકા વચ્ચેની બે ગાદી ખસી ગયેલી છે, અને જેને કારણે શરીરને સૂઈ રહેવું પડે અને તેનું દર્દ તો સતત ચાલુ જ રહ્યા કરે, આવાં બધાં દર્દો હોવા છતાં શ્રીપ્રભુકૃપાથી શ્રીપ્રભુપ્રીત્યર્થના કર્મયજ્ઞમાં પ્રેમભક્તિભાવે સતત હોમાયા જવાનું થયા કરે છે, એ એની કૃપાપ્રસાદી છે અને એટલાં દર્દો મળ્યાં છે, તેથી આવો અનુભવ મળી શક્યો છે.

પ્રત્યક્ષ પ્રવર્તતાં લક્ષણો વિના કંઈ જ કશું એની યોગ્ય રીતિનું, સ્થિતિનું યોગ્ય રીતે સ્વીકારાય જ નહિ, અને તેવાં લક્ષણો પણ આમાં બતાવવાનું શ્રીપ્રભુકૃપાથી બની શક્યું છે, કારણ કે જીવનવિકાસના સાધનાપથમાં ધપતાં ધપતાં, અથડાતાં કુટાતાં, જે અનુભવ શ્રીપ્રભુકૃપાથી થયો, અને તે કાળે તેમાં તેમાં જીવંત ચેતનાત્મક તટસ્થતાયુક્ત સભાનતા શ્રીપ્રભુકૃપાથી જાગેલી રહ્યા કરેલી હોવાથી, તેવું અનુભવથી સમજણમાં જીવંત પ્રગટેલું હોવાથી, આ **'જીવન તપ'**માં સહન કરવા વિશે શ્રીપ્રભુકૃપાથી લખાયેલું છે.

સાધનાપંથમાં વિકાસ થતાં થતાં, તેની કોઈક ભૂમિકામાં,

શ્રેયાર્થીને સૌથી પ્રથમ તટસ્થતાનો અનુભવ થતો હોય છે. તે તટસ્થતા જ્યારે તેના સંપૂર્ણ પરિપક્વપણાની સ્થિતિમાં જીવંતી પ્રગટી ગયેલી હોય છે, ત્યારથી જ શ્રેયાર્થીના જીવનનો ઊર્ધ્વ વિકાસ સતત ચાલ્યા કરવાની સ્થિતિમાં મુકાઈ જતો હોય છે. એવી સક્રિય ચેતનાત્મક તટસ્થતા જો પ્રગટેલી હોય છે, તો કંઈ જ કશામાં તેનાથી ભેળવાઈ જવાતું નથી. તે કંઈ કશામાં સંપૂર્ણપણે લપેટાઈ પણ ન જાય. તે કિનારા ઉપર ઊભો રહીને જે તે બધું પસાર થતું નીરખી શકે છે. આવી તટસ્થતાની ભૂમિકા પાકી જાય છે, તે વેળાથી જ જીવનવિકાસના ઊર્ધ્વ પ્રમાણનો માર્ગ વિશેષ ને વિશેષ મોકળો બનતો જાય છે.

આવી તટસ્થતાની સંપૂર્ણ પરિપક્વપણાની ભૂમિકા પછી સમતાની ભૂમિકા પ્રાપ્ત થાય છે અને એવા સમત્વને તો શ્રીગીતા માતાજીએ યોગ કહેલો છે. આ સમતાની ભૂમિકા સાધકના જીવનમાં જ્યારે પ્રગટે છે, ત્યારે એનો યોગ અને શ્રીભગવાનની ભાવનાની ધારણાની સભાનતા (Awareness) સતત, અખંડપણે જીવતીજાગતી પ્રવર્ત્યાં કરતી હોય છે. એવું સમત્વ જીવનમાં પ્રગટે છે ત્યારે એને કોઈ પ્રકારનું બંધન નથી હોતું. શ્રીભગવાનની સાથેની એના હૃદયની સાંકળ ત્યારે અખંડિત છે અને શાશ્વત પણ છે. બીજાં ગમે તે કર્મોમાં તે પરોવાયેલો હોય તેમ છતાં તે તો સતત શ્રીભગવાનની ધારણાની સભાનતામાં જ હોય છે. આ ભૂમિકા પછી સાક્ષીપણાની ભૂમિકા પ્રગટે છે અને તે ચેતનના સંપૂર્ણ અનુભવની પરિપક્વ ભૂમિકાનું લક્ષણ છે. શરીર જ્યારે કોઈ પણ રોગથી માંદું હોય ત્યારે તેની સ્વસ્થતા ટકતી નથી. મારા શરીરમાં કોઈ એકાદ રોગ નથી.

ઉપર જણાવ્યું તેમ ઘણા રોગો છે. બધા જ પીડાકારી અને વેદના ઉપજાવનારા. ઉપરના બધા જ રોગો કોઈ ને કોઈ રીતે પરખાઈ શકાય તેવા છે. શરીર જ્યારે રોગથી પીડાતું હોય છે, ત્યારે મન સંપૂર્ણપણે શરીરમાં વળગેલું રહે છે. સામાન્ય માનવીનું સમગ્ર જીવન શરીરમાં જ સમાયેલું છે. તેની સકળ પ્રવૃત્તિના કેંદ્રમાં માત્ર શરીર છે. શરીરની માંદગી જ્યારે વધારે હોય છે, ત્યારે મન તેમાં જ એકાકાર થઈ જાય છે. મારા શરીરના નાના ભાઈ શ્રી મૂળજીભાઈ ભગત, જેઓનું શરીર હાલ માંદું છે, તેઓ વડોદરામાં ભાઈલાલભાઈ અમીન જનરલ હૉસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર લે છે. તેઓ બાળકેળવણીના રસિયા છે, કવિ પણ છે, છાપાંના પણ તેટલા જ રસિયા, પરંતુ આમાંનું તેઓ હાલ કશું જ કરી શકતા નથી. એ તો મને કહે, ‘મોટા, હું વાંચું કેવી રીતે અને કવિતા પણ કેવી રીતે લખું ? મને તો છાપાં વાંચવાનું પણ ગમતું નથી. મારું તો સમગ્ર માનસ આ શરીરમાં જ વળગેલું રહ્યા કરે છે.’ એટલે મારા શરીરને જે આટલાં બધાં રોગો અને દર્દો મળ્યાં છે, તેને હું ભગવાનની કૃપાપ્રસાદી સમજું છું. આ બધાં જ દર્દો ભારે વેદના પ્રગટાવનારાં છે, તેમ છતાં શ્રીભગવાનની કૃપાથી આશ્રમમાં આવતાં બધાં જ સાથે હસીખુશી અને આનંદથી વાર્તાલાપ થાય છે. તેમના જીવનના પ્રશ્નોમાં પણ ભાગ લેવાય છે.

આ ઉપરાંત, જે જે કંઈક પરમાર્થનાં કર્મો હાથ ઉપર લેવાયેલાં છે અને તે માટે જે કોઈ દક્ષિણા આપવાનું સ્વીકારે અને તેવું આમંત્રણ જ્યાં મળ્યું હોય તેવાં અનેક ઠેકાણે જવા

આવવાનું શ્રીપ્રભુકૃપાથી બન્યા કરે છે. આ એકલું મણકાનું દર્દ જ ભયંકર વેદનાકારી છે. મોટરમાં સૂતાં સૂતાં જવાનું હોય છે, તેમ છતાં પણ તેવી મુસાફરી કરીને શરીરનું જે આમ તેમ હાલવાનું, અથડાવાનું તથા એવા હાલમડોલમથી પણ કરોડરજ્જુનું દર્દ ઘણું વધી જતું હોય છે. આવું હોવા છતાં પણ શ્રીભગવાનની કૃપાથી કોઈ પણ આવો કાર્યક્રમ દર્દને કારણે જતો કરવાનું બન્યું નથી, તે ભગવાનની કૃપા છે.

આ બધાં દર્દ કેવી કેવી રીતે સહન થતાં રહ્યાં છે, તથા કેવી કેવી ભાવનામાં સહજપણે જીવતાજાગતા રહેવાઈને તે રોગને સહેવાનું જે ચાલ્યા કરે છે, તેને બહુ જુદી જુદી રીતે શ્રીપ્રભુકૃપાથી મેં ગાયું છે. આટલા બધા પીડાકારી અને વેદનાકારી રોગ હોવા છતાં રોજ ને રોજ કેટલાં બધાં માણસો સાથે આનંદથી વાર્તાલાપમાં રહી શકાય છે, તેટલું જ નહિ, પરંતુ તે તે વખતે પણ આ 'મોટા' તો ભજન લખવાની પ્રક્રિયામાં જ પડ્યા કરેલા હોય છે. એવું દર્શન અને તેવો પ્રત્યક્ષ અનુભવ આશ્રમમાં આવતાં દરેક ભાઈબહેનનો છે. આટલાં બધાં રોગ અને દર્દ હોવા છતાં એકબાજુથી બધાંની સાથે વાર્તાલાપમાં રોકાવું અને તેય કોઈ પણ જાતની જરા સરખી ઉદાસીનતા, ઉદ્વેગ કે રોગથી પ્રગટતી વેદનાના કોઈ પણ લક્ષણ વિના, આનંદથી વિભોર થઈ બધાંની સાથે ટોળટપ્પા કરવા અને ગમ્મત કરવી એ પણ 'મોટા'નું એક અનોખા પ્રકારનું દર્શન છે. વળી, તે સાથે સાથે જ ભજનના સર્જનમાં જ પરોવાયેલા રહ્યા કરવું. આવી 'મોટા'ના જીવનની જે વાસ્તવિકતા છે અને તે રીતે પણ તેમની પાસે આવનારા માત્ર

આટલી હકીકતનું પણ ધ્યાન રાખે તો તેમને 'મોટા' વિશે કંઈક યોગ્ય પ્રકારની સમજણ ભગવાનની કૃપાથી પ્રગટવાની હોય તો પ્રગટી શકે ખરી. કેટલાક સ્નેહીઓ અને મારા ઉપર લાગણી રાખનારા તથા કેટલાક પ્રતિષ્ઠિત દાકતરો પણ જે રોગ નસ્તરથી મટી શકે એવા છે, તેનું નસ્તર મુકાવડાવીને તે રોગની વેદનાથી મુક્ત થવાની સલાહ આપે છે, પરંતુ મારા દિલની જે એક એવા પ્રકારની સમજણ છે કે આટલાં બધાં પીડાકારી દર્દ હોવા છતાં શ્રીભગવાનની કૃપાથી, એની જીવતીજાગતી. ચેતનાત્મક ભાવનાની સભાનતામાં પ્રત્યક્ષપણે રહી શકાયાનો આ તો જીવતોજાગતો એક દાખલો છે, અને બીજાં બધાંથી પણ સ્પષ્ટપણે તે હકીકત સ્વીકારાય તેવી છે અને રોજ ને રોજ કેટલાંયે માનવીઓને મળવાનું થતું હોય છે અને કેટલીયે વાર દૂર દૂરનાં સ્થળે મોટરમાં, પણ સૂતાં સૂતાં જવાનું થતું હોય છે, ત્યારે તે 'મોટા'ના શરીરને જે વેદના થાય છે, તે હકીકત વાસ્તવિક હકીકત હોવા છતાં તેવી પ્રત્યક્ષ વેદનાથી તે આવરાઈ ગયેલો નથી અને જ્યાં જવાનું છે ત્યાં પહોંચતાંની સાથે જ ત્યાં જે બધાં એકઠાં થયેલાં હોય છે, તેમની સાથે વાતોચીતોમાં તુરત જ રોકાઈ જવાનું બનતું હોય છે. સતત ઘણા રોગોની વેદનામાં શરીર હોવા છતાં જે સહજપણે આ 'મોટા' વર્તે છે તેવી રીતે સામાન્ય માનવીનું શરીર નહિ વર્તી શકે. આ બધા રોગો હોવા છતાં અને તેની એટલે કે રોગોની અને વેદનાની સભાનતા હોવા છતાં પણ, તેમાં તે સંપૂર્ણ સાક્ષિત્વ ધરાવી રહેલો છે, એવો શ્રીપ્રભુકૃપાથી 'મોટા'ના જીવનનો જીવતોજાગતો એક ચેતનાત્મક પ્રયોગ છે અને જ્યારે આત્માની

શક્તિનો આવા માધ્યમ દ્વારા અનુભવ થતો હોય ત્યારે તેને તો શ્રીભગવાનનો કૃપાપ્રસાદ જ લેખાય. એવા પરમ કૃપાળુ, કરુણાળુ શ્રીભગવાનના પ્રસાદનો જ્યાં પ્રત્યક્ષ હકીકતની પૂર્ણતાવાળો અને યોગ્યતાવાળો પ્રત્યક્ષ અનુભવ મળ્યા કરતો હોય, તે તો ભગવાનની કેટલી મોટી કૃપા ? એવાં કૃપાદર્શનનો અનુભવ તો પળેપળ થઈ રહેલો છે જ. તે વિના શરીરનું ટકવું અશક્ય. એટલે જ મેં ગાયું છે કે :-

'ભયંકર તે બધાં દર્દો મનાદિ સર્વ હોવાં તે
-પૂરાં સાબૂત ને સ્વસ્થ, **हरि**ની મહેરબાની તે.
સહેવું જે મળે તેને જીવનને ઊર્ધ્વ શિખર પર
-મળી ચઢવાની નિસરણી ! સહેલું સહેવું તે રીત.'

વળી, આ બધાં દર્દો અને રોગો સહેવાતાં સહેવાતાં જીવનમાં જે ગુણો વિકસેલા છે, તે ગુણોનું સંગીન નક્કરપણું કેટલું અને કેવું છે, તે આપમેળે જણાઈ આવે છે, જીવનનું ખમીર પણ પરખાય છે.

'સહેવાતાં જિગરનું તે ખમીર કેવું જણાયે છે !
સહેવાતાં ઉમળકે દિલ ખમીર તેજ થતું રહે છે.'

શરીરનાં આવાં પીડાકારી દર્દો સહેવાતાં સહેવાતાં ધીરજ આદિ ગુણોની પાકી કસોટી થતી હોય છે. મનાદિમાં પ્રગટેલી શાંતિ, સ્વસ્થતા, શાતા, પ્રસન્નતા, આ બધું પણ કેટકેટલા પ્રમાણમાં ચેતનાત્મક અને જીવંત હોય છે, તેની પણ સમજણ પડી જાય છે. આવા બધાં રોગો અને દર્દો મળ્યાં છે, તેથી તો '**मांहेला**'ની સાચી ખબર પડે છે. અને એટલે જ આને હું શ્રીભગવાનની કૃપાપ્રસાદી હૃદયથી લેખું છું.

'સહેવામાંય પ્રગટે છે ભૂમિકા એક એવી જે,
સહેવાતાં જતાં હૈયે **हरि** શો થાબડે પીઠ તે !'

ખાસ કરીને રાત્રે **આ** શરીરને અનિદ્રાનો રોગ હોવાથી આવા રોગોનો ઉપદ્રવ વિશેષ ને વિશેષ વેદનાકારી પ્રગટતો હોય છે, ત્યારે શ્રીપ્રભુકૃપાથી **આ જીવ श्रीहरि**ના ભાવની ધારણામાં જ એકધારો પ્રવર્તેલો એની કૃપાથી રહ્યા કરે છે. કોક કોક વાર ભજન પણ લખતો હોય છે.

'સહેવાનું થતાં દિલમાં ન કંટાળો પ્રવર્ત્યો છે,
સહેવાનું થતાં મનને **हरि**ભાવે પરોવ્યું છે.'

વળી, આ ઉપરાંત, આ બધા જે રોગો મળ્યા છે, તેમાં જીવનમાંના ગુણોને પડકાર પણ છે. તે બધું મને પ્રત્યક્ષ **આ** જીવનમાં પ્રયોગાત્મક રીતે જાણવાનું મળે છે, તે કાંઈ નાનીસૂની વાત નથી અને આ સંસારવહેવારમાં આવા બધા રોગોવાળા શરીરથી જે રીતથી **આ** શરીરથી જિવાય છે, તે હકીકત ઘણા બધા જાતોજાત પ્રત્યક્ષપણે જુએ છે. છતાં કોઈને હજી તેનું સાચું મૂલ્યાંકન તેના દિલમાં ઊગી શક્યું નથી. પ્રભુકૃપાથી તેનો કશો અફસોસ નથી, પરંતુ **આ** શરીર જીવે છે ત્યાં સુધી **આ** શરીરની બધી હકીકત સ્પષ્ટપણે એની વાસ્તવિકતાના યોગ્ય પ્રમાણમાં અને તે પણ તેની યથાર્થતામાં બધાં આગળ મૂકવાનો ધર્મ સમજું છું. જેથી, ભવિષ્યમાં પણ કોઈને 'મોટા'ના સાહિત્યનું મૂલ્યાંકન કરવું હોય, તો તેને સાચી તક સાંપડી શકે.

'સહન કરવું નીચી મૂડીએ ઘણું તે ત્રાસદાયક છે,
સહન ઉન્નત શા મસ્તકથી કર્યા કરવું, શું જીવન તે !
સહન કરતાં જ થાકીને જીવન જે હારી જાયે છે,

ન તેને ઊઠવાવારો કદી જીવનમાં આવે છે.
જહીં સહેવાનું આવ્યું છે, સહેવું જો થવાનું છે,
બધું જો સહેવું પડવાનું, સહેવું કાં ઉમળકે ના ?'

શ્રીભગવાનની કૃપાથી **आ जीव**ને બાળપણમાં ગરીબાઈને કારણે સહન કરવાનું આવ્યું, અને તે પછી ભણવાની લગનીને લીધે કેટલાંક કુટુંબોમાં ગરીબ વિદ્યાર્થી તરીકે રહેવાનું થતાં, ત્યાં પણ મેં સમજી સમજીને સહન કરેલું. પછી તો કૉલેજ છોડીને ભારતમાતાની ભક્તિમાં ઝંપલાવ્યું ત્યારે તો હાથમાં ગંગાજળ લઈને વ્રત લીધેલું કે જિવાશે ત્યાં સુધી દેશની સેવામાં જ જીવનને ગાળીશ. એટલે જીવનના તે તબક્કામાં પણ ગરીબી જ સહેવી પડી. મહાપરાણે પૂરું થતું. મારાં ઘરડાં મા, વિધવા ભાભી બધાંને ઘણું કામ કરવું પડતું. તેથી, તે લોકને ઘણો કઢાપો પણ થતો. સાત માણસનું ૪૫ રૂપિયામાં પૂરું થવું એ દોહ્યલું તો ખરું જ. ત્યારે મહિને એક આનો જ હજામતને માટે હું વાપરતો. કેટલાક મિત્રો આર્થિક મદદ દેવાની તત્પરતાવાળા હતા ખરા અને હોંશવાળા પણ હતા, પરંતુ તેવી આર્થિક મદદ સ્વીકારેલી નથી. માત્ર દર વર્ષે એક મહિનાની રજા લઈને કોઈ તદ્દન એકાંત નિર્જન સ્થળે, આગળ પાછળ પંદર માઈલના વિસ્તારમાં જ્યાં મુદ્દલે વસ્તી ન હોય એવા સ્થળે જંગલમાં જઈને રહેતો. પાસે માત્ર જળાશય હોય તેવું સ્થળ જોઈને બેસતો. આ મુસાફરીને માટે જવા આવવાના ભાડા ખર્ચની મદદ એક જ ભાઈ દર વર્ષે મને મોકલી આપતા અને તે હું સ્વીકારતો. આ આશ્રમો શરૂ થયા પછીનું જીવન પણ શ્રીભગવાનની કૃપાથી તપનું જ સ્વીકાર્યું છે અને

ખડતલપણાથી જીવન ગાળ્યું છે. છેક બચપણથી ગરીબાઈ વળગેલી હોવાથી અનેક જાતનું અને અનેક રીતનું સામાન્યપણે ભોગવવાનું દિલ તો થઈ જાય, પરંતુ તેમ છતાં એકમાત્ર શ્રીભગવાનની કૃપાના આશ્રય વડે કરીને તેવું બન્યું નથી, તેને માટે હું મારા ભગવાન ઉપર વારી જઉં છું અને એટલા જ માટે મેં ગાયું  છે કે :-

'સહન કરવું જ તપ, દિલથી અમે સ્વીકારી લીધું છે,
સહન કરતાં ઉમળકાથી જીવનબળ તો ઊગેલું છે.'

વળી, સાધનાકાળમાં પણ જીવનના ધ્યેયને ફળાવવાની જે જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના અને જિજ્ઞાસા પ્રગટી હતી, તે કાળ પણ એક તપશ્ચર્યાનો યજ્ઞ જ હતો. કેટલાંયે સાધન એવી તપશ્ચર્યાના અગ્નિમાં શેકાઈ શેકાઈને પ્રભુકૃપાથી થયેલાં છે, અને એ સાધનાકાળની કઠણાઈ એ તો જ્ઞાનભક્તિ-પૂર્વકની હતી. એટલે **આ જીવે** તેના છેક બચપણથી તે અત્યારના ગાળા સુધી જીવનમાં જુદા જુદા પ્રકારે સહન કરવાનું સ્વીકાર્યું છે. વળી :-

'જીવનના ધ્યેયનો હેતુ ફળવવાની હૃદય તાને
-બધું જે તે સહેવાયું, કૃપાની તે નિશાની છે.'

આમ, જીવનમાં સહેવાનું જે આવ્યું છે, તે સહેવાનું એવી રીતે થયા કર્યું કે જેમાંથી જીવનનો વિકાસ થાય. ઉમળકાથી, પ્રેમભક્તિથી અને જીવનવિકાસના હેતુની સભાનતાથી સહેવું, એવું સહેવું એ તો તપશ્ચર્યા છે. એવા જ્ઞાનભક્તિપૂર્વકના હેતુની સભાનતાના સહેવાપણામાંથી જીવનવિકાસ માટેનાં ગુણ, ભાવ અને શક્તિ પ્રગટે છે, એ પણ મારો શ્રીપ્રભુકૃપાથી તે તે

સહેવામાં અનુભવ છે, અને એટલે જ આ **'જીવન તપ'**માં વધારે ને વધારે મારાથી લખાયું છે.

'**હરિ** ભજવાનો દિલ ધંધો અમે સ્વીકારી લીધો છે,
**હરિ**ના નામના ઘેલા અમે મસ્તાન કેવા તે !'

**આ** શરીરને ફેફરાનો રોગ થયેલો અને તે રોગ ભગવાનના સ્મરણથી મટી જશે એવું એક સાધુમહાત્માએ મને સૂચવ્યું. શ્રીનર્મદામૈયાના મોખડીના ઘાટની પેલી પાર થોડેક આઘે શ્રીરણછોડજીનું મંદિર છે. ત્યાં **આ જીવ** આરામ માટે રહ્યો હતો. ત્યાં એક મહાત્માએ મને **'શ્રીહરિઃૐ'** એવું રટવાનું કહ્યું અને રોગને મટાડવાની ગરજે સ્મરણ ચાલુ કર્યું અને ત્રણ મહિનામાં રોગ મટ્યો. અને એમાંથી મને સ્મરણની લત પડી ગઈ.

'સ્મરણની લત પડતાં દિલ, સ્મરણમાં ધ્યાન લાગ્યું છે,
સ્મરણના ધ્યાનમાંથી શો સ્મરણનો સંગ સ્ફુર્યો છે.
હૃદય તે સંગમાં ઊંડું રમ્યા કરવાનું જાગીને,
હૃદય તેમાંથી હેતુનું પ્રવર્ત્યું ધ્યાન ઝગમગીને.'
હૃદયના ભાનથી તેવા ફળવવા હેતુને દિલમાં,
હૃદય અગ્નિ ભભૂકીને મને હોમાવી દીધો ત્યાં.
જીવનના ધ્યેયના ધ્યાને મનન ચિંતવન સતત ઊંડે
-થયા જઈને, વિષયમાં દિલ શું એકાકાર ! શરણે જે.'

આ ગીતમાં શ્રીભગવાનની કૃપાથી શી રીતે સ્મરણ **આ જીવે** કર્યું છે, તેના જુદા જુદા તબક્કાનું વર્ણન તે ગીતમાં છે. સ્મરણને જીવતુંજાગતું ચેતનાત્મક અખંડાકાર થવા માટે શ્રીપ્રભુકૃપાથી ભારે તપશ્ચર્યા થયેલી છે. ચૌદ-સાડાચૌદ કલાક

સુધી તો (શ્રીભગવાનની કૃપાથી) મારાથી લઈ જઈ શકાયું હતું, પરંતુ તે પછીથી ગમે તેટલો પુરુષાર્થ થયો તોપણ તે અખંડ થતું ન હતું. તે શ્રીભગવાનના કૃપારૂપી સર્પદંશથી અખંડ થઈ શક્યું. સ્મરણથી જીવનમાં કેવા કેવા ફેરફારો થઈ શકે છે, તે પણ આ કવિતાઓમાં બહુ જ સ્પષ્ટતાથી જણાવવામાં આવ્યું છે. સ્મરણના પણ જુદા જુદા તબક્કા છે, જુદી જુદી ભૂમિકાઓ છે અને તેમાં સ્મરણ પણ જુદા જુદા પ્રકારનું હોય છે. સ્મરણની અખંડતા પ્રગટ્યા પછીથી જ ભાવનાનો પ્રદેશ શરૂ થાય છે. અને ભાવનાની અખંડતા પ્રગટે છે અને તે ભાવના તેના સર્વોત્તમ શિખરની ગાઢતામાં પ્રવેશે છે ત્યારે જ રૂપાંતરની જીવતીજાગતી ચેતનાત્મક પ્રક્રિયાની શરૂઆત થઈ જતી હોય છે. અને ભગવાનના અનુભવ પ્રદેશનો કિનારો ત્યાંથી શરૂ થાય છે. ચેતનના જુદા જુદા પ્રકારના અનુભવો પણ તેવી દશામાં જ થાય છે.

સ્મરણ એ તો મારા જીવનનો નક્કર પાયો છે. સ્મરણથી જ **આ જીવ** હંમેશાં ટટારી અનુભવી રહ્યો છે. સ્મરણથી જ મને ખબરદારી મળેલી. સ્મરણમાંથી જ મને જીવનના હેતુનું ભાન જાગ્યું. જીવનવિકાસના માર્ગમાં માત્ર ઉપરછલ્લી બૌદ્ધિક સમજણ મુદ્દલે કામ આપી શકતી નથી. હૃદયની એકાગ્રતાના ઊંડાણમાંથી જે ભાવનો સૂર પ્રગટે છે, તે જ જીવનને ઘડી શકે છે. ઘડવાને માટે તે જ માત્ર યોગ્ય હથિયાર છે. ભાવ પ્રગટ્યા વિના અને તે જીવંત અખંડ થયા વિના જીવન કદી ઘડાઈ શકાતું નથી.

સ્મરણ કરતાં અને સ્મરણ લેતાં લેતાં અને એ સ્મરણ

ભાવનાપૂર્વક, ભક્તિપૂર્વક લેવાય છે ત્યારે તેમાંથી જે આત્મશ્રદ્ધા પ્રગટે છે, ત્યારે એવી આત્મશ્રદ્ધા જીવનનો નક્કર આધાર બની જાય છે. જીવનવિકાસના માર્ગે જો પળવું જ હોય, તો શ્રદ્ધા અનિવાર્ય છે, અને તે શ્રદ્ધા જ્યારે તપશ્ચર્યામાંથી ઊગે છે, કોઈ સાધનના નિરંતરના અભ્યાસમાંથી કે તેવા પ્રકારની સાધનામાંથી જે શ્રદ્ધા નીતરે છે, તેવી શ્રદ્ધા જ જીવનને ઘડવામાં ઉપયોગી નીવડે છે. એવી શ્રદ્ધા મને સ્મરણના અભ્યાસમાંથી શ્રીપ્રભુકૃપાથી મળી છે. સ્મરણના સેવનમાંથી જીવનને ઘડવાને માટે ઉપયોગી એવા ગુણો પણ મને મળેલા. ભાવ તો ખરો જ. આત્મવિશ્વાસ પણ સાથે સાથે હોય જ. હિંમત, મર્દાનગી, સાહસ, ધીરજ આદિ ગુણો પણ તેમાંથી જ ઊપસ્યા છે. મર્દાનગીનેય પડકાર કરે એવા કોઈ પ્રકારનાં સાધનો ભગવાનની કૃપાથી હૃદયની સ્ફુરેલી પ્રેરણામાંથી જે મળ્યાં, તે **एनी** કૃપાથી સાધી શકવાને માટે ઉપર વર્ણવ્યા તેવા ગુણોની આવશ્યકતા તો ખરી જ, પરંતુ એકલા તેવા ગુણોથી જ ચાલી શકતું નથી. શ્રીભગવાન ઉપરનો પોતાના હૃદયથી નિરંતર જીવંત સેવાયેલો સક્રિય ચેતનાત્મક વિશ્વાસ, તે પણ, સાથે સાથે તેટલો જ જરૂરનો, અને આવી રીતે સ્મરણમાંથી, તે સ્મરણને મેં કેવી કેવી રીતે, કેવી સમજણથી, કેવા હેતુની સભાનતાથી ઉપયોગમાં લીધું, અને તેમાંથી કયાં કયાં પગલાં ફળ્યાં અને શું શું પરિણામ નીપજતું ગયું, તે તે બધું ગાયું છે.

આ સ્મરણ જ્યારે નિરંતરનું જીવતુંજાગતું ચેતનાત્મક પ્રગટ્યું ત્યારે જ **हरि**લીલાની રમતની જરાતરા કંઈક સમજણ પડવા લાગી હતી. આ ખંડનાં ગીતોમાં શ્રીભગવાનની કૃપાથી

સાધનાની પરિપક્વ થતી જતી ભાવનામાંથી જીવન કેવું પુષ્પસ્વરૂપે વિકસિત થતું જતું હોય છે, તેનો કંઈક યત્કિંચિત્ ચિતાર આપવાનું બની શક્યું છે.

'**હરિ** તુજ શક્તિ આધારે સળેકડું પહાડ ચઢતું છે,
સમુદ્રો સાત પણ કેવા તરીને પાર કરતું જે !'

શ્રીભગવાનની કૃપાશક્તિથી **આ જીવ**થી શું શું અને કેવું કેવું થઈ શક્યું છે, તે દર્શાવવાનું આ સ્થળ નથી. સ્મરણના એકધારા લગાતાર અભ્યાસમાંથી ભક્તિ જાગે છે અને ભક્તિના નિરંતરના હૃદય સેવનથી ભાવની જે સર્વોત્કૃષ્ટ ગાઢતા પ્રગટે છે અને તેના આધારથી મનાદિકરણો **હરિ**લીલાને અનુભવવાની પાત્રતા પામે છે અને તે ભૂમિકાનો જે આવો અનુભવ તે વાણીથી જોકે વર્ણવી શકાય તેવો નથી છતાં મારા જેવા બુડથલનો તેમાં નહિ જેવો ચંચુપાત છે.

'સમર્થોનેય ચઢી જાય સમર્થ શ્રેષ્ઠ એવો છે,
**હરિ** સમ કોઈ ચઢિયાતું સકળ બ્રહ્માંડમાં ના છે.'

**હરિ**ના ભક્તને એવો પ્રત્યક્ષ જીવનમાં અનુભવ થાય છે અને **હરિ**ના રસમાં જ બધાંનું મૂળ સમાયેલું છે, તેવો તેનો જીવતોજાગતો પ્રત્યક્ષ અનુભવ પણ છે. હૃદયનો ધડકાર પણ **હરિ**, નયનનો ચમકાર પણ **હરિ**, જીવનનો પ્રેમદરબાર પણ **હરિ**, સર્વત્ર **હરિ**નાં ચરણની વિસ્તારલીલા અને પાછો કેંદ્રમાં પણ પોતે અને કેંદ્રના મધ્યબિંદુમાં પણ તે જ. આવી બધી **હરિ**લીલા અનુભવવામાં તેના ભક્તને છોળો ઉપર છોળો ઊડે છે અને તેવા ભાવથી શ્રીપ્રભુકૃપાથી પ્રેરાઈ આ **હરિ**લીલા ઉપર કેટલાંક ગીતો મારાથી લખાયાં છે.

'અણુ ફૂટ્યા વિના શક્તિ અનુભવ આવતી ના તે,
અણુને ફોડવાની રીત ખરેખર સાધના શી તે !'

સાધના એટલે શું ? તેની સમજણ ઉપરની કડીમાં એની સમગ્રતામાં સમાઈ જાય છે. જેમ અણુને ફોડ્યા વિના અણુની શક્તિ અનુભવાતી નથી અને એ શક્તિ જ્યારે અણુને ફોડ્યા પછી મળે છે, ત્યારે તે શક્તિની મદદ વડે જ અશક્ય લાગે તેવાં મોટામાં મોટાં કર્મ થઈ શકે છે. નવા પ્રકારનાં મૌલિક સર્જનો પણ તેના આધારે જ થાય છે. અને આવા પ્રકારની સાધના **આ જીવ**થી શ્રીપ્રભુકૃપાથી થઈ છે, તેના વિશેનાં પણ કંઈક થોડાં ભજન લખાયાં છે.

'ભૂમિકા ભાવની જ્યારે હૃદય સંપૂર્ણ પ્રગટે છે,
શરીરનાયે શું પલટાતા બધા ગુણધર્મ જે તે છે !'

એવી થતી જતી સાધનાના ભાવમાંથી જ્યારે ખરેખરો રસ પ્રગટે છે, ત્યારે એ પ્રકારનો રસ તે રસના પ્રકારના જીવનમાં સર્વ કોઈને જિવાડતો હોય છે. જીવવાનાં મૂળમાં આવો કોઈ ને કોઈ પ્રકારનો રસ તો રહેલો હોય છે. રસના પણ જુદા જુદા પ્રકાર છે. જુદી જુદી ભૂમિકાઓ છે, એના દિવ્ય દેશો પણ છે. આ બધા અનુભવની સમજણ સાધનામાંથી પ્રગટતા ભાવ અને રસને કારણે મને જાગી છે.

'અણુને ફોડવું સહેલું નથી કોઈ પ્રકારે તે,
પ્રક્રિયા કેટલીમાંથી પસાર ત્યાં થવાનું છે !'

અને આવા પ્રકારનું મારા જીવનમાં બનેલું છે, અને એ શક્તિને પ્રાપ્ત કરીને તેનો અનુભવ થવા માટે સંકટો, વિઘ્નો, ગૂંચો, મુશ્કેલીઓ, વિમાસણો, અથડામણો, એવા અનેક

પ્રકારના અવરોધની ભૂમિકા જ્યારે જીવનમાં પ્રગટી હતી, ત્યારે ત્યારે શ્રીપ્રભુકૃપાથી તેનો સામનો કરવા માટે દિલમાં કેટલો જીવંત તલસાટ, તત્પરતા, તાલાવેલી, તમન્ના વગેરે હતાં, તેનો પણ ક્યાંક ક્યાંક ઉલ્લેખ આ સાધનાનાં ગીતોમાં છે ખરો. શ્રીભગવાનની કૃપાથી સાધનામાર્ગમાં કેવી રીતે મથવાનું બન્યું છે, તેનો પણ કોઈક કોઈક ઠેકાણે ઉલ્લેખ છે ખરો. સાધનામાંથી કેવાં કેવાં પરિણામ નીપજે છે, તે પણ લખ્યું છે. કશું મેં અદબદ રહેવા દીધું નથી. બધું સ્પષ્ટ, ફોડ પાડીને લખ્યું છે.

**ચરણ**ની **આ જીવે** અનેક રીતે અને અનેક ભાવે પ્રેમભક્તિ કરી છે. તે ઉપરાંત, સ્મરણના એકનિષ્ઠ ભાવે, તે સાધનને શ્રીપ્રભુકૃપાથી દોહરાવ્યું છે.

'ચરણ' એ તો એક સૂક્ષ્મ પ્રતીક તરીકે વપરાયેલું છે. જેમાં સામસામી બાજુનાં તદ્દન વિરોધાત્મક ગુણો, વલણોનો સમન્વય થતો હોય તેને જ સાચો અનુભવ ગણાય, અને ચરણમાં પણ એવી સામસામી બાજુનાં પરસ્પર વિરોધી લક્ષણોનો પ્રત્યક્ષ સમન્વય થયેલો છે.

'જીવનની આંટીઘૂંટીમાં કદીક ગૂંચાઈ પડેલો છું,
નીકળવાને મથ્યો તોયે વધારે ગૂંચવાયો છું.
છતાં ત્યાંયે ન ગભરાયો મૂંઝાઈ ના ગયેલો છું,
હૃદયથી હાથ પકડીને ચરણ સાહી રહેલો છું.
ચરણમાં તો બધું જે તે જીવનનું સર્વ મારું છે,
અનાથ સાવ મુજને તે ચરણ ઉદ્ધારનારાં છે.
મૂડી સર્વસ્વ જીવનની ચરણ મોંઘામૂલા તે છે,
ચરણનો આશરો લઈને નિરાંતે હું સૂતેલો છું.'

આ રીતે ચરણ મારે માટે ઘણા મોંઘામૂલા છે અને મારા સાધનાવિકાસમાં તેણે ભાગ ભજવ્યો છે.

**'ચરણ'**ના ખંડમાં મેં જે ભજનો લલકાર્યાં છે, તેમાં તેના વિશેની હકીકત આપોઆપ આલેખાઈ છે. જીવનવિકાસના શ્રેયાર્થીને નમ્રમાં નમ્ર, છેલ્લામાં છેલ્લી હદનું કે જે તે બધું અક્કલ હોશિયારીનું અનેક જાતનું ઘણું બધું કર્મ કરતો હોય છે, તેમ છતાં તે સાવ ભોટ જેવો લાગે છે. અને તેવું, તેને ઉપનામ મળે તેવું, પ્રત્યક્ષપણે તેણે નમ્રતાની છેલ્લે સુધીની હદ જેવી કક્ષામાં અનુભવમાં પ્રત્યક્ષપણે જીવતુંજાગતું તેના જીવનમાં ખડું થયેલું હોવું જોઈશે. 'અહમ્'ને મોળું પાડવાનો આ એકમાં એક જ ઉત્તમમાં ઉત્તમ રચનાત્મક માર્ગ છે. 'અહમ્'ને **શ્રીહરિ**-કૃપાથી આ રીતે જ મોળું પાડવાનું બની શક્યું છે. આવી રીતે જ્યારે જ્ઞાનભક્તિપૂર્વકની છેલ્લામાં છેલ્લી નમ્રતા કેળવાઈ ગયેલી હોય છે-એટલે ભૂમિકામાં 'અહમ્' સાવ છેક મોળું પડી ગયેલું હોય છે-ત્યારે જ તે જીવનવિકાસના ઊર્ધ્વ પ્રદેશની ભૂમિકામાં પ્રવેશવાની આપણને નરી સરળતા પ્રાપ્ત થતી હોય છે. નમ્રતાની ઉત્તમમાં ઉત્તમ કક્ષાની છેલ્લી કક્ષાની કેળવણી પ્રાપ્ત થતી જતી હોય છે, ત્યારે જ તે તે વિષયના હાર્દમાં સહજમાં સહજ રીતે પ્રવેશ થયા જવાની ભૂમિકા જીવનમાં સાંપડે છે.

'પરંતુ ચરણમાં માથું મૂકી દેવું ન સહેલું છે,
હૃદયમાં ભક્તિનો ભાવ પ્રગટતાં તે સરળ સહેજે.'

આમ, ઉપર લખ્યા પ્રમાણે ચરણશરણભાવ કાંઈ એકદમ આવી જતો હોતો નથી, પરંતુ હૃદયમાં ભક્તિનો ભાવ પ્રગટે છે, ત્યારે ચરણશરણભાવનો પ્રવેશ થાય છે. અને પછી તો :-

'ચરણસેવા થકી અમને જીવનઅમૃત લાધ્યું છે,
નરી નિરાંતની સોડ ચરણમાં મસ્ત તાણી છે.'

આ રીતે ચરણના મહિમાને **'ચરણ'**ના ખંડમાં મેં ગાયો છે, અને એ રીતે ચરણને **શ્રીહરિ**ની ભક્તિના એક પ્રતીક તરીકે એને મેં સાધેલું છે.

જીવનવિકાસક સાધના થવાને માટે જે પુરુષાર્થની જરૂર છે, તે પુરુષાર્થનું બળ તો **હરિ**ની ભક્તિમાંથી જ પ્રગટે છે. એ તો સર્વસ્વભાવે અને સર્વ રીતે **શ્રીહરિ**નાં ચરણકમળમાં જ્ઞાનભક્તિપૂર્વક સમર્પાઈ જતો હોય છે. તેવા સાધકના સમગ્ર પુરુષાર્થનું બળ તો તેનો ભાવ છે અને એવા ભાવની ભક્તિથી જ્યારે બુદ્ધિ રંગાય છે, એટલે બુદ્ધિમાં ભક્તિનો રંગ લાગે છે એટલું જ નહિ પરંતુ ભક્તિમાં બુદ્ધિની મસ્તી પ્રગટે છે, ત્યારે જ તેવી બુદ્ધિ ભાવને સમજી શકવાને સમર્થ છે, તે વિના નહિ.

'હૃદયનો ભાવ સર્વોત્તમ બધો બુદ્ધિથી પર શો તે !
જતાં બુદ્ધિથી મૂલવવા, ગજું બુદ્ધિનું કંઈ ના છે.'

આવો **હરિ**ની ભક્તિમાંથી પ્રગટેલો ભાવ એ જ સાધનાના પુરુષાર્થનું સાચું બળ છે. ભાવ વિનાનો પુરુષાર્થ કશું મૌલિક સર્જન કરી શકતો નથી. જીવનને ઘડવાને માટે જે પુરુષાર્થની જરૂર છે, તેમાં હૃદયનો ભાવ અનિવાર્ય છે. અને લગની લાગ્યા વગર અને એવી ચેતનાત્મક તાલાવેલી પ્રગટ્યા સિવાય, માથું વેગળું મૂકીને સંપૂર્ણ નિર્ભયતાથી યાહોમ કરીને ઝંપલાવવાનો ચેતનાત્મક પુરુષાર્થ થઈ શકતો હોતો નથી. અને શ્રીપ્રભુકૃપાથી

આ બધું થતાં થતાં તે કાળના મારા જીવનના અનુભવ આ ભજનોમાં લખાયા છે.

જીવનનો વિકાસ કરવાને માટે જીવનનું જે તે કંઈ બધું મેં વાસ્તવિક માનેલું-સમજેલું અને એ રીતે તેનો પ્રેમભક્તિથી જ્ઞાનભક્તિપૂર્વક સ્વીકાર કરેલો અને એ પ્રકારની સમજણથી આજે ભાવમાંથી પ્રગટેલો પુરુષાર્થ છે, તે વિશેનાં જે ગીત લખાયેલાં છે, તે તે બધાં સાધનામાંથી ફલિત થતા જતા અનુભવને આધારે લખાયાં છે.

'બધું ભગવાન કરી દેશે' એવું ઘણા લોકો બોલે છે. એવું બોલવું મિથ્યા છે. એ તો જે **હરિ**નો સંપૂર્ણપણે એના રસમાં એકાકાર, અખંડાકાર, સંપૂર્ણતાથી તલ્લીન અને સતત એકધારો જીવંત ચેતનાત્મકપણે એના રસમાં જ જે મશગૂલ છે, અને સતત એના જ મનન ચિંતવનમાં જીવનનાં સર્વ પાસાંમાં પણ એકલો **શ્રીહરિ**ની જ પ્રેમભક્તિમાં જે જીવતોજાગતો હોય છે, તેવાનું જ શ્રીભગવાન જે તે બધું કરી દેતો હોય છે, તે હકીકત સાચી છે. એટલે જીવનવિકાસના માર્ગમાં પુરુષાર્થનો ઝોક મહત્ત્વનો છે. જ્યારે **હરિ**ની ભક્તિની થોડી ઘણી ઝાંખી શ્રેયાર્થીને થતી જાય છે, ત્યારથી તે ભગવાનની કૃપાશક્તિને પિછાનતો થતો જાય છે. તે વેળાથી તે પોતાના પુરુષાર્થનાં મૂળમાં ભગવાનની કૃપાને અનુભવે છે. તેમ છતાં તેનો સંપૂર્ણ મર્દાનગીભર્યો જીવંત પુરુષાર્થ કોઈ ન્યારા પ્રકારનો છે. અને તે આંખે ઊડીને વળગે એવો પણ હોય. બધાંથી દેખાય એવો પણ હોય છે. બધાં તેને તે રીતે ન સમજી શકે કે ન સ્વીકારી શકે તે એક જુદી હકીકત છે.

સાધનાને માર્ગે જતાં અનેક જુદા જુદા પ્રકારના જીવોના સમાગમમાં આવવાનું થયું છે અને આ સાધનાના વિકાસના માર્ગમાં પુરુષાર્થનું મહત્ત્વ કેટલાકે સ્વીકાર્યું છે, અને કોઈક તો માત્ર કૃપાની વાતો જ કરે છે, પરંતુ હૃદયમાં **हरि**ની ભક્તિનો ભાવ જાગ્યા વિના કૃપાને કોઈ યથાર્થ રીતે સમજી શકતું નથી, જાણી શકતું નથી તો અનુભવી તો કેવી જ રીતે શકે ? અને અનુભવ પ્રગટ્યા સિવાય તેમાં કશું જીવતુંજાગતું સામર્થ્ય પ્રગટી શકતું નથી. આવા પ્રકારના જીવનના અનુભવની ભૂમિકાની દશા હોય ત્યાં કૃપાની યથાર્થતા મને યોગ્ય પ્રકારની લાગી છે. અને એવી કૃપાનો પુરુષાર્થ એ તો ભારેમાં ભારે ચેતનવંતો હોય છે અને આ પ્રકારના અનુભવની સમજણ 'થયો પુરુષાર્થ તે ભાવે' એ મથાળાના ખંડમાં જે ગીતો લખાયેલાં છે, તેમાં તેમાં પ્રવર્તેલી છે.

સાતમો ખંડ છે 'કરામત એવી દિલની છે'-દિલ વિના સંસારવહેવારમાં પણ દિલ વિનાનું બધું ફિક્કુંફસ લાગે છે. જેમાં દિલ છે, તેની મજા કંઈ ઑર છે. સાધનામાં પણ જ્યારે દિલ પ્રગટે છે ત્યારે જ ઝઝૂમવામાં અને ઝંપલાવવામાં જે રસ પડે છે, તે રસ ઝરે છે તે હકીકત કોઈ ન્યારી અને અલૌકિક ભૂમિકાની છે.

'ભળે છે દિલ જેમાં ત્યાં, ખરેખર રસ ઝરંતો છે,
જીવંતા દિલ વિના સાવ સૂકું શું ભટ લાગે છે !
વિના દિલ સ્વર્ગ છો મળતું, છતાં તેમાં મજા ના છે,
ઊછળતો દિલ આનંદ વિના દિલ ના કશામાં છે.'

જ્યારે દિલ જાગે છે અને ઊગે છે ત્યારે જીવનના ભેદ

પીગળવા માંડે છે. દૂર દૂર થયેલાં અંતર દિલ પ્રગટતાં છેક નજીક આવે છે.

'જીવનમાં દિલ જેમાં છે, બધું તે તે અનોખું છે.'

દિલ પ્રગટે છે ત્યારે જ દિલના વિષયમાં એકાગ્ર થવાય છે અને વિષયનું હાર્દ પણ દિલ વડે જ મેળવાય છે. અને જેમાં દિલ પૂરેપૂરું ભળે છે, તે વિષયમાં તદાકાર પણ થઈ જવાય છે. દિલ જાગે છે અને જ્યારે તેમાં દિલ પ્રગટે છે, ત્યારે ત્યારે તેમાં આપમેળે દિલ પ્રગટે છે અને તેમાં રસથી તરબોળ થઈ જવાય છે. એટલે જ પ્રભુકૃપાથી સાધનામાં મારાથી દિલને ઘણું મહત્ત્વ અપાયું છે. માત્ર સાધનાના જ વિષયમાં નહિ પણ સંસારવહેવારમાં પણ દિલનું એવું જબરજસ્ત મહત્ત્વ છે.

'મહત્ત્વ દિલનું એવું જે અજબનું ને ગજબનું છે.'

અને શ્રીભગવાનની કૃપાથી સાધના થતાં જ ખરેખરું સાચું દિલ પ્રગટતું હોય છે અને એવા દિલ વિશે પણ મારાથી ગાવાનું બન્યું છે, અને દિલ વિશેની મારી બધી સમજણ પણ તે તે ગીતમાં વ્યક્ત થયેલી છે.

'રસામૃત એ જ જીવન છે' એ ખંડનાં ગીતોમાં સાધના પરિપક્વ થતાં થતાં દિલ પ્રગટે છે અને દિલની સાથે સાથે જ ભાવ પણ પ્રગટે છે. અને ભાવ પ્રગટેલો હોય છે ત્યાં રસ પણ હોય. આમ, બધું પરસ્પર સંકળાયેલું હોય છે. સાધનાની પરિપક્વતા એની સંપૂર્ણતાના ગૌરીશંકર શિખર ઉપર પહોંચે છે ત્યારે જે રસ અનુભવાય છે, તેની કંઈક ઝાંખી અને સમજણ આ ગીતોમાં પ્રભુકૃપાથી આપી શકાઈ છે.

'રસીલા ભાવ અમૃતની ન એની કોઈ વાણી છે,
પૂરું હોવા છતાં મૌન જ અવર્ણનીય ભાવ ઝરતો છે.'

આ રસ અલૌકિક, ભવ્ય અને મૌલિક છે. કોઈ કવિને તેની કલમમાં તે દર્શાવવાની શક્તિ હોતી નથી. તે અવર્ણનીય છે, અનોખો છે, સંપૂર્ણ સમગ્રતા તે રસમાં સમાયેલી છે, વળી પાછી ગોપનીય પણ છે તેમ છતાં તે વ્યક્ત થતો હોય છે. સકળ આ જે બધું સર્જન છે તેનું મધ્યબિંદુ અને કેંદ્રબિંદુ રસ જ છે. રસ વિના કંઈ કશાનું સર્જન થઈ શકતું નથી. એવો રસ હૃદયની સંપૂર્ણ ભક્તિ પ્રગટ્યા વિના કદીકાળ પ્રગટી શકતો જ નથી. રસેશ્વરની ભક્તિ એવા ભક્તિવાળા હૃદયમાંથી જે રસ ઝરે છે તે જ અમૃત છે. અને એવો રસ ભાષાની મર્યાદા વટાવી ગયેલો હોય છે. તેમાં ગતિ ન હોવા છતાં અવર્ણનીય ગતિ છે. ત્યાં કોઈ સંકલ્પવિકલ્પ ટકી શકતા નથી. આવી આવી અનેક પ્રકારની રસ પરત્વેની જે અનુભવની સમજણ તે આ ગીતોમાં વ્યક્ત થયેલી છે. હવેનો ખંડ 'અનુભવ અને અનુભવી' એ પ્રકારનો છે.

'અનુભવ આંખના જેવી બીજી કોઈ આંખ તે ના છે,
અનુભવની શી ઇંદ્રિયતણો તે સ્વાદ ન્યારો છે.
જીવનના હાર્દના દર્દી રસીલા વિરલા કોક,
કદર તેની થવા, કોક ધરાવે દિલ સામર્થ્ય.'

આવા અનુભવને સમજવાને માટે ભગવાનની કૃપાથી તલમાત્ર જેટલો જે કંઈ અનુભવ છે, તે પરત્વેની બધી સમજણ આ ગીતોમાં મારાથી લખાઈ છે.

'બધા આનંદથીયે જે જુદો ન્યારો જ આનંદ તે,
અનુભવની ભૂમિકાનો ખરો આનંદ જાણો તે.
રસીલા રસતણો બાંકો જીવનમાં કોક વિરલો જે,
રસામૃતના કંઈક છાંટા ઉરાડવા શો કરે છે તે.'

આવો અનુભવ જીવનનું પુનર્જીવન પમાયા વિના કદી પણ શક્ય નથી.

'ઉભય નિષ્ક્રિય, સક્રિય પળે એકી જ સંગાથે
-ખરેખર હોવું પ્રત્યક્ષ જીવંતું તે અનુભવ છે.
હૃદય નિવૃત્તિ સંપૂર્ણ થતાં પ્રવૃત્તિ પાછી છે,
ઉભયમાં આપ સંપૂર્ણ છતાં પાછો ન તેવોયે.'

આવી અનેક પ્રકારની સમજણો આ 'અનુભવ અને અનુભવી'ના ખંડમાં તે તે પ્રકારે આપેલી છે. આ બધાં ગીતો તદ્દન સરળ અને સહેલી ભાષામાં જાણી જોઈને મેં લખ્યાં છે. અને તે એક જ ઝપાટે અને એક જ સપાટે લખાયાં છે.

'વિરોધી સર્વ સંજોગો વિશે જ્યારે મનાદિથી
-સતત રહે ભાવની ધૂને, પ્રયોગાત્મક જીવન તે છે.
ટકોરાબંધ ખુમારી પ્રવર્તેલી જીવન વિશે
-અનુભવવા મળ્યો કીમિયો અનુભવની પ્રસાદી છે.'

અનુભવની સમજણ જે આ બધાં ગીતોમાં લખી છે, તે આ બધાં ગીતો કદીક કદીક બધાં માણસોની વચ્ચે બેઠો હોઉં કે સૂતો હોઉં અને કેટલાંકની સાથે હળતોમળતો હોઉં ત્યારે પણ લખાયેલાં છે. અને વડોદરાના મારા મિત્ર શ્રી નાગજીભાઈ પટેલને કેટલીય વાર તુરતાતુરત ભજન લખીને મેં બતાવ્યાં છે. અમદાવાદના શ્રી રમાકાંત જોશી, તેમને તો મેં સવારની વહેલી

પરોઢમાં ખાટલામાં સૂતાં સૂતાં હું ગીત બોલતો જઉં અને તેઓ લખતા જાય અને કેટલાંય બીજાં સ્વજનોએ મને તેમ લખાવતાં જોયો છે. કંઈ પણ વિચાર્યા કર્યા વિના એની મેળે એ ગીતો સ્ફુરતાં જ ગયાં છે. મેં કદીય મઠાર્યાં નથી. હું એને કાવ્ય ગણતો જ નથી. આને બહુ બહુ તો જોડકણાં જ કહેવાય. જેને જે કહેવું હોય તે કહે. મારા શરીરને જે હઠીલાં દર્દો છે અને તેની કેવી વેદના છે, એ તો જેને તે થયાં હોય તે જ સમજે. અને દરેક દર્દ પીડાકારી છે અને તે બધાંય દર્દોની વેદનાની સમગ્રતા શરીર જ્યારે નબળું પડવા માંડે ત્યારે કેટલી બધી વધારે પ્રગટે તે સમજવા જેવું છે. એવી શરીરની સ્થિતિમાં ભજનનું સર્જન એ મારે માટે અનિવાર્ય છે અને એને પણ હું ભગવાનની કૃપાપ્રસાદી લેખું છું અને એટલે જ લખ્યે જઉં છું.

‘રસીલાં દર્દનો મહિમા’ અને ‘સહેવું કાં ઉમળકે ના ?’ એ વિશે તો હું આગળ ઉપર બધું લખી ગયો છું.

હવે છેલ્લો એક ખંડ છે ‘ન સંસારી શકે સમજી’ તેમાં અનુભવી અને સંસારીની વચ્ચે જે કંઈ સંસારીને મનમાં થતું હોય છે, તે દુનિયા વિશેની કંઈક વાત છે.

‘**હરિ**ને કાજ જીવનને ફના કરનાર કોક જ તો,
જીવન સર્વસ્વ અર્પીને જીવન રળનાર ભાગ્યે કો.’

એવા અનુભવીઓને પણ સંસારના માનવીઓ કેવી કેવી સલાહ આપતા હોય છે અને તેને વિશે તે કેવું કેવું સમજે છે તે પણ લખાયેલું છે.

‘અમારે વર્તવું કેમ ? બધાં જે તે બતાવે છે,
પરંતુ વર્તવું કેમ ન નિજનું કોઈ જાણે છે.’

પોતે યથાયોગ્યપણે કેમ વર્તવું એવું આ સંસારમાં વિરલા કોક સમજે છે અને સલાહ આપનાર તો અપરંપાર. ભગવાનની કૃપાથી **આ જીવ** સલાહ આપવાનું તો જાણતો નથી. આવો અનુભવી હંમેશાં સ્પૃહાવાળો અને નિઃસ્પૃહાવાળો હોય છે, સગુણ અને નિર્ગુણ, કામ અને નિષ્કામી, મોહી અને નિર્મોહી- આવાં આવાં એનાં જુદાં જુદાં પાસાં હોય છે. અને એકબીજાથી સામસામાં વિરોધાત્મક પાસાં પણ હોય છે. તે સ્પૃહાવાળો હોય તે ગમે અને નિઃસ્પૃહતાનું જ્યારે દર્શન થાય ત્યારે ઘણાખરાથી ખમાતું નથી, સમજાતું પણ હોતું નથી. સામાન્ય રીતે તો જે જે માનવીને સમજણ માટેનાં જે જે ધોરણો તેનાં બંધાયેલાં છે, તે જ પ્રમાણે તે એકબીજાને સમજતા હોય છે. આવા અનુભવીને સમજવા માટે એવી પ્રેમભક્તિથી ભરપૂર એવી રસાત્મક બુદ્ધિની જરૂર, એવા દિલની જરૂર અને એવા રસીલા દર્દીલા હૃદયની પણ જરૂર છે. આપણે પરસ્પરને સમજવાનું મૂકી દઈને જો એકબીજાની સાથે દિલની ખરેખરી ગોઠડી બાંધી દઈએ અને એકબીજા આપણે પ્રેમના ભાવથી ભાવની મસ્તીમાં તરબોળ થઈએ, એવા જ પ્રકારનું પરસ્પર સાથે વર્તન દાખવીએ તો આપણા માટે તે શ્રેયસ્કર છે. અનુભવીની ખુમારી એ કોઈ સંસારી માનવી નહિ સમજી શકે.

આ પુસ્તકનું નામ મેં **'જીવન તપ'** આપેલું છે અને જીવનમાં છેક બાળપણથી માંડીને આજ સુધી માત્ર સહન કરવાનું જ આવ્યું છે અને તે સહેવાનું કઈ કઈ રીતે, કઈ કઈ ભાવનાથી, કયા કયા હેતુમૂલક ઉદ્દેશથી, કઈ કઈ જ્ઞાન વિકાસક સમજણથી, તે બધું વિગતથી ગાયું છે. તે ઉપરાંત, અનુભવનાં

બીજાં ગીતો ગાયાં છે, તે બધાં જુદી જુદી ભૂમિકાનાં છે અને જેમ જેમ સાધના શ્રીપ્રભુકૃપાથી થતી ગઈ હતી, તેમ તેમ તેનાં પાસાં ઉકેલાતાં ગયાં છે, તે તે રીતે બધું લખાયું છે, સાધનામાં પણ તપ અનિવાર્ય છે અને તપની પાછળ ભાવનાથી ધબકતું અને રણકતું હૃદય જો ન હોય, અપાર અને અફાટ એવો હૃદયનો ઉત્સાહ ન હોય, તો તેમાંથી કશો ભલીવાર પ્રગટી શકે નહિ. ભગવાનની કૃપાથી એવું તપ **આ જીવ**થી થયેલું છે. તપ વિના જીવનનો વિકાસ શક્ય નથી. જીવનવિકાસની સાધનાના કેંદ્રમાં તપની અનિવાર્યતા ખરી. આ પ્રકારની સમજણથી આ ચોપડીનું નામ મેં **'જીવન તપ'** આપ્યું છે.

વાચકો આ પુસ્તકનાં લખાણને સહૃદયતાથી વાંચશે એવી ભાવના સાથે વિરમું છું.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **મોટા**

તા. ૨૨-૬-૧૯૭૨

❑

## ૧૧. જીવન આહ્‌લાદ

હિમાલયની ગુફામાંથી કથું છું હું ન કથની **આ,**
રહીને કર્મ વ્યવહારે બધાં સાધન થયેલાં શાં ! ૧
કશાનાં મારવાં ગપ્પાં, કશી હિંમત ન મુજમાં છે,
થયાં સાધનની મેં સ્પષ્ટ રજૂઆત જ કરેલી છે. ૨
જીવનમાં જે રીતે વર્ત્યો રજૂ કર્યું સર્વ મેં તે તે,
જરા પણ અતિશયોક્તિને દીધી છે પેસવા ના તે. ૩
બધો ઈતિહાસ, જીવનની થયેલી સાધનાનો તે
-કૃપાથી મેં **હરિ**ચરણે નિવેદનરૂપ કથિયો છે. ૪
બધો હિસાબ મુનીમ દે લખી લખીને દિવસ અંતે,
બધું મુજ શેઠની આગળ કથ્યું તેમ જીવન અંતે. ૫

• • •

મને સાધનનો ઈતિહાસ હૃદય લખવા જ પ્રેરીને
-ત્યહીં કેટ કેટલાં પાસાં ઉકેલાવ્યાં જીવનનાં છે ! ૬
જુદાં જુદાં જીવનપાસાં વિશે કેવું ટકાયું છે !
થયું ત્યાં કેવું વર્તન તે નિખાલસતાથી કથિયું છે ! ૭
'ટકાયું શી રીતે ત્યાં ત્યાં, જવાતાં હારી પથમાં તે,'
-થયું શું શું, બધું તે તે કૃપાથી વર્ણવેલું છે. ૮
બડાશો કોઈકને તેવા કથેલામાં કદીક લાગે,
જીવનનું સાધનાહાર્દ હજી જાણ્યું ન છે તેણે, ૯
છતાં સૌ સ્પષ્ટ જે જેમ કૃપાથી તેમ કથવાને
-થયો જો દોષ ભૂલથી હો, ક્ષમા માગી લઉં ચરણે. ૧૦

**આ** શરીરને ફેફરાનો રોગ થયો હતો, તે કાજે શ્રીનર્મદામૈયાનાં ચરણકમળમાં નર્યા એકાંતનો લાભ લેવા

શ્રીપ્રભુકૃપાથી મારે જવાનું થયું હતું. ત્યાં એક સાધુ મહાત્માએ શરીરને ફેકરું આવતું હતું, તે દૃશ્ય અનેક વાર નિહાળ્યું. તેમના દિલમાં મારા પરત્વે કરુણાની ભાવનાનો ફુવારો ઊછળ્યો. તેથી, તેમનું દિલ પ્લાવિત થઈને મારા ઉપર કૃપા કરીને તેઓશ્રીએ મને સૂચવ્યું, 'ભાઈ, તું ભગવાનનું સ્મરણ કર. **હરિઃૐ, હરિઃૐ** એમ જપ્યા કર. જો એમ કરશે તો શ્રીપ્રભુકૃપાથી તારો શરીરનો રોગ મટી જશે.'

પરંતુ ખરું પૂછો તો તે કાળે મને એવું ભગવાનનું સ્મરણ કરવાથી શરીરના ફેફરાનો રોગ મટી જાય, એવો દિલમાં મુદ્દલે વિશ્વાસ ન હતો. મહાત્મા ગાંધીજી, ભગવાનનું સ્મરણ કરતા હતા, અને નિત્ય પોતાની પાસે માળા પણ રાખતા હતા, તે હકીકતની મને પૂરેપૂરી ખબર હતી. તેથી, મેં પૂજ્ય શ્રી ગાંધીજીને એક કાગળ લખ્યો. તેમાં ઉપરની બધી હકીકત લખી જણાવી.

પૂજ્ય શ્રી ગાંધીજીએ મને તરત કાગળનો જવાબ વાળ્યો કે ભગવાનનું સ્મરણ કરવાથી તો રોગમાત્ર મટી જાય. તેમનાં વચનમાં મને સંપૂર્ણ ભરોસો. તે પછીથી મેં ભગવાનનું સ્મરણ લેવા માંડ્યું. લેવા માંડ્યું એટલું જ નહિ, પરંતુ દૃઢ મક્કમ નિશ્ચય કર્યો અને વ્રત લીધું કે રોજનું અઢી કલાક તો સ્મરણ કરવું, કરવું ને કરવું જ. ન થાય તો તે દિવસે મુદ્દલે જમવું નહિ. આમ, હું તો કરવા લાગ્યો.

સ્મરણ અઢી કલાકથી પણ વધારે થતું. એક તો રોગ મટાડવાની ગરજ. વળી, સ્મરણ લેતાં લેતાં કદી મને કંટાળો આવ્યો ન હતો. દરેક પંદર દિવસ પછીથી પાંચદસ મિનિટ ઉમેરતો જતો હતો. એમ ત્રણ માસમાં રોજનું ચાર કલાક

ઉપરાંત ભગવાનનું સ્મરણ થવા લાગ્યું. તે ભગવાનનું કરવું કે તેટલામાં શરીરનો ફેફરાનો રોગ મટ્યો.

આ ગાળામાં ભગવાનનું સ્મરણ લેતાં લેતાં જીવનમાં મને ઉત્સાહ, ઉમંગ, ખંત, ઉદ્યમ વગેરે વગેરે મળતું જતું લાગતું હતું- મારે દિલ તે બધું સંપૂર્ણ વાસ્તવિકપણે હતું. એક તો રોગ મટ્યો અને બીજું ગુણો વધવાનો અનુભવ મળ્યો. તેથી, દિલમાં દિલથી બેવડો પ્રોત્સાહિત થઈને શ્રીહરિનું સ્મરણ વધારતો ગયો. સ્વપ્રયત્ને અને દિલના આનંદ, ઉમંગ અને ઉત્સાહથી સ્મરણનો સમય ચૌદ કલાક સુધી તો પાંગર્યો. તે પછીથી કેમેયે કરતાં મુદ્દલે આગળ વધાય જ નહિ. આ ગાળામાં શ્રીપ્રભુકૃપાથી દિલમાં દિલથી જીવનના ધ્યેયનું ભાન જાગી ગયું હતું. જીવનમાં હવે આ એક જ કર્મ ઘણું ઘણું મહત્ત્વનું છે, તે પણ ગળે ઊતરી ગયું હતું. વળી, આવાં બધાં કર્મ શ્રીપ્રભુપ્રીત્યર્થે જ કરવાનાં છે, એવી તે કાળની સભાનતા મારા દિલમાં પ્રવર્તી ગયેલી હતી.

પછીથી તો ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના બોદાલ ગામે એકાંતમાં એક ખેતરમાં ઝાડની નીચે હું સૂતો હતો. પડખે જ એક બાજુ સદ્‌ગત શ્રી ઠક્કરબાપા અને બીજી બાજુએ શ્રી શ્રીકાંત શેઠ. સાપ કરડ્યો તે વેળાએ જ વીજળીના ઝબકારાની પેઠે મારા દિલમાં થયું કે જીવનધ્યેય હજુ સંપૂર્ણ સધાયું નથી, ત્યાં સુધી મૃત્યુને વરવું નથી. સ્મરણની સાધના રોજની ચૌદ ચૌદ કલાકની થયેલી હોવાથી, એક એવો ટકોરાબંધ જીવતોજાગતો ચેતનાત્મક નિશ્ચય જીવનમાં પ્રગટી ચૂક્યો હતો જ. એ નિશ્ચયે સાપના ઝેરનો ભયંકર સામનો કરવાને મારા

દિલને તેણે (નિશ્ચયે) ખૂબ મક્કમ કરાવ્યો. એક બાજુથી સાપનું ઝેર તદ્દન બેભાન બનાવી દઈને (ભયંકર, તીવ્ર, ઉત્કટમાં ઉત્કટ વેદના પ્રગટાવીને) શરીરને મૃત્યુમય બનાવવાને પ્રયત્ન કર્યાં કરતું હતું અને બીજી બાજુથી જીવનનું ધ્યેય પ્રાપ્ત થયું નથી, ત્યાં સુધી મૃત્યુને ન વરવાનો દૃઢ મક્કમ જીવંત નિશ્ચય, તેનો ભારે સામનો કર્યાં કરતો હતો. આવો તુમુલ સંગ્રામ રચાયો ત્યારે હરિજન સંઘના બધા જ કાર્યકર્તાઓ પણ ત્યાં હાજર જ હતા. જેમાંના આજે પણ હજી ઘણાખરા જીવે છે. મોટેથી હું તો **हरि** સ્મરણ કર્યાં જ કરતો. કેટલાયે બધા મને પૂછ્યા કરતા. કોઈને કશો ઉત્તર દેવાતો જ ન હતો. બસ, એકમાત્ર **हरि** સ્મરણની ધૂન લાગી હતી. આવો પ્રસંગ કે જે ભયંકરમાં ભયંકર અને જેની કસોટીમાંથી- પરીક્ષામાંથી પાર ઊતરવું, મહામુશ્કેલમાં મુશ્કેલ હતું. શ્રીભગવાનની કૃપાથી તેમાંથી પાર ઊતરી શકાયું અને તેમાંથી સ્મરણની અખંડતા પ્રગટી. આ છે સ્મરણની સાધનાનો નાનકડો ઈતિહાસ.

આવું સ્મરણ લેવાતાં લેવાતાં, એવા સ્મરણની ધૂનની તાનમાંથી, એકાગ્રતા થતાં થતાં, દિલ લાગી જતાં, હૃદયમાં એક પ્રકારનો ભાવ ઊભરાવા લાગ્યો. એવા ભાવનાં મૂળમાંથી શ્રીપ્રભુકૃપાથી **આ જીવ**ને પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન, ત્યાગ, પરમાર્થ, સત્કર્મ, સમર્પણ, સન્મુખતા આદિ સાધન ફૂટતાં ગયાં, અને તે તે પ્રમાણે વર્તાતું જવાયું. ભાવનાને સાકાર કરવાથી જ હૃદયનું સુષુપ્ત શક્તિબળ જાગૃત થવા માંડે છે, તેનો પણ મને હૃદયમાં હૃદયથી હૃદયનો અનુભવ થયો. તે રીતે મને અનેક પ્રકારનાં સાધનો ઊગ્યાં છે. શ્રીપ્રભુકૃપાથી તે

તે કરતો ગયો છું. તે બધાંનો કંઈક ઈતિહાસ **આ 'જીવન આહ્‌લાદ'**માં છે.

**આ 'જીવન આહ્‌લાદ'**માં ચરણ, હુકમ, શ્રીસદ્‌ગુરુ વગેરે વગેરે ઉપર શ્રીપ્રભુકૃપાથી લખાયું છે. તે તે સાધન કયા હેતુથી અને કેવા ભાવથી **આ જીવ**થી આચરાયાં છે, તેનું યથાયોગ્ય વર્ણન શ્રીપ્રભુકૃપાથી થયેલું છે. **શ્રીહરિ**ની ભક્તિમાં જેનો હૃદયનો થોડોઘણો પણ ચંચુપ્રવેશ છે, તેવાંને તે તે સાધન વિશે જે જે કંઈ વર્ણન થયેલું છે, તેમાં તેની યથાયોગ્ય વાસ્તવિકતા જણાયા વિના રહેશે નહિ.

આ ઉપરાંત, મારા જીવનના સાધનાના કાળમાં જીવનનાં જે જુદાં જુદાં પાસાં ઊપસેલાં હતાં, તે તે પાસાંમાં કેવી રીતે વર્તાયું છે, અને તે તે પાસાંમાં શું શું થયું છે, અને ક્યારેક ક્યારેક તો ઉગ્ર, તીવ્ર સામનો પણ કરવો પડેલો છે, તેવી જીવનની સમસ્યાઓનો રસિક અહેવાલ અને **આ જીવ**નો તે તે કાળનો વર્તન ઈતિહાસ, તેવાં ભજનો તથા ગીતોમાં આલેખાયો છે.

જીવનના શ્રેયાર્થીને આ ભજનગીતો વાંચવામાંથી યત્કિંચિત્ ભાથું મળશે, તેવો મને વિશ્વાસ છે. એક તો શરીરમાં કેટલાક રોગ એવા છે કે જેની ભયંકર વેદના સતત પ્રગટ્યા કરેલી રહ્યા જ કરે છે. તે વેળાએ આવાં ભજનગીતો લલકારવાં તે મારા માટે એક ખરેખરો લહાવો છે. મને કેટલાંક સ્નેહીજનોએ આમાં પ્રોત્સાહિત પણ કર્યો '(મોટા, તમે તમારે લખ્યે જાવ, અમે તે પ્રકાશન કરવાનો બધો ખર્ચ આપીશું.)' એક તો સાધનાકાળના જીવનનો શ્રીપ્રભુકૃપાથી ઈતિહાસ

લખાતો, જીવનનાં કેટલાંય પાસાં ઉકેલાતાં હતાં, તે મારા માટે તો આનંદ અને ગૌરવની હકીકત હતી. વળી, આ ભજનગીતો એકધારાં હું લખ્યાં જ કરતો. વચ્ચે ક્યાંય અટકબટક થાય જ નહિ. આ હકીકત કોઈને માન્યામાં આવે એટલા માટે કોઈક કોઈક કને હું તે ભજનગીતો એકધારું મોટેથી બોલ્યે જઈને ઉતરાવતો જતો હતો.

**આ 'જીવન આહ્‌લાદ'**માંનાં ૩૦૮ ભજનગીતો માત્ર થોડાક જ દિવસમાં લખાઈ ગયેલાં છે.

આવાં બધાં ભજનગીતો એકધારાં, એકસામટાં, માત્ર થોડા જ દિવસમાં લખાઈ જાય તે જ પુરવાર કરી આપે છે કે 'મોટા'ના દિલમાં તે તે પરત્વેની અનુભવની સમજણ કેટલી બધી જીવંત હતી.

વળી, આ ભજનગીતોમાં એક નિમ્ન છેડાથી લઈને માત્ર આઠ આઠ લીટીમાં વર્ણન કરતાં કરતાં અંતે તો તે ઊર્ધ્વ પ્રકારના જીવનનું દિશાસૂચન બતાવે છે. તે આવાં ભજનગીતોની વિશેષ, ઓર ખૂબી છે, તેવું મને તટસ્થપણે લાગ્યું છે. મારા પોતાના જ વક્તવ્યને માટે આવું સ્પષ્ટ લખવું તે યોગ્ય નથી, તેમ છતાં લખ્યું તો છે જ. જેમ આવ્યું તેમ ભરડી માર્યું છે.

**આ 'જીવન આહ્‌લાદ'**માં મળેલાં સ્વજનોને મેં બહુ જ સ્પષ્ટપણે સંબોધ્યાં છે, જે વાંચી તેઓ તેમના ઉપર અને મારા ઉપર કૃપા કરશે, એવી હૃદયની પ્રાર્થના છે. આવાં સ્વજન ગીતોમાં રહેલો મારા હૃદયનો ભાવ, તેનો સ્વજન સદ્‌ભાવથી અને જો જીવનધ્યેય દઢાયું હોય, તો તેને ખીલવવાને સ્વજનનાં ભજનગીતોના હાર્દને પ્રેમથી તેઓ સ્વીકારીને, યોગ્ય ભાવે

સ્વીકાર કરીને, પોતાના જીવનને જો તેઓ વાળવાનો પ્રેમભક્તિપૂર્વકનો પુરુષાર્થ કરશે, તો અંતે ઉભયને લાભ જ છે. ગણિતમાં બે ને બે ચાર થાય એ હકીકત જેમ નક્કર અને વાસ્તવિક છે, તે રીતે જ આધ્યાત્મિક વિજ્ઞાનની દૃષ્ટિએ જે યોગ્ય સમજણ જીવનના ધ્યેયવિકાસના હેતુએ સ્વજનનાં દિલમાં પ્રગટેલી હોવી ઘટે, તેવો ભાવ અને હેતુ મળેલાં સ્વજનોને સન્મુખ ધારીને, મેં તે તે સ્વજનોનાં ભજનગીતો ગાયાં છે. એ વાંચવાથી કદી કદી કોઈક સ્વજનનું દિલ દુભાય, તો તેઓ મને ક્ષમા કરે. સ્વજનને લખાયેલાં ભજનગીતોમાં ભાઈ સોમાભાઈ ભાવસાર પાસે તે ઉતરાવતાં ઉતરાવતાં તેમાં કોઈ પ્રકારની અયોગ્યતા તો નથીને એમ પણ વિચારી જોયું છે ખરું. મળેલાં સ્વજનોએ મારાં કેવાં કેવાં ખૂન કરેલાં છે, તે પણ મેં સ્પષ્ટ લખેલું છે. કેવું કેવું નકારાત્મક વિચારીને તે લોકે તેમના પોતાના જ જીવનનું અઘટિત કર્યું છે. તે વિશે તો તેઓ યોગ્યપણે વિચારી લે તે ઉત્તમ. એટલી વાત તો ચોક્કસ કે આ ભજનો-આ સ્વજનો પરત્વેનાં ગીતો-લખતાં લખતાં મારા દિલમાં તેમના પરત્વે કેવી સઘન અને તીવ્ર સભાનતા પ્રગટેલી હતી, તેનું દર્શન તે તે ગીતો વાંચતાં તેમને થયાં વિના રહેશે નહિ. જીવન પરત્વેનું સત્ય યથાયોગ્ય રીતે અને તેના યથાયોગ્યપણામાં જ્યારે કથવાનું આવે, ત્યારે આખાબોલા થયા વિના ચાલી શકતું નથી. તે સત્ય જીવનના શ્રેયાર્થીને ગળે ઊતરતાં વાર તો ન લાગવી જોઈએ, અને જો ગળે જ ન ઊતરે તો તે શ્રેયાર્થી નથી. અનેક મળેલાં જીવો કંઈ કંઈ પ્રકારની આશા, અપેક્ષાઓ 'મોટા' દ્વારા ફળીભૂત થાય એમ ઈચ્છે. હું તો કેટલીયે વેળા તેમના તેમના

કથનમાં તાદાત્મ્યભાવે સહાનુભૂતિ દઢાવીને, તેવું તેવું બોલતો પણ હોઉં, તેમ છતાં તેવું થવું કે ના થવું તે કાંઈ મારા હાથની વાત નથી. જીવનમાં કંઈ કશામાંથી છટકી જવાનું કદી કર્યું નથી. ભાગી છૂટવાનું તો જાણ્યું જ નથી. તેથી, તે તે સ્વજનોને માટે તેવી તેવી આશા, અપેક્ષાઓ, માગણી વગેરેને માટે **श्रीहरि**કૃપાથી પ્રાર્થના કરવાનું **આ જીવ** ચૂક્યો નથી. આના પણ પ્રત્યક્ષ જીવતાજાગતા સાક્ષી છે. તેવી તેવી પ્રાર્થના કરતી વેળાએ કોઈક જીવ હાજર હોય તો તે જીવ 'મોટા' આવા પ્રકારની પ્રાર્થના કરે છે, તે તેને પ્રત્યક્ષપણે શ્રીપ્રભુકૃપાથી બતાવાયું છે. કેટલીક પ્રાર્થના ફળેલી પણ છે, પરંતુ તેમાં ખરું મહત્ત્વ તો **श्रीहरि**ના સામર્થ્યનું છે, કૃપાબળનું છે. **આ જીવ**નું કશું નથી.

તમારું દિલ સંપૂર્ણ તમે ક્યાં અર્પી દીધું છે ?
વિના દીધા કશું મળવું ન વ્યવહારેય શક્ય જ તે.
અમારાથી જ મેળવવા તમારી મનની મરજી જો,
મળી, હળી ને ભળી દિલમાં ગળી **एक** થઈ જુઓ.
મદદ દીધી, ન ના તેની, પરંતુ તેય દેતી પળ
-હતી કેવી તમારામાં હૃદય સભાનતા તીવ્ર ?
હૃદયની ભાવના પર ને હૃદય સમજણ પરે શો તે !
હૃદયની જાગૃતિ પર શો પૂરો આધાર તે તે છે !

કેટલાંક મળેલાં વળી મને કહે, 'મોટા, તમારી સાથે આટલાં બધાં વર્ષો ગાળ્યાં છતાં અમારું તો કંઈ કશું ન વળ્યું'. ત્યારે મારે તેમને કહેવાનું થાય છે કે દિવસના ચોવીસ કલાકમાં તમારાં મનાદિકરણોમાં અને હૃદયમાં 'મોટા'ને તમે કેટલા કલાક જીવતો રાખ્યો છે ? તેનો પ્રત્યક્ષપણે બધાં સ્વજનો વિચાર કરી જુએ, તો તેમને તેવું બોલવાપણામાં કેટલી વાસ્તવિકતા છે, તે

તેમને સમજાઈ જશે. વર્ષના ગાળામાં પાંચદસ વાર આપણે મળ્યાં કે એકાદ દિવસ સાથે રહ્યાં, તેથી કશું વળી ના શકે. તે તો દિલમાં દિલથી તે પરત્વેની ઉત્ટક તીવ્રમાં તીવ્ર લગની લાગી ગયેલી હોવી જોઈશે. તે વિના તો કંઈ કશો પત્તો ખાવાનો જ નથી. સ્વજનોને લખાયેલાં ભજનગીતોમાં આવી બાબતોના **શ્રીહરિ**કૃપાથી જવાબ વાળેલા છે. કેટલાંક મળેલાં સ્વજનો તો મને કરેલી મદદનો પણ ઉલ્લેખ કર્યા કરે છે. તેનો પણ જવાબ મેં ભજનગીતોમાં વાળ્યો છે.

આ ભજનગીતોમાં મારી ભાષા, તદ્દન સીધી સાદી, સામાન્ય માનવી પણ સમજી શકે તેવા પ્રકારની છે. આને હું કાવ્ય ગણતો જ નથી, પરંતુ કાવ્યના લયમાં ગાતાં ગાતાં હૃદયમાં એક પ્રકારની ઝલક પ્રગટે છે અને તે રીતે વ્યક્ત થવાતાં જતાં ભાવનો જુસ્સો પણ કદીક તેમાં વ્યક્ત થાય છે. વિચારની સરળતા પણ બહુ સારી રીતે પ્રગટે છે. ગદ્યમાં જો લખવાનું હોય તો જે ઘણું બધું લખવું પડે, તે આવાં જોડકણાં દ્વારા બહુ થોડામાં પતી જાય છે. એટલે મને ગદ્ય કરતાં પદ્ય વધારે ફાવે છે. સાનુકૂળ પણ છે. મારા લખેલા ગદ્ય કરતાં પદ્ય વધારે સરળ છે.

**આ 'જીવન આહ્‌લાદ'**નાં ભજનગીતો વાંચવાથી જીવનના શ્રેયાર્થીને હૃદયમાં ઉત્સાહ, પ્રેરણા અને મદદ જો મળેલાં લાગશે તો કૃતાર્થ થઈશ.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**

તા. ૨૪-૩-૧૯૭૨

❑

## ૧૨. જીવન અનુભવ ગીત

આ જીવના શરીરને આરામની જરૂર હતી અને ખાસ કરીને **'જીવનગીતા'**ની ત્રીજી આવૃત્તિ જે હવે છપાવવાની છે, તેમાં કેટલાક શ્લોકોનું વધારે સ્પષ્ટીકરણ કરવાનું દિલ પણ હતું. તેથી, એવું કોઈક એકાંત મળે કે જ્યાં કોઈ મને મળવા-કરવા ન આવી શકે, તો જ મારાથી તેવું બધું લખાઈ શકાય, કારણ કે આશ્રમમાં તો જે તે બધાં મળવા આવ્યા જ કરે અને તેથી નડિયાદ, સુરત આશ્રમમાં તેવું લખાઈ શકવાનું તો બને જ નહિ. તેથી કરી અમે દક્ષિણ ભારતમાંના હરિઃૐ આશ્રમે, કુંભકોણમ્ જવાનું નક્કી પણ કરી દીધું હતું જ.

તેવામાં સંજોગોવશાત્ અમારે શ્રી રમણભાઈ અમીન (એલેમ્બિકવાળા)ને ત્યાં વડોદરા તેમને બંગલે જવાનું થયું અને અમારા કુંભકોણમ્ આશ્રમ જવાની વાત નીકળી, અને તેનો હેતુ પણ કહ્યો. ત્યારે તેમણે સૂચવ્યું કે એવી જ સગવડ તમને મહી નદીને કિનારે ફાજલપુર ગામે અમારો એક બંગલો તદ્દન એકાંતમાં છે, તે તમે જોઈ જુઓ અને ફાવે તો ત્યાં જ રહો.

તે ઉપરથી અમે ત્યાં ગયા અને અમને તે જગા પસંદ પડી. શ્રીભગવાન કેવો કૃપાળુ છે કે એણે ઘર બેઠાં જ બધી સગવડ કરી આપી !

તા. ૨૨-૧૨-૧૯૭૦ની સવારે સાડા છ વાગ્યે અમે તે ઠેકાણે પહોંચ્યા. મારો વિચાર તો **'જીવનગીતા'**ના શ્લોકોનું સ્પષ્ટીકરણ કરવાનો જ હતો, ત્યાં તો મને તે દિવસની સવારના સાત વાગ્યાથી ગઝલો સ્ફુરવા લાગી અને તા. ૨૨-૧૨-૧૯૭૦ થી તા. ૧૨-૧-૧૯૭૧ સુધીના ૨૨ દિવસોમાં દરરોજ સવારે

કદીક સાત તો કદીક સાડા સાતથી તે સવારના સાડા નવ સુધી તે ગઝલો સ્ફુર્યાં કરતી અને લખાતી જતી. તેનો આ સમુચ્ચય છે. એનું નામ મેં રાખ્યું છે **'જીવન અનુભવ ગીત'** ! કારણ કે એમાં શ્રીપ્રભુકૃપાથી મારા જીવનમાં જે ભાવે, જે રીતે અને જે પ્રતીકથી મારા વહાલા પ્રભુને ભજ્યા છે, તે તે રીતે વ્યક્ત થતાં કરેલાં મને અનુભવાયાં છે.

ચરણની આ જીવે અનેક રીતે અને અનેક ભાવે પ્રેમભક્તિ કરી છે. તે ઉપરાંત, સ્મરણના એકનિષ્ઠભાવે, તે સાધનને, શ્રીપ્રભુકૃપાથી દોહરાવ્યું છે.

'ચરણ' એ તો એક સૂક્ષ્મ પ્રતીક તરીકે વપરાયેલું છે. જેમાં સામસામી બાજુનાં તદ્દન વિરોધાત્મક ગુણો-લક્ષણોનો સમન્વય થતો હોય, તેને જ સાચો અનુભવ ગણાય અને 'ચરણ'માં પણ એવી સામસામી બાજુનાં પરસ્પર વિરોધી લક્ષણોનો પ્રત્યક્ષ સમન્વય થયેલો હોય છે.

શરીરનાં દર્દની ગાથાને પણ એ જ ભાવે જેમ સ્ફુર્યા છે તેમ તે લખ્યે ગયો છું. હુકમ તથા આ જીવનની બીજી એવી ભાવનાની ભૂમિકાની ગઝલો જેમ જે સ્ફુરેલી છે, તેમ તેનો પણ આમાં સમાવેશ થયેલો છે.

રોજની વીસ ઉપરાંત પણ ગઝલો સ્ફુરતી અને તે લખતો ગયેલો છું. અમારી સાથે શ્રી રામભાઈ તથા શ્રી નંદુભાઈ હતા. આ જે ગઝલો છપાઈ છે, તે જેમની તેમ જ છે. જેમ સ્ફુરી અને જે ઝડપથી તે લખાતું ગયું, તેને તેના તે જ રૂપમાં તેમની તેમ જ રહેવા દીધી છે. તેમાં કશા જ સુધારાવધારા કરેલા નથી. આને હું કાવ્યમાં ગણતો નથી. આ તો મારા દિલના

ભાવનો માત્ર આછોપાતળો રણકો-રણકાર છે. મારા ભગવાનને મેં તે પ્રેમભક્તિભાવે નિવેદિત કર્યું છે.

વળી પાછું તે સાવ અંગત છે અને તે સમાજ નારાયણનાં ચરણકમળે એક હૃદયની પ્રેમાંજલિ-ભાવાંજલિ તરીકે નમ્રભાવે પુષ્પની જેમ મૂકું છું, જે મારો વહાલો સ્વીકારી લેશે એવી પ્રાર્થના છે.

મારા સ્નેહી ભાઈ રતિભાઈ સો. ભાવસારને મેં વડોદરામાં **'જીવન અનુભવ ગીત'** જે છપાય છે, તેનાં પ્રૂફ જોવાને લખ્યું હતું. અને મેં એમને તો મારા દિલના ખરા ભાવે લખ્યું હતું કે આ મારાં જોડકણાં છે અને સાચે જ એને કાવ્યની કોટિમાં તો મૂકી જ ન શકાય. તેવાં લખાણ ઉપરથી સ્નેહી ભાઈ રતિભાઈએ એના પ્રત્યુત્તરમાં જે લખ્યું છે તે નીચે ઉતાર્યું છે, જેથી, વાચકને આ જોડકણાંની બીજી બાજુનો પણ ખ્યાલ જાગી શકે.

'...અને ખરું કહું તો, આધ્યાત્મિક પરિપાટીનાં-જ્ઞાનભક્તિપૂર્વકનાં આ અનુભવગીતો વાંચતાં ભાવવિભોર બની જવાય છે ! પૂજ્યશ્રી ભલે આ જીવન-કવનને 'જોડકણાં' ગણતા હોય ! પણ, હું તો આ કૃતિઓને જ 'ખરી કવિતા' કહું છું.

કેમ કે, હૃદયના ભાવમય ઉદ્‌ગારોના ચિત્રનું જ બીજું નામ કવિતા એમ સમજું છું. કશાક કારણસર, કોઈ વસ્તુનો હૃદય ઉપર પ્રભાવ પડતાં જ્યારે હૃદયના ઉમદા ભાવ હૃદયમાં સમાતા નથી ત્યારે તે છંદબદ્ધ શબ્દોનું રૂપ ધારણ કરી અનાયાસે બહાર નીકળી આવે છે. એ જ ગીત કે કવિતા !

કવિતાનું ઉદ્‌ગમસ્થાન હૃદય છે, મગજ નહિ ! એની ભાષા અને એની ઢબછબ પણ ખુદ હૃદયની આગવી અને અનોખી હોય છે ! અને એટલે જ આવાં ભાવવાહી કાવ્યોને સોહામણા શબ્દોની, ઝળઝમકની કે કસબ-કારીગરીની કશી ગરજ હોતી નથી તેમ જ કાવ્યશાસ્ત્રના તંતોતંત નિયમોની પણ બહુ પડી હોતી નથી !

આ અર્થમાં, પૂજ્યશ્રીની આવી રચનાઓ જ સહજ-સરળ 'આધ્યાત્મિક સાહિત્ય કૃતિઓ' ઠરે છે. મારી ઉપરના પત્રમાં પૂજ્યશ્રીએ આ કૃતિઓને 'જોડકણાં' કહ્યાં છે, એ તો એમના દિલનો નમ્ર ભાવ સૂચવે છે. બાકી, ખરું જોતાં, પ્રભુની સ્મરણભક્તિ, આત્મ નિવેદન, દુઃખ-દર્દોની સહેતુકતા, અનન્ય શરણભાવ, સમર્પણભાવ અને હૃદયની ભાવુકતાના આ સ્વયં અનુભવિત અને સ્વયં સ્ફુરિત ઉદ્‌ગારોમાં જ ઊંચામાં ઊંચી કળા અને સત્યનું સૌંદર્ય દેખાઈ આવે છે ! મણિના અંદરના ભાગમાંથી સ્વયં પ્રકાશિત તેજ જેવું !

સાચે જ, શુદ્ધ, સજ્જ અને સમૃદ્ધ ચિત્તની બીજરૂપ અવસ્થાઓનું યથાર્થ નિરૂપણ કરતી આ કાવ્ય કૃતિઓનું દસ્તાવેજી મૂલ્ય ઘણું મોટું છે !

જોકે, એટલી વાત સાચી કે આમાં જીવનવિકાસની ઉચ્ચતર ભૂમિકાનાં સોપાનની જે અનુભવાત્મક હકીકત છે, તેની તો આ માર્ગના પથિકોને સમજણ પડ્યા વગર રહેશે નહિ.

આ સાથે એક બીજી વાત પણ જણાવું:-નડિયાદ, હરિઃૐ આશ્રમના મૌનમંદિરમાં શ્રીમતી પુષ્પાબહેન દલાલે પ્રેમભાવે

રોજના છસાત કલાકનું તપ કરીને આ બધી ગઝલો સારા અક્ષરે ઉતારી આપી છે.

પુષ્પાબહેનના મારા ઉપરના આવેલા એક કાગળમાં (આ ગઝલો ઉતારતાં ઉતારતાં) તેમણે લખ્યું છે, ‘જીવનતર્પણના ઈતિહાસ સમાં કાવ્યો ઉતારવાનું કામ ચાલુ છે. ગઝલો ઉતારતાં મને ખૂબ આનંદ આવ્યો છે. ભાવમસ્તી પણ પ્રગટ્યાં છે. ગઝલો ઉતારતાં ઉતારતાં કોઈક વાર આંખમાંથી અશ્રુઓ પણ સર્યાં છે...લખતાં લખતાં, ફરી ફરી તે ગાતાં,જે ભાવ-આનંદ જાગ્યા છે, તે તો અનેરા છે. મારે મન તો તે સહુથી મોટો પુરસ્કાર છે...સહુથી અમૂલ્ય તો આ ગાળામાં મને મળેલો આનંદ જ છે.’

વળી, તેમને શરીરે કરોડરજ્જુના મણકાની ગાદી ખસી ગયેલી હોવાથી અને તે દર્દમુક્તિ માટે બે વાર તો નસ્તરની પ્રક્રિયા થયેલી છે, તે કારણથી તેમનાથી અડધા કલાકથી વધારે બેસી શકાય તેવું હતું નહિ. તેમ છતાં તે લખે છે કે ‘રોજ ૬ થી ૭ કલાક પલાંઠી મારીને-વાળીને લખવાનું થતું હતું. પલાંઠી મારીને આટલા કલાક થાક્યા વગર લખવું, તે મારી શક્તિની બહાર છે !’ આ ઉતારો લખવાનો હેતુ તો એ છે કે આ ગઝલો એટલી સરળ છે અને મારા જીવનની ભાવનાની ભૂમિકાનો અસલ-અદલ પડઘો તેમાં શ્રીપ્રભુકૃપાથી પડેલો છે. પુષ્પાબહેન દલાલ આવા મારા જીવનના તેવા તબક્કાના જરાતરા માહિતગાર અને જાણકાર પણ છે અને આ ગઝલો એમને તેવો ભાવ જગાડી ગઈ છે, તે જાણી મને પણ હૃદયમાં રાજીપો જ થયો છે.

મૂળે-ગળથૂથીમાં જ વૈષ્ણવ કુટુંબના આચારવિચાર તેથી ચરણના મહિમાના સંસ્કાર દિલમાં તો ખરા જ. તેથી, ચરણની પ્રેમભક્તિ જીવનમાં એની કૃપાથી પ્રગટી અને એને વાચાથી વ્યક્ત થયાનું બન્યું, તે પણ શ્રીપ્રભુકૃપા જ છે. એવું જ બીજા પ્રકારની ગઝલોનું.

આ જોડકણાંથી કોઈ વાચકને થોડોઘણો પણ આનંદ પ્રગટશે, તો આનંદ પામીશ. બાકી, મેં તો ગાયું છે માત્ર મારે માટે જ. અને શ્રી રમણભાઈએ 'મોટા, અમારે માટે પણ કશુંક છાપવાનું કામ રાખજો જ !' અને એવી એમની ભાવભરી પ્રેમયુક્ત માગણીથી પ્રેરાઈ આ ગઝલો છપાવવાનું કર્યું છે.

ક્યાંક માત્ર ત્રણચાર ઠેકાણે ગઝલની લઢણમાં ટૂટ પડે છે, તે પણ નહિ જ જેવી, જે માટે સુજ્ઞ વાચકો ક્ષમા કરશે.

આ બધી ગઝલો જેમ લખાયે ગઈ છે, તેમની તેમ જ એ સર્વને છપાવી છે. ક્યાંય જરા સરખો પણ સુધારો તો કર્યો જ નથી.

શ્રી રમણભાઈ અમીને આ ગઝલો પુસ્તકાકારે છપાવી આપવાનું જે ભાવથી સ્વીકાર્યું છે, તે કાજે તો તેઓશ્રીનો ઋણી છું જ ! પરંતુ તે ઉપરાંત, અમને મહીસાગરને કિનારે તદ્દન એકાંતમાં એમના સગવડભર્યા બંગલે અમને જે સગવડ મળી છે, તેનો તો ઉપકાર કયા મોઢે કથું કે કઈ કલમે લખું ? તેમણે તથા શ્રીમતી ધીરજબહેને અમારી જે પ્રેમસંભાળ લીધી છે, એને હું તો શ્રીપ્રભુની પરમ કૃપાનું પ્રત્યક્ષ દર્શન-અનુભવ તરીકે સ્વીકારીને તે બંનેનો હૃદયથી આભાર માનું છું.

ભાઈશ્રી રમેશ ભટ્ટે આ બધી ગઝલોને ક્રમબદ્ધ કરી આપી અને શ્રી પુષ્પાબહેન દલાલે પ્રેમભાવે સારી રીતે ઉતારી આપી, તે કાજે તે બંનેનો ખરેખરા હૃદયથી આભાર માનું છું.

ઉપરાંત, શ્રી રતિભાઈ ભાવસારે ખૂબ પ્રેમભાવે આ પુસ્તકનાં પ્રૂફ તપાસવાનું સ્વીકારીને અમોને ઘણા સહાયરૂપ થવા માટે તેમનો પણ ખરા હૃદયથી ઘણો આભાર માનું છું.

હરિઃૐ આશ્રમ, સુરત - **મોટા**

તા. ૫-૩-૧૯૭૧

❑

## ૧૩. જીવન ચણતર

લાગ્યા વિના કંઈ કશાને કશું લાગતું નથી. જો લગાડવું હોય તો પહેલાં તે માટેની પ્રક્રિયાનું કર્મ 'લાગવું જોઈએ.' હવે પ્રશ્ન એ થાય છે કે લાગે કેવી રીતે ? જે બાબતમાં કંઈક લાગે એવું આપણે ખરેખરું હૃદયના ઊંડાણથી અને ઉત્કટમાં ઉત્કટ અભિલાષાથી ઇચ્છતાં હોઈએ, તો જે વિષયમાં લાગવાનું છે, તેનાં અનેક પાસાંઓનું મનન ચિંતવન કરી કરીને, તે વિષયના ઉત્તમમાં ઉત્તમ પાસાને એટલે કે જીવનનાં ઊર્ધ્વતમ ક્ષેત્રમાં ઉદ્યત થવું એ જ યોગ્યમાં યોગ્ય અને ઉત્તમમાં ઉત્તમ જીવનવિકાસ છે, એવી જે **જીવ**ને સાચેસાચી જીવંત સમજણ તે વિશેની પડી જાય છે અને તે અનુભવવાને કાજે જે **જીવ**ની પ્રચંડ જ્વાળામુખીના જેવી ભડભડતી અને ધગધગતી અને જલતી તમન્ના અગનભડકે બળી રહેલી છે, તેવા જ **જીવો** જીવનનાં ઊર્ધ્વતમ ક્ષેત્રના ધ્યેયને સાકાર કરી શકશે. બાકીનાંનું આ વિષયને સાકાર કરવાનું ગજું નથી. તેમ છતાં માનવી જીવનના અનેક પ્રકારનાં પાસાંઓમાં **હરિ**માર્ગ પરત્વેનું જીવન એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જીવન છે અને તે અનુભવવાને પાત્ર છે, એવું જેને લાગતું હોય, એવા **જીવો** સાધારણ રીતે પ્રમાણિકતાથી અને વફાદારીથી સક્રિયપણે તે વિષયમાં થોડુંઘણું પણ જો મથતાં હોય, તો તેવા **જીવો**ને તે ઊર્ધ્વતમ જીવન પરત્વેના સંસ્કાર કેળવાશે. આ માટે પણ ખાંખતવાળા અને ઉદ્યમશીલ અભ્યાસની જરૂર તો ખરી જ.

## અભ્યાસ એટલે :-

(અનુષ્ટુપ)

દારૂ પીધો ઘણો હોય, નશો ઘેન ચઢેલ છે,
રોજના કિંતુ અભ્યાસે ચાલ્યો તે ઘેર જાય છે,
કેવું અભ્યાસનું તેથી જીવનમાં મહત્ત્વ છે !
વૃત્તિને ટાળવા કાજે અભ્યાસ માત્ર સાધન. ૧-૨
અભ્યાસ એટલે માત્ર તે પ્રકારનું વાંચવું
-એવો એનો ન છે અર્થ, એનો ગૂઢાર્થ ઑર શું !
અભ્યાસની પ્રમાણેનું પ્રત્યક્ષ વર્તવું સદા,
ભાવ તે વર્તવામાં ત્યાં હોવો ઘટે પૂરો તદા. ૩-૪
તો જ યોગ્ય પરિણામ આવી શકે, પ્રમાણવું,
વિના ભાવ થયેલું સૌ યોગ્ય ના પરિણામનું. ૫
અભ્યાસે તેથી તો ભાવ હોવો જીવંત શો ઘટે !
અભ્યાસ નિત્ય રોજિંદો રહેવાથી, ભાવ ત્યાં જ છે. ૬
જે અનુભવવાનું છે તેને માટેનું મંથન
-કર્મ દ્વારા થતું રહે, તે 'અભ્યાસ' નામ સાર્થક. ૭
દેશ આગળનો જે છે જેનાથી ભાવ તેતણી
-લાગતી દિલમાં રહે છે, એવી 'અભ્યાસ'ની ખૂબી. ૮
શું સંપૂર્ણ કરાવે છે ખુલ્લામાં ખુલ્લું અંતરે !
એવો 'અભ્યાસ' જીવંત તેનું તે પરિણામ છે. ૯
સાધન જે સ્વીકારેલું તેની તેવી ક્રિયા વડે,
ભાન પ્રકૃતિકેરું જે બદલાતું રહે ધીમે,
નિત્ય નિત્ય કરી ચાલ્યા અનંતગામી પંથને
-વટાવવાનું જેનાથી થાય, 'અભ્યાસ' જાણ તે. ૧૦-૧૧

અનુસંધાન જેનાથી ચેતના પ્રતિ થાય છે,
ને આકર્ષણ તે પ્રત્યે જેનાથી ઊમટ્યા કરે,
જેનાથી ચેતનામાં શું ડૂલી જવાનું થાય છે,
એને 'અભ્યાસ' તું જાણ, જેથી તત્ત્વ પ્રિછાય છે. ૧૨-૧૩
અભ્યાસનાં અનેકે છે સાધનો શાં જુદાં જુદાં !
જેના સ્વભાવને યોગ્ય જે સાનુકૂળ સર્વદા,
તેને વળગી રૈ'ને જે ચેતનાના પ્રવાહમાં
-વહ્યા જ કરતો લાગે, 'અભ્યાસ'નું પ્રમાણ ત્યાં. ૧૪-૧૫
જેનાથી બુદ્ધિ તેજસ્વી સૂક્ષ્મ ને પ્રાણવાળી જે
-બનતી જતી શી હોય ! અભ્યાસ પરિણામ તે,
તર્ક, દલીલ ને શંકા, કુશંકા ટળી જાય છે,
પક્વ અભ્યાસનું એવું ફળ અમૃતનું શું તે ! ૧૬-૧૭
માર્ગ વિકાસનો સીધો એકદમ ન હોય છે,
આડો ને અવળો, વાંકોચૂકો ચોદિશ હોય છે,
એવા માર્ગની જેનાથી શી હૈયાસૂઝ અંતરે
-પડ્યા કરતી લાગે છે ! તેને 'અભ્યાસ' જાણજે. ૧૮-૧૯
જે અનુભવવાનું છે સાકાર તે થવા હૃદે,
પ્રત્યક્ષ વર્તતું એને થવા આધારને વિશે,
મંથન એ જ હેતુથી કર્મ દ્વારા સધાય જે,
યોગ્ય અભ્યાસ જીવંત ઘડાવાને યથાર્થ તે. ૨૦-૨૧
ચોંટેલા જ્યાં છીએ ત્યાંથી જેનાથી ઊઠવું બને,
શો જ્ઞાનાત્મક હેતુનો તે ભાવાત્મક યજ્ઞ છે !
તેવા તે કર્મના યજ્ઞે હેતુકેરી સભાનતા
-જીવંત રહે, ખરે તેનું નામ 'અભ્યાસ' જાણ ત્યાં. ૨૨-૨૩

હોઈએ જ્યાં ત્યહીંથી જો ડગલું ખસવાનું તો
-થયા કરતું તે હોય 'અભ્યાસ' તો પ્રમાણવો.
'એક ને એકમાં ભાવે ઊંડા સંપૂર્ણ અંતરે
-જેનાથી કરી ડુલાય.' એને 'અભ્યાસ' જાણજે. ૨૪-૨૫

• • •

આવા પ્રકારનો અભ્યાસ શ્રેયાર્થીના જીવનમાં જીવતો-જાગતો, ચેતનાત્મકપણે તેના જીવનનાં બધાં કર્મોમાં સૌથી મોખરે તરી આવેલો, પ્રગટેલો હોવો જોઈશે. તેવા અભ્યાસમાં તેનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એકધારાં સક્રિયપણે પરોવાયેલાં રહેલાં હોવાં જોઈશે. આમાંનું કોઈ પણ એકાદ કરણ અભ્યાસમાં પરોવાયેલું હોય, તો તેથી ચાલશે નહિ. **શ્રીહરિ**નો માર્ગ એટલે જીવનનો સર્વાંગીપણે સંપૂર્ણ વિકાસ.

પ્રાકૃતિક જીવન એ જીવન તો છે ખરું, પરંતુ એ જીવનમાં સંપૂર્ણ શાંતિ, સંપૂર્ણ પ્રસન્નતા, સંપૂર્ણ તટસ્થતા વગેરે પ્રગટી શકવાની શક્યતા હોતી નથી, કારણ કે પ્રકૃતિનું બંધારણ જ દ્વંદ્વ અને ગુણનું છે. અને દ્વંદ્વના બંધારણમાં સંઘર્ષણ, અશાંતિ, ક્લેશ, અથડામણ, ગૂંચો, પ્રશ્નો, મુશ્કેલીઓ એવું બધું જન્મવાની વાસ્તવિકતા હોય જ છે. આવા બધા જીવનમાં આપણે તટસ્થતા, શાંતિ, પ્રસન્નતા સંપૂર્ણપણે જાળવી રાખવી એવી સામાન્ય **જીવ**ની શક્તિ હોતી નથી. એવી સ્થિતિ પ્રવર્તમાન હોવાને માટે તો એવા **જીવ**નું આંતરિક બળ, આંતરિક ભાવ અને **શ્રીહરિ** માર્ગના જીવન પરત્વેની ઉત્કટમાં ઉત્કટ અભિલાષા જીવતાંજાગતાં જાગી ગયેલાં હોવાં જોઈશે. આંતરિક શક્તિ મેળવ્યા વિના અથવા તો છતી થયા વિના કોઈ પણ **જીવ**થી

પ્રાકૃતિક જીવનના ઘમસાણમાં સંપૂર્ણ તટસ્થ, શાંત અને પ્રસન્ન રહેવાનું કદી બની શકતું નથી. અને તેવું પ્રત્યક્ષપણે જીવવાને માટે તેવા **જીવ**નું તે પરત્વેનું તેવા જીવનના ધ્યેયની ભાવના અને તેની સભાનતા તેવા **જીવ**ના દિલમાં સળગી ઊઠેલી હોવી જોઈશે, તો જ તે **આ** માર્ગમાં પા પા પગલી કરી શકશે.

જેમ સંસારવહેવારમાં આપણને કોઈ પણ પ્રકારનો ઉત્કટ સ્વાર્થ જાગે છે, ત્યારે તેવા સ્વાર્થની સભાનતા બીજું ગમે તે કંઈ કર્યાં કરતાં હોઈએ છીએ, તોપણ પેલા પ્રગટેલા સ્વાર્થની સભાનતા કંઈ અદૃશ્ય થઈ જતી નથી, બલકે ગમે તેટલી પ્રવૃત્તિમાં પડેલા રહ્યા કર્યાં હોઈએ, ત્યારે પણ એ ઉત્કટ સ્વાર્થની સભાનતા જીવતી આપણાં મનાદિકરણમાં પ્રગટેલી રહ્યા કરે છે. એવા પ્રકારનાં સ્વાર્થ, ગરજ, રસ, ઉત્કટ તમન્ના વગેરે જો લાગ્યાં હશે, તો તે જ તેના મનાદિમાં જીવતાંજાગતાં, તરવરતાં રહ્યા કરેલાં હશે. એવી તરવરતી ધ્યેયની સભાનતા તેને તે વિષયના ચિંતવનમાં કે તેના સક્રિપણામાં પરોવાવ્યા વિના રહી શકશે નહિ. જેમ કે પ્રાકૃતિક એટલે કે સાંસારિક જીવનમાં કોઈક એક વૃત્તિ જાગે છે, તો તેવી વૃત્તિ ખાલી ખાલી નીચું મોઢું ઘાલીને, ટૂંટિયું વાળીને રહી શકતી નથી. તદ્દન સામાન્ય અને સાધારણપણે અને પાછી ક્ષુલ્લક, મોળી એવી વૃત્તિ જાગે તો તે કદાચ સક્રિયમાન નહિ થાય, પરંતુ જેવો વૃત્તિનો વેગ તે પ્રમાણે તે સક્રિય થયા વિના રહેતી નથી. વૃત્તિ ગતિશીલ, સર્જનશીલ અને ક્રિયાશીલ છે. આવી બધી હકીકત આપણી બુદ્ધિ સ્વીકારી શકે એવી છે. તો પછી ઉચ્ચમાં ઉચ્ચ જીવન પરત્વેની જો અભિલાષા પ્રગટેલી હશે, તો તે

ગૂંચળું વળીને એમ ને એમ કેવી રીતે બેસી રહી શકશે ?

પ્રત્યક્ષ શ્રેયાર્થીએ જો **हरि** માર્ગે પ્રયાણ કરવું જ હોય, તો એને સંપૂર્ણપણે **हरि**નાં ચરણકમળ આગળ ખુલ્લું થવું જ જોઈશે. **श्रीहरि** પરત્વેની વફાદારી અને એકનિષ્ઠા અજોડ અને જીવતીજાગતી ચેતનાત્મક સળગેલી હોવી જોઈશે. એમાં એટલો બધો જુસ્સો વેગવાળો પ્રગટેલો હોવો જોઈશે કે તેવો જુસ્સો તેનો વિકાસ કરાવ્યા વિના રહી શકશે જ નહિ. જીવનમાં એવા પ્રકારના પ્રગટેલા જુસ્સાએ કંઈક **जीवो**ને ભગીરથ પરાક્રમ કરાવેલાં છે, એ ઈતિહાસની હકીકત છે. **श्रीहरि** માર્ગે જનાર શ્રેયાર્થીને આનાથી પણ વધારે સાહસવાળાં, હિંમતવાળાં, ધીરજવાળાં, સતત ઉદ્યમવાળાં એવાં અનેક ગુણોથી ભરેલાં એવાં મહાન મોટાં પરાક્રમો એમના ભાગે આવે છે. શ્રેયાર્થી સતત **श्रीहरि**માં પ્રેમભક્તિની એકનિષ્ઠાથી રમમાણ રહ્યા કરતો હોવાથી, તેવાને **श्रीहरि**ની ઓથ અને સહાનુભૂતિ ચેતનાત્મકપણે રહ્યા કરે છે. **श्रीहरि**ની ઓથ શ્રેયાર્થીને મનમાં માત્ર કાલ્પનિક હકીકત નથી હોતી. શ્રેયાર્થીના જીવનમાં **श्रीहरि**ની ઓથ એ તો એને દિલ એક જીવતીજાગતી વાસ્તવિકતા છે. તે જેમાં ને તેમાં **श्रीहरि**ની ઓથ ઉપર જ નભતો હોય છે. તેનાં સકળ દેખીતાં થયાં જતાં કર્મો ભલે એ પોતે કરતો હોય, પરંતુ દિલમાં તો 'તે **श्रीहरि**ની' ઓથથી જ થાય છે, એવું એને સતત લાગ્યા કરે છે. આમ, જેમાં ને તેમાં શ્રેયાર્થીને **श्रीहरि**ની સભાનતા મોખરે જીવતીજાગતી રહે છે. વળી, આમ જીવનના ધ્યેય પરત્વેની અગ્નિના જેવી ધગધગતી તમન્ના **श्रीहरि**નાં ચરણકમળમાં તેને અમર સ્થાન અપાવે છે.

હવે, એવી તમન્ના કેવી રીતે પ્રગટાવવી એવો કોઈ પ્રશ્ન પૂછે, તો જેવા પ્રકારનું આપણે જીવન જીવવું છે, તેના પરત્વેનું મનન-ચિંતવન અને તેવા જીવનનો આપણા જીવનમાં પ્રત્યક્ષપણે વાસ્તવિક રીતે ઉઠાવ થાય, તે રીતે એના જીવનની સર્વ પ્રકારની પ્રક્રિયા એણે ગોઠવવી જોઈશે. એવા સક્રિય અભ્યાસના પરિણામમાંથી ઊર્ધ્વ જીવન પરત્વેની તમન્ના જાગી શકે છે ખરી. તમન્ના વિના પ્રકૃતિનાં ક્ષેત્રે કોઈ કર્મ થઈ શકતું નથી. તેથી, **श्रीहरि**ના માર્ગમાં પ્રવેશવા માટે તમન્નાની હકીકત અનિવાર્ય છે.

લેખકના બે બોલમાં મારે તમન્ના માટે આટલું લખવાની એટલા માટે જરૂર પડી કે ઘણાં બધાં મને એ વિશે પૂછપૂછ કરે છે. મારા જીવનમાં પણ જો મને આગળ સતત ધક્કેલ્યા કર્યો હોય તો તે માત્ર એવી ધગધગતી તમન્નાએ જ. તમન્નામાંથી પછી લગની પ્રગટે છે અને એવી લગનીની ધૂન અને નશો મનાદિને એમાં ને એમાં ઝબોળેલાં રખાવે છે. એને લીધે સતત સ્મરણ, પ્રાર્થના, આત્મનિવેદન, ભજનકીર્તન, સમર્પણ, નિદિધ્યાસન—એવા અનેક પ્રકારનાં સાધનો **श्रीहरि** કૃપાથી થયાં ગયેલાં. કોઈ પણ એક સાધન લીધું અને તે સાધનમાં હૃદયના ભાવથી એકાગ્રતા જો પ્રગટી, તો તેમાંથી **श्रीहरि** કૃપાથી બીજું સાધન મળી જ આવે છે, એવો મારો **आ** સાધના માર્ગનો અનુભવ છે.

**आ** સાધના માર્ગમાં ધપતાં ધપતાં, જીવનનાં અનેક પાસાંઓમાંથી પસાર થવું પડે છે. એ જુદા જુદા તબક્કાઓમાં અનેક બધું મારી સામે આવીને પ્રગટ્યાં કર્યું હતું. એ બધાંની હકીકત **आ** ૩૦૪ ભજનોમાં વ્યક્ત થયેલી છે. પ્રત્યેક ભજનની

હકીકત જુદી જુદી છે અને તેમાંથી કેવી કેવી રીતે પસાર થવાનું બન્યું અને કેવી કેવી રીતે મુશ્કેલીરૂપે તે તે હતી, ત્યારે ત્યારે **શ્રીહરિ**કૃપાથી **આ જીવ**થી કેવી રીતે વર્તાયા કરાયું હતું, તેની સ્પષ્ટ હકીકત આ ભજનોમાં તાદૃશ્યપણે વર્ણવી શકાઈ છે.

**શ્રીપ્રભુ**કૃપાથી **આ જીવ**થી લખાયેલાં ભજનોમાં મારાથી થયેલી સાધનાનો ઈતિહાસ છે. ભલે એ તૂટકતૂટકપણે લાગે, પરંતુ ખરેખરા શ્રેયાર્થીને તેમાંથી તેને સળંગ એકસૂત્રતા મળી આવશે ખરી. શ્રેયાર્થીના દિલમાં જાગેલો ચેતનાત્મક વિશ્વાસ એ જ શ્રેયાર્થીનું સાચું બળ છે. **શ્રીહરિ**ના ઉપર જ આધાર રાખીને તે જેમાં ને તેમાં ઝઝૂમતો હોય છે. શ્રેયાર્થી હરહંમેશ **શ્રીહરિ**ને જ જીવતીજાગતી સભાનતાથી ચેતનાત્મકપણે મોખરે જ રાખ્યા કરે છે. **શ્રીહરિ** વિના એને એક પળવાર પણ ચાલતું હોતું નથી. **શ્રીહરિ**નો એવો દિવ્ય સાથ જીવનની ઊર્ધ્વમાં ઊર્ધ્વ ભૂમિકામાં એવાં જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ કરણો આવે છે, તેમાંથી એને ઉગારી લેવાને એકમાત્ર **શ્રીહરિ**ની કૃપાશક્તિ જ સામર્થ્યવાન છે, બીજા કોઈનું ત્યાં ગજું નથી.

આ **'જીવન ચણતર'**માં લગભગ ૩૦૪ ભજન-ગીતો છે. તે પ્રત્યેકની હકીકત જુદી જુદી છે. શ્રેયાર્થીના સંગ્રામની તેમાં હકીકત છે, મંથનની હકીકત છે. એ બધાં ભજનોમાં સર્વાંશે સંપૂર્ણ અનુભવની હકીકત નથી. કોઈક કોઈક ભજનમાં અનુભવની હકીકતો પણ છે.

ત્રણેક મહિના પહેલાં શ્રી કાંતિભાઈ કાંટાવાળા સાહેબ (ગુજરાત રાજ્યના માજી ચીફ ઍંજિનિયર સાહેબ)ના નિમિત્તે ભજનો લખવાનું શરૂ થયું અને તેનો પ્રવાહ **શ્રીહરિ**કૃપાથી ચાલ્યા કર્યો. તેમાંથી **'જીવન કેડી'**નાં ભજનો વહ્યાં કર્યાં અને **'જીવન**

**ચણતર'**નાં પણ. **'જીવન ઘડતર'**નાં થોડાંક ભજનો લખાયાં છે, પરંતુ હવે તે પ્રવાહ ઘણો જ મંદ પડી ગયો છે.

આધ્યાત્મિક જીવનના ઑલિયાઓ રહસ્યોવાળા. તેઓશ્રીના સૂક્ષ્માતીત અને ગુણાતીત કાયદાને પ્રકૃતિના ચોકઠાની સમજણની રીતે ગોઠવવા જતાં અને સમજવા જતાં તે મૂળ સત્ય તો માર્યું જ જાય છે. એટલું જ નહિ પરંતુ તેને બદલે તેનાથી તદ્દન ઊંધા પ્રકારનાં ફોતરાં તેમના હાથમાં આવે છે.

આ ભજનો માત્ર નર્યાં જોડકણાં જ છે. જોકે એમાં છેક છેલ્લે સુધીના અનુભવની હકીકત પમાતાં પહેલાં જે મથામણ શ્રેયાર્થીના જીવનમાં પ્રગટે છે, તેવા મંથનની હકીકત આ ભજનોમાં આવે છે ખરી. મારા જીવનમાં અનેક **જીવો**એ સહાનુભૂતિ પ્રેરી છે, ઘણો ઉત્સાહ પણ આપ્યો છે. મારાં પરમાર્થનાં કામમાં મદદ પણ કરી છે. તેમાંયે વિશેષ કરીને કેટલાક **જીવો** સવિશેષપણે મદદ કરનારા છે, તે બધાંનો જીવંત ખ્યાલ **શ્રીપ્રભુ**કૃપાથી મને છે. તેમના પરત્વેનું ઋણ હું પોતે ચૂકવી શકું તેમ નથી. તે તો મારો હજાર હાથવાળો ભગવાન કોઈ ને કોઈ રીતે ચૂકવ્યા વિના રહેવાનો નથી, તેનો મને જીવતોજાગતો ટકોરાબંધ આત્મવિશ્વાસ છે.

**જીવનનાં ઊર્ધ્વશ્રેત્રમાં જવાવાને માટે લીધેલાં કોઈ પણ સાધનને એકધારાં કેટલા પ્રમાણમાં આપણે પકડી રાખી શકીએ છીએ, એનું આપણે જો યોગ્ય તટસ્થતાપૂર્વક નિરીક્ષણ કરીશું, તો આપણને પોતાને જ પ્રત્યક્ષ જણાશે કે આ માર્ગમાં આપણે આગળ વધી શકીશું કે કેમ.** જે વિષયનું હાર્દ આપણે અનુભવવું છે, તે વિષય પરત્વેનું એકધારું, એકીટશે, જીવતુંજાગતું

ચેતનાત્મક મનન ચિંતવન જો રહ્યા કરતું લાગે, અથવા તો એવા પ્રકારની કોઈ જીવતીજાગતી મથામણમાં રહ્યા કરો છો તેવું જો બરાબર લાગી જતું હોય, તો **આ** માર્ગમાં નિશ્ચે આપણો સો ટકા વિજય છે. વફાદારીથી, પ્રમાણિકતાથી, એકનિષ્ઠાથી, ભાવનાપૂર્વક જે મથે છે તેને **શ્રીહરિ** મદદ કર્યા વિના રહેતો જ નથી, એવો મારો પોતાનો અનુભવ છે. એવા અનુભવનો રણકાર **આ** ભજનોમાં પણ વ્યક્ત થયો છે.

ધ્યેયની ઉત્કટમાં ઉત્કટ ધગશ લાગ્યા વિના તે પરત્વેની કોઈ કશી પ્રગતિ થવાની નથી. તેવી ઉત્કટ જીવતીજાગતી જેને ધગશ લાગેલી છે, તે જીવનમાં જણાયા વિના રહી શકતી નથી. શ્રેયાર્થીને ધ્યેય અનુભવવા માટેનો જે તલસાટ જાગે છે, તે તલસાટનું ખરું મહત્ત્વ અને ખરો મહિમા એ કોઈ ભક્ત જ જાણે છે.

**આ જીવ**થી ઘણાં પુસ્તકો લખાયાં, તેનો બધો સંગ્રહ શ્રી ઇંદુભાઈને ઘરે ટાઉન હૉલ પાછળ, ગુરુકૃપા ગેસ્ટ હાઉસમાં છે. મારી સાથે જે જે **જીવો**ને લાગણી છે, સંબંધ છે અને થોડુંઘણું પણ **આ જીવ**ને માનતા છે, અને જે **જીવો આ જીવ**ને અનેક વાર નમસ્કાર કરે છે, તેવા તેવા **જીવો**ને મારી વિનંતીપૂર્વક પ્રાર્થના છે કે મારાં પુસ્તકો ખપાવવામાં મને મદદ કરે, કારણ કે શ્રી ઇંદુભાઈનો ઘણો મોટો ઓરડો પુસ્તકોથી ભરચક થઈ ગયો છે. જેના જેના વાંચવામાં આ હકીકત આવે તેઓ પણ મદદ કરે અને બીજા પાસે કરાવડાવે.

આ બધાં કાવ્યો સવારના પહોરમાં વીજળીના શેકની કોથળીઓનો શેક લેતો લેતો અને સૂતાં સૂતાં **આ જીવ** ભજનો

બોલ્યાં કરતો અને કેટલાક મિત્રો તે લખી લેતા. રોજનાં ૨૦-૨૨ કે ૨૫ ભજનો લખાતાં. તેનો સંગ્રહ આ **'જીવન ચણતર'**.

આવાં પુસ્તકો વેચી આપવાનું કામ કેટલાક સેવાભાવી સજ્જનો પોતાની મેળે કર્યાં કરે છે. અને હરિઃૐ આશ્રમે પરમાર્થનાં ઉપાડેલાં કાર્યોમાં સ્વયં મદદની રકમ પણ મેળવી આપવામાં આવે છે, તે બધાંયનાં નામનો ઉલ્લેખ કર્યા વિના હૃદયથી ઘણો આભાર માનું છું. **આ** બધો મહિમા **શ્રીહરિ**ના નામના પ્રતાપનો જ છે.

**આ** શરીરને ઘણા રોગ છે અને તે પ્રત્યેક દર્દ વેદના પ્રગટાવે તેવું છે. શરીર ઘરડું થતું જાય છે અને રોગ જુવાન થતા જાય છે અને તેમાંય દમની અમૂઝણ તો બહુ ભારે છે. આવા બધા રોગોની વેદનાકારક અવસ્થામાં આ બધાં ભજનો લખાયાં છે, તે **શ્રીહરિ**કૃપાનું પ્રત્યક્ષ દર્શન છે.

**દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો,**
**એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો.**

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૩-૯-૧૯૭૨

❑

## ૧૪. જીવન દર્શન

પ્રભુકૃપાથી જીવનવિકાસના ભાવને કેળવવાને અર્થે આશ્રમની જે પ્રવૃત્તિ મળી છે, તે મારા જીવનને વ્યક્ત કરવાને માટે એક નિમિત્તકારણ પણ છે. તે દ્વારા મને કેટકેટલા જીવોનો સમાગમ થાય છે અને પ્રભુકૃપાથી તેમનાં જીવનમાં ભાગ લેવાનું બન્યા કરે છે ! દરેક જીવના જીવનનાં જુદાં જુદાં કોયડાઓ, ગૂંચો, મુશ્કેલીઓ, ઉપાધિ અને ચિંતાઓમાં તેનો ઉકેલ તથા તે બધાંમાંથી કેવી રીતે સરળતાથી પાર નીકળી શકાય, તે બધું તેમને તેમને દર્શાવતાં દર્શાવતાં જે સેવા કરવાનું બને છે, તથા તે રીતે તેમની મનની ભાવનાને જરા સરખી પણ ઊંચી કેળવવાનું બની શકે છે, તે મારા વહાલા પ્રભુની ભક્તિ છે.

જીવન ગુણ અને શક્તિ વિના કદી ટકી શકતું નથી, નભી શકતું નથી અને જીવનને તેના વિના ચલાવી શકાતું નથી. જીવનમાં તેની ઘણી જરૂરિયાત છે. જે કોઈને પણ ઉચ્ચ માર્ગે જવું છે અથવા તો સંસારવહેવારમાં જીવવું છે, તેવા તેવા જીવે પણ ગુણશક્તિનું સામર્થ્ય કેળવવું જ પડશે અને મેળવવું પડશે. તેની યથાયોગ્યતા જો નહિ પ્રગટેલી હોય, તો તે સંસારવહેવારમાં પણ ટકી શકવાનો નથી, તો તેનાથી ઉચ્ચ ક્ષેત્રની તો વાતો જ શી કરવી ? જીવનને યોગ્યપણે પ્રગટાવવાને માટે તેવા પ્રકારનાં ગુણ અને શક્તિ કેળવવાનાં અને તેવી જાતનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ પ્રગટાવવાનાં હેતુથી આ કાગળો ભાઈ હેમંતકુમાર નીલકંઠને લખાયેલા છે.

જે જે કાગળો જે જે કાળે લખાયેલા છે, તે કાળ પૂરતું તે જીવની તે કાળની યથાયોગ્યતા સમજીને તેટલા જ પૂરતું તેમાં

નિરૂપણ થયેલું છે. માટે, તેટલું જ છે અને તેનાથી કશું આગળ નથી એવું નથી. કોઈ પણ જીવને તેની જરૂરિયાત જેટલું મળી રહે તેટલું બસ છે. જે જે જીવે જીવનવિકાસને માર્ગે જવાનું છે, તેણે તેણે જીવનને ઊંચે પ્રગટાવવાને માટે દિલની ખરેખરી ભાવનાથી સતત પોતાને મળતાં જતાં કર્મવહેવારમાં કર્મને, તે તે ભાવે કર્યા કરતા રહીને, મનાદિકરણને ઘડવાનાં હોય છે. તેવો જ્ઞાનભક્તિ-પૂર્વકનો જીવતોજાગતો અભ્યાસ પાડ્યા વિના અથવા તો પ્રગટ્યા વિના ભાવનામાં સળંગતા કદી પ્રગટી શકતી નથી.

જે જીવ ભગવાનની કૃપા પર અવલંબન રાખવાનું કહેતા હોય છે અને તેવું ઈચ્છતા હોય છે, તેવા જીવનાં મનાદિકરણમાં એકમાત્ર ભગવાનની જ ભાવનાનું નિરંતર સતત અનુશીલન પરિશીલન તેના કર્મવહેવારમાં જીવતુંજાગતું જ્ઞાનભક્તિપૂર્વક જો પ્રગટ્યા કરતું હોય, તો કૃપા તો પ્રત્યક્ષ છે. જેણે ભગવાનની કૃપા ઈચ્છવી છે અને માગવી છે, તેવા જીવે ભગવાનને રુચે તેવો પૂરેપૂરો સંતોષ પ્રગટાવવો પડે છે. કેટલાક કહે છે કે ‘ભગવાનની કૃપા અહેતુકી છે.’ પરંતુ કંઈ કશું આપણા પોતાનામાં અમુક પ્રકારનું તેની યોગ્યતાને પાત્ર એવું પ્રગટ્યા વિના તે કૃપા આપણા પર વરસતી હોય અને તે ખરેખર વાસ્તવિકપણે વરસતી હોય, તોપણ તે આપણે અનુભવી શકવાનાં નથી અને તેનો યોગ્ય લાભ પણ ઉઠાવી શકવાનાં નથી તેમ નક્કી માનવું. ભગવાનની કૃપાને નામે આપણે તો બધું યદ્વાતદ્વા ચલાવવું છે અને પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવથી કરીને એવી રીતે વર્તવું છે, કે ભગવાન જો આપણી પાસે જાતે હાજર હોય, તો તેને આપણાં વર્તનથી કરીને એટલો બધો ત્રાસ થાય કે ના પૂછો વાત. આવા પ્રકારના જીવો જ્યારે

ભગવાનની કૃપાની વાત કરે છે, ત્યારે તેઓ જાતે જ પોતાની જાતને છેતરતા હોય છે. માટે, કૃપા કરીને જો આપણે ભગવાનનાં ક્ષેત્રમાં જીવનને પ્રગટાવવું હોય, તો સૌથી પ્રથમ તો યોગ્ય થવાની ખરેખરી જહેમત, ખંત, ઉત્સાહ વગેરે વગેરે પ્રગટાવો. તેવું ભાન પ્રેરાવવાનો આ કાગળો લખવામાં અને પ્રસિદ્ધ કરવામાં હેતુ છે.

પ્રભુકૃપાથી **આ જીવ**ને કેટલાય જીવો મદદ કરનારા જે હતા, તે શરીરથી ચાલ્યા જતાં, બીજા તેવા મદદ કરનારા મળી જ આવે છે. આ આશ્રમની પ્રવૃત્તિ પ્રભુકૃપાથી મારા જીવનમાં જે મળી છે, તે દ્વારા મને તો મારો ભગવાન હજાર હાથવાળો છે અને હજાર આંખવાળો છે, એનો પ્રત્યક્ષ અનુભવ આ પ્રવૃત્તિ દ્વારા મારા પર પ્રેમ વર્ષાવીને **ए** મને કરાવી રહેલો છે. પ્રભુની તે અનંત કૃપા છે.

જે જે સ્વજનો જીવનવિકાસના હેતુ અર્થે આપમેળે મારી કને આવેલાં છે. તેમને મારી પ્રાર્થના છે, કે 'કૃપા કરીને મને તમારાં વર્તનથી સંતોષ થાય એવું જીવતુંજાગતું ભાન પ્રગટાવતા રહેજો. જીવનમાં યદ્વાતદ્વા જીવીને જો પછી તમે મારી આગળ ભગવાનની કૃપાનું નામ લેશો, તો હું કદી પણ સહી લઈશ નહિ. સ્વજનોનાં વર્તનને સહેવાની પણ અમુક હદ સુધીની મર્યાદા છે.' સ્વજનોને એટલી પણ પ્રાર્થના છે કે 'તમારે જો યોગ્ય રીતે ના વર્તવું હોય, તો ભગવાનની કૃપાનું નામ મૂકી દેજો. એ કંઈ રેઢી પડી નથી, જગત-વહેવારમાં પણ જો આપણે કોઈને રીઝવવું હોય છે, તો તે જે રીતે પ્રસન્ન થાય, તેમ આપણે વર્તવાનું કરીએ છીએ. તેવી રીતે ભગવાનને રુચે તેવું વર્તન અને જીવન પ્રગટાવવાનું કરી શકીએ, તો જ આપણો

મળવાનો અર્થ છે. અનાસક્તિ, નિર્મમત્વ, નિષ્કામ, નિર્મોહ, નિરાગ્રહ, નિરહંકાર વગેરે વગેરે સંસારવહેવારનાં કર્મ કરતાં કરતાં જીવનમાં જો પ્રગટાવતા રહીએ તો તે પ્રભુને રુચે તેવી હકીકત છે.'

કશું પણ એમ ને એમ બની જતું નથી. ખાલી વાતો કર્યે અને બુદ્ધિની સમજણના તડાકા ફેંકે રાખ્યે જીવન મેળવી શકાતું નથી, બલકે જીવનને વેડફી દેવાતું હોય છે. માટે, કૃપા કરીને તમને બધાંને પ્રાર્થના છે કે જીવનમાં વ્યવસ્થિતિ પ્રગટાવો. જે જે કર્મ મળેલું છે, તેમાં જો વ્યવસ્થા, ખંત, ઉત્સાહ, હિંમત, સાહસ, ધીરજ, સહનશક્તિ વગેરે વગેરે પ્રગટાવવાનું આપણાથી નહિ બની શક્યું, તો જીવનવિકાસનાં ક્ષેત્રમાં આપણે બીજું બળ ક્યાંથી પ્રગટાવી શકવાનાં છીએ ? માટે, કૃપા કરીને જો મળ્યાં છો, તો મળ્યાંની સાર્થકતા થાય તેવું ભાન પ્રગટાવજો.

**'જીવન દર્શન'**માં જે જે પ્રસંગો વિશે લખાયું છે, તે બધા પ્રસંગો **આ** મોટાના જીવનના છે. તેવા તેવા પ્રસંગોના સાક્ષી કેટલાક તો આજે પણ હજી મોજૂદ છે. **'જીવન દર્શન'** વાંચતાં, વાચકને પોતાને તેમાંથી રસ જાગે છે અને એકધારું તે પૂરું કરીને જ ઝંપે છે.

**આ જીવ**થી જે કંઈ થઈ શક્યું છે, તે માત્ર **શ્રીહરિ**ની કૃપા શક્તિથી જ. તણખલા જેવાને પણ **શ્રીહરિ**ની ભક્તિ લાગતાં, તેવા શરણજનથી કેવાં ભગીરથ કર્મ થઈ શકે છે, તેનો જીવતોજાગતો દાખલો **આ જીવ** છે.

કાપડમાં સૂતર તાણાવાણામાં એકધારું વણાઈ જતું હોય છે, ત્યારે તે બધું જ એકાકારપણે કાપડમાં સૂતર પોતે ઓતપ્રોત

થઈ જતું હોય છે. તેવી જ રીતે **શ્રીહરિ**ની પ્રેમભક્તિનો પૂરેપૂરો રસ ભક્તિમાં જાગતાં, લાગતાં, એ કેવો બની જતો હોય છે, તે બધું **આ 'જીવન દર્શન'** વાંચવાથી પ્રત્યેક વાચકને આપોઆપ જણાઈ જવાનું છે.

નડિયાદ અને સુરતના આશ્રમોને જે જે સ્નેહી મિત્રો અને સજ્જનો મદદ કરે છે, તેમને તેમને મારી પ્રાર્થના છે, કે 'તેવી મદદ તેઓ પોતાના જીવનની ભાવનાને વિકસાવવાને માટે કરે છે અને કેળવવા માટે કરે છે,' તેવો જ્ઞાનભક્તિપૂર્વકનો હેતુ તેવી મદદ કરવામાં રાખવાનું કરે, જે જે કંઈ કરીએ છીએ તે આપણા પોતાના જીવનવિકાસ માટે જ કરીએ છીએ, તેવો ભાવ જો વિશેષ જીવતોજાગતો રહેશે, તો તેમાંથી કરીને જીવનને ઘડાવાનું બની શકે છે. બંને આશ્રમોને નભાવવાનું, ચલાવવાનું અને વ્યવસ્થિત કરવાનું કામ જેટલું આશ્રમમાં રહેનારનું છે, તેટલું જ તે કામ આશ્રમ પરત્વે જેને મમતા છે, સહાનુભૂતિ છે અને પ્રેમ છે, તેમનું પણ છે. આશ્રમમાં રહેનારા જીવોએ આશ્રમમાં પધારનાર જીવોનું આશ્રમ પરત્વેનું આકર્ષણ કેમ કરીને વિશેષ પ્રગટે, તે પ્રમાણે તેમણે વર્તવાનું હોય, અને આશ્રમનાં કામકાજમાં કેમ કરીને સરળતા પ્રગટે અને આશ્રમનાં કામકાજમાં આપણે કેવી રીતે વિશેષ મદદગાર થઈ શકીએ તેવું જીવતુંજાગતું ભાન આશ્રમમાં પધારનારે રાખવું ઘટે.

હરિઃૐ આશ્રમ, સુરત — **મોટા**

તા. ૧૧-૧૦-૧૯૭૨

❑

## ૧૫. જીવન ગીતા

સને ૧૯૩૨માં વિસાપુર જેલમાં આ ગીતાજી લખેલાં હતાં. સરળ સાદી ગુજરાતીમાં અને એકબે વાર વાંચતાં સમજી જવાય એવી રીતે તે લખવાની નેમ હતી, અને તે પણ આશ્રમના વિદ્યાર્થીની તેવી મારી કને માગણી થયેલી તેથી. ઉપલી નેમ ફળી છે કે કેમ તેનો ન્યાય તો પ્રત્યેક વાંચનાર કરી શકે.

મૂળ ગીતાનો પ્રત્યેક અધ્યાય કેટલીક વાર વાંચી જતો, અને પછીથી હાલ જે છપાયેલું છે, તે પ્રમાણે પ્રત્યેક અધ્યાયવાર લખવાનું રાખતો. કેટલુંક તેથી રહી જવા પણ પામ્યું હોય અને કેટલુંક યોગ્ય સમજણ વિશદપણે પ્રગટાવવાને વધારે પણ લખાઈ ગયું હોય.

જીવનવિકાસની સાધનામાં શ્રીપ્રભુકૃપાથી પડી ચૂકેલો જ હતો અને જીવનસાધનાના અભ્યાસમાંથી જે જીવંત સમજણ પ્રગટેલી હશે, તેનાં દર્શન પણ આ લખાણમાં કેટલેક ઠેકાણે થયાં કરેલાં છે. જીવનસાધનાનું મૂળ ગીતાજીમાં રહેલું છે, જોકે તે પહેલાં કે તે પછી ગીતાજી વાંચેલી નથી, તેના તો કેટલાક સાથી-કાર્યકર્તાઓ જીવતા સાક્ષી છે જ, તથા કોઈ આધ્યાત્મિક કે બીજું સાહિત્ય વાંચવાનો તે વેળા રસ ન હતો, તે પણ મારા સાથીદારોની જાણમાં છે. આ લખેલી ગીતાજીને પણ કદી બહાર કાઢી નથી, તેમ જ તે અંગે કદી વાતબાત પણ કરેલી નથી. આ સાલ વળી કંઈક કશા નિમિત્તે તે અંગેનું સ્મરણ જાગ્યું અને તેનું આ પરિણામ છે.

ગીતા એટલે જીવનગીતા-જીવનવિકાસના ઉત્કટ ઝંખનાયુક્ત હેતુથી જ્ઞાનભક્તિપૂર્વકની ચેતનાયુક્ત જાગૃતિથી

જીવન જીવતાં જીવતાં જે યોગસિદ્ધિ અને સૂક્ષ્મજીવન અને કારણજીવનના અનુભવો મળ્યા કરે છે અને તેમાંથી જે સહજજ્ઞાન નિષ્પન્ન થાય છે તે. કર્મ, ભક્તિ, જ્ઞાન—તે બધાંનો ગીતાજીમાં તો યોગ્ય સુમેળ છે, અને કર્મ એટલે માત્ર જડસું વહેવારવર્તન નહિ પણ જ્ઞાનમૂલક ચેતનાપ્રાણપ્રેરક વર્તન, કે જેનાથી કરી આપણા *આધરનાં ×કરણોને સમતાયુક્ત યોગ્ય જીવંત કેળવણી મળ્યા કરે, તેવા હેતુના જ્ઞાનભાન સાથે થયા કરતું હોય, તે જ કર્મ કહેવાવાને યોગ્ય છે.

સારીય ગીતાજીમાં માત્ર કૃપા ઉપર આધાર રાખીને બેસી રહેવાનું ક્યાંયે કહેલું નથી. જીવનવિકાસની ભાવનાથી તેવા જ્ઞાનપૂર્વકના હેતુથી અને પાછું સંપૂર્ણ અનાસક્તિપૂર્વક (જે આપમેળે મળ્યા કરેલ હોય એવાં) શ્રીપ્રભુપ્રીત્યર્થે થતાં રહેતાં જે કર્મ, તેવાં કર્મ જ કર્મ કહી શકવાની યોગ્યતાવાળાં છે, બીજાં નહિ જ. એવાં કર્મમાં જે **જીવ**ને તામસ, જડતા, કામના, આશા, તૃષ્ણા, રાગ આદિ વળગ્યાં હોય, એને નિવારવાને જેને ઉત્સાહ પ્રગટતો નથી, જે એવું એવું ઊપજે, તે વેળા તેનો કટિબદ્ધ થઈને પૂરો (પ્રાર્થનાભાવે પરોવાઈને) સામનો કરતો નથી. તેમ જ તે ગીતાજીનો ભક્ત પણ નથી. ગીતાજીનાં કર્મ તો ખરા પરાક્રમીને શોભે અને શોભાવે તેવાં છે. આજે સમાજમાં ગીતાજીની ભાવના જીવતી થયેલી નથી. જો

---

*વ્યક્તિનું વ્યક્તિત્વ, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, અહંકાર વગેરે મળીને થાય તે આધાર.

×કરણ : ક્રિયાનાં સાધનો, પ્રેરક તત્ત્વો, કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય, મન, મતિ, અહંકાર.

ગીતાજીનો ધર્મ જીવતો હોય તો તેવી પ્રજાના હાલહવાલ આવા ન હોય. ભલેને સંતમહાત્મા, મોટા મોટા સાધુઓ, વિદ્વાનો ધર્મોપદેશ કર્યાં કરતા હોય, તેથી શું ? આજે ધર્મ પ્રજામાં જીવતો થઈને છતો થયેલો નથી. જે પ્રજામાં ધર્મ છે, તે પ્રજાનાં શહૂર અને ખમીર કોઈ ન્યારા પ્રકારનાં હોય. ધર્મના પાલન અને વર્તનથી તો જીવનમાં ખુમારી અને ટટારી પ્રગટે છે. ગીતાજી માત્ર નિત્ય પારાયણ પૂરતું નથી, પણ તેનો હેતુ તો એનાં મર્મ-હાર્દ જીવનમાં અનુભવમાં પ્રગટાવવા સારુ છે અને તે તો તેવા આચરણથી જ શક્ય બને.

ગીતાજીમાં કેટલેય ઠેકાણે એકનો એક શબ્દ જુદા જુદા અર્થમાં વપરાયેલો છે. એમાં વાંચનારે વિવેક વાપરવાનો રહેલો છે. દા.ત., ‘જ્ઞાનીનું જ્ઞાન આવરે’ એમ છે. અહીં ‘જ્ઞાની’ શબ્દ સાધક કાજે વપરાયેલો છે અને ‘જ્ઞાન’ શબ્દ પણ અહીં શુદ્ધ ચેતનયુક્ત જ્ઞાન (અનુભવ)ને અનુલક્ષીને વપરાયેલો નથી. આવા પ્રકારનું જ્યાં જ્યાં લખાણ હોય ત્યાં આપણે વિવેક વાપરવાનો રહે છે.

કર્મ, ભક્તિ, ધ્યાન, જ્ઞાન—એ બધાય માર્ગનો સમન્વય ગીતાજી તો આપણને બતાવે છે. કશું પણ એકલું નથી હોઈ શકતું, દરેક પરસ્પર એકબીજા સાથે સંકળાયેલું જ હોય છે. જે કર્મના અંતરમાં જીવતાંજાગતાં ભક્તિ, ધ્યાન, જ્ઞાન નથી તેને કર્મ કહી જ ન શકાયને ? તેવી રીતે ભક્તિ એટલે કે ભાવનાને સાકાર સ્વરૂપ દેવા કાજે જ્ઞાનયુક્ત કર્મની અવશ્ય જરૂર રહેવાની જ. અને કંઈ કશામાં સંપૂર્ણ કેંદ્રિતપણાની એકાગ્રતા પ્રગટ્યા વિના તે સંપૂર્ણતાને કેમ કરીને પામી શકે ? એટલે

આપણા રોજિંદા વહેવારવર્તનનાં કર્મોમાં, એનું ઉત્તમ પ્રકારનું યોગ્યપણું પ્રગટાવવા કાજે જ્ઞાન, ભક્તિ ધ્યાનસ્થ પ્રકારનાં રહ્યા કરે તે જરૂરનું છે, અને તે તે બધાં સાધનનો હેતુ-ઉપયોગ-આપણામાંના ચેતનને અનુભવવામાં અને તેનાથી ઉપયોગમાં પ્રવર્તાવવા કાજે છે. આ બધું ગીતાજી આપણને સ્પષ્ટપણે બતાવે છે. ગીતાજીમાં ક્યાંય કશે સંકુચિત ભાવનાનો અર્થ નથી. કાળે કાળે એના શબ્દની ભાવનાનો વિસ્તાર થતો જ રહેવાનો છે.

ગીતાજીનાં લખાણના શબ્દનું હાર્દ કાળે કાળે પરિવર્તન પામતું જવાનું. આજથી હજાર વર્ષ પછી કે એક હજાર વર્ષ પહેલાં જે અર્થ થતો હોય તે ને તે અર્થ તેનો આજે ન પણ હોય. કાળે કાળે બધું જ બદલાતું રહે છે.

ગીતાજીનો ઉપદેશ યુદ્ધક્ષેત્ર ઉપર અપાયો છે, તે ખાસ સૂચક છે. જ્ઞાનના અનુભવ પ્રતીકરૂપે જ અવતરણ પામતા હોય છે. જ્ઞાનનો અનુભવ પ્રતીક દ્વારા જેટલો ઉત્તમ અને યોગ્ય રીતે વ્યક્ત થાય છે, તેટલો બીજી કોઈ પણ રીતે નહિ જ. સારુંય જીવન સંગ્રામ ઉપર રચાયેલું છે અને જીવનનું રહસ્ય પણ સંગ્રામમાંથી જ સાધક-**જીવ**ને મળી શકવાનું છે.

શ્રી ગુલાબરાય ફૂલશંકર મંકોડી સાહેબના વાંચવામાં 'જીવનગીતા' આવી, અને તે પુસ્તક તેમને સમજવામાં સરળ અને ભાવ-અર્થવાહી લાગ્યું, અને ત્યારે 'જીવનગીતા' બધી જ વેચાઈ ગઈ હતી, એક પણ નકલ હતી નહિ. તેથી, લોકોપકારક દૃષ્ટિએ પુનર્મુદ્રણ થાય તેમ તેઓશ્રીએ ઇચ્છ્યું અને તેમાં તેમણે સંપૂર્ણ બધી રીતનો સહકાર આપ્યો છે.

મારું લખેલું બધું જ લખાણ તેઓ વાંચી ગયા. જ્યાં જ્યાં

સુધારવા જેવું લાગ્યું ત્યાં ત્યાં તેમણે તેમ કરી બતાવ્યું અને તે પ્રમાણે મેં તે સુધારી પણ લીધું છે. તેઓ ભારે કામમાં રચેલા રહેલા હોવા છતાં ખાસ સમય કાઢીને આ બધું લખાણ વાંચી ગયા, તેવા તેમના પ્રેમભાવને **आ जीव** શ્રીપ્રભુની કૃપાપ્રસાદી સમજે છે અને તેઓશ્રીના ઉપર વારી જાય છે. સાચી રીતે આમ આ 'જીવનગીતા'ને મઠારનાર તથા આના બધી રીતે કર્તાહર્તા શ્રી મંકોડી સાહેબ જ ગણાય.

કેટકેટલી ઝીણવટથી અને સૂક્ષ્મ ભાવથી જે અર્થ અને ભાવનો સુમેળ પ્રગટે એવી રીતે આખું લખાણ વાંચી જઈ, તે રીતે તેમણે જે સુધારો કર્યો છે, તે માટે અને આ 'જીવનગીતા'નું પ્રકાશન થવા આર્થિક મદદ પણ તેઓશ્રીએ જ આપી છે અને મેળવી આપી છે, તે કારણથી પણ આ 'જીવનગીતા'ના તેઓશ્રી સાચા કર્તાહર્તા છે.

શ્રી મંકોડી સાહેબે હરિઃૐ આશ્રમમાં પધારી અવારનવાર સત્સંગનો જે લાભ, સુખ અને આનંદ આપ્યાં છે, તેની તો વાત જ કોઈ ન્યારી છે ! અને તે કારણે તો તેઓશ્રી દિલમાં પ્રવેશેલા છે. એવા શ્રી મંકોડી સાહેબનો આભાર શબ્દોથી કેવી રીતે માનું ! માત્ર હૃદય જ ભાવ ભાવને પ્રીછીને અનુભવે છે.

આ 'જીવનગીતા'ના પ્રકાશન કાજે નીચેની વ્યક્તિઓએ આર્થિક સહાય તેમ જ એક સામટી 'જીવનગીતા'ની પ્રતો ખરીદીને જે સહાય કરી છે, તે સારુ તે સર્વેનો હૃદયથી હૃદયમાં આભાર માનું છું.

રૂપિયા ૧૦૦૦/-શ્રી ગુલાબરાય ફૂલશંકર મંકોડી (I.A.S.)
અમદાવાદ. (પૂજ્ય જલારામ બાપાનો ફોટો
એક હજાર પ્રતોમાં મૂકવાનો.)

રૂપિયા ૧૦૦૦/-વીરપૂર પૂજ્ય ભગત બાપા શ્રી ગિરધરરામજી મહારાજ. (પૂજ્ય જલારામ બાપાનો ફોટો એક હજાર પ્રતોમાં મૂકવાનો.)

રૂપિયા ૫૦૦/- શ્રી V. G. મંકોડી, મુંબઈ.

રૂપિયા ૫૦૦/- શ્રી B. K. રીનદાની, મુંબઈ.

પ્રતો ૫૦૦/- સ્વ. શ્રી વલ્લભદાસ કરસનદાસ નાથા ટ્રસ્ટ (હસ્તે શ્રી ડૉક્ટર માધવદાસ, મુંબઈ)

પ્રતો ૨૫૦/- સ્વ. શ્રી રાયચંદ વિઠ્ઠલદાસ માધાણી

પ્રતો ૨૫૦/- સ્વ. શ્રી દામોદરદાસ પરમાનંદ દેસાઈ (હસ્તે વિદ્યાબહેન પી. માધાણી, અમદાવાદ)

શ્રી લલિતચંદ્ર દલાલે (I.C.S.) ગુજરાત રાજ્યના નાણાકીય ખાતાના સચિવના તથા અધિક મુખ્ય સચિવના તેઓશ્રીનાં કામમાં એકધારા વળગેલા હોવા છતાં મારા ઉપર તેઓશ્રીના દિલનો ભાવ હોવાથી આ ‘જીવનગીતા’ની પ્રસ્તાવના લખી આપવાનું કાર્ય તો મારા જેવા ગરીબને પ્રતિષ્ઠા અપાવનારું છે. શ્રી લલિતચંદ્ર, સંસ્કૃત ઉપર સારો કાબૂ ધરાવે છે અને આમેય એમનું વાંચન આધ્યાત્મિક ક્ષેત્રે વિશાળ છે, તેની મને જાણ છે. તેથી, આ ‘જીવનગીતા’ની પ્રસ્તાવના તેઓશ્રી જેવાને હાથે લખાય છે એને હું શ્રીપ્રભુની પરમ કૃપા ગણું છું. ફરીથી તેમના હૃદયમાંના શ્રીપ્રભુજીને પ્રાર્થનાભાવે નમી વિરમું છું.

અરુણ પ્રિન્ટિંગ પ્રેસના સંચાલક શ્રી ડાહ્યાભાઈ મોદીએ તથા તેમના કાર્યકરોએ હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્રને જ્યારે જ્યારે કંઈ પણ છાપવાનું કામ પડ્યું અને તેમને વિનંતી કરીએ, કે

તરત જ તેઓએ તે પ્રેમથી સ્વીકારી લઈને તે કામ તુરતાતુરત હંમેશાં ખૂબ જ ઓછા ભાવે અને કંઈક આર્થિક ભોગે જાતે ઘસાઈને પણ અને કેટલીક વાર તો વિના મૂલ્યે પણ પાર પાડ્યા જ કર્યું છે. તેમનો તો ઉપકાર કેવી રીતે માનવો ? માનીએ તોયે તે ઘણું ઊણપવાળું જ હોય. બદલો આપનાર તો એક ભગવાન જ સમર્થ.

આ ગીતાજીની પ્રથમ આવૃત્તિ શ્રી ભીખુભાઈ હરિભાઈ પટેલે રકમ ઉઘરાવીને તથા શ્રી હેમંતકુમાર નીલકંઠે સુરતમાં સ્થળ ઉપર રહીને પ્રૂફો વગેરે તપાસીને પ્રગટ કરી હતી, તે પ્રતો બધી ખપી ગઈ અને તેની માંગ કાયમી રહેવા લાગી અને તે ઉપરાંત, શ્રી ગુલાબરાય મંકોડી સાહેબે આ ગીતાજીનું પુનર્મુદ્રણ થાય તેમ ઈચ્છ્યું તથા તેમાં પોતાનો સહયોગ રહેશે એમ સૂચવ્યું તેથી આ કાર્ય હાથ ઉપર લેવાનું નક્કી કર્યું. ગયા વર્ષે મહાલમાં (ડાંગના જંગલમાં) આરામમાં અને એકાંતમાં અમે હતા ત્યારે ફરીથી આ ગીતાજીને જોઈ, વિચારી, કેટલુંક ઉમેરી લીધું. વડોદરાવાળા શ્રી જયરામભાઈ શંકરભાઈ દેસાઈએ તથા તેમનાં પત્ની શ્રીમતી પુષ્પાબહેને તથા તેમનાં સંતાનોએ ત્યાં મને ઘણી સરળતા, સગવડ અને શાંતિ આપી. તેથી, આ સુધરેલી-વધારેલી બીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ શક્ય બની શક્યું છે.

હરિજન આશ્રમ, સાબરમતી - **મોટા**

તા. ૯-૩-૧૯૬૬ તથા તા. ૧૫-૬-૧૯૬૮

હરિઃૐ આશ્રમ, રાંદેર (વાયા સુરત)

❏

## ૧૬. જીવન ઘડતર

શ્રી કાંટાવાળા સાહેબને નિમિત્તે (ગુજરાત રાજ્યના માજી ચીફ ઍંજિંનિયર સાહેબ) મારે ભજનો લખવાનાં આવ્યાં, અને તે ભજનો કેટલી બધી ભાવ મસ્તીથી લખાયાં કે એ ચોપડી પૂરી થઈ, છપાઈ, તે પછી પણ એ પ્રવાહનો જુસ્સો તો કાયમ જ રહ્યો અને એના પછી **'જીવન કેડી'** અને **'જીવન ચણતર'** એ બે પુસ્તકો પણ એટલા જ જુસ્સાથી લખાયાં. પછી ચોથી ચોપડી લખતો હતો તે **'જીવન ઘડતર',** પણ એમાં ઘણી મંદતા આવી હતી. કંઈ સૂઝે નહિ અને એની મેળે કંઈ વિચાર કરીને, કલ્પના કરીને, કંઈ કશું લખું એવો મારો સ્વભાવ જ નહિ. એટલે મેં **'જીવન ચણતર'** અને **'જીવન કેડી'**ના 'લેખકના બે બોલ'માં આ હકીકત લખી પણ છે. એમ જેમ તેમ ગાડું ગબડ્યું. પછીથી જ્યારે અહીંથી દક્ષિણ બાજુ ગયો અને કોડાઈકેનાલમાં રહ્યો ત્યારે હરિ (શ્રી દિલીપકુમાર મહેતા)એ કહ્યું કે આ ભજન જે તમો લખો છો એની ચોપડી જ્યારે છપાય ત્યારે એને માટેનો તમામ ખર્ચ હું આપને આપીશ. એટલે મને ઘણો ઉત્સાહ વધ્યો અને ત્યાં આગળ જ ૨૦૦ ભજનો લખાયાં. અલબત્ત, ત્યારે મારી શરીરની સ્થિતિ સારી ન હતી. દમ ઘણો વધતો. સ્થળની ઊંચાઈ ઘણી વધારે, ૭૫૦૦ ફીટ ઊંચાઈ, એટલે દમ વધારે ચડતો અને એમાં ભાઈ હરિની હાજરી હતી. નાનપણથી જ મને એના ઉપર ઘણું વહાલ, તે આજે પિછાની શકતો નથી અને કોઈ જાણી શકતું નથી, પણ એ વહાલનું કારણ તો કોઈ ન્યારું છે, અનોખું છે. સંસારના વહાલની સાથે એને સરખાવી શકાય નહિ, પરંતુ સંસારી લોકો એને સમજી શકે નહિ.

નાનપણમાં તો મને લોકો કહેતા કે મોટાને તો હરિ ઉપર મોહ લાગ્યો છે. હું કંઈ એનો ઉત્તર આપતો નહિ અને સાંભળી લેતો અને કેટલાક લોકોએ ઘણા ઘણા અન્યથા વિચાર કરેલા, પણ એને મારી સાથે કોઈ નિસ્બત નથી. આજે પણ એને જોઉં તો મને એટલું જ વહાલ થાય છે. એટલે પછી જ્યારે આવી તમામ ખર્ચ આપવાની મરજી તેણે દર્શાવી ત્યારે મને ઘણો ઉત્સાહ વધ્યો. શરીર સારું ન હતું, તોપણ હું લખ્યે જ ગયો અને એમાં ભાઈ ઈંદુકાકા અને જયશ્રીએ મારી સેવાની સંભાળ જેટલી બને તેટલી તે કામમાં રાખી, તેથી પણ મને આમાં મદદ મળી. મને સમય થોડો મળતો. સવારે તો હું ફરવા જતો. એક દોઢ કલાક તો થઈ જ જતો અને સાંજે પણ સવા દોઢ કલાક અમે ફરવા જતાં. બાકી તો હું સૂઈ જઉં. ૧૦ થી ૧ સુધી તો સૂઈ જઉં. અને સાંજે પણ સાડા છ વાગ્યે સૂઈ જઉં. એટલે મને ઝાઝો વખત તો એટલો બધો ન મળે, પણ જેટલો મળે તેમાં હું આ ભજનો જ લખ્યા કરતો. કોડાઈકેનાલમાં મારા શરીરને ઠીક ન હતું, પણ મનાદિકરણમાં ઘણો આનંદ પ્રવર્તતો હતો અને આ **'જીવન ઘડતર'**નાં જે ભજનો છે, તે મેં મારા જીવનમાં જે જે પ્રકારનો સ્વભાવ હતો, જે જે કુટેવો હતી, તે બધું જ મેં એમાં બહુ સ્પષ્ટપણે બતાવ્યું છે. તે બધાંનો ખુલ્લો એકરાર મેં મારા ભગવાનનાં ચરણ આગળ કર્યો છે. ભગવાન એટલે તો જનતા-જનાર્દન તો ખરો જ. એટલે મારું આ પુસ્તક જનતા-જનાર્દન આગળ મૂકું છું. પ્રેમભક્તિભાવે અને સંપૂર્ણપણે સચ્ચાઈથી અને સચ્ચાઈભરેલા દિલથી એનાં ચરણકમળમાં ખુલ્લો થઈને, આ બધું મેં લખેલું છે. કેટલાંકને

તો આવું લખતાં જ શરમ અને સંકોચ આવે, કદાચ બોલતાં પણ સંકોચ આવે, પણ મને એમાં કોઈ જાતનો સંકોચ નથી. મેં તો ભગવાનનાં ચરણકમળે મારી જાતને ક્યારની ખુલ્લી મૂકી દીધેલી જ છે.

પણ જ્યારે **'જીવન ઘડતર'** લખું ત્યારે કેવા કેવા સ્વભાવના સંજોગોમાંથી, કેવી કુટેવોમાંથી આ જીવન હાલ જે છે, તે થયું એ બધું દર્શાવવું જ જોઈએ અને તે ખુલ્લી રીતે ન દર્શાવાય તો આ ચોપડીના નામને એ યથાર્થ થવા યોગ્ય ન ગણાય. કેટલાંયે ભજનો એવાં છે કે જે વાંચીને લોકોને એમ થશે કે 'અરર ! આવા મોટા, આવા મોટા !' એમ થાય ખરું ! તો જેને જે થવું હોય તે ભલે થાય, પણ મારી જાતનું જીવનઘડતર કેવી દશામાંથી થયું, જીવનની ત્યારે કેવી સ્થિતિ હતી, **જીવ**દશામાં જ્યારે **આ જીવ** હતો, ત્યારે કેવા પ્રકારનો હતો, તે બધી સમજણ સમાજના-અત્યારે તો મારા ભગવાનનાં ચરણકમળમાં તેને સમર્પણ થવાને માટે ત્યારે ત્યારે મેં તેને બધું મૂકી દીધેલું જ હતું અને એમાંનું તો અત્યારે કોઈ નામનિશાન નથી, પણ તેમ છતાંય કેવી કેવી સ્થિતિમાંથી આ જીવનનું ઘડતર થયેલું છે, એનું પૂરેપૂરું સ્પષ્ટ નિવેદન મારે એમાં **'જીવન ઘડતર'**માં ખુલ્લા દિલથી મૂકવું જ જોઈએ, કારણ કે આ બધાંય મારાં ભજનો **'જીવન અનુભવ ગીત'**થી તે અત્યાર સુધી જે લખાયાં છે, તે બધાં ભજનો એક રીતે તો 'Autobiography of my Sadhana'-મારી સાધનાનો આ એક જીવંત, સળંગ, એકધારો વૃત્તાંત છે. એ તો ભવિષ્યમાં એની કોઈ કિંમત આંકી શકે તો આંકી શકે. કોઈ કિંમત આંકે કે ન આંકે

એની સાથે મારે કોઈ નિસ્બત નથી. મારે તો મારી જાતને સમાજ આગળ, ભગવાનનાં ચરણ આગળ ખુલ્લી કરીને સ્પષ્ટ મૂકી દેવી છે. અને એટલા માટે આ **'જીવન ઘડતર'** મેં લખ્યું.

**'જીવન ઘડતર'**માં કેટલાંયે એવાં ભજનો જોશો કે જે વાંચતાં તમને ખબર પડે કે આવું તો આપણા બધાંમાં પણ છે, પણ એ બધાંને સમજણ પડે ખરી, કદાચ જાણે પણ ખરા કે આવું આવું આપણામાં છે. આ મોટાએ લખ્યું છે, તે આપણામાં જ છે, પણ એમાંથી ચેતી જઈને એમાંથી ઊગરી જવું એ કંઈ જેવી તેવી વાત નથી. એ તો જેણે ભગવાનને મળવાને, ભગવાનને અનુભવવાને એવી જ્વાળામુખીના જેવી તીવ્રમાં તીવ્ર, એવી ઉત્કટમાં ઉત્કટ એવી જિજ્ઞાસા જેને જાગે છે, એવો જ વિરલો વીર કોઈ આ સાધનામાં ઝુકાવી શકશે. અને એમાં શિરસાટાની વાત જે ભક્તિને માટે કહેલી છે, તે તદ્દન સાચી છે. એમાં સંપૂર્ણપણે યાહોમ કરીને ઝંપલાવ્યા વિના આ તારતમ્ય પામી શકાતું જ નથી. અને જેણે ફના થવાનું સંપૂર્ણપણે **આ** માર્ગમાં કર્યું છે, એવા ફના થનારા જીવનાં લક્ષણો પણ હોય છે,—તે જણાઈ આવે આપમેળે કે આ ફના થયેલો-ફના થતો જતો આ કોઈ જીવ છે. એવું જ્યાં સુધી આપણા દિલમાં પ્રગટ્યું નથી ત્યાં સુધી **આ** માર્ગમાં આગળ પ્રગતિ આપણાથી થઈ શકવાની નથી, એ વાત તદ્દન હકીકત છે. અને મારે આ ઠેકાણે—**'લેખકના બે બોલ'**માં સ્પષ્ટપણે જણાવવું જોઈએ કે આજે ઘણા મોટા મોટા નામાંકિત એવા, પ્રતિષ્ઠિત એવા, આ બધા મહાત્માઓ શિબિરો કાઢે છે અને ફલાણું કરે છે, એ ભલે કાઢતા હોય, એમને ધન્યવાદ છે. એ

માટે એમની આ જે બધી શિબિરો ચાલે છે અને આ બધો જે ખર્ચ થઈ રહેલો છે, તે બધું બરાબર નથી. હું તો બહુ નાનો માણસ છું, બહુ ટૂંકો પડું એમની આગળ. તેમ છતાં મારે કહેવું જોઈએ કે એકધારી જ્વલંત અને યોગ્ય પ્રકારની યોગ્ય ભાવની એને માટેની એકધારી એકીટશે એવી સાધના થયા વિના, અને પોતાના જીવનની સાથે પણ વણાઈ ગયા વિના, પોતાના સ્વભાવમાં, પોતાના જીવનના ઘડતરમાં એ બધું વણાઈ ગયા વિના ભગવાનને અનુભવવો તદ્દન અશક્ય છે. કોઈ કહે કે થોડાક દિવસોમાં આ તમને અનુભવ કરાવી શકું, તો એ મારા માન્યામાં આવી શકે એવી હકીકત નથી. અનેક જન્મજન્મે અને જન્મોના અંતે, આ મળે એવી હકીકત છે, પરંતુ કોઈક સદ્ભાગી જીવ, ખાઈખપૂસીને એકધારો, એકીટશે લાગે તો આ જન્મે જ એને અનુભવ થઈ શકે. જો એને ધગધગતી તાલાવેલી, જ્વાળામુખીના જેવી તાલાવેલી, જો એના દિલમાં એકધારી લાગી રહેલી હોય તો એવો જીવ કદી પડી રહેશે નહિ. એ અળસિયાંની પેઠે પડી રહેશે નહિ કે અળસિયાંની પેઠે ચાલે એવી એની ગતિ નહિ હોય. એની ગતિ, એનો પ્રકાર, એનું નૂર, એની ચાલવાની છટા, એની બોલવાની ઢબ, એ બધાંમાં કોઈ ફેરફાર-કોઈ ન્યારા પ્રકારનો ફેરફાર લાગ્યા વિના રહેશે નહિ. **આ** માર્ગે જવાનું બન્યું ના હોય, તોપણ તમને લાગશે કે આ કોઈ વિચિત્ર પ્રકારનો માનવી છે. એ બધાંથી જુદો પડી જતો તમને લાગ્યા વિનાનો નહિ રહે. આવી એ જિજ્ઞાસાની,-જેને લાગી છે તેની-ખૂબી છે.

મેં આ **'જીવન ઘડતર'**માં સાહિત્યનો કદી વિચાર કર્યો

નથી. મારી પાસે સાહિત્યની વાત કોઈ નથી. મારે તો સીધેસીધું સમાજને સમજાઈ શકે એવી ભાષામાં જે તે કંઈ મૂકવું છે. એવો મારા ગુરુમહારાજનો હુકમ છે. આમ તો ભણેલો છું. B.A.માં મારો વિષય ગુજરાતી હતો અને B.A.માં મેં ગુજરાતી ઑનર્સ લીધું હતું. અને ઇન્ટર સુધી સંસ્કૃતના વિષયમાં ઘણા ઊંચા ૮૦ થી ઉપર ગુણ મને મળ્યા હતા. એ ઉપરથી તમે સમજી શકશો કે હું સારું ગુજરાતી લખી શકું એવી સ્થિતિમાં તો છું, પણ ૧૯૨૦ની સાલમાં જ્યારે ગુજરાતમાં સાહિત્ય પરિષદ ભરાઈ, ત્યારે એ સાહિત્ય પરિષદમાં આપણા ગુજરાતના મોટામાં મોટા નામાંકિત એવા કવિઓ હતા. એવા કવિઓની આગળ અને શ્રીયુત ટાગોર સાહેબ પધાર્યા હતા તે વખતે, મહાત્મા ગાંધીએ બિલકુલ શરમ કે સંકોચ રાખ્યા વગર, આ બધાંની શેહમાં તણાઈ ગયા વગર, જે ઉચ્ચારો કર્યા હતા, તે ઉચ્ચારો હજુ મારા મનમાં રણકે છે કે ‘આપણું સાહિત્ય તો એવું હોવું જોઈએ કે ખેતરમાં કોશિયો કોશ ખેંચતો ખેંચતો એ ગાય અથવા તો એ સમજી શકે. ગામડાનો માણસ પણ એ સમજી શકે, એવી સરળમાં સરળ ભાષામાં આપણે બધાંએ લખવું જોઈએ.’ એ વાત કહી અને એ બોલતા હતા ત્યારે શ્રી નરસિંહરાવભાઈ બોલેલા કે ‘Impossible, Impossible’ અશક્ય, અશક્ય ! એમ એ શબ્દો બોલેલા તે હજુ પણ મારા કાનમાં રણકે છે. ત્યારથી મારા દિલમાં એમ પણ લાગેલું કે હવે લખવું તો આ જ જાતનું લખવું. ગાંધીજીની વાત તદ્દન સાચી છે. તે ઉપરાંત, મારા ગુરુમહારાજનો પણ મને હુકમ છે કે દીકરા, તું લખે તો એવું લખજે કે અભણ

માણસ પણ સમજી શકે. પહેલાં તો જેલમાંથી હું **'ગીતા'** લખી લાવ્યો, ત્યારે મારી બાને કહ્યું કે મારા એક ભાઈબંધે, સંબધીએ આ જેલમાં લખી છે. અને એણે કહ્યું છે કે તારી બાને વંચાવજે. અને એને જો સમજણ પડે તો મને કાગળથી જણાવજે તો હું રાજી થઈશ. એટલે મારી બા કહે કે 'વાંચ ભાઈ.' એટલે મેં પહેલો અને બારમો અધ્યાય વાંચી સંભળાવ્યો. અને એ બરાબર સમજી. 'ભાઈ, મને બરાબર સમજણ પડે છે, અને તારા ભાઈબંધને લખી જણાવજે કે ચૂનિયાએ મને ગીતા વાંચી સંભળાવી છે, પહેલો અને બારમો અધ્યાય, અને મને બરાબર સમજણ પડી છે. અને તમે બહુ સારી અને સરળ ભાષામાં લખી છે, તે જાણીને રાજી થઈ છું.' હવે આવું કહેવાનું કારણ– મારી બા પાસે કહેવાનું કારણ એટલું જ કે જો મેં મારી બાને કહ્યું હોત કે 'બા ! આ મેં લખી છે અને મારે તને વાંચી સંભળાવવી છે.' તો મારી બા મને એમ જ કહેત કે 'મેર મારા રડ્યા, તું શું લખતો'તો ? તને કશું આવડે નહિને ! વળી, એ વાંચવાની કે સાંભળવાની તૈયારી મારી બા બતાવત જ નહિ. તો એવી સ્થિતિમાં વાંચી સંભળાવું તો એનો કોઈ અર્થ નહિ. એટલે મેં મારી બાને આ રીતે વાત કરેલી.

**'ગીતા'** પણ એટલી જ સરળ ભાષામાં પ્રભુકૃપાથી લખાઈ છે. અને આ બધાં ભજનો પણ, જેને હું જોડકણાં કહું છું–તેને કાવ્ય નથી કહેતો–અને જે કહું છું તે સાચેસાચ કહું છું અને બને તેટલી સરળ ભાષામાં મેં લખેલાં છે અને અભણ માણસ પણ તે સમજી શકે એવી ભાષામાં લખેલાં છે. એને હું સાહિત્યમાં, સાહિત્યની કક્ષામાં છે, એવું પણ સમજતો નથી.

જેને જે સમજવું હોય તે સમજે, પણ મારું લખાણ એટલું સરળ છે કે કોઈ સાધકને ભવિષ્યમાં પણ એમાંથી કંઈક જીવનમાં આચરવાનું થાય તો એને હું ભગવાનની પરમ કૃપા ગણીશ. મેં જે આચર્યું છે, તે મેં લખ્યું છે. માત્ર લખવા ખાતર લખ્યું નથી, પણ મારા મનમાં એક વિચાર થયેલો કે ઘણાં બધાં પોતાનાં જીવનવૃત્તાંતો લખે છે, મારે કોઈ જીવનવૃત્તાંત તો લખવું ન હતું. જોકે લખી શકાય એવું છે. મારા જીવનમાં ફેરફાર થયા. કેવી સ્થિતિ હતી, એ સ્થિતિમાં કેવા સંગ્રામો થયા, એ બધું હું લખી શકું એમ છું. લખવાની તાકાત પણ છે, પણ અંગત જીવન મારે લખવું નથી, પણ મારી સાધનાની Autobiography એટલે કે જીવનચરિત્ર-સાધનાનું, મારે લખવું હતું. અને એ મને લખતાં આ નાનાં સરખાં જોડકણાંમાં સારી રીતે ફાવે છે. ગઝલ અને અનુષ્ટુપ છંદ એ મારા શરીરના બે મૂળભૂત અંગ છે એમ પણ કહું તો ચાલે. એ મારા દિલમાં એવા તો બેસી ગયા છે કે ગમે ત્યારે પણ હું અનુષ્ટુપમાં લખી શકું. મારે કોઈ વિચાર કરવાની પણ જરૂર પડે નહિ, એવી મારા ઉપર ભગવાનની પરમ કૃપા છે. આ **'જીવન ઘડતર'** વિશે હવે મારે વિશેષ કહેવાનું નથી. આ સુરતના મિત્રો રોજ સવારે વહેલા આવતા અને હું ખાટલામાં પડ્યો પડ્યો Heating pads-શેકવાની કોથળી-માંથી શેક લેતો લેતો પડ્યો રહેતો હતો અને બોલતો હતો અને એ ભાઈઓ લખી લેતા હતા. અને પછી એ સારા અક્ષરે ઉતારી લેતા હતા. એ વળી જુદી હકીકત, પણ આવી રીતે કેટલાંય ભજનો એ લોકોએ લખેલાં છે. એટલે આ બધાં ભજનો પણ જે લખાયેલાં છે, તે

એકસામટાં, એકધારાં એક પળવાર પણ વિચાર કર્યા વિના લખાયે જ ગયેલાં છે. આ એક મુદ્દાની સાચી હકીકત છે. જે કેટલાકના આજના બહુ ભણેલાં લોકોને ગળે પણ કદાચ નહિ ઊતરે, પણ મેં તેની-બીજાના અભિપ્રાયની-પરવા નથી કરી. મારે કોઈના પ્રમાણપત્ર ઉપર આ જીવનમાં જીવવું નથી. મારે તો મારા ભગવાનનું પ્રમાણપત્ર મને મળી ચૂકેલું છે. તેથી, ગમે તેવી દશામાં હોઉં, લોકોના ગમે તેવા અભિપ્રાય હોય તેની મને કોઈ પણ જાતની હવે પરવા નથી. તેમ છતાં હું તેમની અવગણના નથી કરી શકતો, કારણ કે ભગવાનનું સ્વરૂપ-આ સર્વ સૃષ્ટિ, સર્વ બ્રહ્માંડ, સર્વ સ્વરૂપ એ ભગવાનનો અંશ છે. તેને હું કેવી રીતે અવગણી શકું ? પરંતુ તેમનો અભિપ્રાય એ કંઈ ભગવાનનો અભિપ્રાય નથી, કારણ કે ભગવાન એમના દિલમાં જાગેલો નથી. એટલા માટે હું એમના અભિપ્રાયને સ્વીકારવાને તૈયાર નથી. એમના અભિપ્રાયને હું અવગણતો પણ નથી, પરંતુ એના ઉપર હવે મારે કાંઈ જીવવું નથી. મારે એના વિશે કંઈ વિચારવાપણું પણ નથી, પણ આ **'જીવન ઘડતર'** આ જે સમાજનાં ચરણકમળ આગળ મૂકું છું, તે સમાજને મારી વિનંતી છે કે આ બધા પૈસા મારા અંગત નથી અને એ સમાજને અર્થે જ વપરાય છે. એટલે સમાજ મને મદદ કરે એવી મારી એને વિનંતી છે.

બીજું, આ બધાં પુસ્તકો તો હું છપાવ્યે જ જઉં છું. આ બધાં પુસ્તકોનો સંગ્રહ અમારા શ્રી ઇંદુકાકાને ઘેર 'ગુરુકૃપા ગેસ્ટ હાઉસ'માં સાબરમતીને કિનારે એલિસબ્રિજમાં ટાઉન હૉલ પાસે એમના રહેવાના ઘરમાં થયેલો છે, અને થોકડાબંધ બધાં પુસ્તકો

પડેલાં છે. આખો ઓરડો ભરાઈ ગયો છે. હવે એ વેચાઈ જાય એવી મારી ઝંખના ખરી. અને મારું શરીર પડી જાય તે પહેલાં એ કામ થઈ જાય તો બહુ સારું. હવે **આ** શરીરની આવરદા બહુ લાંબી નથી. બહુ જિવાય એવું લાગતું નથી. એટલું બધું દર્દ થાય છે કે મારી સાથે રહેનારાંઓને પણ એની કલ્પના આવે એમ નથી. આ એક હકીકત છે. એટલે મારી બધાંને પ્રાર્થના છે—મારી સાથે સંકળાયેલાં, મારી સાથે જેમની લાગણી છે, વારંવાર જે પગે લાગે છે—તે બધાંને વિનંતી છે કે આ પુસ્તકો ખપાવવામાં મદદ કરે અને સાથે સાથે મારે જરૂર છે કે હું નિશ્ચિંત થઈ જઉં. મારે માથે હવે કોઈ જવાબદારી નથી. આ એક જવાબદારી છે. તેમ છતાં પછી જ્યારે વેચાશે ત્યારે ખરાં, પણ આ ઈંદુકાકાનો આખો ઓરડો મારાં પુસ્તકોથી ભરાઈ ગયેલો છે, એ જેને કોઈને જોવું હોય તે જોઈ શકે છે. બિલકુલ અતિશયોક્તિ વગરની વાત છે. માટે, આમાં સૌ કોઈ, મારી સાથે લાગણીવાળા હોય તે મને મદદ કરે, તો આભાર માનીશ. બીજું આ પુસ્તક અમારા સુરત આશ્રમના ભાઈ રજનીભાઈએ પોતાના સારા અક્ષરે ઉતારીને તૈયાર કર્યું. સવારે જે બધા ભાઈઓ સુરત આશ્રમના મારા ઓરડા ઉપર ભેગા થઈએ છીએ તેમણે વાંચી વાંચીને બધાંએ સાથ-સહકારથી અમે એનાં મથાળાં કર્યાં છે અને બાકી તો જે ભાઈએ એનું વર્ગીકરણ કરીને પ્રેસમાં આપવા જેવું પુસ્તક જ તૈયાર કર્યું છે, એમનું નામ આપવાની એમણે ના પાડી છે, તેમ જ આભાર માનવાની પણ ના પાડી છે. એટલે એ વિશે એક અક્ષર પણ બોલતો નથી. વળી, મારી સાથે જો નંદુભાઈ ન હોત અને એમનો દિલનો સહકાર ન મળ્યો

હોત, તો જે લખાય છે તે લખાઈ શકાયું ન હોત એ સાચી હકીકત છે. અને મારા આશ્રમના જે બધા ભાઈઓએ મારા ઉપર જે ભાવ રાખ્યો છે અને રેલાવ્યો છે, જે સહાનુભૂતિ રાખી છે, તેણે પણ મને ઘણી મદદ કરી છે.

મારા શરીરની સંભાળમાં નડિયાદમાં ભાઈ રામ તથા રેણુ અને રાજુ છે, તેમ સુરતમાં પુષ્પાબહેન અને ભાઈ ધનસુખભાઈ છે. ધનસુખભાઈ તો ખાસ કરીને કંઈ નહિ પણ પુષ્પાબહેન દિવસના બે વાગ્યાથી આવે છે. અને હવે દિવસે દિવસે શરીર બગડતું જાય છે અને અર્થ સરે એમ નથી. એ તો પ્રેમ-ભક્તિભાવે ભોગવવાનું છે અને તે ભોગવું છું, મસ્તીથી. બૂમાબૂમ તો કંઈ કરતો નથી, એ ભગવાનની કૃપા છે. એને માટે ભગવાનની શી મહેર માનું ! કે આ બધા રોગો આપ્યા છે, તેમ છતાં હું ભજનો લખ્યા કરું છું, એ કંઈ નાનીસૂની હકીકત નથી. બહુ મોટી હકીકત છે. આ જીવતો છું-શરીર જીવે છે- ત્યાં સુધી લોકોને એ નહિ સમજાય, પણ શરીર મરી ગયા પછી લોકોને એમ થશે કે આ 'મોટો' આવો હતો કે આટલી બધી વેદના ભોગવતો હતો અને તેમ છતાં ભજન લખ્યા કરતો હતો. અને સતત ભજન લખ્યા કરતો હતો, એ હકીકતની કદર શરીર મરી ગયા પછી લોકો કરશે, પણ લોકો કદર કરે કે ન કરે પણ ભગવાનની મારા ઉપર એટલી મોટી કૃપા છે કે આ જે પ્રસાદી એણે મને આપી, કે આવાં દર્દોની વચ્ચે પણ, આવા ભયંકર સહન ન થઈ શકે એવાં દર્દોની વચ્ચે પણ, જીવી શકાય એવો જે મને ભાવ આપ્યો છે અને એણે જે મારા ઉપર કૃપા વરસાવી અને આ ભજનો કરવાની

જે તાકાત, જે શક્તિ, જે પ્રેરણા અને જે ભાવ એણે આપ્યાં એ એની કૃપા. એ કૃપા અપરંપાર છે. જેને કશાની સાથે સરખાવી શકાય નહિ, એવો મારા ભગવાને મને પ્રસાદ આપ્યો છે. એ પ્રસાદ મારા ભગવાને મારા ઉપર રાજી થઈને મને આપ્યો છે. રોગની ઘણી ભયંકર વેદનાની વચ્ચે આ ભજનો લખાયાં અને તે કંઈ પણ વિચાર્યા વિના, સરળપણે આપમેળે હું લખાવ્યે જઉં છું. આ એક મોટામાં મોટી ભગવાનની કૃપાપ્રસાદી છે. અને આવા વિરોધાત્મક સંજોગોમાં અત્યંત ઉત્કટમાં ઉત્કટ એવી વેદનાની વચ્ચે આવાં ભજનો લખાયાં એ કંઈ નાનીસૂની વાત નથી, એ બુદ્ધિથી બધા જીવો કબૂલ કરશે. આનાથી વધુ કંઈ મારે લખવાનું છે નહિ.

શ્રી કાંટાવાળા સાહેબનાં સૂચનથી નિમિત્ત બનીને મારે ભગવાનની કૃપાથી આ કાર્યમાં પ્રેરાવાનું બન્યું, તેમાંથી જ આ ચાર પુસ્તકો **'જીવન પગદંડી', 'જીવન કેડી', 'જીવન ચણતર'** અને **'જીવન ઘડતર'** થયાં, તે માટે એમનો ઘણો આભાર માનું છું. અને જે બધા ભાઈઓએ મને આમાં દિલની ભાવનાથી સાથ, સહકાર આપ્યો છે, તેમનો પણ દિલથી આભાર માનું છું.

હરિઃૐ આશ્રમ, સુરત **—મોટા**

તા. ૧૯-૮-૧૯૭૪

❑

## ૧૭. જીવન કથની

**'જીવન અનુભવ ગીત'**માંની શ્રીપ્રભુકૃપાથી લખાયેલી ગઝલો પછી નિમિત્તયોગે ગઝલો રચાતી ચાલી, એ મારે મન પ્રભુકૃપાનો એક જીવતોજાગતો ચેતનવંતો અનુભવ છે. **આ જીવે** કશું કંઈ, કશા પણ હેતુ વિના લખ્યું કર્યું નથી. **આ** ગઝલો લખવાનું જે કોઈ સ્વજન નિમિત્ત બને છે, એનુંય મહત્ત્વ મારા દિલમાં ઓછું નથી, પણ ગઝલ લખવાની આ પ્રવૃત્તિથી **આ** શરીરનાં દર્દોની અપાર અને અસહ્ય વેદનાથી કેવું તરી શકાય છે, એની બીજા કોઈને કલ્પના આવવી મુશ્કેલ છે. એથી કરીને **આ** ગઝલો એ મારે મન તો ભજનકીર્તન છે. **આ** શરીરના અસાધ્ય રોગોની વેદના વચ્ચે યજ્ઞકર્મ કરાવતાં કરાવતાં પણ **આ** ગઝલો પ્રભુભાવમાં રચ્યોપચ્યો રખાવે છે.

શ્રીપ્રભુના ભાવમાં પ્રવેશાવીને સ્થિર અને સક્રિય રખાવનાર સાધનાની પરંપરાનો ગૂઢ અને અનોખો ઈતિહાસ પણ **આ** ગઝલો દ્વારા ક્યાંક ક્યાંક કથાયો છે ખરો. એનું ઈંગિત **આ** માર્ગનો કોઈક જિજ્ઞાસુ શ્રેયાર્થી કળી શકે ખરો, પણ શ્રીપ્રભુકૃપાથી **આ જીવે** જે સાધન લીધેલું એનું સ્તવન કરતાં કદી થકાતું નથી. સર્વ સાધનોમાં સ્મરણ એ જ ઉત્તમ સાધન છે. એમાં નિરંતરતા અને અખંડતા પ્રગટાવવા માટે કેવું કેવું મથાયું છે, અને એવી રીતની મથામણનાં કેટકેટલાં પાસાં છે કે એ ગાતાં પાર ન આવે ! એથી કરીને જે નિમિત્તે કરીને **આ** ગઝલો રચાઈ છે, એમાં સ્મરણ વિશેની ગઝલોનું પ્રમાણ સૌથી વધારે છે, કેમ કે **આ જીવ**ને જેની લગની લાગી છે, એનું વારંવાર કથન થાય તોય ખૂટે નહિ એવું જ એને તો લાગે.

'હૃદય લાગે લગની જેની સતત કથતાં થકાયે ના,
વિષય છો એકનો એક શું વિસ્તરતાં, ખૂટે તે ના !'

વળી,

'સ્મરણ આ વાસ્તવિકતાની ભૂમિકાથી ગવાયું છે,
ગગનમાં કલ્પના પાંખે ચઢી મેં કંઈ ન ગાયું છે.'

**જીવન**ની વાસ્તવિકતાની **આ** હકીકતનું મૂલ્ય એ તો મારા દિલની મોટી મિરાત છે. કોઈને કદાચ સ્મરણ વિશેની **આ** ગઝલોમાં પુનરાવર્તન લાગે ખરું, પણ ઝીણવટથી અને જીવનવિકાસના ભાવ સાથે એ વાંચવા-વિચારવાથી, એ વિષયની પ્રત્યેક ગઝલમાં કશુંક ને કશુંક નવું પાસું જડવાનો સંભવ રહેલો છે.

વળી, જીવનવિકાસને માર્ગે સ્મરણાદિ સાધનો સાધતાં સાધતાં કેવા કેવા પ્રકારના સંગ્રામો ખેલવા પડે છે, એનો અણસાર પણ આ પ્રકારની ગઝલોમાં પ્રભુકૃપાથી થઈ શક્યો છે.

'બધુંયે ખુલ્લું અને સ્પષ્ટ કરી દેવા ન હુકમ છે.' એમ જે ગાયું છે, તે યથાર્થ છે. ગઝલના **આ** પુસ્તકમાં જીવનની અવિચ્છિન્નતાને સમજાવતી ઘણી બધી ગઝલો છે. શ્રેયાર્થીને જીવનનાં સ્વરૂપનો એ આછો પણ પરિચય આપી રહેશે.

**આ જીવ**થી રચાતી **આ** ગઝલો, અગાઉ કહેવાયું તેમ એક પ્રકારનાં ભજનકીર્તનો છે. શ્રેયાર્થી-સ્વજનો જીવનવિકાસના ભાવથી એને સ્વીકારશે, એવી મારા દિલની એમને પ્રાર્થના છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
ફેબ્રુઆરી, ૧૯૭૩

❑

# ૧૮. જીવન કેડી

**'જીવન પગદંડી'** શ્રી કાંટાવાળા સાહેબના નિમિત્તે લખાઈ. તે પછીથી તો ભજનોનો ફુવારો ફૂટતો જ રહ્યો અને આગળ લખાતું જ ગયું. રોજ વહેલી સવારે સુરત આશ્રમમાં શ્રી પુષ્પાબહેન, ભાઈ ધનસુખભાઈ, ભાઈ અરવિંદભાઈ, ભાઈ ચૂની, ભાઈ રતિલાલ રંગૂનવાળા, શ્રી કમુબહેન તથા ભાઈ મોહનભાઈ ગોળવાળા વગેરે વગેરે બધાં આવી પહોંચતાં. તેમાંના ભાઈ ચૂની, ભાઈ અરવિંદભાઈ તથા ભાઈ રતિભાઈ, હું બોલું તે ભજન ઉતારતા. રોજ સવારના પહોરમાં **આ જીવ**નું શરીર શેકની પાંચ કોથળીઓથી હળવો હળવો શેક લેતું અને ખાટલામાં પડ્યું રહેતું, ત્યારે આપમેળે આ બધાં ભજનો મોઢેથી બોલાયેલાં છે.

આ બધાં ભાઈઓ-બહેનો પણ ત્યારે બહુ જ એકદમ એકાગ્રતાથી આ બધું સાંભળતાં અને તેમાં તન્મય પણ થતાં, અને લખનાર તો તેમાં ખાસ ઓતપ્રોત થઈ જતા. અને આવું તે દૃશ્ય મારે માટે તો એક ઉત્તમ ભોજન જેવું હતું. આ બધાં ભાઈઓએ અને બહેનોએ આ ભજનસર્જનમાં મને જે અનેરો સાથ, સહકાર અને પ્રોત્સાહન આપ્યાં છે, તેને હું ભગવાનની કૃપાપ્રસાદી સમજું છું. આ ભજન હું બોલતો જઉં, તે જ પ્રમાણે આ ભજનો છે. હું બોલું અને ભજનો લખાઈ જાય, તે પછી ભાઈ ચૂની ફરીથી પાછો વાંચી જતો. ઘણી વાર ભાઈ ચૂનીનો ઊધડો લઈ નાખું, અને એવી રીતે બોલું કે બીજા કોઈને તો ખોટું જ લાગી જાય, પરંતુ ભાઈ ચૂનીને અને મારે પ્રભુકૃપાથી કેવો દિલદિલનો સંબંધ છે, તે અમે જ જાણીએ. એણે કદી

મનમાં જરા સરખું પણ ખોટું લગાડ્યું નથી. મારા એવા બોલવાથી કરીને કોઈને ખોટું લાગી જાય, તો તેમાં તેનો દોષ હું ન ગણું. અને ભાઈ ચૂનીનો હું ઉપકાર શું માનું ? મારું દિલ જ તે માટે તો ના પાડે.

આ બધાં ભજનો એ તો થોડાક દિવસની જ રમત છે. મારા જીવનની સાધનાના સમયમાં જુદા જુદા વિષય પરત્વે અને મારા સ્વભાવ અને **જીવ**દશાનાં જુદાં જુદાં વલણો જાગતાં, તે તે વખતે તે બધાંને મઠારવાને માટે **શ્રીહરિકૃપા**થી જે બની શક્યું હતું, તે બધા અનુભવની હકીકત આમાં નોંધાયેલી છે.

'જીવનમાં સાધના અર્થે બધાં સાધન થયેલાં જે,
ઈશારો માત્ર તે સૌનો અહીં ઉલ્લેખ કીધો છે.'

સતત એકધારાં મોઢેથી ભજનો બોલાતાં જવાય અને તે પણ જુદી જુદી હકીકતરૂપે, જેમાં કશો વિચારવાનો તો મુદ્દલે અવકાશ હોતો નથી. આ બધાં જ ભજનો અટક્યા વિના બોલાયે જ ગયેલાં છે. અને આ હકીકતના ઘણા બધા સાક્ષીઓ છે. આને હું ભગવાનની કૃપાપ્રસાદી સમજું છું.

'ન મુજ ત્યાં હોશિયારી છે, ન મુજ વિદ્વત્તા કંઈ છે,
ન એમાં ધાડ મારી છે, કૃપા અદ્‌ભુત **હરિ**ની છે.'

જીવનની સાધનાનું ક્ષેત્ર, જે ખરેખરો પ્રેમજ્ઞાનભક્તિપૂર્વક મથનાર છે, તેવાને માટે તે સતત વિસ્તરતું જતું હોય છે. અને જીવનના એટલે કે પ્રકૃતિના અનેક પ્રકારનાં ક્ષેત્રોને તે આવરી લે છે. માત્ર સ્થૂળ જ નહિ, પરંતુ પ્રકૃતિના સૂક્ષ્મની હકીકત અને ભૂમિકાઓ નિરનિરાળી હોય છે. અને એ પ્રદેશની ભૂમિકાઓથી મુક્ત થઈને કૃપાથી વિહરવું એ કંઈ જેવી તેવી

હકીકત નથી. સૂક્ષ્મ પ્રદેશોની હકીકતમાં સાધનાના ભાવને અવરોધ કરનારા કેટકેટલા અસુરોનો ત્યાં ભયંકર સામનો કરવો પડે છે, તેનો રસિક ઇતિહાસ તો કોઈ ન્યારો છે. આ હકીકતની થોડીક ઝાંખી કેટલાંક ભજનોમાં છે. સ્થૂળ કામક્રોધાદિક, અહમ્ આદિની સાથેનો પ્રકૃતિમાંનો સંગ્રામ એ પણ એક સાધનાના પ્રદેશની ભવ્ય હકીકત છે. એમાંથી આરપાર થવાયા વિના સૂક્ષ્મના અવરોધોનો સામનો થવાને માટે જે આંતરિક શક્તિ કેળવાયેલી, જીવતીજાગતી, ચેતનાત્મક હોવી ઘટે. તેવું થયેલું ના હોય તો સૂક્ષ્મમાં પ્રવેશી જ ન શકાય. જાતે તેવું ન થયેલું હોય તો તેવો **જીવ** હજી પ્રકૃતિનાં ક્ષેત્રના સ્થૂળ કામાદિક વિષયો એટલે સ્થૂળ દ્વંદ્વમાંથી વિજય મેળવી શકેલો નથી એમ જરૂર સમજી શકાય. સ્થૂળ કામક્રોધાદિક જિતાવા એ કદાચ સરળ બને, પરંતુ સૂક્ષ્મના કામક્રોધાદિક અને એની જે સૂક્ષ્મ હકીકતો છે, સૂક્ષ્મ પ્રદેશો છે તે બધાંનો સામનો થતાં થતાં તેમાંથી એકલી ભગવાનની કૃપાશક્તિ જ આપણને ઉગારે અને બચાવી શકે. એમાં કેટલીય વાર હારી જવાય છે અને પાછું પણ પડાય છે. આવી આવી હકીકત પણ કોક કોક ભજનમાં વ્યક્ત થયેલી છે ખરી.

જીવનના સાધનાનાં ક્ષેત્રમાં **શ્રીહરિકૃપા**થી જ્યારે પ્રવેશવાનું બન્યું, ત્યારથી આગળ ડગ ભરાતાં ભરાતાં તે તે ક્ષેત્રમાં પ્રકૃતિના જીવનની સામે જે કંઈ **શ્રીહરિકૃપા**થી **આ જીવ**થી બન્યા કર્યું તેની બધી હકીકત પણ આ ભજનોમાં વ્યક્ત થાય છે. જીવનના સાધનાનાં ક્ષેત્રમાં ડગલે ને પગલે સંગ્રામ છે અને તસુયે તસુ જીતવું પડે છે. એની સભાનતા પણ ત્યારે પ્રગટેલી હોવી ઘટે.

એવી જીવતીજાગતી ચેતનાત્મક સભાનતા પ્રગટ્યા વિના આત્મવિશ્વાસ કદી પણ રણકાર દેતો પ્રગટી શકતો નથી. **આ** માર્ગમાં એવો જીવતોજાગતો આત્મવિશ્વાસ પ્રગટ્યા વિના કોઈ પણ શ્રેયાર્થી આગળ નહિ વધી શકે. શ્રેયાર્થીનું અડગ, અણનમ અને પર્વતના જેવું નિશ્ચળપણું એવા એના રણકાર દેતા જીવંત આત્મવિશ્વાસમાંથી પ્રગટતું હોય છે. જરાતરામાં કંઈ કશું આડુંઅવળું થતાં જે હાલી જાય છે, જેને સગડગ જાગે છે, હાલમડોલમ થઈ જાય છે, અસ્થિર થઈ જાય છે, અને જેને સમતુલા બિલકુલ ત્યારે હોતી જ નથી, તેવા પ્રકારના **જીવો**થી **આ** સાધનામાર્ગમાં ઝાઝો કંઈ પંથ કાપી શકાવાનો નથી. સાધનાના માર્ગના શ્રેયાર્થીનો ટેક તો અડગ અને મરણિયો હોય છે. હાથ ઉપરનાં લીધેલાં કર્મમાં ઝઝૂમીને ઝુકાવવું અને ઝંપલાવવું એ તો જાણે એના **પ્રાણ**ની ગતિ છે. એકધારું, સતત મંડ્યા કરવામાં જ, સતત મથ્યા રહેવામાં જ અને એક નિશ્ચલ ધ્યેયનું મનન ચિંતવન સતત એકધારું જેનું જીવતુંજાગતું ચાલ્યા કરે છે અને તેમાં જેને જંપ વળતો લાગે છે, તેમ કર્યા વિના જેને ચાલી શકતું જ નથી, અને શ્રેયાર્થીના જીવનની તેવા પ્રકારની એક નૈસર્ગિક ચાલ સ્વયંભૂ પ્રગટી ચૂકેલી હોય છે, એવા પ્રકારનો માનવી જ **આ** માર્ગનો અધિકારી છે. મને પોતાને **શ્રીહરિકૃપા**થી પાકો નિશ્ચય થયેલો છે અને આ પ્રકારની હકીકતનો કોઈક કોઈક ભજનમાં નિર્દેશ પણ થયેલો છે.

જેમ જીવનનાં અનેક પાસાં છે, તેમ સાધનાનાં પણ અનેક પાસાં છે. જ્યાં જ્યાં જીવન છે, ત્યાં ત્યાં સાધના છે. અને જીવનના પ્રત્યેક ક્ષેત્રને શ્રેયાર્થીએ જીતી લેવું પડે છે. જીત્યા

વિનાનું કંઈ પણ કશું એને ખપનું નથી, એટલે કે એને ખપમાં આવતું નથી. અને એમ કંઈ એકદમ એવી અણધારી જીત મળતી હોતી પણ નથી. એમાં અનેક વાર હારવું પણ પડે છે, પરંતુ એ આમ એક રીતે હારતો જણાય, પણ એનાં મનાદિએ હાર કબૂલી નથી. અને પ્રત્યક્ષ હારતાં હારતાં પણ સાચા શ્રેયાર્થીનાં મનાદિ તો કદી હાર કબૂલ કરતાં નથી. પ્રત્યક્ષ હારતાં હારતાં પણ એનાં મનાદિ તો સતત સામનો જ કર્યા કરતાં હોય છે. મનાદિ સતત **શ્રીહરિ**ની ભક્તિ પરત્વે એકધારાં મનનચિંતનાત્મક સ્થિતિમાં **શ્રીપ્રભુ**નાં ચરણકમળની ભક્તિના અનુરાગમાં, ભાવાત્મક સર્જનમાં, **શ્રીહરિ**પરત્વેના સૂક્ષ્મ અને દિવ્ય એવા **હરિરસ**માં જ જીવનને મહાલવાનું જેનું બિરુદ છે, એવો શ્રેયાર્થી જીવનમાં જે રસ અનુભવે છે અને **હરિ**નો ભાવ અનુભવતાં અનુભવતાં, જીવનની કૃતકૃત્યતાને જે મહાલે છે, તેનો પરમ આનંદ અને એ આનંદની ચેતનાત્મક નશીલી, મદભરી લહેજત એના જીવનને ગૌરવાંકિત રસથી ભર્યું ભર્યું કરી દે છે. તે હકીકતની પણ કોક કોક ભજનમાં ઝાંખી થાય છે ખરી.

'નજર સન્મુખ, હૃદય સન્મુખ, નીરખી નીરખી, ટીકી ટીકીને,
શું અપરંપાર ઉન્માદે ભર્યું ભર્યું દિલ લાગે છે !'

● ● ●

'ઊછળતા દિલ ઉમળકાથી ધરાઈને, પદામૃતને
-પીતાં રહેતાં, છતાં તોયે ધરાવો દિલ થતો ના છે.'

આવા પ્રકારની ભક્તજીવનના રસની છોળોની હકીકત પણ કોક કોક ભજનમાં વ્યક્ત થઈ છે ખરી. ખરેખરો જે

**શ્રીભગવાન**નાં ચરણકમળનો રસિયો છે, એવા શ્રેયાર્થીને ભગવાનને માર્ગે જતાં જતાં એને પોતાને પોતાની શક્તિનું સભાનપણું પ્રગટતું જતું હોય છે. જેમ કોઈ વેપારી ધન કમાતો જતો હોય અને જમા ઉધારનાં પાસાં નીરખીને પોતાની અમુક મૂડી થતી જાય છે, એ જેમ એ પોતે પ્રત્યક્ષપણે અનુભવે છે, તેવી જ રીતે જીવનનાં સાધનાક્ષેત્રના શ્રેયાર્થીનું છે. જીવનનાં ઊર્ધ્વ ક્ષેત્રની ભવ્ય અને દિવ્ય હકીકતોમાં એનું જીવન એટલું તો એકાકાર, લગાતાર, ઓળઘોળ અને ઓતપ્રોત થયેલું હોય છે કે બીજું બધું હોવા છતાં તે તે બધું એને ગૌણ બની જતું હોય છે. ખરેખરી રીતે પ્રમાણિકતાથી, વફાદારીથી, નેકદિલથી, એકનિષ્ઠાથી જે કોઈ જીવનની સાધનાનાં ક્ષેત્રમાં ઝઝૂમતાં, ઝઝૂમતાં ઝુકાવીને ઝંપલાવે છે, અને ત્યારે તે ઝંપલાવાની પ્રક્રિયા તેમના જીવનમાં જે બનતી હોય છે, તેનું પણ કંઈક આછુંપાતળું દિગ્દર્શન **શ્રીહરિકૃપા**થી થયેલું છે.

જીવનની પ્રકૃતિનાં નિમ્ન ક્ષેત્રે કોઈ પણ એક પાસામાં **શ્રીહરિ** પરત્વેમાં મનાદિકરણ જ્યારે ઝુકાયેલાં રહ્યા કરેલાં હોય છે, ત્યારે એ મનાદિકરણની **શ્રીહરિ** પરત્વેની અભિરુચિ વિશેષ ને વિશેષપણે **શ્રીહરિ**નાં ચરણકમળમાં જીવતી થયા જતી હોય છે, અને એવા પ્રકારની એના મનાદિકરણમાં પ્રગટેલી જીવતી ચેતનાત્મક સભાનતા છે. એ સભાનતાને લીધે જ જીવનની પ્રકૃતિનાં નિમ્ન ક્ષેત્રે સંસ્કારવશાત્ તેમાં પડી જવાનું થતાં પેલી ઊર્ધ્વ પ્રકારની તેનામાં ચેતનાત્મક થયેલી સભાનતા એને એટલે કે શ્રેયાર્થીને નિમ્ન પ્રકારનાં વલણોમાંથી ઉપર તરતો આવી શકવાને જગાડી દે છે. એવી જે ચેતનાત્મક સભાનતા શ્રેયાર્થીના

જીવનમાં જાગેલી હોય છે, તેવી સભાનતા પછી કંઈ લય પામી જતી નથી. શ્રેયાર્થીના સતત થતા રહેતા ઊંડા અભ્યાસને કારણે શ્રેયાર્થીના જીવનમાં પ્રગટેલી સભાનતા વિશેષ ને વિશેષ, વધારે જોરદાર, તેજીલી, ચેતનાત્મક અને એટલી બધી શક્તિશાળી બની જતી હોય છે કે જીવનની સૂક્ષ્મ ભૂમિકાના પ્રદેશોમાં આરોહણ થવાનું બને ત્યારે એવી **શ્રીહરિ**ની ભાવના પરત્વેની પ્રગટેલી ભાવનાવાળી સભાનતા એ જ એનું સહજ મોટામાં મોટું જીતવાનું હથિયાર છે. કશાથી ન વીંધી શકાય એવું એનું અભેદ્ય બખતર છે. જીવનવહેવારમાં તમારી પાસે અમુક મૂડી છે, તો તેની તમને સભાનતા છે, તો પછી જીવનનાં ઊર્ધ્વ ક્ષેત્રમાં જો તમે પ્રવેશ્યા છો અથવા તો જો પ્રવેશ્યા જતા હોવ છો અથવા તો તમારો **આ** માર્ગમાં જવાનો દૃઢ નિશ્ચય છે અને તે નિશ્ચયને તમે અમલમાં મૂકતા હોવ છો તો તેમાંથી તમને **શ્રીહરિકૃપા**થી જે કંઈ મળેલું હોય, તો તેની તમને સભાનતા પ્રગટેલી હોવી ઘટે. જીવનવહેવારમાં જો કંઈ પણ કરતા હોઈએ છીએ, તો તેની પણ તેવા પ્રકારની સભાનતા રહે છે, તો આપણે જો **આ હરિ**ના માર્ગમાં ઝુકાવ્યું છે અથવા એમાં પા પા પગલીએ ચાલતાં છીએ અથવા તો **હરિ**ની કૃપાથી તે તરફનો આપણો અભ્યાસ છે, તો તેવા પ્રકારની તેટલી જો સભાનતા આપણામાં પ્રગટતી ન હોય, તો આપણું કર્યું કારવ્યું યોગ્ય પ્રકારનું નથી તેવું મને લાગે છે.

સાધનાના માર્ગમાં ધ્યેયનું નિશ્ચિતપણું, મરણિયો નિશ્ચય, હેતુ અને થતા જતા પ્રયત્નોની સભાનતામાંથી પ્રગટેલું બળ આ બધાં અનિવાર્ય છે. **શ્રીહરિ**નાં ચરણકમળમાં મથી મથીને,

ચહી ચહીને, ઝઝૂમી ઝઝૂમીને, ઝુકાવી ઝુકાવીને જો તેમાં સંપૂર્ણપણે ઝંપલાવવાની આપણી ભૂમિકા આપણા થતા રહેતા સાધનમાંથી પ્રગટતી જતી હોવાની શક્યતા ન લાગે તો આપણે ક્યાંક ભૂલાં પડેલાં છીએ એમ સમજવું અથવા તો આપણા પુરુષાર્થમાં પ્રાણ જાગ્યા નથી અથવા તો એમાં દમ નથી એમ આપણે સમજવું. જીવનવહેવારનાં ક્ષેત્રમાં ધન કમાવાનો જેટલો ઉત્સાહ હોય છે, કેટકેટલાં ખંત, ઉદ્યમ, સાહસ, હિંમત, ધીરજ એ બધાય ગુણોનો સહારો લઈને જીવ કેટકેટલી મથામણ કરતો હોય છે, અને રોજનો કેટલો બધો સમય તેમાં આપે છે, તેવા પ્રકારનું શ્રેયાર્થીને થતું પોતાના જીવનમાં જો વર્તાય અને વર્તાતું જતું અનુભવાય તો તેવા શ્રેયાર્થીના જીવનમાં **હરિ**ની ભક્તિ પાંગરવા માંડશે એવો મને **શ્રીહરિકૃપા**થી આત્મવિશ્વાસ છે. મેં પોતે એવું જીવનમાં અનુભવેલું છે. આવા પ્રકારના ઉદ્‌ગાર પણ આ લખેલાં ભજનોમાં છે.

લગની લાગ્યા વિના **આ** માર્ગમાં આગળ વિકાસ થવાનો નથી. **હરિ**નો રસ એ જ જીવનમાં સાચો રસ છે અને તે સહજ છે. એવું સહજપણું **આ** જીવનની સંસારની માયામમતાને લીધે ભુલાઈ ગયેલું છે. બાકી, **શ્રીહરિ**નો રસ જીવનની પ્રકૃતિના સંસારવહેવારનાં ક્ષેત્રમાં પણ કામ કરી રહેલો છે. એમાં પણ એ પ્રકારનો જે રસ છે એ રસ પણ મારા વહાલા **શ્રીહરિ**નો જ રસ છે. **શ્રીહરિ** પોતે રસેશ્વર છે. **આ** જે તે બધું જ **શ્રીહરિરસ**નું વ્યક્તત્વ છે. એવા રસથી શ્રેયાર્થી જીવનમાં સતત આકર્ષાતો જતો હોય છે. જીવનમાં પોતાના ધ્યેયને માટેનો મરણિયો ટેક, નિશ્ચય વગેરે વગેરે જીવતાં પ્રગટ્યા વિના **આ**

માર્ગમાં આગળ વિકાસ થઈ શકવાનો નથી, એ વાત મારે મન સોએ સો ટકા સાચી હકીકત છે. કોક કોક ઠેકાણે મારા ભજનમાં પણ આ હકીકત આવે છે.

જીવનનાં ઊર્ધ્વ ક્ષેત્રમાં જવાવાને માટે લીધેલાં કોઈ પણ સાધનને એકધારા કેટલા પ્રમાણમાં આપણે પકડી રાખી શકીએ એમ છીએ એનું આપણે જો યોગ્ય તટસ્થતાપૂર્વક નિરીક્ષણ કરીશું, તો આપણને પોતાને જ પ્રત્યક્ષ જણાશે કે **આ** માર્ગમાં આપણે આગળ વધી શકીશું કે કેમ ? જે વિષયનું હાર્દ આપણે અનુભવવું છે, તે વિષય પરત્વેનું એકધારું, એકીટશે, સતત જીવતુંજાગતું ચેતનાત્મક મનનચિંતવન જો રહ્યા કરતું લાગે અથવા તો એવા પ્રકારની કોઈ જીવતીજાગતી મથામણમાં રહ્યા કરીએ છીએ તેવું આપણને જો બરાબર લાગી જતું હોય, તો **આ** માર્ગમાં આપણો સો ટકા વિજય છે. પ્રમાણિકપણે, વફાદારીથી, એકનિષ્ઠાથી, ભાવનાપૂર્વક જે મથે છે, તેને **શ્રીહરિ** મદદ કર્યા વિના રહેતો જ નથી એવો મારો પોતાનો અનુભવ છે, અને એવા અનુભવનો રણકાર આ ભજનોમાં પણ વ્યક્ત થયો છે.

ધ્યેયની ધગશ લાગ્યા વિના તે પરત્વેની કોઈ કશી પ્રગતિ થવાની નથી. અને એવી ઉત્કટ જીવતીજાગતી જેને ધગશ લાગેલી છે, તે જીવનમાં જણાયા વિના રહી શકતી નથી. શ્રેયાર્થીને ધ્યેય અનુભવવા માટેનો જે તલસાટ જાગે છે, તે તલસાટનો ખરો મહિમા તો કોઈ ભક્ત જ જાણે છે.

**આ** જીવનને **શ્રીહરિ** પરત્વેની સભાનતામાં પ્રગટાવવાને માટે જે પ્રકારની ઉત્કટ આવશ્યકતા જોઈએ, તે જાગે તે હેતુથી

જુદાં જુદાં સાધનો **શ્રીહરિકૃપા**થી આદરાયાં અને જેમ જેમ ચાલવાનું વર્તવાનું થયું, તેનાં તેનાં સીમાચિહ્‌ન **(Mile Stones)** તરીકે જે જે બન્યું તે તે પગલાંનો આમાં ઇતિહાસ છે. જે પગલાં **શ્રીપ્રભુકૃપા**થી ભરાયાં, જે રીતે ગડમથલ થઈ, જે જે રીતે સ્પષ્ટ આરપારદર્શક સ્વભાવનું દર્શન થયું, અને એ સ્વભાવનું કેવી કેવી રીતે જીવનના વિકાસપંથમાં અવરોધ કરનારું **જીવદશા**નું બળ હતું, અને તે સ્વભાવની સર્વ પ્રકારની ટેવો, કુટેવો, સમજણો, મડાગાંઠો, પૂર્વગ્રહો, રીતરસમો વગેરેથી **શ્રીહરિકૃપા**થી મુક્ત થવાવાને જે પ્રકારની જીવતીજાગતી ચેતનાત્મક ઝુંબેશ **આ જીવ**થી ઉઠાવવાનું બન્યું હતું, તેનો પણ તેમાં જીવંત ઇતિહાસ આવે છે. આધ્યાત્મિક વિકાસની પરિપૂર્ણતાએ પહોંચ્યા પછી, **શ્રીહરિકૃપા**થી જીવનમાં જે પાછળનું વિહંગાવલકોન થાય છે, ત્યારના તે જીવનની હકીકતો આદર્શને અનુભવ્યા પછીના જીવનના અનુભવથી તદ્દન નિરાળા પ્રકારની હોય છે, તે શ્રેયાર્થીને આમાંથી સમજાશે ખરું. આધ્યાત્મિક વિકાસને પંથે જતાં જતાં **જીવદશા**ની પ્રકૃતિનો પડેલો જે સ્વભાવ તે પણ અવરોધકર્તા છે અને કેટલેક અંશે મદદકર્તા પણ છે. તે બધું વર્ણન અને તેની હકીકત આ બધાં ભજનોમાં તાદૃશપણે **શ્રીહરિકૃપા**થી ચિતરાઈ છે.

આ **'જીવન કેડી'**ના સંપાદકો અને પ્રકાશકોનો હું આભાર માનું છું. તે બધા **જીવો**ની સાથે **શ્રીપ્રભુકૃપા**થી **આ જીવ**નો દિલ દિલનો સંબંધ છે. મારે લીધે તે તે લોકને ઘણું ઘણું ઘસાવું પણ પડતું હશે, પણ તેવું તેવું તે બધા સજ્જનો જ્ઞાનભક્તિપૂર્વક કરે અને પોતાના કલ્યાણને માટે જ તે તે છે, એવું જો તે સાચેસાચું

હૃદયથી વિચારશે તો તેમાં તેમનું કલ્યાણ છે. કોઈ પણ સાચા પરમાર્થને માટે આપણાથી કંઈક ત્યાગ થાય અને એ ત્યાગમાં ભક્તિની ભાવના જો ઉમેરાય અને તેમાં હેતુની સભાનતા પ્રગટતી રહે, તો એવું ઘસાવું એ તો જીવનને દિવ્ય પ્રદેશમાં પ્રગટાવવા માટેનું ઉત્તમ સાધન બની જાય છે, અને એનાથી કરીને જીવનને જે ઓપ અપાય છે, અને તેથી કરીને જીવન જે ઘડાય છે એની મોજ તો એકમાત્ર શ્રેયાર્થી જ સમજી શકે. મારી સાથે પરિચયમાં આવનારા બધા સજ્જનોને મારી વિનંતી છે કે જે કંઈ કરો છો તે તમારા પોતાના શ્રેયને માટે કરો છો તેવી ભાવના સમજણપૂર્વક દૃઢાવતા રહેશો. કદાચ કોઈક કહે કે 'અમે તો 'મોટા'ને માટે કરીએ છીએ' એવું બોલતી પળે એવા બોલનારમાં એવી જરાતરા સરખી પણ તેવા પ્રકારની જીવતીજાગતી સભાનતા પ્રગટેલી હોતી નથી, એવો મારો ઘણાં બધાં મળેલાંની સાથેનો અનુભવ છે, અને મારું કશું કામ અંગત હોતું નથી. એ તો સમસ્ત સમાજ માટેનું છે અથવા વધારે સાચી રીતે કહું તો **શ્રીહરિ** માટેનું છે. હું તો સમાજ પરત્વેના પ્રત્યેકના ધર્મને પ્રજ્વલિત કરવા માટે અંગુલિનિર્દેશ કરતો હોઉં છું. સમાજ બેઠો થાય એવા પ્રકારની પ્રવૃત્તિ એ જ આ કાળનો સાચો પરમાર્થ છે. અને એવો પરમાર્થ જીવનમાં પ્રત્યેકે આચરવો તે સૌનો ધર્મ પણ છે. મને મદદ કરો છો એમ મનમાં ધારતા હોવ તો તેનો મને વાંધો નથી, પરંતુ તે કરતી પળે તમારામાં જો 'મોટા' પરત્વેની જીવતીજાગતી, જ્ઞાનપૂર્વકની, હેતુ સાથેની, જાગ્રત ચેતનાત્મક સભાનતા પ્રગટેલી રહેતી હોય તો મારે માટે તેવી ભેટ મારા જીવને ધન્ય કરી દેશે. અને મારે માટે **શ્રીહરિ**ની એ ઉત્તમમાં ઉત્તમ કૃપાપ્રસાદી હશે, પરંતુ જે કંઈ કરીએ તે

પોતાના માટે જ કરીએ છીએ એવી ભાવના અને તેવા પ્રકારની સમજણ મેં મારા જીવનમાં **શ્રીપ્રભુકૃપા**થી દઢાવેલી છે. અને મારા છપાયેલા કાગળનાં લખાણોમાં પણ તેવો તેનો નિર્દેશ થયેલો છે.

**આ જીવ**થી ઘણાં પુસ્તકો લખાયાં, તેનો બધો સંગ્રહ અમદાવાદમાં શ્રી ઈંદુભાઈને ઘેર ટાઉન હૉલ પાછળ (ગુરુકૃપા ગેસ્ટ હાઉસમાં) છે. મારી સાથે જે જે જીવોને લાગણી છે, સંબંધ છે, અને થોડું પણ **આ જીવ**ને માનતા છે, અને જે જીવો **આ જીવ**ને નમસ્કાર કરે છે, તેવા તેવા જીવોને મારી વિનંતીપૂર્વક પ્રાર્થના છે કે મારાં પુસ્તકો ખપાવવામાં મને મદદ કરે. તે વેચ્યાની મળતી રકમ મારે અંગત તરીકે લેવાની રહેતી નથી. તે તો પરમાર્થ ખાતે આશ્રમને ચોપડે જમા થઈ જાય છે. એટલે એમાં બધાં જ મને મદદ કરે એવી મારી ખાસ વિનંતી છે.

**આ** બધાં લખેલાં ભજનો એ કાંઈ કાવ્યો નથી. એ તો બધાં જોડકણાં છે. અને તે રોજ ને રોજ વીસપચીસના જથ્થામાં લખાતાં જતાં હોય છે. એમાં નરી સરળતા પણ છે અને સમજાય તેવાં છે. **શ્રીહરિકૃપા**થી જે જે રીતે સાધના થઈ છે, જે જે રીતે સાધનામાં ઊંડું ઊતરાયું છે અને ત્યારે તેના પરિણામથી કરી જે તટસ્થતા, ચેતના પ્રગટી હતી, અને તેના કારણે કરીને જે પૃથક્કરણ થયું તેનું દર્શન પણ **આ** ભજનોમાં ડોકિયાં કરતું જરૂર જણાય છે. આને કોઈ કાવ્ય તરીકે વિચારશો નહિ પણ જોડકણાં તરીકે જ સ્વીકારશો. જે કોઈ **જીવ** સાધનાનો ખરેખરો શ્રેયાર્થી છે, તેને તો મમમમ સાથે કામ છે, ટપટપ સાથે નહિ, તેવા સદ્‌ભાવી શ્રેયાર્થીઓ તો મહીંથી મર્મને ગ્રહણ કરી લેશે.

મારું શરીર ઘણા વેદનાવાળા રોગોથી ભરપૂર છે. તે કાળે તેના શરીરને કોમળ લાગણીવાળી શુશ્રૂષાની ઘણી જરૂર, બલકે તેની આવશ્યકતા અને જરૂરિયાત પણ ખરી. તે માટે **શ્રીહરિ**એ કેટકેટલાં સ્વજનો બક્ષ્યાં છે ? અને મારા જેવા તીખા સ્વભાવને પણ તેઓ પ્રેમથી, ઉદારતાથી સ્વીકારી લઈ મારા શરીરને સેવા આપ્યા કરે છે, તેને હું તો **શ્રીભગવાન**ની કૃપાપ્રસાદી જ લેખું છું, કેટકેટલાં નામ લખું ? રાજુ, રેણુકા, શ્રીરામ, કાંતાબહેન, ઈંદુ, જયશ્રી, તે બધાંયનો બદલો તો **શ્રીહરિ** આપે.

આવાં પુસ્તકો વેચી આપવાનું કામ કેટલાક સદ્‌ભાવી સજ્જનો કર્યા કરે છે અને હરિઃૐ આશ્રમે પરમાર્થને માટે ઉપાડેલાં કાર્યોમાં ઉઘરાવવા માટે સ્વયંમેળે જે ભાઈઓ ફાળો મેળવ્યા કરે છે, તે બધા ભાઈઓનાં નામનો ઉલ્લેખ કર્યા વિના હૃદયથી ઘણો આભાર માની લઉં છું. આ બધો મહિમા **શ્રીહરિ**ના નામના પ્રતાપનો જ છે.

‘કેવો હતો ? પતિત શો મુજને ચઢાવ્યો !
ક્યાંયનોય ક્યાંય મુજને ગગને ઉરાડ્યો’,
દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો,
એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૨૩-૨-૧૯૭૪

❑

# ૧૯. જીવન લહરિ

શ્રી રમણભાઈ અમીને (એલેમ્બિકવાળા, વડોદરા) ‘જીવન અનુભવ ગીત’ મારી લખાયેલી ગઝલોનો સંગ્રહ છપાવવાનું કર્યું, તે વેળાએ શ્રીમતી ડૉ. કાંતાબહેન રામભાઈ પટેલે મને વિનંતી કરી કે ‘મોટા, મને પણ તમે રોજ એક એક ગઝલ પોસ્ટકાર્ડમાં લખી મોકલો, અને એવી બસો સોળ ગઝલ થતાં, હું પણ તેનો સંગ્રહ છપાવવાનું જરૂર કરીશ.’ તે ઉપરથી શ્રીપ્રભુકૃપાથી ગઝલો લખવાનું શરૂ થયું.

જીવદશાનાં વલણોમાં કેવી કેવી રીતે ભરાઈ પડવાનું થતાં, તેવાં વમળોમાંથી મુક્ત થવા કેવું કેવું મથવાનું બન્યું, તેવા જ્ઞાનભક્તિયુક્ત અને ધ્યેયના હેતુની સભાનતાવાળી જાગૃતિથી, જે ભારે સંગ્રામની, મથામણની અંતરમાં અંતરથી જે સૂક્ષ્મ પ્રક્રિયા પ્રવર્ત્યા કરેલી તેનો ઇતિહાસ આમાંની શરૂ શરૂની ગઝલોમાં આલેખાયેલો છે.

શ્રીપ્રભુકૃપાથી તે જીવદશાના કાળમાં સાધનામાં એકાગ્રભાવે જે પરોવાઈ જવાનું બન્યું હતું, તેવા કાળમાં આ જીવથી તેવાં તેવાં વલણોમાંથી છૂટવાને દિલમાં દિલથી દિલની જાગૃતિપૂર્વકની જે લડાઈ જીવંત ચાલ્યા કરી હતી, તેની પણ કથા તે ગઝલોમાં વ્યક્ત થયેલી છે.

તુલસીદાસ અને સુરદાસ આદિ ભક્તોએ પોતાનાં ભજનોમાં **‘मैं पतितन में नामी’** એવું મસ્તભાવથી ગાયું છે, તે હકીકત પણ સમજવા જેવી છે. પોતે શ્રીપ્રભુની ચેતનામાં પ્રતિષ્ઠિત થયા કેડે જ્યારે તેવા જ્ઞાની-ભક્ત-કવિ પોતે જ્યારે વિહંગાવલોકનથી ગત જીવનને પરખે ત્યારે હાલના અનુભવાતા

પ્રત્યક્ષ ચેતનાત્મક જીવનની સરખામણીમાં તે જીવદશાવાળું જીવન ખરેખર **'પતિતન મેં નામી'** જેવું જ, તે તે મહાન જ્ઞાની-ભક્તને લાગ્યું હોય, તો તેમાં કશું પણ નવાઈ જેવું નથી.

મારા જીવનની તેવી ગાથા આ ગઝલો દ્વારા જે વ્યક્ત થયેલી છે, તેનો જો કંઈ જશ હોય તો આ રીતે શ્રીપ્રભુકૃપાથી જેઓ આવું લખાવવાને પ્રેમથી પોતે નિમિત્ત બન્યા છે, તેમને ફાળે જાય છે. જીવદશાના સાધનાકાળમાં જે જે જીવદશાનાં વલણોમાં કેવું કેવું ઝઝૂમવું પડ્યું હતું, અને યાહોમ કરીને તેમાં ઝુકાવવાનું શ્રીપ્રભુકૃપાથી પ્રગટ્યું હતું, તેવી બધી હકીકતનું દર્શન પણ તેવી તેવી ગઝલોમાં સ્પષ્ટ રીતે વ્યક્ત થયેલું છે.

સ્મરણને આ લેખકે જે રીતે દોહરાવ્યું છે, તે વાંચીને સહૃદયી વાચકને હૃદયમાં લાગ્યા વિના નહિ જ રહે કે લેખક, સ્મરણને કેવા ભાવે અને કેવી રીતે પોતે ઝોડની પેઠે ભાવથી સ્મરણને વળગેલા હતા, અને સ્મરણથી તેમનો જીવનવિકાસ કેવાં કેવાં વલણોમાંથી પસાર થતાં થતાં, કેવો કેવો થયા કર્યો, તેની પણ કથની તેવી તેવી ગઝલોમાં વ્યક્ત થયેલી છે.

આ જીવે જીવનમાં જુદા જુદા તબક્કામાં જે જે તપ, તપશ્ચર્યા અને સંગ્રામ ખેલ્યાં છે, તે બધી હકીકતની જાણ આ સંસારમાંના કેટલાય માનવીઓને આજે પણ છે જ.

અભય, નમ્રતા, મૌન અને એકાંતની સાધનાની પરમ, ચરમકક્ષાએ શ્રીપ્રભુકૃપાથી પહોંચાયા વિના, સાધનાનાં ઉચ્ચતમ ક્ષેત્રમાં દૈવાસુર સંગ્રામમાં તેનો સામનો થવા જે દૈવીશક્તિના બળની જરૂર પડ્યા કરતી હોય છે, અને તેવું બળ તો સાધનાના

માર્ગમાં જેઓ અવિરતપણે એકધારા ધ્યેયના હેતુને જીવનમાં જીવંત સાકાર થવા દેવા અને તેને અનુભવવા જેમને મરણિયો નિશ્ચય પ્રગટેલો છે, તેવા મરજીવા જે ખેલ ત્યારે શ્રીપ્રભુકૃપાથી ખેલે છે અને જે આનંદભાવમાં રેલે છે, તેવી હકીકતની કંઈક ઝાંખી એવી કેટલીક ગઝલોમાં વ્યક્ત પણ થયેલી છે.

મારા જીવનના સાધનાના વિકાસમાર્ગમાં હુકમનું કોઈ અનેરું અને આગવું સ્થાન છે. અને હુકમનું કેવું પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વક જીવતું પાલન કરેલું છે, તેની ઝલક પણ તે પ્રકારની ગઝલોમાં વ્યક્ત થયા વિના રહી શકી નથી એવું નથી. વળી, અનુભવદશાની હકીકતો પણ તે તે ગઝલોમાં વ્યક્ત થઈ છે.

જીવનવિકાસની સાધનાનો ઈતિહાસ ભલે ના લખાયો હોય, પરંતુ આ ગઝલો તેવા સાધનાના ઈતિહાસની આછીપાતળી કંઈક ઝાંખી કરાવી જાય છે ખરી.

આ શરીર પડવાનું છે અને એ તો નિશ્ચિત હકીકત. તેવી વેળાએ શ્રીપ્રભુકૃપાથી આવું લખવાનું જે પ્રભુદત્ત નિમિત્ત મળ્યું છે, તેને હું શ્રીપ્રભુની મહેરબાની અનુભવું છું. અને જે જીવ એવું નિમિત્ત બન્યો, એને હું મારા જીવનનું સદ્‌ભાગ્ય અને સૌભાગ્ય ધારીને, તેવા જીવનો હૃદયથી અહેશાનમંદ થાઉં છું.

આ ગઝલોના છ ખંડ પાડ્યા છે. તેમાં જે છેલ્લો ખંડ છે ‘તમે અને અમે’. એમાં શ્રીપ્રભુકૃપાથી મળેલાંને સંબોધવાનું બન્યું છે. શ્રીપ્રભુકૃપાથી આ જીવે આ સાધનાના વિકાસમાર્ગે જે મથામણ કરી છે, તે કેટલાય જીવે જાતે જોયેલી હકીકત છે. કોઈ સાધુ મહાત્મા હિમાલયની ગુફામાંથી આવીને તેમના

જીવનની કોઈક તેવા પ્રકારની હકીકત કહે, તો તે હકીકતને આપણે માનવી પડે, જ્યારે આ જીવની સ્થિતિમાં તેવું મુદ્દલે નથી. એણે તો આ જ સંસારમાં રહીને મળેલું પ્રત્યેક કર્મ શ્રીપ્રભુપ્રીત્યર્થે જીવનવિકાસના હેતુની સભાનતાથી જે કર્મયજ્ઞ કર્યા કરેલો છે, અને તે પણ સંસ્થાની મુખ્ય જવાબદારીના પદે રહીને, તે તે કર્મથી કેટલાયને આ જીવે સંતોષ પ્રેર્યો છે, અને તેવી હકીકત શ્રી ઠક્કરબાપા વગેરેની *પ્રસ્તાવનામાંથી વાચકને તાદૃશપણે તેવી યોગ્યતા પુરવાર થવાને મળી રહે તેવું છે.

'તમે અને અમે' એમાં મળેલાંને જે કથેલું છે, તે હકીકત કોઈકને આકરી લાગશે, પરંતુ મને જે સમજાયું છે, જણાયું છે, તેમનું તેમનું જેવું જીવદશાનું અનુભવાયું છે, તે હકીકતને મેં સંપૂર્ણપણે વફાદાર રહીને આલેખી છે.

(ગઝલ)

**'સ્વજનથી ભોગવાયું જે જીવન, આલેખ્યું તેવું છે,**
**અમારી જાત પર લઈ તે અમે વર્ણન કરેલું છે.'**

તેમ છતાં કોઈકને તેથી માઠું લાગી આવે તો તેવા જીવને જો આ જીવ પરત્વે તેમના દિલમાં ખરેખરો ભાવ જીવતોજાગતો પ્રગટેલો હશે તો તેવું તેમના પરત્વે લખાયેલું તેમને યોગ્ય રીતે ગોદાટીરૂપે લખાયેલું સમજીને આભારવશ થયા વિના નહિ રહે. જોકે આ ગઝલો કોઈ એક વ્યક્તિને ઉદ્દેશીને નહિ, પરંતુ મારી સાથે સંબંધમાં આવેલાં સૌ સ્વજનોને ઉદ્દેશીને લખાયેલી છે, તેની સૌ નોંધ લે. ભાવનાદર્દી ભાવુક દિલને આ જોડકણાં ગમશે એવી અપેક્ષિત શ્રદ્ધા છે.

---

*'કર્મગાથા' પુસ્તકની પ્રસ્તાવના

શ્રીમતી ડૉક્ટર કાંતાબહેન રામભાઈ પટેલે જે ભાવથી આ બધું છપાવવાનું સ્વીકાર્યું છે, તે માટે તેમનો ખરા હૃદયથી આભાર માનું છું. તે સાથે શ્રી રમણભાઈ અમીને આ પુસ્તક જલદીથી છાપી આપવાની જે ગોઠવણ કરી આપી તેવા તેમના સદ્ભાવની કદર કર્યા વિના કેમ રહી શકાય ?

અંતમાં આ પરત્વે સૌ સ્વજનોને નીચેનું સંબોધન કરી વિરમું છે.

(ગઝલ)

**જીવનપથ ચાલતો જે છે ખરે ! તેનાંય લક્ષણ છે,**
**ખરેખર ચાલતાનો શો પરિશ્રમ ઓર બોલે છે !**

●

**જીવનમાં આવતી જે જે મુસીબતને સ્વીકારીને,**
**-કરીને સામનો એનો વિજયમાં ફેરવાવાને.**
**હૃદયના પ્રાર્થનાભાવે પદે પોકાર પાડીને,**
**સમર્પ્યા તે કરી સઘળું જીવે જે, તે જીવન પામે.**

C/o. પી. ટી. પટેલ **-મોટા**
કુંજરાવ (વાયા આણંદ)
તા. ૮-૬-૧૯૭૧

❑

## ૨૦. જીવન મંડાણ

આ જીવ કનેથી લાભ મળે તેવું કશું નથી. કોઈને પણ આવવાનું નિમંત્રણ કે આમંત્રણ આપવાનું તો થતું નથી. કોઈ જીવ પોતાની મેળે આ જીવ કને આવે કરે તો તેની ના કંઈ થોડી જ પાડી શકાય છે ? અહીં આવવા-કરવાનું થતાં-કરતાં તેવા જીવ પોતાને ત્યાં એને લઈ જવા-કરવા કહ્યા કરતા હોય છે. હૃદયની સ્વયં સહજ ઊર્મિ થતાં જે તે કંઈ આપોઆપ બન્યા કરે છે. અમુકને ત્યાં જવું અને અમુકને ત્યાં ના જ જવું એવો કશો નિયમ કે વ્રત તો નથી. તેથી, બધા મળવા આવનાર સદ્‌ભાવી જીવોને પ્રાર્થના છે કે તેમણે આ જીવને પોતાને ઘેર લઈ જવા-કરવાનું આમંત્રણ કે નિમંત્રણ અંગે કશું પણ કહેવું-કથવું નહિ. 'અમુક અમુકને ત્યાં જાય છે અને અમારે ત્યાં કેમ નહિ ?' એમ જેને મનમાં થતું હોય તેમણે કૃપા કરીને અહીં ના આવવું. વળી, એક બીજી પણ પ્રાર્થના છે કે 'કોઈએ આ જીવ કને કશી કોઈ પણ પ્રકારની આશા-અપેક્ષા સેવવી નહિ.' આ જીવ ગધેડા જેવો છે. અમારી પાસે કશો લાડવો દાટેલો નથી. તેમ અમે કોઈને અમને મળવા આવો એવું કહેતા પણ નથી. જે કોઈ આ જીવને બોલાવવાનું ઇચ્છે છે, તેની કદર જરૂર કરી શકું છું અને તે કાજે તે તે જીવનો હૃદયથી આભાર માનું છું.

કોઈ પણ સંત આપણે ત્યાં પધારે તો આપણું દળદર ફીટી જાય એવી જે લોકમાન્યતા છે, તેમાં નર્યું અજ્ઞાન છે. માટે, એવા ફોકટ પ્રયત્ન કરવા કરતાં એની પ્રત્યક્ષ સેવા-એનું કામ કે એના કહ્યા પ્રમાણે વર્તવાથી વિશેષ લાભ થાય. તેમ

છતાં જે કોઈને આ જીવને પોતાને ત્યાં બોલાવવો હોય તેણે સમર્પણયજ્ઞભાવે કંઈક ને કંઈક આપવાની દાનત પહેલાં પરખવી. રોકડ રકમ હશે તે સાબરમતી આશ્રમમાં સંઘને ચોપડે અંકિત દાન ખાતે જમા થશે અને તેની પાવતી મળશે.

ગાંધીઆશ્રમ, સાબરમતી, અમદાવાદ - **મોટા**
તા. ૧૦-૧-૧૯૫૩

❑

## ૨૧. જીવન મંથન

જીવનમાં મળતાં જતાં પરિસ્થિતિ અને સંજોગો-જો ધ્યેય પરત્વેનું લક્ષ્યબિંદુ એકાગ્ર અને કેંદ્રિત, જીવતુંજાગતું, એકધારું રહ્યા કરતું હોય તો આપણને વેધક અને પ્રેરણાત્મક જીવનદૃષ્ટિ પ્રેરાવતા રહે છે. જીવન જેમ સમગ્ર, સળંગ, એકપણે હોય છે, પરંતુ તેમ તેવું દૃષ્ટિબિંદુ જીવનમાં જીવનથી આપણે રાખી શકતાં હોતાં નથી. આવી પડેલા સંજોગને તે કાળ પૂરતા જીવનના એક વિભિન્ન ટુકડા તરીકે લેખીને આપણે વર્તતાં હોઈએ છીએ. તેથી, તેવા જીવનના વર્તનમાં સળંગતા અને સમગ્રતા પ્રગટતી નથી અને તે કારણે સમગ્ર જીવનના મૂળભાવનું સાતત્ય કદી કર્મમાં પ્રગટતું જ નથી. સમગ્રતા, સળંગતા સામાન્ય જીવાત્માને જીવનમાં ખ્યાલમાં પ્રગટવી શક્ય નથી હોતી. જીવનમાં જીવનના ધ્યેયની ભાવના જ્વાળામુખીના જેવી ધગધગતી જ્યારે જ્વલંતપણે પ્રગટી ઊઠતી હોય છે ત્યારે જ ધ્યેય પરત્વેની ભાવના પ્રમાણેનું વર્તન પ્રત્યેક થતા જતા કર્મમાં પ્રગટી શકે છે અને એવો માનવી સજાગ રહી શકે છે. જે જીવાત્મા પળે પળ સજાગ રહેતો હોય છે, એવો પછી કઈ રીતે કર્મથી વિમુખ બની શકે ? એવો જીવાત્મા તો જે કંઈ મળે છે એને ધ્યેયની ભાવનાના ત્રાજવાથી તોલી તોલીને તેવી ભાવનાને જ્વલંતપણે પ્રગટાવવાને અને તેને પોષણ આપવાને જ एनी કૃપાથી જીવતો રહ્યા કરતો હોય છે. એવો જીવ કશાથી વિમુખ નથી બની શકતો.

સાધનામય જીવન એ જ સાચું જીવન છે. સાધનાથી જીવનમાં જીવનનાં સહસ્ર નયન ખૂલતાં હોય છે. જીવનમાં

અનેક પાસાંનાં એને દર્શન ખૂલતાં જતાં હોય છે. જીવનના સહસ્રમુખી નારાયણનાં તે દર્શન કરતો રહે છે અને જીવનનાં સર્વ પાસાંને તે સાદર અને સદ્ભાવથી નીરખે છે. જીવનના અનેક ક્ષેત્ર પરત્વેની સદ્ભાવનાની સાથે તે તો સુમેળ સાધતો રહે છે. જીવનની સર્વ પ્રકારની રચનાત્મક પ્રવૃત્તિમાં તે સમાધાન મેળવતો રહે છે. એને કશા સાથે વિરોધ નથી. એ તો જેની તેની સાથે સમરસ થતો રહે છે અને એ જ એના જીવનનું સાચું રહસ્ય. એને કશાયથી પછીથી અલગ થવાપણું કેમ હોઈ શકે ?

એવાના જીવનમાં ગુણ ખીલે છે અને એની શક્તિ પણ સહજપણે પ્રગટીને પ્રવર્તે છે, પરંતુ તેમાંયે તે આપમેળે નિર્મમત્વથી, નિરાસક્ત ભાવે તરતો રહે છે. જીવનનું ધ્યેય જીવનના કોઈ એક જ પાસામાં સમાઈ જતું નથી હોતું. તે તો પ્રથમ એકાગ્ર અને કેંદ્રિત થતું થતું એની પરાકાષ્ઠાએ પહોંચી પહોંચી, પછી તો તે વિસ્તાર પામતું પામતું જીવનનાં સર્વ પાસાંને સ્પર્શતું હોય છે. તેથી, તે જેમ એકમાં છે તેમ અનેકમાં પણ હોય છે.

જીવનનો સાધક તો જ્યાં ત્યાંથી સદ્ભાવનાની પિછાણ અને કદર કર્યા વિના રહી શકતો નથી. જેનું તેનું યોગ્ય મૂલ્યાંકન તે યથાભાવે કરતો રહે છે. કોઈ પણ સદ્પ્રવૃત્તિના હાર્દને તે અનુભવ્યા વિના રહી શકતો નથી. તેથી, તે જીવનની સકળ સદ્પ્રવૃત્તિનાં મૂળમાં છે. જીવનના સાધકની ભાવના કંઈ વેરવિખેરપણે પડેલી નથી હોતી. તે તો જેમ એકાગ્ર અને કેંદ્રિત હોય છે તેમ તે પાછી સર્વતોમુખી થવાને પણ એકધારી

મંડ્યા કરતી રહે છે. સાધકના જીવનની દૃષ્ટિને એકમાં એકાગ્ર અને કેંદ્રિતપણે થવાવાનું જે પ્રગટે છે, તે તો વિસ્તાર પામવાપણાની દશાને પામવા કાજે. તેથી, તેનું એકમાં જે પુરાઈ રહેવાપણું એક કાળ પૂરતું બન્યા કરતું હોય છે, તે તો જ્વાળામુખીની જેમ બહાર ફૂટી નીકળતાં પહેલાં તેના અંદરના ભૂગર્ભમાં ઘણા સમય પહેલાંથી બહાર ફાટવાની ક્રિયાપ્રક્રિયા સતત ચાલી રહેલી હોય છે, તેના જેવી તેની આ પૂર્વ તૈયારી છે. આવા પ્રકારની પૂર્વ તૈયારીરૂપ સાધકનું સાધનામાં એકાગ્ર અને કેંદ્રિત થતું જતું જીવન હોય છે. તેથી, તે સમાજથી અટૂલો અને એકલો પડી ગયેલો છે એમ માનવું તે યોગ્ય નથી. કોઈક વૈજ્ઞાનિક જેમ પોતાની શોધના પ્રયોગના મનનચિંતવનમાં એકાગ્ર રહ્યા કરતો હોય છે, અને તેવા એકાગ્ર મનનના કાળના તબક્કા પૂરતી બીજા બધા પ્રકારના જીવન પરત્વે એની દૃષ્ટિ જતી નથી હોતી, તેમ સાધકનું પણ થતું હોય છે.

જેણે જેણે કંઈક મેળવવું છે તેણે તે મેળવવાના પ્રયત્નમાં એકાગ્ર અને કેંદ્રિત થયા વિના ચાલવાનું નથી. જેણે જે જે પ્રવૃત્તિ જીવનધ્યેયને વિકસાવવાને હાથમાં લીધી છે, તેમાં તેણે એકાગ્ર અને કેંદ્રિત થવું જ પડે છે. આ હકીકત જીવનનાં સર્વે ક્ષેત્રોને લાગુ પડે છે. લડાઈના જોશને જીવતું અને થનગનતું રાખવા તે ગાળામાં સમગ્ર પ્રજાની દૃષ્ટિની જેમ એકાગ્ર, કેંદ્રિત અને તત્પરતાવાળી રાખવામાં આવે છે અને તે કાળ પૂરતું જેમ બીજા કશા પરત્વે ઝાઝું મહત્ત્વ અપાતું નથી - એકમાત્ર લડાઈમાં ટકી રહેવા અને જીતવા પરત્વેની પ્રવૃત્તિને જ જેમ મહત્ત્વ અપાયા કરાય છે તેમ જીવનમાં સાધના પરત્વેનાં વલણને સમજવાનું હોય છે.

જીવનના રાગદ્વેષાદિક પ્રકૃતિનાં વલણોથી - તે તે પ્રગટતાં દોરવાઈ ન જતાં શાંતિ, સમતા, તટસ્થતા કેળવવાને જાગૃતિપૂર્વક મથ્યા કરવું અને જીવન પરત્વેના સકળ વર્તનભાવમાં સત્ત્વ ગુણને પ્રગટાવવાને એકધારું જ્ઞાનપૂર્વક મથવું, - એને શું कर्म નહિ ગણાય કે ? અને તેવું કર્મ પણ શ્રીપ્રભુપ્રીત્યર્થે થયા કરે, પ્રભુભાવે થયા કરે અને તે જ્ઞાનભક્તિપૂર્વક શ્રીભગવાનનાં ચરણકમળે સતત સમર્પણ થયા કરે, આ બધું કંઈ જેવું તેવું कर्म નથી. સાધનામય જીવનનું કર્મ સંસારનાં કર્મથી નિરાળું છે. સાધનામય જીવનના સાધક પરત્વેના સંસારના વિચારકો અને વિવેચકોના ટીકાયુક્ત પ્રહારોને જીવનના સાધકે સમભાવે નીરખી નીરખી પોતે પોતામાં વધારે પ્રામાણિકપણે નિરંતર એક જ ભાવમાં પ્રવર્તવાનું કર્યાં કરે તે જ યોગ્ય છે.

આવા પ્રકારની જાગૃતિ, સાવધાની, સાવચેતી સાધકને પ્રગટાવવા આ કાગળો લખાયેલા છે.

હરિજન આશ્રમ, સાબરમતી, અમદાવાદ **-મોટા**

તા. ૨૩-૧-૧૯૫૬

❑

# ૨૨. જીવન મથામણ

‘જીવનમાં હેતુપૂર્વક તે બહુ જ મથવાનું કીધું છે,
સતત મથતા રહેવાથી જીવનઘડતર થતું રહે છે.’

જીવનની કોઈ અલબેલી એવી ધન્ય પળે ભગવાનનું સ્મરણ હાથ ચડી આવ્યું. જોકે સ્મરણ તો શરીરના રોગે લેવરાવ્યું, પરંતુ એ સ્મરણ લેતાં લેતાં અને એ સ્મરણનો ભાવપૂર્વકનો મહાવરો પડતાં પડતાં, એમાંથી મને શ્રીહરિકૃપાથી જીવનનું ધ્યેય નજર સમક્ષ તરવરતું થયું, એ ધ્યેય પરત્વેમાં સ્મરણ એ એકમાત્ર અભ્યાસથી જીવતુંજાગતું થવાનું થયું. તે પણ એકદમ ઓચિંતું તેવું થઈ શકતું નથી. તેમાં પણ મથવાના અનેક પ્રકારો પ્રગટ્યા. એવા અનેક પ્રકારના મથવાના તબક્કામાં શ્રીભગવાનનું સ્મરણ તો જીવંત હતું જ, પરંતુ તે સાથે સાથે જીવનના ધ્યેયના હેતુની ચેતનાત્મક સભાનતા પણ હતી જ. એવી સભાનતા વિના જીવનનું ઘડતર થવું કદાપિ શક્ય બની શકતું નથી. એવી ધ્યેય પરત્વેના હેતુની સભાનતા પણ જીવનમાં જે અનેક રીતે શ્રીહરિકૃપાથી મથવાનું થયા કર્યું હતું, તેવા મથવાપણામાંથી જ, એવા સતત મથતા રહેવાના અભ્યાસમાંથી જ, અને તે તે મથતી વેળાએ આ બધું મથવાનું શેને કાજે છે, એવા ધ્યેયનું પણ શ્રીહરિકૃપાથી ભાન ટપકતું રહેતું હતું, એવા એકધારા સતત મથવાના અભ્યાસના પ્રયત્નમાંથી હેતુની સભાનતા શ્રીહરિકૃપાથી જાગ્રત થઈ શકી હતી.

જીવનના કોઈ પણ ક્ષેત્રમાં, જીવનના કોઈ પણ પાસામાં, જીવનના કોઈ પણ તબક્કામાં, કંઈ પણ કશું મથ્યા વિના મળી શકતું નથી. શ્રીહરિકૃપાથી એવા મથવામાં મને તો દિલમાં

દિલથી દિલની ભક્તિ પ્રગટી હતી. અને તેથી જ જીવનઘડતરને માટે સતત જે મથવાનું પ્રગટ્યા કર્યું, તે મથવાને મેં તો તપશ્ચર્યા ગણેલી છે. જે કંઈ ધ્યેયના હેતુની સભાનતાથી પ્રેમપૂર્વક સહન થાય, મથવાનું બને, તેનાથી કરીને જે ભયંકર સંગ્રામ પ્રગટે, તે સંગ્રામમાં મરણિયા દઢ નિશ્ચયથી અનેક પ્રકારના ઘા ઝીલતાં ઝીલતાં સતત જે ટકી રહેવાનું બને, અને એમાંથી જે પરાક્રમ અને શૂરવીર એવી મર્દાનગી જે પ્રગટે છે, તે બધું તો મથવાના પ્રતાપનો થોડો શણગાર છે. મથ્યા વિના જો સ્થૂળ પ્રકારનું પણ કંઈ કશું મળતું નથી, તો પછી ચેતનને અનુભવવા માટે તો જે મથવાનું પ્રગટે, ઊગી આવે, સ્ફુરે, પ્રેરણા થાય કે સમજી સમજીને સામે જઈને પણ જ્ઞાનપૂર્વક જે મથવાનું સ્વીકારાય— આવા અનેક મથવાના પ્રકારના શ્રેયાર્થીની સામે એકમાત્ર તેનું ધ્યેય જ સાકાર લેતું, થનગનતું, એની નજર સામે સતત એકધારું જીવતુંજાગતું અકબંધ અને ટકોરાબંધ રહ્યા જ કરતું હોય છે. ધ્યેય સાકાર થતાં થતાં, તે પણ અનેક પ્રકારો લે છે. ધ્યેય જ્યાં સિદ્ધ થતું લાગે, છેક નજીકમાં નજીક પાસે જ છે એમ લાગે, ત્યાં તો ધ્યેય પાછું ક્યાંનું ક્યાંય આગળ વિસ્તરતું જ રહે છે. ધ્યેયનો પણ ઊર્ધ્વતર વિકાસ થતો રહે છે, તેમ તેમ મથવાના પ્રકારો પણ ઊર્ધ્વતમ અને સૂક્ષ્મતમ થતા જતા હોય છે અને પ્રત્યેક ભૂમિકાનું મથવાનું પણ જુદું જુદું હોય છે.

આમ, જીવનમાં જીવનના ધ્યેયને એકધારું સતત જીવતુંજાગતું રાખીને જે મથવાનું બન્યા કરતું રહે છે, તેવા મથવામાંથી એક એવા પ્રકારનું આંતરિક બળ પ્રગટે છે, જે આંતરિક બળનો સહારો અને ટેકો એટલો બધો નગદ અને

ટકોરાબંધ હોય છે કે જેનાથી કરીને આપણે જીવનમાં જીવનના ઊર્ધ્વતર પંથમાં ક્યારેક ક્યારેક એવા ભયંકર સંગ્રામોની સામે થવું પડે છે ત્યારે તે જ પેલું અંતરનું બળ ઉપયોગનું નીવડે છે. તેવા બળથી કરીને શ્રેયાર્થીથી મથવાનું બની શકે છે. બાકી તો માનવી ક્યારનોય તૂટી પડે. જીવનઘડતરની પ્રત્યેક ભૂમિકાથી પર થતાં થતાં કે થતાં થતાંમાં પણ કેટલું બધું જબરજસ્ત યુદ્ધ આપવું પડે છે ! અને ત્યારે જે મથવાનું જાગે છે, તેવા મથવામાં જો જીવનના ધ્યેય માટેની તલસાટભરી તાલાવેલી અને તેથી કરીને સંપૂર્ણપણે યાહોમ થઈ જઈને હોમાઈ જવાની જે ઘેલી ઘેલી ઘેલછા પ્રગટે છે, ત્યારે સંપૂર્ણ ભાવથી તે મથવાના યજ્ઞમાં એકધારું ઝંપલાવી દઈને આત્મસાત્ થઈ જવાની જે તમન્ના અગ્નિની ભાવના પ્રગટે છે અને તેમાંથી જે શહૂર પ્રગટે છે, તે શહૂર કોઈ ન્યારા પ્રકારનું છે. એવા શહૂરમાં માત્ર ઘેલછા કે નર્યું ગાંડપણ છે એવું રખે કોઈ માને. એવું શહૂર એ તો મનાદિને માટે ઉત્તમમાં ઉત્તમ ભાવના પ્રગટાવવા માટેનું અને તે રીતે ઘડાવા માટેનું યોગ્યમાં યોગ્ય સાધન છે. મનાદિ કોઈ સાધારણ બીજા કોઈ હથિયારથી ઘડી શકાય તેવાં નથી. મનાદિને ઘડવાને માટે તો પ્રકૃતિના પરનું એવી ભાવનાનું કોઈ દિવ્ય બળ કે શક્તિના સાધનની જરૂરિયાત ખરી. અને એવું આંતરિક બળ જીવનના અનેક તબક્કાઓમાં ધ્યેયના હેતુની સભાનતાની સાથે, સતત અને એકધારું, જ્ઞાનભક્તિપૂર્વકનું મથવાનું બન્યા કરે છે, એમાંથી એવું જ્ઞાનબળ પ્રગટે છે. તે મર્દાનગી કે શહૂરનો પ્રકાર પણ ન્યારો છે. એવા હથિયાર વિના જીવનવિકાસની સર થતી જતી ભૂમિકાઓમાં ટટારીથી,

ખુમારીથી અને ઝનૂનથી બસ લડવું એ કદાપિ શક્ય બની શકતું નથી.

સતત મથતા રહેવામાંથી શ્રેયાર્થીને જે બળ સાંપડે છે, એ બળનો ફેલાવો અને પ્રસારો શરીરનાં બધાં કરણોમાં થતો રહે છે, અને એમ ઊર્ધ્વતર વિકાસ થતાં થતાં આધારનાં જુદાં જુદાં કરણોની પ્રકૃતિનો ગુણધર્મ વિલય પામતો જતો અનુભવાય છે. ત્યારે પ્રકૃતિ પણ પોતાનો ખેલ શરૂ કરે છે. કંઈ કશા ઉપર પોતાની પકડ જતી રહે એ કોઈને ગમતું હોતું નથી. પ્રકૃતિને પણ પોતાની પકડ ગુમાવવી પડે છે. એટલે પ્રકૃતિ પણ તે વેળા વિશેષ સાબદી બને છે. મતલબ કે શ્રેયાર્થીને ત્યારે તેવું લાગે છે. શ્રેયાર્થી તો સતત એની સભાનતાની માત્રામાં ઉત્તરોત્તર વધતો જ જતો હોય છે. જીવનવિકાસ પરત્વેની એવી સભાનતાના પણ જુદા જુદા તબક્કા છે અને તેના પ્રકાર પણ જુદા જુદા છે. આવી સભાનતા એ જ શ્રેયાર્થીને સાચી રીતે ઘડે છે. જીવનના ધ્યેયને સાકાર કરાવનાર કે પ્રગટાવનાર કે છતું કરનાર જો કોઈક હોય, તો તે એવી સભાનતા જ છે. આગળ લખી ચૂક્યો છું તેમ તેવી સભાનતા પણ સતત, એકધારી મથવાની પ્રક્રિયામાંથી જ પ્રગટતી હોય છે. આમ મથવું, ચેતન અનુભવવાને માટે અનિવાર્ય હકીકત છે, એમાં કોઈ છટકબારી નથી. જે કોઈ શ્રેયાર્થીને એવા મથવાને માટે હૃદયનો ઊછળતો ઉમળકો પ્રગટતો હોતો નથી, તો તે મારી સમજણે તો સાચો શ્રેયાર્થી નથી. શરૂ શરૂમાં તો મથામણ અઘરી પણ લાગે છે, કારમી પણ લાગે છે અને કેટલીક વેળા તો ભયંકર પણ લાગે છે, તેવી વેળાએ જ પેલું જે આંતરિક બળ પ્રગટેલું છે, તે તેની

મદદે દોડી આવે છે. શ્રેયાર્થીને ભાંગી પડતી વેળાએ, પીઠ બતાવતી વેળાએ, નાસી છૂટવાની અણી વેળાએ, તેને ત્યાં ટકાવી રાખનાર, ચીટકી રખાવનાર, અને ત્યાં પણ હિંમતથી ટટાર થઈને ટકી શકવાની શક્તિ પ્રેરનાર પેલું મથામણમાંથી પ્રગટેલું આંતરિક બળ જ છે. જીવનમાં ચેતનને અનુભવવા માટેનો જાગેલો જે ઉન્માદભર્યો નદીનાં પૂરના જેવો તલસાટ છે, એ તલસાટ શ્રેયાર્થીને કદી નવરો પડી રહેવા દેતો જ નથી, તો પછી શ્રેયાર્થીને સૂવા તો કેમ જ દે ? અને તેને જંપ પણ કેમ જ વળવા દે ? સતત, એકધારું મથતા રહેવામાંથી જ નવું નવું જીવનનું બળ પ્રાપ્ત થતું રહે છે, અને એવી શક્તિ પણ જુદી જુદી પ્રગટતી રહે છે. પ્રત્યેક ભૂમિકામાં જીવનના ઊર્ધ્વતર વિકાસની ભૂમિકામાં પ્રગટતી જતી શક્તિ પણ જુદી જુદી હોય છે, અને એવી ઊર્ધ્વ પ્રકારની શક્તિ અનુભવમાં પ્રગટ્યા કરે છે, ત્યારે મથામણનો પ્રકાર પણ ઊર્ધ્વ થતો રહે છે અને એનો પાસ બધાં કરણોને પણ લાગે છે. બુદ્ધિનો વિવેક પણ ઘણો સૂક્ષ્મમાં સૂક્ષ્મ થતો રહે છે, અને એવા સૂક્ષ્મ બુદ્ધિના વિવેક વડે કરીને ઊર્ધ્વતમ ભૂમિકાઓનું જે પૃથક્કરણ થતું રહે છે, તેનું કારણ તો એ છે કે એવા ઊર્ધ્વતર વિકાસ પરત્વેની મથામણની પ્રક્રિયામાંથી જે એક જીવંત ચેતનાત્મક શક્તિ પ્રગટી, તેની અસર બધે ફેલાતી હોય છે, અને તેનાં જુદાં જુદાં પરિણામ પણ નીપજે છે. તેવું એક પ્રકારનું પરિણામ સક્રિય તટસ્થતા પણ છે. એવી સક્રિય તટસ્થતા જીવતીજાગતી પ્રગટ્યા વિના ઊર્ધ્વતર ભૂમિકાઓનું ઝીણવટભર્યું યથાયોગ્ય પૃથક્કરણ થવું કદી પણ બની શકતું નથી. એવી ચેતનાત્મક તટસ્થતા

પ્રગટેલી હોય, તો જ શ્રેયાર્થી જેમાં ને તેમાં સંપૂર્ણપણે ભેરવાઈ જતો નથી. એવી તટસ્થતાના કારણથી જ, અને તે તેના જીવનમાં પ્રત્યક્ષ સાકાર થઈ ગયેલી હોવાથી શ્રેયાર્થી કંઈ કશામાં અટકી પડતો હોતો નથી, અને તેથી તેનો વિકાસ થયા કરે છે. જીવનના ઊર્ધ્વતમ પંથમાં વિકાસ થવાને કાજે તટસ્થતા એ અનિવાર્ય પગલું છે, અને તે પણ મળે છે તો મથવામાંથી જ. છેક ઊર્ધ્વતમ ભૂમિકામાં મથવાનું થતાં થતાં જાગેલી તટસ્થતામાંથી સમતા પ્રગટે છે, અને એવું સમત્વ મળ્યું એટલે તો શ્રીહરિ સાથેનો યોગ જીવતો થઈ ગયો એમ સમજવું. એટલે કે શ્રીહરિ સાથેના જોડાણની ઉષાનાં દર્શન થયાં. તે પછીથી પણ ઊર્ધ્વ ભૂમિકાઓ છે, નથી એમ નથી.

જીવનના અનેક તબક્કાઓમાં શ્રેયાર્થીને મથવું તો પડવાનું છે જ. મથ્યા વિના તેનો આરો નથી. જીવનના ધ્યેયનો આદર્શ જેના જીવનમાં પ્રગટી ચૂકેલો છે, તેવા શ્રેયાર્થીએ તો મથવાનું સ્વીકારી લેવું જ પડે છે, સ્વીકારી લેવું પડે છે એટલું જ માત્ર નહિ પરંતુ ઉમળકાથી તેને વધાવી લેવું પણ પડે છે. 'સ્વીકારી લેવું પણ પડે' એમાં તો નર્યા આનંદનો ઉમળકો નથી, કંઈક અંશે બેળેબેળેની લાગણી પ્રવર્તેલી હોય એમ સમજાય છે, પરંતુ શ્રેયાર્થીને માટે તો મથવાનો પ્રેમભક્તિપૂર્વકનો સ્વીકાર હોય છે, અને એવા મથવામાં જો શ્રેયાર્થીને આઠે કોઠે દીવા ન પ્રગટતા હોય, તો એવા મથવામાંથી કશા ચેતન-પ્રાણ કદી પણ પ્રગટી શકતા નથી, કારણ કે શ્રેયાર્થીને એવા મથવા પાછળ એના પ્રાણ ધબકતા હોય છે. શ્રેયાર્થીનો જે ધ્યેય માટેનો ઉન્માદભર્યો, થનગનતો તલસાટ, એ તલસાટની ભાવના પણ

શ્રેયાર્થીના મથવામાંથી નીતરતી હોય છે, અને એને કારણે જ શ્રેયાર્થીનું મથવાનું જેમ જેમ સચેતન થતું જતું હોય છે, તેમ તેમ શ્રેયાર્થીના તલસાટની માત્રા પણ ઑર બઢતી જતી હોય છે. એનો અગ્નિ પછીથી તો પ્રચંડ ભભૂકતો હોય છે, અને એ અગ્નિની શક્તિ અને એની ચમકતી તેજસ્વિતા શ્રેયાર્થીના મથવાપણામાં પણ પ્રગટતી જતી હોય છે. જીવનની પ્રત્યેક ભૂમિકામાં શ્રેયાર્થીનું મથવાનું વધારેમાં વધારે સચેતન અને સચેત બનતું જતું હોય છે અને તે સજીવન થતું હોય છે, અને તેથી જ તેવા મથવાપણામાંથી જીવનનું ઘડતર થયા જતું હોય છે.

જ્વાળામુખીના જેવો ભલેને શ્રેયાર્થીના દિલમાં અગ્નિ પ્રગટેલો હોય, છતાં પણ એવા શ્રેયાર્થીને કદીક કદીક તો પાછું પડવાપણું થાય છે. ધ્યેય પરત્વેની સભાનતા તે વેળાએ પેલા શ્રેયાર્થીને ચેતવી દે છે. ચેતવીને ફરી પાછો શ્રેયાર્થીને મથવાના યજ્ઞમાં ઝંપલાવવાનું કરાવે છે. ધ્યેયને પ્રાપ્ત કરવાને માટેનો તમન્નાનો જે અગ્નિ ભભૂકેલો છે, એવો અગ્નિ જ શ્રેયાર્થીને ઝંપલાવવા વિના રહી શકતો નથી, એવા અગ્નિનો ગુણધર્મ સંપૂર્ણ યાહોમ થઈને ઝંપલાવવાપણાનો જ છે. અને સંપૂર્ણ ઝંપલાવ્યા વિના કંઈ કશાનું તારતમ્ય પમાતું નથી. સતત મથતાં મથતાં, સતત એકધારું મથતું રહેવાયાથી, તેવા મથવાપણામાંથી એક એવો અનુપમ કોઈ ન્યારો જુસ્સો પ્રગટે છે, ઝનૂન પ્રગટે છે કે જેને લઈને બસ એકધારું મથાયા જવાય છે. આવું મથવાનું જ્યારે થાય છે ત્યારે એને નિરાશા ભાગ્યે જ જાગતી હોય છે, અને કદીક જાગે છે તો ક્ષણજીવી નીવડે છે. નિરાશાની પળ પ્રગટે ખરી, ત્યારે જે સાચેસાચ મર્દાનગીથી મથનાર છે, તેવો

નિરાશાથી નાહિંમત થઈ જતો નથી. એવી નિરાશાની પળમાં પણ એનો જુસ્સો તો કોઈ અણનમ પ્રકારનો છે. તે પાછો પડે છે ખરો, એને નીચે પણ પડવું પડે છે, પરંતુ એનું માથું નીચે નમતું નથી, અને એ તો સતત એકધારું ટટારીથી અને ખુમારીથી બસ ઉન્નત જ રહ્યા કરે છે. એવા હેતુની સભાનતાપૂર્વક મથનારની ખબરદારી અને ખુમારી કોઈ ન્યારા પ્રકારની છે.

સતત એવા મથતા રહેવાની પ્રક્રિયામાંથી જીવનમાં કેટલાય ગુણો પ્રગટે છે, કેટલીય શક્તિ પ્રાપ્ત થતી જતી હોય છે. એટલે જ તો મેં મથવાને તપશ્ચર્યા ગણેલી છે. તપશ્ચર્યામાંથી શક્તિ તો જરૂર પ્રગટે છે, પરંતુ તે સાથે સાથે ઉત્સાહ, ઉમંગ, ઉદ્યમ, ખંત, ધીરજ-એવા પ્રકારના બીજા અનેક ગુણોનો ઉદય થતો જતો હોય છે. તેની સાથે સાથે કૌશલ્ય, કુનેહ, વિવેક, તટસ્થતા વગેરે-આ બધું પણ પ્રગટ્યા જતું હોય છે. જીવનવિકાસ થવા માટેની જે એક ઉત્તમમાં ઉત્તમ ચાવી છે, તે તો તે પરત્વેની સભાનતા છે, અને એવું મોટામાં મોટું ઉત્તમમાં ઉત્તમ સાધન શ્રેયાર્થીને મથવામાંથી મળે છે. જ્ઞાનપૂર્વક અને હેતુપૂર્વક મથવામાંથી જેમ ગુણ અને શક્તિ પ્રગટ્યાં કરતાં હોય છે અને જેમ તેમાંથી સભાનતા જાગે છે, તેમ તેમાંથી શ્રેયાર્થીને પ્રજ્વલિત થતી જતી તેવી ચાનક પણ તેમાંથી જ ઊગી આવતી હોય છે. સતત બસ ધપ્યા જ જવું, એ જ એકમાત્ર શ્રેયાર્થીના જીવનનો એક દોર જીવતોજાગતો પ્રગટે છે. સતત એકધારા એવા મથવાપણામાંથી પળેપળ બસ હોમાઈ જ જવું એવો ઉન્માદ પણ પ્રગટે છે, અને એવો ઘેલછાયુક્ત ઉન્માદ પ્રગટે છે, ત્યારે આપમેળે પ્રકૃતિ ગૌણ બની જતી હોય

છે. એવા ઉન્માદનાં લક્ષણો પણ ત્યારે શ્રેયાર્થીના જીવનમાં વર્તાયાં વિના રહી શકતાં નથી. સતત એકધારું મથતા રહેવામાંથી શ્રેયાર્થીના દિલમાં આવા પ્રકારનો જે ઉન્માદ પ્રગટે છે-અને એવા તલસાટભર્યા ઉન્માદને કારણે જ શ્રેયાર્થી ભયંકરમાં ભયંકર અને કારમામાં કારમા સાહસ અને જોખમે તે મર્દાનગી ખેડે છે, તે કાળે પેલા શ્રેયાર્થીના ઉન્માદને જે નશીલી પાંખો ફૂટે છે અને આંખો પણ ખૂલે છે, તે કાળનું તેનું યૌવનનું મસ્તીભર્યું અને થનગનતું જોબનિયું જે સંગ્રામમાં ત્રાટકે છે અને કેવા કેવા ઘા ઝીલતું ઝીલતું સંગ્રામમાં એકધારી મસ્તીના નશાથી તે ઝઝૂમે છે, તે દૃશ્ય દેવોને પણ દુર્લભ છે. આ મારું લખાણ કોઈ સાહિત્યિક લાગણીના ઉશ્કેરાટનું પરિણામ નથી. જીવનની તેવી અમુક અનુભવની સ્થિતિનું તેમાં કોઈ દર્શન છે. એવી સ્થિતિ મહાલ્યા વિના તેને અનુભવવી શક્ય નથી. બુદ્ધિની ઉડ્ડયનશીલ કલ્પના તેનું અનુમાન કદાચ કરી શકે ખરી, પરંતુ એવા અનુમાનમાં કોઈ જોર પ્રગટી શકતું નથી. આજે પણ મારું શરીર અનેક ઉત્કટ વેદના પ્રગટાવે એવા રોગોથી ભરેલું હોવા છતાં તેને ટકાવી રાખે છે, તે પણ શક્તિ જ છે. જીવનની ઊર્ધ્વતર ભૂમિકામાં જે સૂક્ષ્મતમ સંગ્રામો પ્રગટે છે, તેમાં ઝઝૂમવાને માટે જે બળની, શક્તિની જરૂર છે અને ત્યારે તે ખરેખરી ખપમાં લાગે છે, એવી શક્તિ પણ ઉપર લખી જણાવ્યું છે તેવા પ્રકારની છે.

આમ, જે જીવનની પ્રથમ ભૂમિકાથી માંડીને મથવાનું શરૂ થયું, તે છેલ્લામાં છેલ્લી દિવ્ય ભૂમિકાના અંતમાં પણ મથવાપણું જાગે છે. એમ અનેક ભૂમિકાના અનેક મથવાપણાના પ્રકાર

ભિન્ન ભિન્ન અને ઊર્ધ્વતમ પ્રકારના છે. એવા મથવાપણાનો જીવનમાં જે રસ પ્રગટ્યો એ પણ શ્રીહરિની કૃપાપ્રસાદી છે. રસ વિના કશામાં સાચા પ્રાણ પ્રગટી શકતા નથી. જીવનને અનુભવવા માટેની પ્રચંડ, ભભૂકતી તમન્ના પ્રગટી ઊઠી, તેમાંથી ઉન્માદભર્યો તલસાટ જાગી ઊઠ્યો અને એમાંથી પછી જે મથવાનું શ્રીહરિકૃપાથી શરૂ થયું અને એમાંથી જે રસ જાગ્યો, તેમાંથી જ શ્રીહરિકૃપાથી ચેતવાનું, જાગવાનું અને ઊઠવાનું થયું. અને એમાંથી જ સાચી જાગૃતિ અને સભાનતા થનગની ઊઠી. જીવનના રહસ્યની આ જ ખરી ચાવી છે.

શ્રીહરિકૃપાથી ભગવાનનું સ્મરણ કરતાં કરતાં જીવનના ધ્યેયનો આદર્શ પ્રગટ્યો, તેમાંથી ભભૂકતી તમન્ના જાગી અને તેમાંથી જે મથવાનું થયું, તે મથવાની બધી હકીકત આ **'જીવન મથામણ'**માં શ્રીહરિકૃપાથી મારાથી લખાઈ છે. આ બધાં જોડકણાં એકધારાં મારાથી લખાયે જ ગયાં છે. મારા જીવનની સાધનાનો થોડોઘણો ઈતિહાસ પણ તેમાં આલેખાયો છે. કોઈ પણ ઠેકાણે શ્રીહરિકૃપાથી અતિશયોક્તિ થયેલી નથી કે કંઈ કશું અનુમાનથી લખેલું નથી. અનુભવની કસોટીની ધારણાથી સ્મૃતિમાં ઊગેલું તે તે બધું જેમ જેમ યાદ આવતું ગયું, તેમ તેમ ટપકાવી લીધેલું છે.

આ **'જીવન મથામણ'**નાં જોડકણાંના આઠ ખંડ પાડેલા છે. પ્રત્યેક ખંડની થોડીઘણી વાચકને સમજણ પડે તેટલા માટે પ્રત્યેક ખંડની થોડી થોડી કડીઓ નીચે તારવીને આપી છે.

**- મોટા**

❑

## ૨૩. જીવન પગથી

જ્ઞાન, ભક્તિ કે યોગનો વિષય ભારેમાં ભારે પરાક્રમ, સાહસ, હિંમત, ધીરજ, સહનશીલતા વગેરે ગુણો માગી લે છે. એના પાયામાં તીવ્ર જિજ્ઞાસા, નિષ્ઠા, વૈરાગ્ય અને જ્ઞાન વગેરેની પુરવણીની જરૂર પડે છે. તે વિના જ્ઞાન, ભક્તિ કે યોગનો કદાપિ પ્રાદુર્ભાવ થઈ શકે નહિ, તો પછી ટકી તો કેમ જ શકે ?

જ્ઞાન, ભક્તિ કે યોગની સંસ્કૃતિ કે સંસ્કાર જેનામાં જીવતા બને છે, કે બનવા લાગે છે, તેનાં પણ પ્રત્યક્ષ લક્ષણો જીવનમાં પ્રગટતાં રહે છે. મહત્ત્વાકાંક્ષાનું નૃત્ય એની નસેનસ અને રોમેરોમમાં થનગનતું હોય છે. એની આશા તો આભનીયે પેલી પાર જઈને બાથ ભીડતી હોય છે, તો પછી નિરાશાને તો તે જાણે જ ક્યાંથી ? નિરાશા જેવા પ્રસંગો સ્થૂળ રીતે એવાને સાંપડતાં, એમાંથી એને નવું નવું શીખવાની કળા પ્રાપ્ત થતી રહેતી હોય છે.

દુઃખ, મુશ્કેલી, ગૂંચો અને અપાર નિરાશાઓનાં વમળમાં ડૂબતાં ડૂબતાં, તરફડિયાં મારતાં મારતાં, અટવાઈ અટવાઈ જઈને એમાંથી બચવા માટે-અરે ! ભાગી છૂટવા કાજે-ઘણા ખરા લોકો ઈશ્વરભક્તિ તરફ વળે છે, અને એને પણ નર્યો સ્વાર્થનો વિષય તે બનાવી દેતા હોય છે, અને કંટાળેલા અને ત્રાસેલા હોવાથી પછી તેઓ પ્રારબ્ધને માની માથે હાથ દઈ વધારે ને વધારે નિષ્પ્રાણ બનતા રહેતા હોય છે. જ્યારે જ્ઞાન, ભક્તિ કે યોગના પાયામાં જ્વાળામુખીના જેવી ધગધગતી જિજ્ઞાસા, નિષ્ઠા અને વૈરાગ્ય હોય છે અને તેવો જીવ જે આધ્યાત્મિક માર્ગે વળે છે, તેના તો અણુએ અણુમાં નવચેતનનો

સંચાર પ્રગટતો રહે છે. તે દુઃખ, મુશ્કેલીઓ, ગૂંચો, અથડામણો, ઘર્ષણ કે અટવામણ વગેરેને કદી પણ ગણકારતો હોતો નથી. તેનાથી તે ભાગી છૂટતો પણ નથી, અને તેનો તો તે અપાર હિંમત, સાહસ, ધીરજ, સહનશીલતા, સ્વસ્થતા, સમતા, તાટસ્થ્ય આદિ ગુણોના ભરપૂર સામર્થ્ય વડે કરીને જીવતો સામનો કરતો રહે છે. આમ, જ્ઞાન, ભક્તિ કે યોગ એ તો મહાનમાં મહાન પરાક્રમીને કાજે છે. જો આજે સમાજમાં ભક્તિ વગેરે એના યથાર્થ અર્થમાં, તત્ત્વમાં જીવતાં હોય, તો સમાજ આવો સાવ નિષ્પ્રાણપણે જીવતો ના હોત. સમાજમાં પ્રચલિત મનાતી ભક્તિ વગેરેમાં જ્ઞાનયુક્ત પ્રાણ નથી. એ તો નરી એક પ્રકારની તામસયુક્ત ઘરેડ છે. ઘરેડમાં નવચેતન કદી પ્રગટી શકતું નથી, તેવી જ રીતે સાધના પણ ઘરેડ થતાં નિષ્પ્રાણ બની જાય છે.

સાધકનાં જ્વલંત જિજ્ઞાસા, નિષ્ઠા, વૈરાગ્ય અને ચેતનને અનુભવવા કાજેની અપાર અને અતાગ મહત્ત્વાકાંક્ષા તો એને કદી એકની એક દશામાં બેસાડી રાખી શકે જ નહિ. સાધકને એ તો ક્યાંયે દિગંતમાં ઊડતો રખાવવાને કાજે સદાય મથાવ્યા કરતો હોય છે, અને જે મથ્યા કરતો હોય છે, તે કંઈ થોડું જ જણાયા વિના રહે છે ? એવો સાધક પોતાના પ્રચંડ પુરુષાર્થમાં પ્રભુકૃપાથી રચ્યોપચ્યો અને મંડ્યો રહે છે, એને પ્રારબ્ધ સાથે કશી પડી હોતી નથી. પ્રારબ્ધને એના મનન ચિંતવનમાં સ્થાન રહેતું નથી. સાચી રીતે તો જે જીવ પ્રારબ્ધને સ્થાન આપે છે, તેના પુરુષાર્થમાં હજી સાચો આત્મા પ્રગટ્યો નથી, એમ જાણવું અને માનવું.

વર્તમાન એ જ મહત્ત્વનું છે. વર્તમાનને કેવા હેતુથી, કેવા જ્ઞાનથી અને કેવી ભાવનાથી જીવીએ છીએ, તેના પર જ ભૂત અને ભવિષ્યનો આધાર રહેલો છે. એટલે જે જીવ પોતાના જીવનવિકાસના ધ્યેયને ફલિત કરવા કે કરાવવા કાજેના સતત એકધારા પુરુષાર્થમાં વર્તમાનને ગાળ્યા કરે છે, તે તો ભૂત કે ભવિષ્યને કાજે સદાય નિશ્ચિંત બન્યા કરતો હોય છે. એવો તો વર્તમાનને જ પોતાના હૃદયમાં રાખ્યા કરીને જીવતો હોય છે. વર્તમાનમાં જ તે પોતાની સમગ્ર શક્તિ-સર્વ ભાવે અને સર્વ રીતે જ્ઞાનભક્તિયુક્તપણે-વાપર્યા કરે છે, એવાને ભૂત કે ભવિષ્ય કંઈ કશું પણ પોતાના ધ્યેયથી ડગાવી શકતું નથી. ભૂત કે ભવિષ્ય હોવા છતાં વર્તમાનમાં જ તે જીવતો રહેતો હોવાથી કે તે જાણે કે છે જ નહિ એમ સાચા પુરુષાર્થીને લાગ્યા કરે છે. આજમાં ગઈ કાલ અને આવતી કાલ સમાયેલી છે. એવો એને અનુભવ થતો રહે છે. આવતી કાલ કેવી બનવાની છે, એની ચાવી આજના વર્તમાન વિશે જીવવાની કળામાં રહેલી છે.

જો સંસારવહેવાર કે એવાં ક્ષેત્રના વ્યાપારની જે જીવને લગની લાગી છે, કે મહત્ત્વાકાંક્ષા હોય છે અને તે કાજે મથતો રહેતો હોય છે, તો તેવા જીવમાં એવી કક્ષાના વિષયમાં એક પ્રકારના તે તે વિષયને લગતાં પ્રાણ અને ચેતન પ્રગટેલાં આપણે જોઈએ છીએ, એ જ ન્યાયે સાધકના જીવનમાં પોતાના ધ્યેય પરત્વેનાં જિજ્ઞાસા, નિષ્ઠા, વૈરાગ્ય અને જ્ઞાનની બાબતમાં પ્રાણ અને ચેતન પ્રગટેલાં પોતે અનુભવે, તો પોતે સાચા રસ્તે છે, એમ જરૂર માનવું. પ્રત્યક્ષ લક્ષણો પામ્યા વિનાનું કશાને નક્કર વાસ્તવિકતા તરીકે પૂરેપૂરું સ્વીકારવું નહિ. જે તે કંઈ લક્ષણથી જ ઓળખાય છે, એટલે જેને તેને અનુભવવાની

ગુરુચાવી તેમાં તેમાંથી ફલિત થતાં લક્ષણો વિશે રહેલી છે, અને એ જ્ઞાનનો વિષય બને છે. લક્ષણને જો ખ્યાલમાં ના પકડી શકાય, તો સાધક જ્ઞાનમાં ફલિત થતો રહેતો નથી એમ ગણાય. લક્ષણ વડે કરીને પોતે સદાસર્વદા નિરાંત અનુભવી શકે છે. એવાને પછી ક્યાંયે ચલિત થવાપણું રહેતું નથી.

સંસારવહેવારના કે બીજી કોઈ પ્રવૃત્તિનાં ક્ષેત્રમાં જીવને સામનો કરવાનો નથી આવતો, એવું તો કદી બનતું નથી. સામનો કે યુદ્ધ તો પ્રત્યેક ક્ષેત્રની પ્રવૃત્તિમાં રહેલાં જ છે. એવા પ્રકારનાં યુદ્ધથી તે તે વિષયમાં ઉકેલ કરવાને કાજે માનવીનાં બુદ્ધિ વગેરે કરણો વધારે સતેજ અને સૂક્ષ્મ બને છે, એવો આપણો અનુભવ છે. આ માર્ગમાં પણ અનેક પ્રકારનાં, એક એકથી ચડિયાતાં એવાં યુદ્ધો પ્રગટ્યા જ કરે છે. એવાં યુદ્ધોના આકાર અને પ્રકાર પણ બદલાતા રહે છે. સંપૂર્ણ આશાવાદીને કદી હાર હોતી નથી, તેવી ભાવનાથી તે યુદ્ધનો સામનો કરતો રહે છે. તેમાંથી નવું નવું જ્ઞાન અને બળ તે મેળવતો રહે છે.

આ જાતની સમજણ સાધકના હૃદયમાં પ્રગટાવવાને કાજે આ પુસ્તકમાંના કાગળો લખાયેલા છે. વળી, આ લખાયેલા કાગળો તે વિષયની સંપૂર્ણ જ્ઞાનયુક્ત હકીકતો ધરાવે છે, તેવું કશું નથી. જે જે કક્ષાના અને જે કામ પૂરતું જેટલું સાધકને જાણવાનું જરૂરી હોય, તેટલાનો જ માત્ર તેમાં નિર્દેષ કરાયેલો છે. સુજ્ઞ જિજ્ઞાસુઓને આ પત્રો વાંચીને કંઈક પ્રેરણા મળશે, તો પ્રભુકૃપાથી તેટલા પ્રમાણમાં કૃતાર્થ થઈશ.

હરિજન આશ્રમ, સાબરમતી, અમદાવાદ - **મોટા**
દશેરા, સંવત ૨૦૦૭, ઈસ. ૧૯૫૧

❑

## ૨૪. જીવન પગદંડી

બેત્રણ મહિના પહેલાં શ્રી કાંતિભાઈ કાંટાવાળા સાહેબ (ગુજરાત રાજ્યના માજી ચીફ ઍંજિનિયર)ને ત્યાં હતો, ત્યારે તેઓશ્રીએ તેમના જીવનની મુશ્કેલીઓ અને મુસીબતોની હકીકત મને જણાવેલી. તેમનું ઋણ મારા ઉપર ઘણું. મારાથી કંઈ કશું થઈ શકે નહિ એવી લાચારી મારા જીવનની ખરી, પરંતુ હું તેને કંઈ લાચારી ગણતો નથી. જીવનમાં કોઈકે હજારગણું મારું કામ કર્યું હોય, તેનું મારાથી કશું જ ન કરી શકાય, પરંતુ અકસ્માત કદીક કોઈ રસ્તાના જનારનું પણ કંઈક શ્રીહરિકૃપાથી કરી શકાય. આધ્યાત્મિક જીવનના વર્તનારા રહસ્યોવાળા છે. તેઓશ્રીના સૂક્ષ્માતીત, દ્વંદ્વાતીત અને ગુણાતીત કાયદાને પ્રકૃતિનાં ચોકઠાંની સમજણની રીતે ગોઠવવા જતાં અને સમજવા જતાં, તે મૂળ સત્ય તો માર્યું જ જાય છે. એટલું જ નહિ પરંતુ તેને બદલે તેનાથી તદ્દન ઊંધા પ્રકારનાં ફોતરાં તેમના હાથમાં આવે છે. અને તેથી તેવું એવાઓનું સમજનારને પોતાને જીવનમાં નુકસાન છે, પરંતુ આ તો આડફંટે જવાયું.

તેઓશ્રીના આત્મનિવેદનથી મારાથી થઈ શકે તેવો એક ઉપાય હતો, તે માત્ર એક પ્રાર્થના.તે ઉપરાંત, તેમનું રોજબરોજ પ્રેમભક્તિભાવે સ્મરણ થાય અને તેવા સ્મરણને પ્રેમભક્તિભાવે ભગવાનને ચરણે સમર્પણ થાય, તેવા ભાવથી એક એક ભજન પોસ્ટકાર્ડમાં લખવાનું શરૂ થયું. અને તે રીતે તેમના પ્રત્યેનો ભાવ વ્યક્ત કરવાનું બન્યું, તેનો મને રાજીપો થયો. આ છે આ **‘જીવન પગદંડી’** જન્મવાનો મૂળ ઈતિહાસ.

શ્રીપ્રભુકૃપાથી આ જીવને શ્રીહરિ પરત્વેની સભાનતામાં

પ્રગટાવવાને માટે જે પ્રકારની ઉત્કટ આવશ્યકતા જોઈએ, તે જાગે તે હેતુથી જુદાં જુદાં સાધનો શ્રીપ્રભુકૃપાથી આદરાયાં અને જેમ જેમ ચાલવાનું, વર્તવાનું થયું તેના તેના સીમાચિહ્ન (Mile stones) તરીકે જે જે બન્યું, તે તે પગલાંનો આમાં ઈતિહાસ છે. જે પગલાં શ્રીપ્રભુકૃપાથી ભરાયાં, જે રીતે ગડમથલ થઈ, જે જે રીતે સ્પષ્ટ આરપારદર્શક સ્વભાવનું દર્શન થયું, અને એ સ્વભાવનું કેવી કેવી રીતે જીવનના વિકાસપંથમાં અવરોધ કરનારું જીવદશાનું બળ હતું, અને તે સ્વભાવની સર્વ પ્રકારની ટેવો, કુટેવો, સમજણો, મડાગાંઠો, પૂર્વગ્રહો, રીતરસમો વગેરેથી શ્રીહરિકૃપાથી મુક્ત થવાવાને જે પ્રકારની જીવતીજાગતી ચેતનાત્મક ઝુંબેશ આ જીવથી ઉઠાવવાનું બન્યું હતું, તેનો પણ તેમાં જીવંત ઈતિહાસ આવે છે. આધ્યાત્મિક વિકાસની પરિપૂર્ણતાએ પહોંચ્યા પછી, શ્રીહરિકૃપાથી જીવનમાં જે પાછળનું વિહંગાવલોકન થાય છે, ત્યારના તે જીવનની હકીકતો આદર્શને અનુભવ્યા પછીના જીવનના અનુભવથી તદ્દન નિરાળા પ્રકારની હોય છે, તે શ્રેયાર્થીને આમાંથી સમજાશે ખરું. આધ્યાત્મિક વિકાસને પંથે જતાં જતાં જીવદશાની પ્રકૃતિનો પડેલો જે સ્વભાવ તે પણ અવરોધકર્તા છે અને કેટલેક અંશે મદદકર્તા પણ છે, તે બધું વર્ણન અને તેની હકીકત આ ભજનોમાં તાદૃશપણે શ્રીહરિકૃપાથી ચિતરાઈ છે.

આ ભજન લખવાના નિમિત્તે શ્રી કાંટાવાળાનું સ્મરણ જાગતું અને તે સ્મરણને પ્રેમભક્તિભાવે શ્રીભગવાનનાં ચરણકમળમાં સમર્પ્યાં જવાનું હૃદયના પ્રાર્થનાભાવે એકધારું થયા કરતું, પરંતુ તેવી સ્મરણગાથા લાંબા દિવસ સુધી ચાલી

નહિ. શ્રીપ્રભુકૃપાથી મારે ૩૬૦ ભજન તેમાં લખવાનાં હતાં, એ તો થોડાક જ દિવસમાં પૂરાં થઈ ગયાં. નડિયાદમાં ચારપાંચ દિવસમાં સાઠેક ભજન લખાયાં. તે સોમાભાઈએ પોસ્ટકાર્ડમાં ઉતારી લીધાં. તે પછી વડોદરામાં હું ભજનો બોલતો ગયો અને શ્રી નાગજીભાઈ તે લખતા ગયા. એ રીતે ત્યાં વીસેક ભજનો લખાયાં. તે પછી સુરતમાં ભાઈ ચૂની તથા શ્રી ધનસુખભાઈ અને તેમનાં પત્ની શ્રી પુષ્પાબહેન રોજ વહેલી સવારે ચાર વાગ્યે આશ્રમમાં આવી જાય. શ્રી ધનસુખભાઈ અને પુષ્પાબહેન મારા શરીરની સેવા કર્યાં કરે, અને હું ભજનો મોઢેથી બોલતો જઉં અને ભાઈ ચૂની લખતો જાય. ત્યારે સુરત શહેરમાંથી બીજા બધા પણ આવતા. તેઓ પણ આ ભજનો સાંભળતા. પછી તે બધા મને ગાડીમાં ફરવા લઈ જતા. ત્યાં ભાઈ ચૂની એનું ટેપરૅકૉર્ડર તૈયાર રાખે અને હું ભજનો બોલતો જઉં તે રૅકર્ડ થઈ જાય. આવી રીતે ભજનો લખવાનો ક્રમ ચાલ્યા કર્યો. ૧૩મી ડિસેમ્બરે હું સુરત પહોંચ્યો. ત્યાં તા. ૧૪ થી તે ૧લી જાન્યુઆરી-૧૯૭૪ સુધીમાં ૩૫૨ ગીતો લખાઈ ગયાં. તેમાંથી અગાઉનાં લખાયેલાં ૭૬ ભજનો બાદ કરતાં આ દિવસોમાં ૨૭૬ ભજનો થયાં. તેમાં વચ્ચે પાંચ દિવસ અમદાવાદ રહેવાનું થયેલું, તે દિવસો બાદ જતાં ૧૪ દિવસમાં શ્રીભગવાનની કૃપાથી એટલાં ભજનો થયાં. આ બધાં ભજનો હું મોઢે બોલતો જતો અને લખાતાં જતાં. આ બધો જીવંત ઇતિહાસ છે. એમાં કંઈ પણ કશું સુધાર્યું નથી કે મઠાર્યું નથી. જેમનું તેમ બધું રાખ્યું છે.

મારા જીવનવિકાસની સાધનાનો કેટલાય પ્રકારનો ગૂઢ

ઈતિહાસ છે. આ શરીર જ્યારે નહિ હોય ત્યારે કોઈક ખરેખરો શ્રેયાર્થી આ વાંચશે, તો તેને તેમાંથી ઘણું સમજવાનું મળશે. વળી, આ ભજનો મોઢે બોલ્યે જતો હતો અને તે લખાતાં જતાં હતાં, એ તો કોઈના માન્યામાં ન આવે એવી હકીકત સોએ સો ટકા સાચી છે.

વળી, આ જીવના શરીરમાં જે જુદા જુદા પ્રકારના ઉત્કટ વેદના પેદા કરાવે એવા રોગોની હયાતી છે, તેવી વેદનાની ઉત્કટ, પ્રખર, ઉન્મત્ત અવસ્થામાં પણ ભજનો લખાતાં હતાં, તે શ્રીભગવાનની પ્રત્યક્ષ કૃપાલીલા છે. એમાં આ જીવે કશી મોથ મારી નથી. શ્રીભગવાનની કૃપા જ્યારે જગજાહેર પ્રત્યક્ષ થાય છે, ત્યારે તે કેવું ચમત્કારિક પરિણામ લાવી બતાવે છે, તેનો આ જીવતોજાગતો પ્રત્યક્ષ દાખલો છે. શરીરની આવી પીડાકારક દર્દની વેદનામાં એકધારાં ભજન મોઢેથી બોલાતાં જાય, તે હકીકત કોઈ ન્યારા પ્રકારની છે. કેવા પ્રકારના જીવથી તે થઈ શકે તે સમજવાનું કામ શ્રેયાર્થીનું છે. એટલું જ નહિ પણ આ શરીરને દમનો ભારે વ્યાધિ છે અને દમનો જ્યારે જ્યારે હુમલો હોય ત્યારે ફેફસાંમાં પૂરતી હવા ન મળવાના કારણે એક પ્રકારની એવી ભારે મૂંઝવણ પ્રગટે છે, તે અમૂંઝણની દશામાં પણ શ્રીભગવાનની કૃપા શરીરના સાવ સંપૂર્ણ લૂલાપણામાં પણ પોતે વ્યક્ત રીતે ડોકિયાં કરી શકે છે, તેનો તે પ્રત્યક્ષ જીવતોજાગતો ચેતનાત્મક પુરાવો છે. દમના ભયંકર હુમલાથી જ્યારે ફેફસાંમાં અમૂંઝણ જાગે છે, તેવી અમૂંઝણની વેળાએ આવું સર્જન થવું એ કાંઈ નાનીસૂની વાત નથી. એ તો શ્રીભગવાનની કૃપાશક્તિનું પ્રત્યક્ષ વ્યક્ત દર્શન

છે. એવા ભયંકર દમના હુમલાથી જે અમૂંઝણ થઈ, તેમાં પણ આ જીવથી ભજન થયું, તેથી કરીને મારા વહાલા હરિ ઉપર જે અપરંપાર હેત ઊપજ્યું છે, તે તો આ જીવ એકલો જ જાણી શકે.

આ બધાં ભજનો લખાતાં ગયાં ત્યારે જે હેતુના નિમિત્તથી આ બધું થયું, તેની સભાનતા શ્રીહરિકૃપાથી રહેતી. કંઈ કશાના પરિણામ પરત્વે શ્રીપ્રભુકૃપાથી આ જીવ તો નિઃસ્પૃહ છે. શરૂ શરૂમાં મૂળથી જ સાધનાની દિશામાં પગલાં માંડતી વખતે પરિણામને સાવ નેવે મૂકીને જ આ માર્ગે ચાલવાનું છે, તે સત્ય મારે ગળે પૂરેપૂરું ઊતરી ગયું હતું. પરિણામની ફિકર અજ્ઞાનમાં જ છે. તેની તેની યોગ્યતાની સંપૂર્ણ રીતે અને હૈયાના પૂરેપૂરા ભાવથી શ્રીપ્રભુપ્રીત્યર્થે અને ધ્યેયના હેતુની સભાનતાથી જે જે કંઈ થયા જશે, તેનું પરિણામ કલ્યાણકારી જ છે, એ તો નિશ્ચયની હકીકત છે. પરિણામને તો મેં શ્રીભગવાનનાં ચરણકમળમાં સંપૂર્ણ રીતે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકની ભાવનાથી સમર્પણ કરી દીધેલું છે. જીવદશામાં પણ શ્રીપ્રભુકૃપાથી તેનો વિચાર છોડી દેવાયો હતો, અને અત્યારે તો છે જ નહિ એમ કહું તો તે અતિશયોક્તિ મારે મન નથી. પરિણામની વાત માણસના હાથમાં નથી. માણસના હાથની વાત શ્રીહરિકૃપાથી પુરુષાર્થની છે. તેથી, શ્રી કાંટાવાળા સાહેબ નિમિત્તે આ જે કર્મ સાંપડ્યું છે, એના સર્જન સમયે, તે તે પળે જ તેમની સભાનતા તે તે - નું યોગ્ય થવા શ્રીહરિ પરત્વેની પ્રાર્થના-ભાવના પણ તે લખાતી પળે જીવતી રહ્યા કરાઈ હતી જ. પરિણામ તો શ્રીહરિના હાથમાં, મારા દિલના ભાવની પ્રમાણિક્તા અને વફાદારીની મને ખાતરી છે.

આ જીવથી કોઈ પણ જીવને ધક્કેલો મારી શકાવાની શક્યતા નથી. તેવી પ્રેરણા પ્રેરવાની શક્તિ પણ નથી, કારણ કે મને તેવી કોઈ ઇચ્છા નથી. અથવા સાચું કહું તો જે જીવને આ વિકાસને માર્ગે પળવું છે, તેવા જીવે પોતે પોતાનામાં કોઈ પણ સાધનને સતત એકધારું પકડી રાખીને એકીટશે વળગી રહેવાની કેટલી શક્તિ છે, તે તટસ્થતાથી ઊંડે ઊતરી તપાસવું જોઈએ. વળી, તે તે થતી વેળા પોતાનામાં કેટલો ઉત્સાહ, કેટલી ધગશ, કેટલા ખંત, ઉદ્યમ અને તે પરત્વે જવાની કેટલી એકધારી ધસમસતી ઉત્કંઠાવાળી તીવ્રતા છે, તે તેણે પોતે જ તપાસવું જોઈશે. આવું બધું જો તેનામાં તે તે સાધનની યથાયોગ્ય વાસ્તવિકતામાં હશે, તો પરિણામ તે પ્રકારનું - પોતે જે રીતે જે ભાવથી ગડમથલ કરેલી તે પ્રકારનું - હશે જ, એ વિશે શ્રેયાર્થીએ નિશ્ચિંત રહેવું ઘટે. હૃદયની સાચી નેકદાનતથી, સંપૂર્ણ પ્રમાણિકતાથી, સંપૂર્ણ વફાદારીથી, સંપૂર્ણ એકનિષ્ઠાથી શ્રીહરિને સન્મુખ ધારી ધારીને જીવનના હેતુની સભાનતાથી જે કોઈ મથનાર હશે, તેવા સદાય ઉત્સુકતાવાળા જીવને, શ્રીહરિકૃપાથી કરીને, ધક્કેલો દેવાને કે પ્રેરણા દેવાને માગણી કરવાની હોતી નથી. શ્રીપ્રભુકૃપાથી આ જીવથી તેવી રીતે વર્તવાનું થયેલું છે. સતત એકધારો, એકીટશે તે તે પુરુષાર્થમાં મંડ્યો રહેલો છે. અનેક પ્રકારનાં સાધનો એણે કરેલાં છે. કોઈ સાધુ આવે અને પોતાના જીવનની હકીકત કહે તો કાં તો તે આપણે માનવી રહી, કાં તો તે આપણા માન્યામાં ન આવે, પરંતુ મારા જીવનનું તેવું નથી. શ્રીપ્રભુકૃપાથી આ જીવ સતત સ્મરણ કર્યાં કરતો, ભજન કર્યાં કરતો, કેટલીય વેળા ભાવાવસ્થામાં આવી જવાયા

કરાતું. વળી, વિદ્યાર્થીઓને ભણાવતાં ભણાવતાં પણ ભાવસ્થિતિમાં આવી જવાનું બનતું. નડિયાદ શહેરમાં હરતાંફરતાં ભજનો ગાયા કરતો અને છોકરાં ધૂળ પણ ઉડાડતાં. આ બધું જોનારાંઓ આજે પણ હયાત છે. અને જેને સાચી રીતે સમજવું છે, તેને આ જીવથી તેના વેદનાકારી રોગની દશામાં પણ કેવું સર્જન થાય છે, તે જીવતીજાગતી હકીકત છે. માત્ર ખાલી જોવાથી કે તે હકીકત માત્ર સાચી છે તેમ જણાયાથી કશું વળતું હોતું નથી. બુદ્ધિ તે સાચેસાચું કબૂલ કરે, તેમ છતાં જ્યાં સુધી હૃદયમાં ભક્તિ જાગેલી હોતી નથી, ત્યાં સુધી તે બધું સમજેલું કપૂરની વાસની જેમ ઊડી ગયેલું હોય છે. આવો મારો ઘણા જીવો સાથેનો અનુભવ છે. જો કોઈને સાચું ઊતરશે અને સાચું લાગી જશે તો તે જીવનની સાચી સમજણમાં ઊતર્યા વિના રહેવાનું નથી.

આ બધાં ભજનો લગભગ ૭૬ પોસ્ટકાર્ડમાં તો શ્રી સોમાકાકાએ લખ્યાં. વીસેક ભજનો શ્રી નાગજીભાઈએ લખ્યાં. બાકીનાં બધાં ભજનો સુરત આશ્રમના શ્રી રજનીભાઈએ લખ્યાં. સુરત આશ્રમમાં રોજ વહેલી સવારે હું ઝપાટાબંધ બોલતો જઉં અને ઘણી ઝડપથી ભાઈ ચૂનીભાઈથી એ ભજનો લખાય અને તેમાં ભૂલચૂક થતાં ભાઈ ચૂની ઉપર ભયંકર ધરતીકંપ થતો. તેમ છતાં ભાઈ ચૂની દિલથી સ્વસ્થતા જાળવી મારાં ભજનો લખ્યે ગયો, તે બદલ મારા દિલની તેને મુબારકબાદી છે. સુરતમાં શ્રી ધનસુખભાઈ, શ્રીમતી પુષ્પાબહેન, શ્રી અરવિંદભાઈ, શ્રી રતિભાઈ, શ્રી મોહનભાઈ અને કદીક કદીક શ્રી શાંતિભાઈ (કેટલાંક નામ લખું ?) તે બધાંએ બહુ વહેલી

સવારમાં આવીને મને પ્રોત્સાહન આપ્યું છે. તે બધાંનો ઘણો આભાર માનું છું. શ્રી સોમાકાકા વિશે શું લખું ? એ તો મારા શરીરના નાના ભાઈ છે. અને તેમની આવી માનસિક હાલતમાં પણ તેમણે ભજનો લખ્યાં, મથાળાં કર્યાં, વર્ગીકરણ કરી ખંડ પાડ્યા અને આખું પ્રેસમૅટર તૈયાર કર્યું. તેવા તેમના અનુગ્રહ માટે મારી પાસે લખવાના કોઈ શબ્દો નથી. હું તો એટલી બધી ઉતાવળથી બોલતો જઉં અને ભાઈ ચૂનીએ જે ધગશ, ઉત્સાહથી એ લખી લેવાનું કામ કર્યું, તેને માટે તેને ધન્યવાદ ઘટે છે. ખાસ કરીને શ્રીમતી પુષ્પાબહેનનો પણ આભાર માનું છું. તેણે તે દિવસોમાં આ શરીરની જે સેવા કરી છે, અને સવારે ભજનો ગાતી વખતે જે ભાવઉષ્મા પ્રેરી છે, તે પણ આ ભજનો પ્રગટ થવામાં એક બળ હતું. કેટકેટલાં બધાંનો આભાર માનું ? અને કોનો ન માનું ?

ભાઈ રમાકાંત તો મારો કેટલાય કાળનો સંગાથી છે. મને કેટલો બધો મદદમાં આવે ! તેમ છતાં રમાકાંત ઉપર ગુસ્સો કરતાં મને હરકત આવતી નથી. અને તેને હું ગમે તેમ ભાંડી પણ શકું. તેની પાસે હું ગમે તે માગી શકું. અને તે મને તાત્કાલિક લાવી દે. તેને કોઈ પણ રીતનો આંચકો આપતાં મને સંકોચ ન થાય. હું જાણું છું કે તેને કેટલીયે વાર આ માટે મનમાં લાગી આવે છે. કોઈક વાર નકારાત્મક વિચાર આવે છે, પણ તેની મને બિલકુલ સ્પૃહા નથી, કારણ કે તેથી નુકસાન તેને છે, પરંતુ તેવું તેને ન થાય એવી મારી પ્રાર્થના છે. જ્યારે એને જીવનની કકડીને ખરેખરી ભૂખ જાગશે ત્યારે તે સાલશે. હાલમાં એવું નથી. ભાઈ રમાકાંતે મને રૂ. ૨૫૧/-ની ભેટ

લાવી આપી ત્યારે મેં એને કહ્યું કે આ ચોપડી છપાવવાનું બધું ખર્ચ તારે મેળવી આપવાનું છે અને એણે તે કબૂલ કર્યું. એને હું કંઈ પણ કહું તો તેનો મોઢેથી ઈન્કાર કરે નહિ. કોઈક વેળા માનસિક રીતે ઈન્કાર કરે ખરો. અને કોઈક વેળા સ્પષ્ટ રીતે પણ, પરંતુ તે તો ભાગ્યે જ. તે તો મને કેટલાય કાળથી - આશ્રમ સ્થાપનાની શરૂઆતથી - મદદ કરતો આવ્યો છે. અને આ રીતે **'જીવન પગદંડી'**ની મદદે આવ્યો તેનો હું આભાર તો ન માનું, કારણ કે મારું અને એનું પરસ્પરનું જીવન એવી રીતે સંકળાયેલું છે કે અમે કોનો કેવી રીતે આભાર માનીએ ?

આ બોલાયેલાં ભજનોમાં છેક છેલ્લે સુધીના અનુભવની હકીકત પમાતાં પહેલાં જે મથામણ શ્રેયસાધકને થાય છે, તે મથામણની હકીકત આવે છે. ઘણાં ભજનોમાં સંપૂર્ણ કક્ષાના અનુભવની દૃષ્ટિએ ઊણપ છે, પણ એ તો તે તે કાળના તેવા તેવા પ્રકારની મથામણને વાસ્તવિક દૃષ્ટિએ દર્શાવાયેલી છે. તે રીતે જીવનનો સમજનાર સમજશે એવી મારી પ્રાર્થના છે.

મારા જીવનમાં અનેક જીવોએ સહાનુભૂતિ પ્રેરી છે. મને ઘણો ઉત્સાહ પણ આપ્યો છે. મારા પરમાર્થનાં કામમાં મદદ પણ કરી છે. તેમાંયે આ બધાંમાં વિશેષ કરીને કેટલાક જીવો સવિશેષપણે મદદ કરનારા છે, એ બધાંનો જીવંત ખ્યાલ શ્રીપ્રભુકૃપાથી મને છે. તેમના પરત્વેનું ઋણ હું પોતે ચૂકવી શકું તેમ નથી. તે તો મારો હજાર હાથવાળો ભગવાન કોઈ ને કોઈ રીતે ચૂકવ્યા વિના રહેવાનો નથી, તેનો મને જીવતોજાગતો ટકોરાબંધ આત્મવિશ્વાસ છે. આ બધાંઓમાં ભાઈ ઈંદુ તથા જયશ્રી મારા શરીરની સેવામાં રહે છે અને

ભાઈ ઈંદુ તો મારા જીવનની કેટલીય બાબતોમાં - મારા જીવનનાં સર્વ પાસાંની હકીકતમાં - ખડે ને ખડે પગે તેનાં બધાં જ કામકાજ છોડીને, તેની મોટર સાથે મારી સેવા કર્યા કરે છે. તેના બદલામાં તો હું કંઈ જ કરી શકતો નથી. આ બધી ભગવાનની પ્રત્યક્ષ કૃપા છે. એ કૃપાનો જીવનમાં પ્રત્યક્ષ અનુભવ થાય છે. તેથી, જીવનની જે કૃતકૃત્યતા કે ધન્યતા અનુભવાય છે, તે વળી ન્યારી હકીકત છે. સર્વ કોઈ વાંચનારને મારા જીવનના સહભાગી બનાવવા માટે આ હકીકતનો ઉલ્લેખ કર્યો છે, તે માટે વાચકો મને યથાયોગ્ય દૃષ્ટિએ નિહાળશે તેવી પ્રાર્થના છે.

ઉપરના 'લેખકના બે બોલ' અમદાવાદમાં તા. ૬-૧-૧૯૭૪ના રોજ પૂરા થયા. તે બાદ મારે કેટલાક દિવસ પછી સુરત આવવાનું થયું. સુરત બાજુના એક ભાઈ અવારનવાર બહુ વાર 'પ્રસાદી' આપ્યા કરે. તેવી એકવાર પ્રસાદી આપતાં સમયે મેં તેઓશ્રીને જણાવ્યું કે આવી બધી ચીજવસ્તુઓ આપો છો તે તો હું વેચી નાખું છું, પરંતુ આ જે હું રોજ વહેલી સવારે ભજનો બોલું છું અને લખાઈ જાય છે, તેવાં ભજનોની ચોપડી છપાવવામાં જો પ્રેમથી મદદ થઈ શકે તો તે કર્મ તો એક કાયમનું જીવતું ચેતનાત્મક સંભારણું બની જાય. જે શ્રેયાર્થી તે વાંચે અને તેના તેવા વાંચવાથી કરીને તેને જે યોગ્ય ફળ મળવાનું હોય તે શ્રીહરિકૃપાથી મળે. કોઈક એકાદ જણને પણ એમાંથી જો ચિનગારી લાગે તો તેવું કર્મ પ્રકૃતિનાં ક્ષેત્રના ઉત્તમમાં ઉત્તમ પરમાર્થનાં કર્મ કરતાં ઘણું શ્રેષ્ઠ પ્રકારનું ઉચ્ચ કર્મ છે. તેઓશ્રીના દિલમાં આ હકીકત ઊતરી ગઈ અને આ

**'જીવન પગદંડી'**નો બધો ખર્ચ આપવાનું તેઓશ્રીએ સહર્ષ જણાવ્યું. ભાઈ રમાકાંત તરફથી મળનાર રકમ હવે પછી છપાનારા **'જીવન કેડી'**ના પ્રકાશન ખર્ચમાં કામ લાગશે. તે મદદ આપનારની યાદી **'જીવન કેડી'**માં છાપવામાં આવશે.

આ **'જીવન પગદંડી'** પુસ્તક પ્રગટ કરવા માટે સુરત બાજુના ભાઈએ તેમના હૃદયના પ્રેમભાવથી તે રકમ આપી છે, તેમનો આભાર શી રીતે માનું ? તેઓ તો મને અનેક વાર પ્રસાદી આપ્યા જ કરે છે. મારાથી તેમનું કશું પણ બનતું નથી. હું તો કોઈક કંઈક કશુંક કહે તો ધ્યાનમાં લઉં ખરો, અને તે માટે હૃદયની ભાવનાથી મારા વહાલા શ્રીહરિને પ્રાર્થના પણ કરું. અને તેથી બધું જ પાછું શ્રીહરિનાં ચરણકમળમાં સમર્પી દઉં. હૃદયની યોગ્ય પ્રકારની પ્રાર્થનાનો પ્રત્યુત્તર તો છે જ, પરંતુ તેની કોઈ આશા ન રખાય. એટલા માટે જ હું તો જે તે કોઈનું બધું સાંભળેલું શ્રીહરિચરણમાં મૂકું અને ત્યારે હૃદયના ઊંડા ભાવથી પ્રાર્થના પણ કરું અને તેનું યથાયોગ્ય થવા શ્રીહરિને દિલથી આત્મનિવેદન પણ કરું. બધાંની સંભળાતી જતી કથનીનો કેવી રીતે પ્રત્યુત્તર આ જીવથી અપાય છે, તેનો આ છે મૂળ ઇતિહાસ.

સુરતના ભાઈએ પ્રકાશન માટે મદદ કરી, તેનો મારા હૃદયથી ઊંડો આભાર માનું છું. શ્રી કાંટાવાળા સાહેબનો પણ, કે જેમનું નિમિત્ત મળવાથી આવાં બધાં ભજનો લખાયાં. શ્રી કાંટાવાળા સાહેબનો સવિશેષ એટલા માટે કે તે ભજનનો ઝરો સ્ફુરતો લગભગ બંધ થઈ ગયો હતો, તે તેમના નિમિત્તે કરીને ફરી વાર ફૂટ્યો.

આ જીવથી ઘણાં પુસ્તકો લખાયાં. તેનો બધો સંગ્રહ શ્રી ઇંદુભાઈને ઘેર (ટાઉન હૉલ પાછળ, શ્રીગુરુકૃપા ગેસ્ટ હાઉસમાં) છે. મારી સાથે જે જે જીવોને લાગણી છે, સંબંધ છે, અને જે જીવો થોડું પણ આ જીવને માનતા છે, અને જે જીવો આ જીવને અનેક વાર નમસ્કાર કરે છે, તેવા તેવા જીવોને મારી વિનંતીપૂર્વક પ્રાર્થના છે કે મારાં પુસ્તકો ખપાવવામાં મને મદદ કરે. તેના વેચાણની મળતી રકમ મારે અંગત તરીકે લેવાની રહેતી નથી. તે તો પરમાર્થ ખાતે આશ્રમને ચોપડે જમા થઈ જાય છે. એટલે આમાં બધાં જ મને મદદ કરે એવી મારી ખાસ વિનંતી છે.

આ બધાં લખેલાં ભજનો એ કોઈ કાવ્યો નથી. એ તો બધાં જોડકણાં છે. અને તે રોજ ને રોજ વીસપચીસના જથ્થામાં લખાતાં જતાં હોય છે. એમાં નરી સરળતા પણ છે અને સમજાય તેવાં છે અને શ્રીહરિકૃપાથી જે જે રીતે સાધના થઈ છે, સાધનામાં ઊંડું ઊતરાયું છે, અને ત્યારે તેના પરિણામથી કરી જે તટસ્થતા, ચેતના પ્રગટી હતી, અને તેના કારણે કરીને જે પૃથક્કરણ થયું તેનું દર્શન પણ આ ભજનોમાં ડોકિયાં કરતું જરૂર જણાય છે. આને કોઈ કાવ્ય તરીકે વિચારશો નહિ પણ જોડકણાં તરીકે જ સ્વીકારશો. જે કોઈ જીવ સાધનાનો ખરેખરો શ્રેયાર્થી છે, તેને તો મમમમ સાથે કામ છે, ટપટપ સાથે નહિ, તેવા સદ્‌ભાવી શ્રેયાર્થીઓ મહીંથી મર્મને ગ્રહણ કરી લેશે.

મારું શરીર લાંબા વખતથી પણ વેદનાવાળા રોગોથી ભરપૂર છે. તે કાળે તેના શરીરને કોમળ લાગણીવાળી શુશ્રૂષાની ઘણી જરૂર, બલકે તેની આવશ્યકતા અને જરૂરિયાત

પણ ખરી. તે માટે શ્રીહરિએ કેટકેટલાં સ્વજનો બક્ષ્યાં છે ! અને મારા જેવાના તીખા સ્વભાવને પણ તેઓ પ્રેમથી, ઉદારતાથી સ્વીકારી લઈ મારા શરીરને સેવા આપ્યા કરે છે, તેને હું તો શ્રીભગવાનની કૃપાપ્રસાદી જ લેખું છું. કેટકેટલાં નામ લખું ? રાજુ, રેણુકા, પુષ્પાબહેન, શ્રીરામ, ડૉક્ટર કાંતાબહેન, તે બધાંયનો બદલો તો શ્રીહરિ આપે.

આવાં પુસ્તકો વેચી આપવાનું કામ કેટલાક સદ્ભાવી સજ્જનો કર્યા કરે છે અને હરિઃૐ આશ્રમે પરમાર્થને માટે ઉપાડેલાં કાર્યોમાં રકમ ઉઘરાવવા માટે સ્વયંમેળે જે ભાઈઓ મદદ મેળવ્યા કરે છે, તે બધા ભાઈઓનાં નામનો ઉલ્લેખ કર્યા વિના હૃદયથી ઘણો આભાર માની લઉં છું. આ બધો મહિમા શ્રીહરિના નામના પ્રતાપનો જ છે.

'કેવો હતો ! મદદથી જીવને ચઢ્યો શો !
ક્યાંનોય ક્યાંય મુજને ગગને ઉરાડ્યો',
દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો,
એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો.

હરિઃૐ આશ્રમ, સુરત — **-મોટા**
તા. ૧૪-૨-૧૯૭૪

❏

## ૨૫. જીવન પગલે

**‘જીવનપગલે’**નાં જોડકણાં જુદી જુદી વ્યક્તિને પત્રરૂપે લખાયેલાં છે. અલબત્ત, તેમના તેમના આવેલા કાગળના પ્રત્યુત્તરરૂપે તે તે પત્રોના લેખકની કક્ષાને અનુલક્ષીને જ.

શ્રેયાર્થીને તેમાં ભક્તિભાવે અવગાહન કરતાં કંઈક ને કંઈક તો મળી રહેશે, એવી શ્રદ્ધાથી એને ફરીથી પ્રકાશિત થવા દેવાનું સ્વીકાર્યું છે.

હરિઃૐ આશ્રમ, સુરત **-મોટા**

તા. ૩-૯-૧૯૭૧

❑

## ૨૬. જીવન પગરણ

આ લખાણમાંના કાગળો છેક તદ્દન માંડમાંડ પગલાં માંડવાનું શીખનારને લખાયેલા છે. તેથી, તેમાં તે વિશેની યોગ્યતાનો, સંપૂર્ણતાનો અને પૂરેપૂરી સમગ્રતાનો ઉઠાવ ના હોય અને તે અંગેની પૂરેપૂરી હકીકતો ના હોય તે સમજાય તેવું છે.

પોતે જાતે આધ્યાત્મિક જીવનનાં માપ અને તેનાં લક્ષણો પોતાને વિશે જેટલું સમજી શકે તેટલું તેની કક્ષા પ્રમાણેની યોગ્ય હકીકતવાળું ના પણ હોય. તેથી, એના પર તે કશું મહત્ત્વ ના મૂકે તે ઘણું જરૂરનું છે, તેમ છતાં દરેક સાધકે જીવનવિકાસ કાજેનો પોતાનો ગજ પોતાને માપવાને કાજે પોતે જ શોધી કાઢવો પડશે. પોતે પોતાને શોધતો અને માપતો રહે તે યોગ્ય છે, પણ બીજાને તેવું કરવાનું તે સાવ મૂકી દે, તે પણ ઘણું જરૂરનું છે.

જીવનવિકાસ કાજેની જેવા પ્રકારની જેટલી તમન્નાથી, જેવી ભાવનાથી અને જેવા વિચારથી જેની સોબત થાય છે, તેની સોબતથી તેવો લાભ થતો રહે છે. મહાન આત્માઓની પાસે ઘણો કાળ સુધી રહેનારા કેટલાયે **જીવો** ચાલુ જીવનમાં દેખીતી રીતે જીવનનો યોગ્ય વિકાસ કરી શકેલા નથી એવો પણ અનુભવ થયેલો હોય છે. તે પરથી અમુક પાસે અમુક **જીવ** આટલાં વર્ષ રહ્યો છતાં પણ કંઈ કશું ના વળ્યું, એવા વિચાર પણ કેટલાકને થતા અનુભવ્યા છે, પણ તે યોગ્ય નથી. આપણે પોતાને જે કરવું છે, જે દિશામાં જવું છે અને જે ધ્યેય નક્કી કર્યું છે, તે બધાં પરત્વેનું સતત એકધારું લક્ષ તથા તે

પરત્વેનો સહજ વેગવંત પુરુષાર્થ થયા કરે તો બીજા કશાનો વાંધો નથી. શેનો વાંધો છે, તે જ પ્રત્યેક સાધકે ખોળવાનું રહે છે.

જે વિષયમાં ઉત્કટ લગની લાગે છે, તે વિષયમાં તે **જીવ**નો સહજ પ્રવેશ થઈ શકે છે. લગની વિના રસ ઉત્પન્ન થઈ શકતો નથી, અને રસ વિના મન ઠરી પણ શકતું નથી. જે વિષયમાં લગની લગાડવી છે, તે વિષયનું મનન, ચિંતવન અને નિદિધ્યાસન, રોજના આપણા જીવનના ગાળામાં બીજાં કર્તવ્યો કરતાં વધારેમાં વધારે એકલક્ષી થતું રહે, તો લગની લાગી જવાનો પૂરો સંભવ. જે વિષયને જાણવો છે, તેને તદ્રૂપ બુદ્ધિ થઈ ગઈ નથી ત્યાં સુધી તે તે વિષયની યોગ્ય પૂરેપૂરી જાણકારી હોવાનો દાવો કરી શકે નહિ. અને જાણવાના વિષયમાં બુદ્ધિ પૂરી તદ્રૂપ થયા વિના તે વસ્તુની યથાર્થતા પણ સમજી શકાવાની નથી, તો પછી સ્વીકારી તો શકે જ કેમ ? સ્વીકાર પામ્યા વિનાનું કશું ગળે ઊતરી શકતું નથી, એ તો રોજના અનુભવની હકીકત છે. એટલે આમ 'સ્વીકાર' આ વિષયમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે.

જીવનવિકાસની સાધનામાં પળેપળની જાગૃતિની ઘણી ઘણી આવશ્યકતા છે. જેવા પ્રકારની જેટલી જાગૃતિ તેવા અને તેટલા જ પ્રમાણમાં તે વિષયમાં દક્ષ રહી શકાય. અંતરમાંની એવી ઉત્કટ જાગૃતિ મનહૃદયની આંખ ખોલે છે અને સાધકને સતત ચેતતો રખાવી શકે છે. સાધકને ક્યાંય નિરાશાનાં વમળમાં પડી જવાનું બનતું હોય, પણ જો માથે **સમર્થ** ગર્જે છે એવું ભાન હોય અને ધ્યેયનું ધગધગતું, તમન્નાથી તરવરતું

ઝંખનાયુક્ત હૃદય સતત જળ્યા કરતું હોય, એવા સાધકને એક પ્રકારનું અદમ્ય બળ રહ્યા કરતું હોય છે અને એને લીધે જ એવાનું ઉપર આવી જવાપણું સરળ બન્યા કરતું હોય છે.

પોતાના જીવનધ્યેયમાં સાધકને શ્રદ્ધાવિશ્વાસ એવાં તો જીવતાં હોવાં ઘટે કે જેમાંથી તેને કોઈ પણ ડગાવી શકવા સમર્થ ના બની શકે. જે દશામાં પોતે પડેલો હોય, જે દશાનું જીવન મનથી ખૂંચતું હોય અને તે ઘણું ઘણું જેને સાલતું હોય, તો તેવો **જીવ** તેવી ને તેવી દશામાં પડ્યો રહી ના શકે. તે પોકાર પાડવાનો જ. એવો અંતરનો પોકાર તે પ્રાર્થના છે. પ્રાર્થનાનાં મૂળમાં શ્રદ્ધા રહેલી જ છે. શ્રદ્ધા અને ભક્તિના મૂળ પાયા પરની પ્રાર્થના જીવનમાં પ્રાણ પ્રગટાવી શકે.

જીવનને ધ્યેય પરત્વેનો આકાર પમાડવો છે, એવી ભાવના હૃદયથી લગાડવાની જરૂર રહે છે. સાધકને જીવનના ધ્યેય પરત્વેનું નિશ્ચિતપણું થઈ જવું ઘટે છે. જેનું મનહૃદયથી ધ્યેય પૂરેપૂરું નિશ્ચિત થઈ ગયું હોય તેને પછી ઊથલપાથલ (જે અનેકવાર થયા જ કરવાની) થતાં પોતાને નિરાશ થવાપણું રહેતું નથી. તેવી વેળા તે પોતાની અંતરની **ધા** શ્રીભગવાનને ચરણકમળે નાખ્યા જ કરશે.

જે કોઈને જે બાબતમાં શ્રદ્ધા ના હોય કે ઉત્પન્ન ના થઈ શકતી હોય ત્યાં તે કદી વળગી રહી શકવાનો નથી. ગમે તે કર્મનાં ક્ષેત્રમાં વળગી રહેવાને કાજે તે ક્ષેત્રને યોગ્ય શ્રદ્ધા અને વિશ્વાસની જરૂર રહેવાની જ. માનવી જીવનનો પ્રત્યેક વહેવાર વિશ્વાસના મૂળ પાયા પર જ નભતો જતો હોય છે. જગતના સર્વ ક્ષેત્રોનો વહેવાર પણ વિશ્વાસથી ચાલતો જણાયો છે.

વેપારવણજ જેવાં ક્ષેત્રનો મૂળ પાયો પણ વિશ્વાસ જ છે. જગતમાં જે તે કંઈ સઘળું વિશ્વાસથી ચાલે છે. જ્યાં વિશેષ ગરજ હોય છે ત્યાં **જીવ**ને ઝાઝી શંકા થતી નથી, અને તે વિષયમાં મન સવિશેષપણે એકધારું વળગી પણ રહે છે, અને આમ કે તેમ પણ વિચારતું હોતું નથી. તેથી, જીવનવિકાસને કાજે આપણને કોઈની ગરજ લાગે અને તેની ઉપયોગિતા સમજાય તે પણ તેટલું જ જરૂરનું છે.

હરિજન આશ્રમ, સાબરમતી, અમદાવાદ - **મોટા**

તા. ૯-૨-૧૯૫૧

❑

## ૨૭. જીવન પોકાર

આ પુસ્તકમાં જે કાગળો છપાયેલા છે, તેની પ્રસ્તાવના મેળવવા કાજે નારેશ્વરના પૂજ્ય શ્રીરંગ અવધૂત મહારાજશ્રીને લખેલું. તેમના તરફથી લખાઈ આવ્યું કે ‘આ લેખકનાં લખાણને કોઈની પ્રસ્તાવનાની જરૂર ન હોય. લેખકના જીવનના જુદા જુદા તબક્કાના તે પોતે પૂરા સાચી રીતે જાણકાર છે.’ તે કારણથી આ પુસ્તકમાં કોઈનીયે પ્રસ્તાવના ન લેવાનું ઉચિત માન્યું છે. વળી તે ઉપરાંત, આ લખાણમાં આધ્યાત્મિક જીવનની કેટલીક એવી હકીકતો છે કે જેનો કોઈ અનુભવી યોગ્ય જાણકાર હોય, તે જ તેની પ્રસ્તાવના લખવાનો અધિકારી હોઈ શકે.

આ ચોપડીમાંના કાગળો એક જ વ્યક્તિને સંબોધીને લખાયેલા છે, તેમ છતાં તે માત્ર એકલી તે જ વ્યક્તિને ઉદ્દેશીને છે, તેવું કશું નથી. લેખકના જીવનની સાથે સાધનાભાવે સંકળાયેલા જીવોને સંબોધીને તે કાગળો લખેલા છે, કેટલીક વાર પરોક્ષ રીતે કહેવાયેલું આપણને વધારે અસરકારક પણ નીવડતું હોય છે. જે જે એવા જીવો જ્યારે તે લખાણ વાંચશે ને એમાંનું અમુક અમુક મુદ્દાવાળું લખાણ પોતાને જ ઉદ્દેશીને છે એમ જ્યારે તેને સમજાશે ત્યારે તેને તે વાંચીને ગતિમાં પ્રગટવા કાજે આનંદ ઊપજવાનો.

આ કાગળોમાં જે કેટલીક અદ્‌ભુત ઘટનાઓનો ઉલ્લેખ છે, તે હકીકત સાચી હોવા છતાં તેવું ગમે ત્યારે ફરી ફરી તેમ બની શકવું જોઈએ એવું એનું કશું ધારાધોરણ નથી હોતું. જોકે એવું બધું કંઈ યદ્વાતદ્વાપણે હેતુ વિના બનતું હોતું નથી. એની પણ કોઈ ગૂઢ સૂક્ષ્મ કાર્ય કારણપરંપરા તો હોવી ઘટે. એની

કાર્ય કારણપરંપરા જાણનારા કોઈ વિરલા હોય છે. આવી અદ્‌ભુત પણ સત્ય ઘટનાઓ જીવનમાં જ્યારે બનતી હોય છે ત્યારે જે જીવને તે તે પળે તે તે હકીકતોને તેના સત્ય સ્વરૂપમાં સમજવાનું બને છે, ને તે યોગ્ય જ્ઞાનભાવે હૃદયમાં હૃદયથી પૂરું યથાર્થ સ્વીકારવાનું જો બની શકતું હોય છે, તો તેવા જીવનું ઊંચે આવવાપણું સરળ બની જતું હોય છે. જે જીવથી જીવનમાં મળતી આવી ઉત્તમ કૃપાતકોને ઓળખવાનું, સમજવાનું એના યથાર્થ ગૂઢ ભાવાર્થથી સ્વીકાર કરવાનું બની શકતું નથી, તે જીવને હજી અંતરની આંખ ઊઘડી નથી એમ નક્કી સમજવું. ચોપડીમાં જણાવેલા છે એવા ચમત્કારિક પ્રસંગો પોતાના જીવનમાં પ્રત્યક્ષપણે થયેલા અનુભવવા તે પણ કંઈ નાનીસૂની વાત નથી. કૃપા હોવા છતાં કૃપાને તેના તેવા યોગ્ય ભાવાર્થમાં જ્યારે હૃદયથી સ્વીકારાતી નથી, ત્યારે કૃપાને વ્યક્ત થવાનાં કારણોને તે પોતાની મેળે થઈને તે પોતે (તેવો જીવ) અફળ બનાવી દેતો હોય છે, તે પણ એક તદ્દન સત્ય હકીકત છે, ભલેને પછી તેવું તે તે જીવોથી તેના વાસ્તવિકપણામાં સ્વીકારાતું ન હોય !

આ ચોપડીનું નામ **'જીવન પોકાર'** રાખ્યું છે, તે તદ્દન યથાર્થ છે. કારણ કે, જીવનવિકાસની ભાવનાર્થે જે જે સ્વજનો મળેલાં છે, તેમને તેમને ચેતાવવા કાજે હૃદયના સાલતા ઊંડા દર્દથી જે વાણી ઉચ્ચારેલી છે, તેને તે તે સ્વજન પૂરેપૂરા ભાવથી વિચારે, સમજે ને તેને યથાર્થ વર્તનપાલનમાં મૂકવાને પ્રભુકૃપાથી કરી જ્ઞાનભક્તિભાવે જાગ્રત પૂરો તનતોડ પ્રયત્ન કરે, એવો આ પત્રોના લખવાપણાનો હેતુ છે. સત્ય, સત્ય હોવા છતાં

એનો જ્યારે હૃદયમાં હૃદયથી એના યોગ્ય ભાવાર્થમાં જ્ઞાનપૂર્વક જીવથી પૂરો સ્વીકાર થતો હોતો નથી, ત્યારે તે તેના જીવનમાં કશો ભાગ ભજવી શકતું નથી. આ હકીકતને પ્રત્યેક સાધક-સ્વજન હૃદયમાં હૃદયથી સમજે એવી પ્રાર્થના છે.

વસંતપંચમી -**મોટા**

હરિજન આશ્રમ, સાબરમતી,
અમદાવાદ-૧૩. તા. ૮-૨-૧૯૫૪

## (બીજી આવૃત્તિ)

તા. ૮-૨-૧૯૫૪ના સમયમાં આ **'જીવન પોકાર'** બહાર પ્રકાશમાં આવી, ત્યારે મારે છતા થવું ન હતુ.

આ ચોપડીમાં કોઈક એક મહાત્માની હકીકત લખેલી છે, તે મહાત્મા તે બીજો કોઈ નહિ, પરંતુ આ જીવ જ છે. હવે જીવનના છેલ્લે આરે છું, ત્યારે મારે શ્રીપ્રભુકૃપાથી છતા થવું, એમ હૃદયમાં હૃદયથી લાગવાથી આટલો યોગ્ય ખુલાસો કર્યો છે.

આ ચોપડીમાં તે મહાત્માની જે જે બનેલી હકીકતો લખેલી છે, તે તે પ્રત્યક્ષ અનુભવનાર હજી બધાં જ જીવતાં છે. તે હકીકત તેના સંપૂર્ણ યથાર્થપણાએ લખાઈ છે. ક્યાંયે મુદ્દલે અતિશયોક્તિ નથી.

બીજું એ વિષય પરત્વે પ્રથમ પ્રકાશનના લેખકના બે બોલમાં જે તે બધું લખાયેલું છે.

હરિઃૐ આશ્રમ, -**મોટા**
કુરુક્ષેત્ર, પો. રાંદેર,
તા. ૨૮-૧૦-૧૯૭૧

❑

## ૨૮. જીવન પ્રભાત

'**हरि** ના શબ્દ ખાલી છે, **हरि** મારા જીવન વિશે
-જીવંતો ચેતનાત્મક ને શું પ્રત્યક્ષ ખરેખર છે !'

મારા ઉપરના કથનને જેઓ મારી સાથે પરિચયમાં આવ્યાં છે અને જેમણે મારું સાહિત્ય વાંચ્યું છે, તેઓ અનુમોદન આપશે એટલું જ નહિ, તેમાંનાં કોઈક તો તેના સાક્ષીરૂપ થશે. મારા આશ્રમો, ભગવાને લોકકલ્યાણને માટે જે કાર્યો મને સુઝાડ્યાં અને લોકોનાં જીવન ઉચ્ચ બનાવવામાં પ્રભુએ મને સદ્‌ભાગી બનાવ્યો, આ બધું ઉપરનું કથન સત્ય ન હોત તો મારાથી ન બની શકત. સત્યના ઉપાસકને ભગવાન એકાકી રાખતો નથી, પરંતુ તેને ટેકારૂપ બને છે. અલબત્ત, એના જીવનમાં કપરા કસોટીના પ્રસંગો પણ આવતા હોય છે.

ગાંધીજીના કોચરબના સત્યાગ્રહના આશ્રમના પ્રારંભના કાળની વાત છે. એકવાર આશ્રમના સંચાલન માટે નાણાં ખલાસ થઈ ગયાં અને તાત્કાલિક નાણાંની મદદ ન મળે તો આશ્રમ બંધ કરવો પડે એવી દહેશત સૌને લાગી. વ્યવસ્થાપકે આવીને ગાંધીજીને વાત કરી અને આશ્રમની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. સાથે સાથે સૂચન પણ કર્યું કે તાત્કાલિક કોઈની પાસેથી નાણાં મેળવી કામ ચાલુ રખાય અને બહારની મદદ આવતાં તે પરત થાય, પરંતુ ગાંધીજીએ તેમ કરવાની ના પાડી અને ઈશ્વરને આશ્રમ ચલાવવો હશે તો નાણાં મોકલી આપશે. તેમ નહિ થાય તો આશ્રમ સહર્ષ બંધ કરીશું એવુ ંજાહેર કર્યું. સદ્‌ભાગ્યે બીજે જ દિવસે કોઈ આવીને આશ્રમમાં નાણાં આપી ગયું અને તેમનો ટેક સચવાયો.

આપણા સંતભક્તોની વાતો વાંચીશું તો તેમાંથી પણ અણીના સમયે તેમને સહાયભૂત થયાની વાતો જાણવા મળે છે. તે ઉપરથી આપણે જોઈ શકીશું કે સત્યના ઉપાસકને ઈશ્વર કદી એકલો છોડી દેતો નથી.

ઘણી વાર મને મળવા આવતાં ભાઈબહેનોને મારી સાધનાની વાત જ્યારે કરું છું ત્યારે તેઓ આશ્ચર્ય અને અચંબો અનુભવે છે. ભગવાનની વાતોમાં ચમત્કારને સાંકળી લઈને રજનું ગજ કરીને એવી વાતોમાં જે માણસો આનંદ લે છે તેને પૂછીએ કે :-

તમે કોઈ વાર એકલા અંધારામાં ફરવા નીકળ્યા છો ? તો એમ કહેશે કે મોટા, એવી રીતે ફરવા જતાં કોઈ ચોરડાકુ મળી જાય તો શી દશા થાય ?

તમે કોઈ વાર એકલા નદી કે દરિયામાં તરવા પડ્યા છો ? તો કહેશે કે મોટા, એમ કરતાં ડૂબી જવાય તો ?

તમે કોઈ વાર એકલા પર્વત ચડવા ગયા છો ? તો કહેશે કે મોટા, એકલા પર્વત ચડવા જતાં કંઈ ગબડી ગયા તો બાર વાગી જાયને ?

આમ, જેમને પોતાની જાતને બચાવવી છે અને સહીસલામત રાખવી છે એમને માટે ભગવાનનો માર્ગ નકામો છે. ભગવાનનો માર્ગ તો શિર સાટેનો છે અને તેનું ચિત્ર રજૂ કરતાં એક ભક્ત કવિએ સાચું જ ગાયું છે કે :-

*'**હરિ**નો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને,*
*પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જોને.'*

જે સંકટથી ડરી જાય છે, દુઃખથી ગભરાય છે, તેનાથી

**આ** માર્ગમાં કશું વળવાનું નથી. વળી, એક બીજી વાત પણ ખાસ ધ્યાનમાં લેવા જેવી છે કે જેઓ શોખની દૃષ્ટિએ **આ** માર્ગમાં પડવા માગતા હોય તેમણે પણ લાખવાર વિચાર કરવો. દરિયો ખેડનાર તરવૈયો આસાનીથી દરિયો પાર કરી શકશે. કોઈ પર્વતારોહક હિમાલયના અજેય શિખરને સર કરી શકશે, પણ પરમાત્મ તત્ત્વને પામવું ઘણું દુષ્કર છે. મીરાં, નરસિંહ, જલારામ, સાંઈબાબા, ઉપાસની મહારાજ, રામકૃષ્ણ, વિવેકાનંદ, રમણ મહર્ષિ આદિનાં જીવનચરિત્રો વાંચશો તો કેટલાંય કષ્ટને અંતે તેઓ પરમાત્મશક્તિને પામી શકેલાં. આપણા વેદો અને ઉપનિષદો જોશો તો કેટલાંય વર્ષોની તપશ્ચર્યાને અંત આપણા ઋષિમુનિઓ ઈશ્વરાનંદનો અનુભવ પ્રાપ્ત કરી શક્યા હતા. જેમને **આ** માર્ગમાં પડવું છે, તેમને આ પુસ્તકમાંની મારી **'સાધનાની આપવીતી'** વાંચી જવા ખાસ ભલામણ કરું છું. મારી સાધના મેં કઈ રીતે કરી તે તેમાંથી સારી રીતે જાણવા મળશે. **આ** માર્ગ ગૂઢ છે, તેમ છતાં મારાથી જેટલા થઈ શકાય તેટલા ખુલ્લા થઈને બધું મેં લખ્યું છે. કશું અસ્પષ્ટ રહેવા દીધું નથી.

કંઈ પણ મેળવવું હશે તો તે માટે પ્રયત્ન કરવો પડશે. કશું જ સામે આવીને નહિ મળે, તે **આ** માર્ગમાં પડનારે ખાસ સમજવું પડશે. ઘણા લોકો એમ માને છે કે સાધુસંતોની સેવા કરવાથી આપણું બધું થઈ જશે, તે પણ એક ભ્રમણા જ છે. અલબત્ત, કોઈ સાચો સાધુ કે સારો સંત હોય અને તે આપણી સેવાથી રાજી થયો હોય તો સાધના વિશે સમજાવે અને રસ્તો બતાવે એવું બને ખરું, પણ સાધના વિશે સાધુસંતો પાસે દોડી

જઈને જાણવા જતાં કોઈ વાર ફસાઈ જવાનો પણ સંભવ છે. તેવો એક કિસ્સો મારી જાણમાં છે.

એક મારા સ્નેહી મિત્ર હતા. તેમને સાધના કરવાની બહુ તાલાવેલી લાગેલી. એક વખત એક સાધુને તેઓ મળ્યા અને બધી વાત કરી. પેલા સાધુએ તેમના ગુરુ થઈને સાધના કરાવવાની વાત સ્વીકારી, પરંતુ પોતે હિમાલયની પાસે હૃષીકેશમાં રહે છે, માટે મારી સાથે ત્યાં આવવું પડશે એમ કહ્યું. પેલા સ્નેહી મિત્રે તે કબૂલ કર્યું અને મારી પાસે આવીને બધી વાત કરી. ઘરમાં વાત કરે તો સૌ ભડકી ઊઠે અને જવા ન દે. આથી, છાનામાના જવાનું નક્કી કર્યું અને નક્કી કરેલ દિવસે તેઓ પેલા સાધુની સાથે ઊપડી ગયા અને તેઓ હૃષીકેશ પહોંચ્યા. ત્યાં બેત્રણ દિવસ રહ્યા બાદ બહારથી એક સાધુ આવ્યો, તેણે પેલા ગુરુ સાધુને કહ્યું કે અમુક સાધુ બોલાવે છે માટે ચાલો. મારા સ્નેહી મિત્ર આ બધો સંવાદ સાંભળતા હતા. તેમણે વિચારેલું કે ભલે તે બહાર જશે પણ મારી રહેવાની વ્યવસ્થા તો કરતા જશે, પણ તેવું કંઈ જ બન્યું નહિ અને સ્નેહી મિત્ર એકલાઅટૂલા થઈ ગયા. તેમની પ્રકૃતિ નબળા બાંધાની. રહેવાખાવાનું સચવાયું નહિ એટલે ઝાડા થઈ ગયા. કોઈ ગુજરાતીની સાથે રહેવાનું બને તો પોતે સચવાય તે આશયથી ગુજરાતી સાધુની શોધમાં નીકળ્યા અને તેમને રક્ષણ આપે તેવો ગુજરાતી સાધુ છેવટે મળી ગયો. વાતચીત કરતાં આ સાધુ પૂર્વજીવનમાં શિક્ષક હતા ત્યારે એમણે જ આ ભાઈને ભણાવેલા એવું ઓળખાણ નીકળ્યું, એટલે સ્નેહી મિત્ર સાધનાની લાલચમાં સાધુની વાતમાં કેવી રીતે ફસાયા અને

ઘરેથી સાધુની સાથે છાનામાના અહીં કેવી રીતે આવ્યા અને સાધુ તેમને કેવી રીતે છોડી ગયો તેની બધી વાત કરી, ત્યારે ગુજરાતી સાધુએ કહ્યું કે સારું થયું કે તમે મારી પાસે આવ્યા, બીજે ફસાયા હોત તો હેરાન, હેરાન થઈ જાત. પછી તો દવા અને સારવાર સારી રીતે થઈ એટલે સ્નેહી મિત્ર સારા થઈ ગયા અને પાછા આવીને મને બધી વાત કરી.

સાધનામાર્ગમાં આવા પ્રસંગો પણ બનતા હોય છે. આથી જ શ્રેયાર્થીએ કોઈ આપણું કરી દેશે એ વાતમાં ન ફસાવું કે કોઈની કૃપા કે આશીર્વાદથી આપણું બધું થઈ જશે એ વાતમાં ન રાચવું. નહિ તો મેળવવા જતાં નુકસાન થવાનો વધુ સંભવ છે. અત્યારના આ કઠિન કાળમાં કોકને ઊર્ધ્વમાર્ગે જવાનું મન થાય છે અને તે માટે કંઈક કરી છૂટવા પણ તે તત્પર છે, તે જોતાં ઉચ્ચ જીવન જીવવાની તેને ભૂખ લાગી છે તે સારી વાત છે, પરંતુ માત્ર ઇચ્છાથી કંઈ મેળવી શકાશે નહિ, કારણ કે **આ** માર્ગ ત્યાગ અને તપશ્ચર્યાનો છે અને તેમાં ધીરજ, સહનશીલતા, સાહસ, હિંમત આદિ ગુણો જે રીતે કેળવાવા જોઈએ તે રીતે ન કેળવાય ત્યાં સુધી તેનું પરિણામ પામવું મુશ્કેલ છે. ગણિત અને બીજગણિતમાં જેમ તેના સિદ્ધાંતો હોય છે અને તે પ્રમાણે દાખલા ગણાય તો જ તેનો સાચો જવાબ મળે, તેમ સાધનામાં પણ એની ક્રિયા પ્રક્રિયાઓનું ગણિત હોય છે. તે પ્રમાણે તે થાય તો જ તેનું યોગ્ય પરિણામ આવે, તે શ્રેયાર્થીએ ખાસ લક્ષમાં લેવું ઘટે છે. સંસારવહેવારમાં ધારણા અને ગણતરી પ્રમાણે કામ પાર પડે એવું બને, પણ અધ્યાત્મ-માર્ગમાં ધારણા અને ગણતરી પ્રમાણે કામ પાર પડે પણ ખરાં

અને ન પણ પડે. આ બાબતમાં શ્રેયાર્થીને ચોક્કસ ખાતરી આપી શકાતી નથી.

મારી સાધનામાં મેં દેખીતી આવી નાની નાની બાબતો ઉપર પણ વધુ ઝોક દાખવીને તેનું યોગ્ય પરિણામ લાવવા માટે એટલું બધું મથ્યો છું કે આજે તેની હકીકત કોઈને કહું તો તેના માન્યામાં પણ ન આવે. મારી લીધેલી તે મહેનત નકામી નથી ગઈ. તેની અસર મારી કાર્યદક્ષતા ઉપર એટલી બધી થયેલી કે મારાં કામથી ત્યારે હું સૌને સંતોષ આપી શકેલો. ધીમે ધીમે ભગવાને મારી કાર્યદક્ષતાનો વિસ્તાર એટલો બધો કરી દીધો કે કોઈ પણ બાબત આજે મારી પાસે આવતાં તેનો યોગ્ય ઉકેલ આપતાં મને વાર લાગતી નથી અને પ્રભુકૃપાથી મારા પ્રત્યુત્તરથી પણ સૌને સંતોષ વળતો હોય છે. આને ભગવાનની કૃપા અને સાધનાનું સાફલ્ય નહિ તો બીજું શું ગણાય ?

મારા જીવનમાં ચમત્કારિક લાગે એવી ઘટનાઓ બની છે, પણ મેં તેને મહત્ત્વ આપ્યું નથી કે તેમાં રાચીને તે વાગોળ્યા કરી નથી કે તેની આળપંપાળ કરી નથી, પરંતુ ભગવાને મારી સાધનાશક્તિને વેગ મળે તે માટે આવા પ્રસંગો યોજ્યા હશે, તેમ માનીને હું તો મારી સાધનામાં જ મંડ્યો રહ્યો હતો. શ્રેયાર્થીએ પણ તેની સાધનામાં કદાચિત્ કોઈ ચમત્કારિક ઘટના બને તો તેમાં પડી નહિ રહેતાં, પોતાની સાધનામાં જ આગે બઢવાનું રાખવું. તેમ નહિ થાય તો 'નહિ અહીંના, નહિ તહીંના' ત્રિશંકુ જેવી સ્થિતિ થઈ જશે.

આધ્યાત્મિક માર્ગમાં ચમત્કારને લોકોએ બહુ મહત્ત્વ આપ્યું

છે, તે બિરદાવવા જેવું નથી. જેને પ્રભુમાર્ગે જવું છે તેને બીજા કોઈની શક્તિ કેટલી કામમાં આવવાની ? આપણા જીવનમાં કદાચ કોઈ ચમત્કાર બન્યો તેથી કરીને આપણી સાધનાનું ધ્યેય પ્રાપ્ત થઈ ગયું તેમ આપણે કહી શકીશું ખરાં ?

આજે જ્યારે ચમત્કાર વિશે લખવા બેઠો છું ત્યારે મારે મારા ચાહકોને પણ તે વિશે વિનંતી કરવાની કે તમારા જીવનમાં મારી પ્રાર્થનાથી કરીને કોઈ શુભ ઘટના બની હોય તો તે માટે મને ન બિરદાવતાં મારા ભગવાનને બિરદાવજો, કારણ કે મેં તો તમારે માટે પ્રાર્થના કરી હતી, પરંતુ તમારું પાર પાડવાનું કામ તો **એ**ના હાથમાં હતું અને **એણે** તે પાર પાડ્યું, તે માટે **એ**ના ગુણગાન ગાજો. ભગવાને મને **એ**નો ખેપિયો બનાવ્યો છે અને મને તે જે આદેશ અને સંદેશ આપે છે, તે તમને હું આપું છું. મને તેમાં આનંદ છે.

અમદાવાદના ટાઉનહૉલમાં રામનવમીના ઉત્સવ પ્રસંગે લોકોએ મારી ઉપર જે પ્રેમ વરસાવ્યો છે તે મારી ઉપર નહિ, પણ મારા ભગવાન ઉપર વરસાવ્યો છે એમ ગણું છું. માનવીનું કશું મહત્ત્વ નથી. મહત્ત્વ તો એ સર્વ શક્તિમાન ભગવાનનું જ છે. મારી આ વાત જ્યારે તમને ઠસી જશે ત્યારે ટાઉનહૉલમાં મેં તમને કહેલી વાત યાદ કરજો કે મોટાને મળવા આવો તે કરતાં તેટલો સમય જો તમે ભગવાનના સ્મરણમાં ગાળશો તો મને મળવા આવ્યાથી પણ તેને હું અધિક ગણીશ.

**'જીવન પ્રવાહ'**નાં ગીતો લગભગ પૂરાં થવાં આવ્યાં હતાં. ભાઈ રજનીભાઈ, તે ગીતો સારા અક્ષરે ઉતારતા હતા. તે પછી મેં તેમને વાત કરી કે હજી તો બીજાં ગીતો મનમાં

ઊભરાય છે. એટલે તેઓ બોલ્યા કે મોટા, તો પછી તમે લખ્યા કરોને ! કોઈ છપાવનાર તો મળી આવશે.

ભાઈ રમાકાંત જોશીએ આ કામ માથે લીધું છે, પરંતુ એમનો હું આભાર શો માનું ? એમનો સંબંધ તો ઘણો અંગત છે. તેમણે મારા માટે ઘણું કર્યું છે અને કરે છે. આ **'જીવન પ્રભાત'**નાં ગીતો છપાવી આપવાનું કામ તેમણે સ્વીકાર્યું છે, તે ભગવાનની કૃપા છે. આ **'જીવન પ્રભાત'**નાં ૨૦૮ ગીતોમાંથી ૧૪૮ તો નડિયાદ આશ્રમે લખાયેલાં અને બાકીનાં ૬૦ ગીતો ફાજલપુરમાં લખાયાં, લખાવનારો લખાવે છે. બાકી, હું તો તેનો લહિયો જ છું. આ **'જીવન પ્રભાત'**ના એક ગીતમાં મેં લખ્યું છે તે તદ્દન સાચું છે કે :-

'ચલાવ્યો જો **हरि**એ છે, ચલાયું તો જ મુજથી છે,
નહિતર બાકી મુજ જેવાતણું ના કામ **आ** પથ છે.'

હરિઃૐ આશ્રમ, સુરત **-મોટા**
તા. ૩-૯-૧૯૭૨

❑

## ૨૯. જીવન પ્રવાહ

આ વખતે એટલે કે તા. ૧૬-૩-૧૯૭૫ના રોજ સુરત આશ્રમમાં આવવાનું થયું ત્યાર પછી મારા શરીરને બહુ દુઃખ, બહુ વેદના થવા લાગી, ભયંકર વેદના થવા લાગી.

'ભયંકર વેદના કેવી અસહ્યાતીત લાગે છે.' એટલે મેં નંદુભાઈને કહ્યું કે 'શરીરને બહુ વેદના થાય છે, આમ તો હું સ્મરણ ભજન કર્યાં કરું છું, પણ હવે એમ થાય છે કે હું જાણે કે ભજન લખું, એમાં મારો જીવ વધારે પરોવાય. અને હું ગઝલમાં લખું તો !' નંદુભાઈ કહે કે 'હા, એમ કરો !' એટલે મેં તો ત્યારથી લખવા માંડ્યું, અને નક્કી કર્યું કે ૨૦૮ ભજનો લખવાં. અને ભગવાનની કૃપાથી કોઈ છપાવનાર તો મળી જશે, અને એમ એવી રીતે લખવા માંડ્યું. રોજ સવારે મને ગાડીમાં બેસાડીને સુરત શહેરમાંથી આવતા ભાઈઓ ફરવા લઈ જતા ત્યારે હું મોઢેથી ભજન બોલું અને ભાઈ ચૂની કાગળમાં લખી લે.

ત્યારે કંઈ વિચારવાનું મારે ખાસ રહેતું નહિ. માત્ર હું બોલ્યે જતો અને એ લખ્યે જતો. એમ રોજ છ-સાત કદીક આઠ ભજનો થાય, અને બાકીનાં હું આશ્રમે બધાં બેઠાં હોય તોપણ લખી લેતો. કોઈક વાર ૧૧-૧૨ પણ થઈ જતાં. એવી રીતે આ ભજનોનો સંગ્રહ એકઠો થયો છે. અને ભાઈ રજનીભાઈએ સારા અક્ષરે તે બધું ઉતાર્યું છે. મથાળાં તો અમે કરી આપતા અને રજનીભાઈ તે સારા અક્ષરે ઉતારી આપતા. એ બધું લખાણ પછી મેં એક ભાઈને મોકલી આપ્યું અને

તેમણે વર્ગીકરણ કરીને પ્રેસમાં આપવા યથાયોગ્ય કરી તૈયાર કરી આપ્યું.

આ **'જીવન પ્રવાહ'**માં જે ગીતો છે, તે ગઝલના ઢાળમાં છે. ગઝલ એ દિલની ઊર્મિઓને વ્યક્ત કરવાનું એક સારું સાધન છે. ઊર્મિ, લાગણી, ભાવ, પ્રેમ એવાં બધાંને વ્યક્ત થવાને માટે ગઝલનો ઢાળ બહુ સરળતાભર્યો છે. આમ, બધું જાણતો હોવા છતાં આ પુસ્તકમાં જે ગઝલો લખાઈ છે તેમાં લાગણી, ભાવ, પ્રેમ વગેરે બધું નથી એમ તો નહિ, પરંતુ એમાં તર્ક, દલીલ વગેરે બધું પણ આવે છે, જે ગઝલમાં ના શોભે, તેમ છતાં મેં બધું લખી તો માર્યું છે.

આ મારાં ભજનો, એ મારા સાધનાના કાળમાં મારા જીવનમાં ભગવાનને અનુભવવાને મારાથી જે રીતની મથામણ અને સાધના થઈ છે, તેના ઈતિહાસનો આમાં ઉલ્લેખ છે અને તેની ખૂબી એ છે કે તે છેક નીચેથી લઈને છેક ઉપર જાય છે. climax માં આવે છે. એટલે કે દા.ત., હું એમ કહું કે હું આવો હતો, જીવદશામાં આવો હતો, આવો હતો, એમ જણાવીને આખરે પછી ઊંચામાં ઊંચી સ્થિતિ થઈ હોય તેનું વર્ણન આવે છે. એ એક રીતે મારા જીવનમાં, હું જીવદશામાં કેવો હતો અને મારાં પ્રકૃતિ, સ્વભાવ કેવાં હતાં, તે પણ બધું સ્પષ્ટતાથી ખુલ્લું લખ્યું છે, એમાં કોઈ સંકોચ રાખ્યો નથી, કારણ મારે તો મારા ભગવાનની આગળ બધું ખુલ્લું જ છે. આમ તો હું ખુલ્લો થઈ જ ગયેલો છું અને સમાજની આગળ પણ એ રીતે ખુલ્લા થઈને બધું લખ્યું છે.

અત્યાર સુધીમાં કેટલાં બધાં મારાં આવાં ભજનો બહાર પડ્યાં છે, તેમાં મારા તે તે કાળની પ્રકૃતિનાં જે જે બધાં વલણો હતાં, તે બહુ સ્પષ્ટ શબ્દોમાં વર્ણવેલાં છે.

મારાં આ ભજનો જે લખાયેલાં છે, તે ભજનોનું હું સાહિત્યની દૃષ્ટિએ એનું બહુ મૂલ્ય આંકતો નથી. સાહિત્યનો કંઈક મને અભ્યાસ ખરો, અને સાહિત્યની કંઈક સમજણ પણ ખરી, તેમ જ કાવ્યની પણ સમજણ ખરી, કારણ હું B.A. માં હતો ત્યારે મારો વિષય ગુજરાતી હતો. ગુજરાતી ઑનર્સ મેં લીધેલું હતું. એટલે એ વિશે મને સમજણ તો પડે, પણ મારો નિયમ છે અને મારા ગુરુમહારાજનો મને હુકમ છે કે 'દીકરા, તારે એવું એવું લખવું જે બધાં સામાન્ય ભણેલાં અને ન ભણેલાં માણસોને પણ સમજણ પડે.' એને મૂળથી અને જ્યારથી લખવાની મેં શરૂઆત કરી છે ત્યારથી આ નિયમને હું વળગી રહેલો છું.

આ ભજનો પણ એવી સરળતાથી લખાયેલાં છે કે પહેલા જ વાંચને સામાન્ય માણસને પણ સમજ પડે. એવી રીતે આ લખાયેલું છે. એટલે આ ભજનોને હું કંઈ સાહિત્ય ગણતો નથી, જોડકણાં જ ગણું છું. અને એ રીતે જ જોવા વાચકોને મારી વિનંતી છે. શ્રેયાર્થીને આમાંથી ઘણું સમજવાનું મળશે. પછી જે કોઈ ભગવાનને અનુભવવાને હૃદયથી ખરેખરી જહેમત ઉઠાવતો હશે તેને આમાંથી સમજવાનું તો ઘણું મળશે, એટલું જ નહીં પણ આ બધી રીતરસમો સાધનાની છે તે મેં આ ભજનોમાં લખેલી છે. કેટલાંક ગૂઢ સાધનો વિશે મેં લખ્યું નથી. ગૂઢ સાધનો જેના વિશે મેં ઉલ્લેખ કર્યો નથી, એ ગૂઢ સાધનો

મેં કરેલાં છે ખરાં પણ એના વિશે લખવું નકામું છે, કારણ કે અમુક કક્ષા સુધી કે અમુક ભૂમિકા સુધી ગયા ન હોઈએ ત્યારે તથા અમુક પ્રકારની શુદ્ધિ થયેલી ન હોય તો તે ગૂઢ સાધનો થઈ શકે નહિ અને એ માત્ર વાંચવાથી કંઈ આવડી શકે નહિ. એ તો એ પ્રકારની આપણી પરિપક્વ ભૂમિકા થઈ હોય તો જ એ ગૂઢ સાધન આપણાથી થઈ શકે. અને તે પણ બધાંથી જ, ધારો કે કોઈની ભૂમિકા તેવી થઈ હોય તોપણ તેવાં, ગૂઢ સાધનો થઈ શકે કે કેમ તે પણ એક વિચારવા જેવો પ્રશ્ન છે. એટલે એ વિશે મેં કંઈ કશાનો ખાસ કંઈ ઉલ્લેખ આ આત્મનિવેદનનાં ભજનોમાં કરેલો નથી. એટલે જે ગૂઢ સાધનો મેં કરેલાં છે તેનો આમાં ઉલ્લેખ નથી, પણ સામાન્યપણે જે સાધનો છે, સ્મરણ, કીર્તન, ભજન, નિદિધ્યાસન, સમર્પણ આ બધાં સાધનો જે મેં કરેલાં છે તેનો ઉલ્લેખ અંદર આવે છે. સાધના કર્યા વિના અને એ સાધનાનો જે ભાવ છે, સાધનામાંથી પ્રગટતો જે ભાવ છે, તે કર્મ દ્વારા જ સાકાર થાય છે. એ કર્મ એટલા સારુ સાધકને માટે અનિવાર્ય છે, પણ એ કર્મ પ્રભુપ્રીત્યર્થે છે, એ પોતાને માટે નહિ, પણ પોતાના ભાવને સાકાર કરવાને માટે છે, કારણ ભાવને ઘટ્ટ કરવાને માટે અને પ્રભુપ્રીત્યર્થે એ કર્મ જો થયા કરે અને એમાં હૃદયનો ભાવ પરોવાયેલો હોય તો એ માત્ર સ્થૂળ કર્મ નથી રહેતું પણ એ કર્મ યજ્ઞ થઈ જાય છે અને એ કર્મ તો ખરેખર રીતે કર્મયોગ બની જાય છે.

એટલે મારા જીવનમાં મેં ભક્તિ તો કરેલી જ છે. મારાં જે આટલાં બધાં ભજનો કરેલાં છે અને છપાયેલાં છે, તે રીતે

કર્મ પણ એવી જાતનાં મારાથી ભગવાનની કૃપાથી થયેલાં છે, એટલે કર્મયોગ પણ થયેલો છે અને મારું આ સાહિત્ય વાંચતાં વાંચતાં કોઈને પણ સમજાશે કે 'મોટા'ને જ્ઞાન તો છે. એટલે આ તો ત્રિવેણીસંગમ થયેલો છે, એ પણ ભગવાનની મોટામાં મોટી કૃપા છે. કેટલી મોટી કૃપા કે જેનું સાહિત્યિક ભાષામાં વર્ણન થઈ શકે નહિ. એવી એ મોટી કૃપા છે, કારણ કે મારા જેવા સાવ બોથડને આવું આવડવું જ શક્ય નથી. નાનપણમાં જેણે જોયું હોય અથવા તો હું જ્યારે સાબરમતી આશ્રમમાં હતો અને ગુજરાત હરિજન સેવક સંઘનો સહમંત્રી હતો ત્યારે મને બોથડ અને ભોટ કહેતા એ બધી જાણીતી હકીકત છે. ત્યારે મારો વેશ પણ એ જાતનો હતો, કારણ કે મારે નમ્રતાને છેક શૂન્યતાની હદ સુધી લઈ જઈને પહોંચાડવી હતી, કારણ કે એ મારા જીવનની કેળવણીનો, નમ્રતાને કેળવવાનો, એક મોટામાં મોટો તબક્કો હતો, માત્ર એ જાતની નમ્રતા કેળવવાનો મારો પ્રયાસ ચાલ્યા કરતો હતો અને તેથી બધાંને હું એવો લાગું એમાં કંઈ આશ્ચર્ય નથી. તેમ જ ત્યારે એ જાતનો ભાવ પણ મારા આખા મોઢા ઉપર પ્રવર્તતો હતો. એટલે લોકો મને એવો ભોટ કહે એ તેમની દૃષ્ટિએ તદ્દન વાજબી હતું, એમાં કોઈનો દોષ હું જોતો નથી. મેં કોઈ દિવસ કોઈને સામો જવાબ પણ આપેલો નથી. માત્ર હું ત્યારે હસતો. એટલે એ નમ્રતા અને આવા સાધનાને પંથે જેણે જવું છે તેણે છેક શૂન્ય પારા સુધી પહોંચે ત્યાં સુધી કેળવવી જોઈશે. અને અહમ્ તો સંપૂર્ણપણે ઓગળી જવું જોઈએ, પણ એ ભક્તિ વિના ઓગળવું કદી શક્ય નથી. ભક્તિ, એની છેક પરાકાષ્ઠાએ જ્યારે પહોંચે

છે ત્યારે અહમ્ ઓગળે છે. ત્યારે અહમ્ એ ભગવાનના ભાવમાં મળી જાય છે અને ત્યારે જ સાચી ભક્તિ માનવીના દિલમાં લાગેલી છે એમ માની શકાય. બાકી, અહમ્ ઓગળ્યા વિના ભક્તિ પણ એની શૂન્યતાની ટોચે કદી પહોંચી શકતી નથી. એટલે આ બંનેનો પરસ્પર સંબંધ છે. સાચા સાધક કે શ્રેયાર્થીને માટે અહમ્‌ને ઓગાળ્યા સિવાય એ આગળ વધી શકવાનો જ નથી. સાધનાની શરૂઆતથી જ મને દિલમાં લાગી ગયેલું કે અહમ્‌થી મુક્ત થવું એ અનિવાર્ય પગલું છે. સાધનાના પંથમાં અહમ્‌થી મોકળા થવું અને નમ્રતાથી શૂન્યતા સુધી પહોંચવું એ અનિવાર્ય પગલું છે અને એ ભર્યા સિવાય સાચી ભક્તિ આપણા દિલમાં કદી પ્રગટી શકવાની નથી. એનું ભાન સાધનાની છેક શરૂઆતથી મને લાગી ગયેલું હતું. એ પણ ભગવાનની પરમ કૃપા કે મને એવું ભાન સૂઝેલું. જો તે ભાન થયું જ ના હોત તો કદાચ મારાથી એવા પ્રયત્ન પણ ના થયા હોત. અને મને સાધનાને પંથે જતાં જે જે પ્રકારનું ભાન સ્ફુરતું તે માત્ર હું મનમાં કે મારા મગજમાં રહેવા દેતો નહિ, પણ એનો અમલ જ થતો. પ્રત્યક્ષ તેનું અમલીકરણ થતું અને તેને હું કર્મ દ્વારા, તે પ્રકારનો ભાવ મારા જીવનમાં સાકારપણે પ્રવર્ત્યા કરે એવો જ મારો જીવતોજાગતો પ્રયત્ન ચેતનાત્મક રહ્યા કરતો. અને એમાંથી ઘણાં સારાં ફળ નીપજેલાં મેં અનુભવેલાં છે.

આ જે ભજનો છે, તે ભજનોને રોજ સવારમાં વહેલા બધા ભાઈઓ શહેરમાંથી, સુરતથી આવતા અને ભાઈ ચૂની વાંચી સંભળાવતો અને તેમાં કંઈ ભૂલચૂક હોય તે અમે સુધારતા. અને રોજ એવાં ૧૦-૧૨ ભજનો સવારમાં અમે

વાંચતા અને એવી રીતે આ બધાં ભજનો વંચાયેલાં છે અને નજર તળે નંખાઈ ગયેલાં પણ છે. તેમ છતાં એમાં ભૂલચૂક રહી ગઈ હોય તો વાચકો મને ક્ષમા કરશે એવી પ્રાર્થના.

હરિઃૐ તત્સત્

હરિઃૐ આશ્રમ,
સુરત
તા. ૮-૪-૧૯૭૫

**-મોટા**

❑

## ૩૦. જીવન રંગત

જીવન જ્યારે અમુક ચોક્કસ નિર્ણયાત્મક રીતે અને મરણિયા દૃઢ મક્કમ નિર્ધારથી કોઈ નિશ્ચિત ધ્યેયના હેતુને સફળ કરવામાં જ્યારે સર્વ રીતે અને સર્વ ભાવે સંપૂર્ણ યાહોમ થઈ જઈને, ઝુકાવીને ઝઝૂમવાનું બને છે અને એમ થતાં થતાં ધ્યેયનો હેતુ ફલિત થતો જતો અનુભવાય, ત્યારે જે જીવવાનો આનંદ છે, એમાં જે ઉત્સાહ છે, એમાં જે દરિયાની ભારે ભરતીનાં મોજાંના જેવો ઊછળતો હર્ષનો જે ઉન્માદ પ્રગટે છે, તેમાંથી ફલિત થતી જતી જીવનની કોઈ અનોખા પ્રકારની મૌલિક નવપલ્લવિતતા અનુભવાય છે, ત્યારે આપણે પોતે દ્રષ્ટા હોઈને તે નીરખી પણ શકીએ. ત્યારે નિર્માતા, દ્રષ્ટા, ભોક્તા વગેરે વગેરેપણાનો જે કોઈ અવર્ણનીય, અકથ્ય, અગમ્ય એવો જે કોઈક રસીલો આનંદ પ્રગટે છે, તે આનંદથી જીવન સભર થઈ જાય છે. એવાં રસભરેલાં જીવનની રોનક કોઈ ઓર છે, અનુપમ છે. એવી કોઈ ભવ્ય, દિવ્ય રોનકનું નામ રંગત પણ કહી શકાય ખરું.

આદિમાનવથી તે આજ સુધીના કાળમાં માનવજીવનને સુખ અને આનંદનો વિચાર કાયમ રહ્યા જ કર્યો છે, કારણ કે તે જીવનની સાથે જ છે, જીવનથી અલગ આનંદ હોઈ શકતો નથી. સમાજના કેટલાક માણસોનો તેવો આનંદ અખંડ, એકધારો, સતત અને મૌલિક કેમ ટક્યા કરે અને જીવતો રહ્યા કરે અને તેની ધોધ જેવી મસ્તીમાં કેમ જિવાયા જવાય તે વિશે ઘણું ઘણું વિચારાયું તો હશે જ. એવા અખંડ આનંદની પ્રાપ્તિ કેવાં કેવાં સાધનોથી થાય તેના એકધારા અખંડ અભ્યાસમાંથી

જીવનની ઊર્ધ્વતમ કેવી કેવી ભાવનાઓ પ્રગટે અને તેથી હાલનું જીવદશાનું જીવન જે જિવાતું હોય છે તેમાંથી કેવા પ્રકારનો જીવનનો પલટો થાય કે જેનો આનંદ એક પળવાર પણ વિચ્છિન્ન ન થઈ શકે. એવું જીવન વાસ્તવિકપણે શક્ય છે કે કેમ, અને જો હોય તો કેવી રીતે તે પ્રાપ્ત થાય તેનો પણ વિચાર દુનિયામાં પ્રચલિત એવા ઘણા ધર્મોએ કરેલો છે. એવું જીવન અનુભવવાને માટે હાલના જીવદશાવાળા જીવનનો પણ ત્યાં વિચાર થવો ઘટે. હાલનું જે જીવન પ્રકૃતિથી મહત્ત્વપણે પ્રેરાયેલું રહે છે અને તેમાંથી અનેક પ્રકારના રસો નિષ્પન્ન થતા હોય છે અને એવા રસનો પણ આનંદ છે, પરંતુ એ આનંદ એક તો અખંડ પણ હોતો નથી અને મૌલિક પણ હોતો નથી. એટલે એવા થોડીક ક્ષણો ટકતા એવા થતા આનંદના અનુભવમાંથી અખંડ આનંદ કેમ કરીને પ્રાપ્ત થઈ શકે અને એવો આનંદ અખંડ, સહજ, સતત અને મૌલિક અને છતાં પાછો એકધારો હોય અને જે ક્ષણવાર પણ વિચ્છિન્ન ન થતો હોય તેવા પ્રકારના આનંદને માટે માનવીનું મન તલસતું અને તડપતું થયું હશે. અને એ વિચારમંથનની કે ચક્રમણની પ્રક્રિયામાંથી એવો આનંદ મેળવવા માટે કે અનુભવવા માટે સાધનાઓના પ્રકારોની શોધખોળ થઈ હશે.

હાલના જીવદશાવાળા જીવનમાં જે પ્રકૃતિ છે અને તે પ્રકૃતિ એટલે દ્વંદ્વ અને ગુણ. દ્વંદ્વ એટલે એકબીજાથી વિરોધના સામસામી બાજુના ગુણનું ચોકઠું. જેમ કે સુખદુ:ખ, પ્રકાશઅંધકાર, પાપપુણ્ય, નીતિઅનીતિ વગેરે વગેરે. અને ગુણ એટલે સત્ત્વ, રજસ અને તમસ. પ્રકૃતિની આવી રચનાને કારણે અનેક વાર

સંઘર્ષણો થયા જ કરે છે, અને સંઘર્ષણો થયા કરે છે તેથી જ તેને સમજવાનું અને વિચારવાનું બને છે. સરળ, શાંત, કંઈક કશું ખટક્યા વિનાની સુખદ સ્થિતિ હોય ત્યારે માનવીને વિચારવાનું થતું હોતું નથી, પણ સુખદુઃખાદિ દ્વંદ્વને કારણે સંઘર્ષણ, અથડામણ, ક્લેશ, અશાંતિ, મૂંઝવણ, ગૂંચવણ, વિઘ્ન, કોયડા, પ્રશ્નો વગેરે વગેરે જીવનમાં અનેક વાર પ્રગટતાં જ હોય છે. અને ત્યારે માનવીનું મન તેના ઉપાય પણ ખોળે છે. આવું બધું હોવા છતાં ત્યારે માનવીનું મન સંપૂર્ણ સ્વસ્થ, તટસ્થ, શાંતિવાળું, સમતા ધારણ કરવાવાળું અને પોતે પોતાનું સાક્ષી રહી શકે એવાં એનાં મનાદિકરણ હોય તો કેવું સારું ! એમ પણ માનવીને થયું હશે. અને એવા વિચારમાંથી પણ એવી સ્થિતિ અનુભવવાને માટે માનવીએ શું શું કરવું કે જેથી કરીને પોતે તેવો થઈ શકે. જીવનને શાંતિમાં નિરામયપણે જીવવાને માટે માનવીએ આદિકાળથી આજ સુધીમાં અનેક પ્રયોગો કર્યા છે. જુદા જુદા કાળના તબક્કાઓમાં એવા પ્રયત્નની અનંત હારમાળાઓ પ્રગટેલી છે, પરંતુ એના ઈતિહાસ નોંધાયા નથી.

ઉચ્ચતમ, ભવ્ય, દિવ્ય જીવનનો વાસ્તિવક હકીકતવાળો અનુભવદશાનો ખ્યાલ એ માત્ર ખ્યાલ નથી, પરંતુ પ્રત્યક્ષ એ પ્રકારનું જિવાતું જીવન છે અને તે કેવો હોઈ શકે તે વિશે દુનિયાની બધી સંસ્કૃતિઓમાં તેના વિશેનું વર્ણન લખાયેલું છે. જેમ કે વેદ, ઉપનિષદ વગેરેમાં. તેમાં રીતો પણ છે, સાધન પણ છે અને અભ્યાસની હકીકત પણ છે, પરંતુ ક્યાંય એવા જીવનને પ્રાપ્ત કરવાને માટેના પ્રત્યેકે લીધેલા જુદા જુદા ઉપાયો અને તેની રીતો અને તેનો અભ્યાસ અને તેમાંથી ફલિત થતાં

જતાં પરિણામો એ બધાનો ઈતિહાસ કોઈક ઠેકાણે હશે તો જાણમાં આવ્યો નથી.

હાલનું જીવદશાનું જિવાતું જીવન અનેક પ્રકારનાં મંથનોવાળું તો છે જ. એમાં અનેક પ્રકારના ખંડિત, ખંડિત દર્શન, અનુભવ છે. સતત મથવું એ તો જાણે જીવદશાના જીવનમાં એકધારું વણાઈ જ ચૂકેલું છે. પ્રત્યેકના જિવાતા જીવનની તે એક ખાસ મુખ્ય હકીકત છે, અને એવું દરેકને જાણેઅજાણે મથવું જ પડે છે. તેમાંથી કોઈ મુક્ત નથી. તે મથવાનું પરિણામ અને મથવું જેમ યદ્વાતદ્વા છે તેમ પરિણામ પણ યદ્વાતદ્વા છે. કોઈક વાર કોઈક હેતુને માટે કોઈ નિર્ણિત પ્રકારનું મથવાનું બને છે ખરું. ત્યારે તેમાં સતત એકધારું તેમાં ને તેમાં જ રહેવાયા જવાય એવું કોઈક નિશ્ચયાત્મક દિલદિલનું આકર્ષણ જન્મેલું હોતું નથી. જીવનમાં કોઈક મૌલિક અનોખા એવા જીવન જીવવાને માટે જ્યારે જ્વાળામુખીના જેવી ધગધગતી જિજ્ઞાસા મનાદિકરણમાં બળ્યા કરતી હોય છે ત્યારે તેવી જિજ્ઞાસાના પ્રવાહની ગતિમાંથી માનવીને એવા પ્રકારનું સતત એકધારું મથવાપણું બને છે. પોતે જે પ્રકારનું જીવન અનુભવવા માગે છે તેને માટે તેનાં મનાદિકરણમાં આગ જેવો તો તલસાટ હોય છે. અને એવો તલસાટ કદી બુઝાતો નથી. એવો એના હૃદયનો અખંડ તલસાટ તેને સતત એક જ દિશામાં મથાવ્યા કરે છે. એવું મથવાનું પણ કોઈ નિશ્ચિત ચોકઠાના પ્રકારનું હોતું નથી. એવું મથવું એ પણ મૌલિક છે. જીવદશાનું જીવન એટલે કે દ્વંદ્વ અને ગુણવાળું, અને આપણે તો અનુભવવું છે દ્વંદ્વાતીત અને ગુણાતીત જીવન. એવા જીવનનો મૌલિક

અનુભવ થવાને માટે **દ્વંદ્વ** અને **ગુણ**થી ઊર્ધ્વ પ્રકારનું જે જીવન છે, તે જીવનનું તાદૃશ પ્રતીક તરીકેનું કોઈક એક દર્શન આપણી સન્મુખ સતત ને સતત જીવતુંજાગતું તરવર્યા કરે, અને એ પરત્વેની જ દિશામાં એનાં મનાદિકરણ પ્રવર્ત્યા જતાં હોય ત્યારે એને કોઈ અજાણ્યા, અગમ્ય અને અગોચર એવા પ્રદેશની ભૂમિકામાંથી જે અવલોકવાનું પ્રાપ્ત થાય છે, અને તેમાંથી તેનાં મનાદિકરણનો નવો પ્રદેશ પણ સાંપડતો જતો હોય છે. અને એમ એ અંધારામાંથી અજવાળા તરફ ધીરે ધીરે પગલાં માંડતો જતો હોય છે. એવા પ્રદેશમાં પણ તેની મુશ્કેલીઓ, અથડામણો, સંઘર્ષણો વગેરે વગેરે તો છે જ. જે જીવને ધ્યેયને હાંસલ કરવાની ભડભડતા અગ્નિના જેવી લગની અને રસ પ્રગટ્યાં છે અને જે જીવન પ્રાપ્ત કરવાની જેને ગરજ અને સ્વાર્થ લાગ્યાં છે કે જે ગરજ કે સ્વાર્થને કોઈ સીમા નથી. એવો તે જીવનો તલસાટ ઘડીભર પણ રાહ ખમવાને તત્પરતાવાળો નથી. એવા પ્રકારના માનવીનાં મનાદિકરણો પોતાના અનુભવપ્રદેશની નવી ને નવી ભૂમિકાઓમાં પ્રવેશવા જતાં જતાં એને જે અવરોધ નડે છે, તે અવરોધને તરી પાર થવાને માટે ઉપર જણાવી તેવા તેનાં મનાદિકરણની હકીકત તેમાંથી તેને તારવી લે છે. તેમાંથી તેને નવું નવું સૂઝ્યા કરે છે અને એમ એનો પંથ આગળ ધપ્યે જાય છે.

આ જે જીવદશાનું જીવન છે તેને તે જ પ્રકારનું જો માનવીનાં મનાદિકરણ વિચારવાનું કર્યા કરે તો તેવો માનવી તે જ પ્રકારના જીવનમાં રહ્યા કરે. પોતાને જે પ્રકારનું જીવન જીવવું છે, જે ઊર્ધ્વતમ, અનુપમ, ભવ્ય અને દિવ્ય ચેતનાના

પ્રદેશની તેને જે ઉત્કટમાં ઉત્કટ લગની છે, તેને હાલ ને હાલ તો તે અનુભવી શકતો નથી. પરંતુ તે ઊર્ધ્વ પ્રકારના જીવનનો તાદૃશ ખ્યાલ આવી શકે તેવા પ્રકારનું પ્રતીક તે પોતાની સામે સતત એકધારું રાખી શકે છે. અને એમ થતું હોય તો જ અખંડ, સહજ અને મૌલિક આનંદની પ્રાપ્તિ થવા માટેની વાસ્તવિકતા સાંપડી શકે. આવા ઊર્ધ્વ, ભવ્ય અને દિવ્ય પ્રકારના જીવનને માટે આદિકાળથી માનવીએ શોધ કર્યા જ કરી છે અને આજે પણ એ શોધખોળ ચાલુ જ છે.

એવું જીવન જીવવાને માટે શ્રીહરિકૃપાથી **આ જીવ**ને કોઈ અણધાર્યો, ઓચિંતો ધક્કો વાગ્યો. એ ધક્કાએ મને જીવદશાના જીવનમાંથી ચેતનાના પ્રદેશનું જીવન જીવવા માટે પ્રેરાવ્યા કર્યો તેની પણ રસિક કથની છે. તેથી તો મેં મારાં પુસ્તકોનાં નામ '**જીવન**'થી શરૂ કરેલાં છે.

મથતાં મથતાં જ્યારે મથવાની સ્થિતિમાંથી ફલિત થતા જવાની ભૂમિકા પ્રગટે છે અને એ ફલિત થયા જવાની સતત, અવિચલ એવી જે મૌલિક ગતિ જીવનમાં જે એકધારી ચાલી જ રહેલી છે તેમાંથી જીવનમાં જે ગૌરવ અનુભવાય છે, જીવનનું જે મહત્ત્વ સમજાય છે, જીવનની જે અલૌકિકતા અને જેમાં ને તેમાં જીવનની રહસ્યમય ઘટનાઓનું વારંવાર જે પુનરાવર્તન થતું હોય છે તેમાં તેવા પ્રકારના જીવનની જે ગૂઢ લીલા છે, જે ગૂઢ રહસ્ય છે, તેના વડે કરીને પેલો શ્રેયાર્થી તો ઓર આકર્ષાતો હોય છે. આ ચેતનાના પ્રદેશને માર્ગે એવાં આકર્ષણ પમાડનારાં, ધક્કો દેનારાં, પ્રેરણા પાનારાં, અને તે અનુભવ પ્રદેશોમાં પ્રવેશ પામવાને માટેના નવા નવા પુરુષાર્થની

પ્રત્યક્ષ વર્તનકળાનું દર્શન પણ કરાવે છે. કોઈ નિશ્ચિત ધ્યેયને માટે નિર્ણયાત્મક અને નિશ્ચયાત્મક એકરાગપણાથી સતત મથ્યા કરવાનું જે બને છે, તેમાંથી તેને નવા નવા ઉપાયો પણ મળ્યા કરે છે, તેવો ઘણાનો અનુભવ છે.

પ્રકૃતિના એક જ પ્રકારનાં વલણમાં અને વર્તનમાં જડસું બની ગયેલાં મનાદિકરણોને આવા ઊર્ધ્વતમ પ્રદેશમાં મથાવવાને કારણે એને ત્યાં કોઈ નવી દિશા મળે છે. મનાદિકરણનું સ્થગિત થઈ ગયેલું વલણ બદલાવા માંડે છે, તે પણ કોઈ નવા પ્રકારનાં બનતાં જતાં હોય છે. જેમ તેમનો પ્રદેશ નવો છે, જેમ તેમને અનુભવવાની ભૂમિકા નવી ને નવી પ્રાપ્ત થતી જાય છે અને તે તે બધું ભગવાનની કૃપાથી સતત થતું જતું હોય છે, તે તે વેળા અનેક એવા અણકલ્પ્યા એવા પ્રદેશોની ભૂમિકા પ્રત્યક્ષ વર્તમાન થતી જતી હોય છે ત્યારે મનાદિકરણની સ્થિતિ પણ બદલાયા કરવાની સ્થિતિમાં જ પ્રગટતી રહે છે. આવી એક પ્રકારની સતત પલટાયા જવાની પ્રક્રિયામાં શ્રેયાર્થીનાં મનાદિકરણો પ્રવર્ત્યા કરતાં હોય છે. એમ થતાં થતાં એને નવા જીવનની ઝલક થવા લાગે છે. અને એવી શરૂ શરૂમાં તો આછીપાતળી ઝલકનો અનુભવ થાય છે ત્યારે પેલા શ્રેયાર્થીનાં મનાદિકરણ તો આખું અનુભવવાને માટે કેટલાં બધાં તલસાટવાળાં થતાં જતાં હશે તે સામાન્ય માનવીની બુદ્ધિને પણ ખ્યાલમાં આવી શકે તેવું છે. આમ, શ્રેયાર્થી નવા નવા અનુભવોના પ્રેરણાના ધક્કેલાથી આગળ ને આગળ ખસેડાતો જતો જ હોય છે. એક સ્થિતિમાં તે સલામત પડી રહી શકતો નથી. એવી અનેક સલામત સ્થિતિઓ ભલેને અનેક વાર આવે

પરંતુ તેનો ઉત્કટમાં ઉત્કટ તીવ્ર ઉચાટ તો તે તે સલામત સ્થિતિથી કોઈ પરના પ્રદેશનો છે અને એને લીધે જ તે તેવી તેવી સ્થિતિમાં પડી રહી શકતો નથી. એવા કારણથી જ હાલના જીવદશાવાળાથી જે હાલના જીવદશાવાળા જીવનને ચેતનાના પ્રદેશનો અનુભવ થવા માટે જે અગ્નિના જેવી ઉત્કટ જિજ્ઞાસા પ્રગટે છે, તેવા પ્રકારની જિજ્ઞાસા જ પેલા જીવને પેલી સ્થિતિસ્થાપકતાની સ્થિતિમાં ને સ્થિતિમાં પડી રહેવા દેતી નથી. મતલબ કે તેને તેનાથી ઉચ્ચ પ્રકારની સ્થિતિ માટે પ્રેરાવ્યા કરે છે. આમ, શ્રેયાર્થી મથતાં મથતાં અનેક જુદા જુદા અનુભવ પ્રદેશોમાં પ્રવેશ પામે છે અને તે તે પ્રદેશની રોનક અને ભભકથી તે ઓર આકર્ષાય છે, પરંતુ તેની જિજ્ઞાસા તો કોઈ એવા થતા જતા અનુભવોથી કોઈ ઉત્તરોત્તર ચડતાં જતાં એવાં શિખરોની ઉપર એની દૃષ્ટિ તો કોઈ વેધક અને સક્રિયપણે મંડાયે રહ્યા જ કરતી હોય છે. તેથી, તે સતત વર્તમાનકાળમાં જ જીવે છે અને તેથી તે સતત ગતિશીલ છે અને ગતિનું વલણ પણ હંમેશાં જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાંથી કોઈ ઊર્ધ્વતમ ભૂમિકાઓમાં પ્રવેશાયા જતો હોય છે. આમ, એની ગતિ કદી અટકતી નથી. એનું કારણ પણ એની એવા પ્રકારની જિજ્ઞાસા જ છે. તેથી, હાલના જીવદશાવાળા જીવનને પલટાવવાને કાજે અગ્નિના જેવી ભડભડતી અને બળબળતી જિજ્ઞાસા જ એક હકીકતરૂપ છે. એવી જિજ્ઞાસા જીવતીજાગતી ચેતનાત્મકપણે સક્રિય થયેલી જ્યાં છે ત્યાં જ આગળ ને આગળ વિકાસ છે. આ હકીકતનું પ્રત્યક્ષ અનુભવદર્શન ભગવાનની કૃપાથી મને સજ્જડ ચોંટી ગયેલું છે. તેથી તો **હરિ**કૃપાથી **'જિજ્ઞાસા'** ઉપર જિજ્ઞાસાનું શાસ્ત્ર મારાથી લખાયું છે.

આવા સહજ મૌલિક અનુભવ પ્રદેશના પ્રદેશોમાં પ્રવેશાતાં જતાં જે અનુભવાયું તેની તાદૃશ અનુભવાત્મક જે હકીકતો છે, તે પરત્વેનાં આ બધાં ભજનો છે. **શ્રીહરિ**કૃપાથી આ જીવનમાં રંગત જાગેલી છે તેવા કારણથી જ આ પુસ્તકનું નામ **'જીવન રંગત'** આપ્યું છે.

આ કોઈ કાવ્ય નથી. એને તો હું જોડકણાં ગણું છું. સરળમાં સરળ જે તે બધું હોય અને જે સામાન્ય માણસને પણ સમજણ પડે તેવા પ્રકારનું હોય, અને જીવદશાવાળા સામાન્ય માણસની બુદ્ધિને પણ તે સ્પર્શે અને તેનાથી તે સમજાય તેવું હોય તેવું સહેલામાં સહેલું લખવું એને હું ધર્મ સમજ્યો છું. વિષય ભલે ગહન હોય છતાં જિજ્ઞાસા જ્યારે તેનાં પલટાતાં જતાં સ્વરૂપમાં ઊર્ધ્વ ભૂમિકામાં પ્રગટ્યા જતી હોય ત્યારે તેવી જિજ્ઞાસા બુદ્ધિને સ્પર્શીને તેવા તેવા અનુભવ પ્રદેશની સમજણને વ્યક્ત કરવાને સમર્થ બને છે, તેવા પ્રકારનો મારો આ જેવો તેવો પ્રયત્ન છે. સદ્‌ભાવી સજ્જનો અને શ્રેયાર્થી એને સત્કારશે એવી શ્રદ્ધા રાખી વિરમું છું. બાકી, વ્યક્તત્વની દૃષ્ટિએ, સાહિત્યનાં લખાણોની દૃષ્ટિએ ઘણી ઘણી અધૂરપ છે. કુશકા કુશકા ફેંકી દે અને સારતત્ત્વ ગ્રહણ કરી લે એવી શ્રેયાર્થીઓને મારી પ્રાર્થના છે.

આટલાં બધાં ભજનો માત્ર થોડા જ દિવસોમાં લખાઈ ગયાં છે. સતત એકધારાં તે સ્ફુર્યાં કરતાં. ક્યાંય લખતાં ચેકો પડ્યો નથી કે તેવી રીતે તેને સુધારવા કે મઠારવાનું બન્યું નથી. જેમ જેમ સ્ફુરાયા ગયું, તેમ તેમ લખાયા ગયું છે.

આ સાથે નીચે આ **'જીવન રંગત'**ના પ્રસાદરૂપ તેનાં ભજનોમાંની થોડીક કડીઓ શ્રેયાર્થીઓના આસ્વાદ માટે મૂકું છું :-

(ગઝલ)

બધું જે રેડિયો બોલે બધું તે તે અવરનું છે,
ન સમજણ નિજની કોઈ કશી તે રેડિયોમાં છે.

જીવન **આ** માનવી વિના બીજી યોનિ વિશે **હરિ**ને
-અનુભવવા ન લાયક તે હકીકત સત્ય પ્રીછી છે.

રસાનંદ જ જીવનકેરો શું વાચાથી અકથનીય છે !
વિના મહાલ્યા જીવનમાં તે ન તેનો ખ્યાલ આવે છે.

કલમ હું ખાલી માત્ર જ છું, કશું ડહાપણ ન મુજમાં છે,
કશુંક નીતરતું લાગે જો બધું તે તે **હરિ**નું છે.

જીવનનાં નૂર ને શક્તિ સ્મરણથી શાં મળેલાં છે !
સ્મરણનો મેં પ્રયોગાત્મક અનુભવ તો કરેલો છે.

કટાક્ષે શા કૃપાકેરા ઉપાધિ, આધિ, વ્યાધિ તે
-જીવનની શી ઊડી ગઈ છે ! બલિહારી સ્મરણની તે.

અનંતાનંત જીવન છે અનુભવથી પિછાણીને
-કળા જીવનની શી જુદી જુદી પરખાતી આવે છે !

જીવન જે શક્તિથી ચાલે, ગતિ જે શક્તિથી જન્મે,
જીવન તે શક્તિ અનુભવવા જીવનનો માત્ર હેતુ છે.

દિવસ કે રાત ના નીરખે ગરજ ઊંધું જ ઘાલીને
-સતત મથાવવાકેરો જીવનનો યજ્ઞ ચલવે છે.

ગરજ સંપૂર્ણ સાવધ છે, ગરજ ના લક્ષ ભૂલે છે,
ગરજ નિજનું ન ચૂકે છે, ચકોર સહુ દિશાથી છે.

મુસીબત, વિઘ્ન, મુશ્કેલી, જીવનના કોયડા વચ્ચે
-જીવન જીવવાની શી ખૂબી કળા અનુપમ અનોખાં છે !

જીવન ઉત્પાતની વચ્ચે હૃદય મર્દાનગી ઊછળે,
જીવન જીવવાની તે મસ્તી ઊછળતા ધોધ જેવી છે.

પ્રકૃતિ દ્વંદ્વગુણથી જે રચાયેલી ખરેખર છે,
થતાં સંઘર્ષણો જેથી સમજ નૂતન ઉગાડે છે.

અનંત જ કાળથી કેવો **પુરુષ**ને પ્રકૃતિ સાથે
-જીવનસંબંધ નૈસર્ગિક પરસ્પરથી ઉભયને છે.
થયેલું પ્રકૃતિથી જે **પુરુષ**ને તેનું બંધન ના,
પ્રકૃતિથી નિરાળો છે મુલક **પુરુષ**નો રચનામાં.

ત્રિગુણાત્મક પ્રકૃતિ છે, પ્રકૃતિ દ્વંદ્વગુણની છે,
**પુરુષ** ગુણ દ્વંદ્વથી પર છે, **પુરુષ** ચેતન સ્વરૂપે છે.

હૃદયમાં ભાવ, આનંદ સભર રસથી છલોછલ છે,
જીવન તે મહાલવાકેરી કૃપાની કેવી બક્ષિસ છે !

હરિઃૐ આશ્રમ, - **મોટા**
નડિયાદ.
તા. ૨૨-૧-૧૯૭૩

❑

## ૩૧. જીવન સ્મરણ

શ્રી રમણભાઈ અમીને (એલેમ્બિકવાળા, વડોદરા) **'જીવન અનુભવ ગીત'** નામે મારી લખાયેલી ગઝલોનો સંગ્રહ છપાવવાનું કર્યું, તે વેળાએ શ્રીમતી ડૉ. કાંતાબહેન રામભાઈ પટેલે મને વિનંતી કરી કે 'મોટા, મને પણ તમે રોજ એક એક ગઝલ પોસ્ટકાર્ડમાં લખી મોકલો અને એવી બસો સોળ ગઝલ થતાં હું પણ તેનો સંગ્રહ છપાવવાનું જરૂર કરીશ.' તે ઉપરથી શ્રીપ્રભુકૃપાથી ગઝલો લખવાનું શરૂ થયું.

એમ ડૉક્ટર કાંતાબહેન પટેલ ઉપર લખવાની ગઝલો લગભગ પૂરી થવા આવી. તે વેળા અમદાવાદમાં શ્રી કાંટાવાળા સાહેબને ત્યાં હતો, ત્યારે વાતવાતમાં કહેવાયું કે 'ચાલો, હવે **આ** ગઝલો લખવાનું કામ શ્રીભગવાનની કૃપાથી પૂરું થયું.' ત્યારે શ્રી કાંટાવાળા સાહેબે કહ્યું કે 'મોટા, ત્યારે મને પણ તમે રોજ એક એક ગઝલ લખો અને તમારે જેટલી લખવી હોય તેટલી લખો અને તે બધી ગઝલોનો સંગ્રહ હું જરૂર છપાવીશ. આમ, તેમને પણ **આ 'જીવનસ્મરણ'** નામથી છપાય છે, તેમાંથી લગભગ બસો સાઠેક જેટલી હશે, તે ત્રણચાર કટકે-એક સામટી લખાઈ ગઈ છે.

ખરેખર ઉત્કટમાં ઉત્કટ ગરજ પ્રગટ્યા વિના, ગરજના વિષયમાં **પ્રાણ** પ્રગટી શકતો હોતો નથી. તેથી, કોઈ પણ વિષયમાં આપણાં મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ તો જ પરોવાય છે, જો તે પરત્વે ખરેખરી ગરજ લાગતી જતી હોય છે. તો ગરજ લાગ્યા વિના ગરજના વિષય પરત્વે આપમેળે દિલ પરોવાઈ શકતું નથી. શ્રીપ્રભુકૃપાથી **આ જીવ**ને શ્રીભગવાનને

અનુભવવાની જે **ગરજ** લાગી હતી, તેની કંઈક ઝાંખી **ગરજ** પરત્વે લખાયેલી ગઝલોમાં થાય છે. **ગરજ** જાગે છે અને લાગે છે, ત્યારે જ તે પરત્વે એકધારું જીવતુંજાગતું મંડેલું રહી શકાય છે. એમ જે સતત એકધારું મંડ્યા રહેવાય છે, ત્યારે તેમાંથી જે **રસ-નિષ્પત્તિ** ઝરે છે, તેથી તો શ્રેયાર્થીને તે પછી એમાં યાહોમ કરીને સંપૂર્ણપણે ઝંપલાવવાનું દિલ આપોઆપ પ્રગટી જતું હોય છે. દિલમાં દિલથી દિલ જ્યારે એકરસ થઈ મસ્તીથી ભળે, મળે અને ગળે છે, ત્યારે જીવનમાં જે એક નશીલી મસ્તી પ્રગટે છે, તેની લગની, લહેજત અને મજા કોઈ અનેરી હોય છે.

શ્રેયાર્થીના જીવનના ઊર્ધ્વ આરોહણના વિકાસમાર્ગમાં પણ કેટકેટલા ભયંકર અવરોધો પ્રગટતા હોય છે અને તે વેળા કેવાં કેવાં ખમીર, ખુમારી, ટટારી અને એવા કારમા સંગ્રામનો સામનો કરવાને જે ઉત્સાહ, ખંત, ઉદ્યમ, સાહસ, હિંમત, ધૈર્ય, ટેકીલાપણું, આત્મવિશ્વાસ એવા એવા કેટલાય ગુણો એના જીવનમાં ચેતનાત્મક ભાવે કેળવાય એની જરૂર પડે છે ! તેવા ગુણોની સમગ્રતાની જીવંત શક્તિ વડે શ્રેયાર્થી પેલા અવરોધોનો સામનો કરવા સમર્થ બને છે. તે પડે છે, હારે છે અને કોઈ વાર તૂટી પણ પડતો હોય છે, તેમ છતાં એવી વેળાએ પણ તે શ્રીભગવાનને હારતાં હારતાં, તૂટી પડતાં, તૂટી પડતાં અને મરતાં મરતાં પણ હૃદયમાંથી હૃદયના આર્ત અને આર્દ્ર ભાવે સતત એકધારો પ્રાર્થનાનો પોકાર પાડ્યા જ કરતો હોય છે. અને જેમાં ને તેમાં શ્રીભગવાનને હૃદયમાં હૃદયથી (જીવંત) સામે ને સામે એકીટશે નજર સમક્ષ ધરાવ્યા જ કરતો હોય છે.

તે વેળાએ એવા શ્રેયાર્થીએ નજર સમક્ષ રાખવાનો શ્રીભગવાન કેવા સ્વરૂપનો હોય, એમ વાચકને થશે. એવા ભગવાનરૂપે તે વેળાએ તો હું મારા સદ્‌ગુરુને સામે ને સામે જ રાખ્યા કરતો હતો, અને જે તે બધું **ए**ને આત્મનિવેદન કર્યાં જ કરતો. જે ને તે બધું જે જે થયા કરતું-પાંચ કર્મેન્દ્રિયથી, પાંચ જ્ઞાનેન્દ્રિયથી અને પાંચ મનાદિકરણોથી જે જે થયા કરતું, તે તે બધું **ए**ને આત્મનિવેદન ભાવે સમર્પ્યાં જ કરતો. એવા આત્મનિવેદનનો તે પછીથી એવો જીવંત ચેતનાત્મક અભ્યાસ પડી ગયેલો કે કંઈ જ કશું **ए**નાથી છાનું રહી શકતું જ નહિ. **ए**ને જે તે બધું કહેવાઈ જાય અને તે તે પણ તે તે પળે જ, ત્યારે હૈયામાં હૈયાથી જંપ નિરાંત વળતાં. આવા જીવંત સતતવાહી અભ્યાસથી પરસ્પરનું હૃદયમાં હૃદયથી હૃદયનું જે આત્મસગપણ જીવતું થાય છે, એનો સ્પષ્ટ, ચોક્કસ ખ્યાલ બીનઅનુભવીને આવી શકવો દુર્લભ છે.

સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન, સમર્પણ-યજ્ઞ, સન્મુખતા-એવાં એવાં કેટલાંય સાધનોનો અભ્યાસ સતત કર્મ કરતાં કરતાં જ થયે જતો હતો, તે પણ શ્રીભગવાનની પરમ કૃપા જ હતી. અને એવા સતત ચાલુ રહ્યા કરેલા અભ્યાસ યજ્ઞમાંથી જીવનવિકાસ માર્ગમાં બીજાં કેટલાંય ગૂઢ સાધનો મળ્યાં કર્યાં હતાં.

જે પરત્વે એકધારા સતત મંડ્યા જ રહેવાયા કરાતું હોય, અને તે મૂળમાં તો અદમ્ય જ્વાળામુખીની જેવી જિજ્ઞાસા જ્યારે પ્રચંડપણે ઝળહળતી બળ્યા જ કરેલી હોય છે, ત્યારે તેવા વિષયનું હાર્દ તેવા મથતાને મળ્યા વિના રહી શકતું નથી.

એવું સતત એકધારું મથ્યા જ કરવાનો મરણિયો નિશ્ચય અને તેમાં યાહોમ કરીને ઝંપલાવવાનાં સાહસ, હિંમત આદિ ગુણોની પણ એટલી જ આવશ્યકતા રહેલી છે. ઝંપલાવ્યા વિના ઊંડે ને ઊંડે અંતરમાં ઊતરી શકાવું અશક્ય છે. આ હકીકતની ઝાંખી વાચકને આ **'જીવન સ્મરણ'**ની ગઝલોમાંથી થશે.

**જીવ**દશાનાં વમળોમાં કેવી કેવી રીતે ભરાઈ પડવાનું થતાં, તેવાં વમળોમાંથી મુક્ત થવા કેવું કેવું મથવાનું બન્યું, તેવી જ્ઞાનભક્તિયુક્ત અને ધ્યેયના હેતુની સભાનતાવાળી જાગૃતિથી, જે ભારે સંગ્રામની, મથામણની અંતરમાં અંતરથી જે સૂક્ષ્મ પ્રક્રિયા પ્રવર્ત્યા કરેલી, તેનો ઈતિહાસ આમાંની શરૂ શરૂની ગઝલોમાં આલેખેલો છે.

શ્રીપ્રભુકૃપાથી તે **જીવ**દશાના કાળમાં સાધનામાં એકાગ્રભાવે જે પરોવાઈ જવાનું બન્યું હતું, તેવા કાળમાં **આ જીવ**થી તેવાં તેવાં વલણોમાંથી છૂટવાને દિલમાં દિલથી દિલની જાગૃતિપૂર્વકની જે લડાઈ જીવંત ચાલ્યા કરી હતી, તેની પણ કથા તે તે ગઝલોમાં વ્યક્ત થયેલી છે.

તુલસીદાસ અને સુરદાસ આદિ ભક્તોએ પોતાનાં ભજનોમાં **'मैं पतितन में नामी'** એવું મસ્ત ભાવથી ગાયું છે, તે હકીકત પણ સમજવા જેવી છે. પોતે શ્રીપ્રભુની ચેતનામાં પ્રતિષ્ઠિત થયા કેડે જ્યારે તેવો જ્ઞાનીભક્ત-કવિ પોતે જ્યારે વિહંગાવલોકનથી ગત જીવનને પરખે, ત્યારે હાલના અનુભવાતા પ્રત્યક્ષ ચેતનાત્મક જીવનની સરખામણીમાં તે **જીવ**દશાવાળું જીવન ખરેખર 'પતિતન મેં નામી' જેવું જ, તે તે મહાન જ્ઞાનીભક્તને લાગ્યું હોય, તો તેમાં કશું પણ નવાઈ જેવું નથી.

મારા જીવનની તેવી ગાથા આ ગઝલો દ્વારા જે વ્યક્ત થયેલી છે, તેનો જો કંઈ જશ હોય, તો આ રીતે શ્રીપ્રભુકૃપાથી જેઓ આવું લખાવવાને પ્રેમથી પોતે નિમિત્ત બન્યાં છે, તેને ફાળે જાય છે. **જીવ**દશાના સાધનાકાળમાં **જીવ**દશાનાં જે જે વલણોમાં કેવું કેવું ઝૂઝવું પડ્યું હતું અને યાહોમ કરીને તેમાં ઝુકાવવાનું શ્રીપ્રભુકૃપાથી પ્રગટ્યું હતું, તેવી બધી હકીકતનું દર્શન પણ તેવી તેવી ગઝલોમાં સ્પષ્ટ રીતે વ્યક્ત થયેલું છે.

સ્મરણને **આ** લેખકે જે રીતે દોહરાવ્યું છે, તે વાંચીને સહૃદયી વાચકને હૃદયમાં લાગ્યા વિના નહિ જ રહે કે લેખક સ્મરણને કેવા ભાવે અને કેવી રીતે પોતે ઝોડની પેઠે ભાવથી વળગેલા હતા, અને સ્મરણથી તેમનો જીવનવિકાસ કેવાં કેવાં વલણોમાંથી પસાર થતાં થતાં કેવો કેવો થયા કર્યો, તેની પણ કથની તેવી તેવી ગઝલોમાં વ્યક્ત થયેલી છે.

**આ જીવે** જીવનમાં જુદા જુદા તબક્કામાં જે જે તપ અને સંગ્રામ ખેલ્યાં છે, તે બધી હકીકતની જાણ **આ** સંસારમાંના કેટલાય માનવીઓને આજે પણ છે.

શ્રીપ્રભુકૃપાથી અભય, નમ્રતા, મૌન અને એકાંતની સાધનાની પરમ, ચરમ કક્ષાએ પહોંચાયા વિના, સાધનાનાં ઉચ્ચતમ ક્ષેત્રમાં દૈવાસુર સંગ્રામમાં જે દૈવી શક્તિના બળની જરૂર પડ્યા કરતી હોય છે, અને તેવું બળ તો સાધનાના માર્ગમાં જેઓ અવિરતપણે એકધારા ધ્યેયના હેતુને જીવનમાં જીવંત સાકાર થવા દેવા અને તેને અનુભવવા જેમને મરણિયો નિશ્ચય પ્રગટેલો છે, તેવા મરજીવાને કેમ મળી રહેતું હોય છે અને એવા મરજીવા જે ખેલ ત્યારે શ્રીપ્રભુકૃપાથી ખેલે છે અને

જે આનંદભાવમાં રેલે છે, તેની કંઈક ઝાંખી પણ કેટલીક ગઝલોમાં વ્યક્ત થયેલી છે.

મારા જીવનના સાધનાના વિકાસ માર્ગમાં **हुकम**નું કોઈ અનેરું અને આગવું સ્થાન છે. અને **हुकम**નું કેવું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું જીવતું પાલન કરેલું છે, તેની ઝલક પણ તે પ્રકારની ગઝલોમાં વ્યક્ત થયા વિના રહી શકી નથી. વળી, અનુભવદશાની હકીકતો પણ તે તે ગઝલમાં વ્યક્ત થઈ છે.

જીવનવિકાસની સાધનાનો ઈતિહાસ ભલે ન લખાયો હોય, પરંતુ **આ** ગઝલો સાધનાના તેવા ઈતિહાસની કંઈક આછીપાતળી ઝાંખી કરાવી જશે ખરી.

**આ** શરીર પડવાનું છે અને એ તો નિશ્ચિત હકીકત છે. તે વેળાએ શ્રીપ્રભુકૃપાથી આવું લખવાનું જે પ્રભુદત્ત નિમિત્ત મળ્યું છે, તેને હું શ્રીપ્રભુની મહેરબાની લેખું છું. અને જે **જીવ** એવું નિમિત્ત બન્યો, એને હું મારા જીવનનું સદ્ભાગ્ય અને સૌભાગ્ય ધારીને, તેવા **જીવ**નો હૃદયથી અહેશાનમંદ થાઉં છું.

શ્રીપ્રભુકૃપાથી **આ જીવે** આ સાધનાના વિકાસ માર્ગે જે મથામણ કરી છે, તે કેટલાય **જીવે** જાતે જોયેલી હકીકત છે. કોઈ સાધુ હિમાલયની ગુફામાંથી આવીને તેમના જીવનની કોઈક તેવા પ્રકારની હકીકત કહે, તો તે હકીકતને આપણે માનવી પડે, જ્યારે **આ જીવ**ની સ્થિતિમાં તેવું મુદ્દલે નથી. **એણે** તો આ જ સંસારમાં રહીને મળેલું પ્રત્યેક કર્મ કરીને શ્રીપ્રભુપ્રીત્યર્થે જીવનવિકાસના હેતુની સભાનતાથી જે કર્મયજ્ઞ કર્યા કરેલો છે, અને તે પણ સંસ્થાની મુખ્ય જવાબદારીના પદે રહીને, તે તે કર્મથી કેટલાયને સંતોષ પ્રેર્યો છે, તેની હકીકત શ્રી ઠક્કરબાપા

વગેરેની પ્રસ્તાવનામાંથી વાચકને તાદશપણે તેવી યોગ્યતા પુરવાર થવાને મળી રહે તેવું છે. અંતમાં આ પરત્વે સૌ સ્વજનોને નીચેનું સંબોધન કરી વિરમું છું.

જીવનપથ ચાલતો જે છે ખરે ! તેનાંય લક્ષણ છે,
ખરેખર ચાલતાનો શો પરિશ્રમ ઑર બોલે છે !

● ● ●

જીવનમાં આવતી જે જે મુસીબતને સ્વીકારીને
-કરીને સામનો એનો વિજયમાં ફેરવાવાને
-હૃદયના પ્રાર્થનાભાવે પદે પોકાર પાડીને,
સમર્પ્યાં તે કરી સઘળું જીવે જે, તે જીવન પામે.

**-મોટા**

❑

## ૩૨. જીવન સોપાન

આ જીવને કોઈ કોઈ લોક જુદા જુદા પ્રકારની સગવડ આપે છે, અને બીજું તેમનું કામ પણ કરે છે. આ જીવથી કોઈનું કંઈ તેવું પ્રેમથી કરેલું લક્ષમાં રાખી શકાતું નથી, અને કોઈનું પણ કંઈ કશું બની શકતું નથી. કેટલાક જીવને એમ લાગે છે કે 'અમે એમનું આટલું બધું કરીએ, તે કંઈ કશા લેખામાં નથી અને તેઓ અમારું કંઈ કશું ગણે કરે નહિ, અને અમારું કશું કરે પણ નહિ !' વળી, કોઈ કોઈ તો એમ પણ કહે, 'અમુકને ઘેર તેઓ જાય અને અમારે ત્યાં તેઓ આવે જ નહિ ! અમુકને તેઓ પ્રેમથી બોલાવે અને અમને તેવી રીતે સમજે નહિ.' આવી રીતે જુદા જુદા પ્રકારના જીવો, આ જીવ વિશે જુદી જુદી રીતે મનમાં ગણના કરતા હોય છે.

આ જીવને કોઈએ માન-આદર આપવું નહિ. તે કદી કશું માગતો જ નથી. તેનું કામ પણ કરવું નહિ અને કરવું હોય તો પોતાના જીવનવિકાસનો હેતુ જીવતોજાગતો મનમાં રાખીને તે કરવું. આ જીવ કને કોઈ પણ જાતની બદલાની અથવા તો આપણે આમ કર્યું તો તેમણે આમ કરવું જોઈએ એવી ગણતરીની માનસિક ધારણા કોઈ પણ પ્રકારની આ જીવ પરત્વે રાખવી નહિ, એવી પ્રભુકૃપાથી મળેલાં સર્વ સ્વજનોને વિનંતી છે.

મને કોઈ નહિ બોલાવે તેથી કરીને જરાકે ઓછું આવી શકવાનું નથી, અને મને બોલાવો જ એવી કોઈના વિશે દિલમાં અપેક્ષા પણ નથી. પ્રભુકૃપાથી અમારા તો કશા ઢંગધડા નથી. કોઈ અમારું કશું કરે, તો અમારે તેનું કરવું જ જોઈએ, એવું કશું મંડાણ બાંધેલું નથી. 'અમે મોટાનું આટલું બધું કરીએ અને મોટા અમારું કશું

માને પણ નહિ, એટલું જ નહિ પણ ઊલટું કોઈક વાર કઠોર વાણી પણ ઉચ્ચારે અને ગમે તેમ પણ બોલે, અને કંઈ વિવેક પણ ન જાળવે !'

જે જીવને અમારે વિશે એવું લાગતું હોય, તેણે અમારો સંગ સમૂળગોયે છોડી દેવો. અમારો સંગ જીવનવિકાસ કાજે ખપનો લાગતો હોય અને તે પણ અનુભવપૂર્વકના જ્ઞાન સાથેનો સાચો સાચ લાગતો હોય, તેવાએ જ અમારો સંગ કરવો હોય તો કરવો. વળગવું હોય તો સારી રીતે વળગવું. ગળામાંના બકરીનાં આંચળની પેઠે વળગેલા રહેવું એ તો સાવ નકામું છે, ઊલટું ભયંકર ત્રાસરૂપ પણ હોવાનો સંભવ છે.

માટે સૌએ જેને કંઈ કરવાનું હોય છે, તે પોતપોતાને જ માટે હોય છે. અમારે માટે કોઈ કંઈ કશું કરો એવી માગણી અમે કરીએ ત્યારે અમને ધુતકારવાનો સર્વ કોઈ સ્વજનને પ્રેમથી હક્ક છે. એવો હક્ક બજાવશો તોપણ અમને તો આનંદ જ થવાનો.

**-મોટા**

❑

## ૩૩. જીવન સ્પંદન

આ પુસ્તકમાં 'જીવદશાનાં વમળમાં' એ શીર્ષક હેઠળ જે ગીતો લખાયાં છે, તેમાં જે જે હકીકત આવે છે, તે વાંચીને 'મોટા'ના નજીક પરિચયમાં આવેલાંને તો ઘણું ઘણું આશ્ચર્ય ઊપજવાનું છે, કારણ કે એ ગીતોમાં આ મોટાથી તેમના પૂર્વજીવનમાં જે જે થયું છે, તેની સ્પષ્ટ ખુલ્લે ખુલ્લી હકીકત તેમણે સ્વમુખે જાહેર કરી છે, પરંતુ તેમનું જીવન જોવા જઈએ, તો છેક નાનપણથી તે અત્યાર સુધી તેઓ જે રીતે જીવ્યા છે, તે જોતાં તેવાં કર્મનો તેમના જીવનમાં તેવા પ્રકારનો અવકાશ તો મુદ્દલે નથી.

તેમનું જીવન-સેવાનાં ક્ષેત્રમાં હતા તે પહેલાંનું જીવન-તો તેમણે જુદાં જુદાં નાગર કુટુંબોમાં નાનપણથી જ ગાળ્યું છે. અને તે કાળનું તેમનું જીવન એટલું તો નમ્રતાવાળું, સદ્‌ભાવભર્યું, અને જેનું તેનું ચીંધેલું બધું જ કર્મ પૂરેપૂરું ભાવથી આચરી દેવાની તત્પરતાવાળું જ હતું. તે તે કુટુંબની વ્યક્તિઓના દિલના સદ્‌ભાવનો 'મોટા' પરત્વે હૃદયનો સદ્‌ભાવભર્યો બુલંદ રણકાર આજે પણ અનુભવમાં પ્રવર્તતો જણાય છે, ત્યારે વળી 'મોટા' એ આ પ્રકારનાં ગીતોમાં આવું બધું કેમ બાફી માર્યું હશે, એવું સ્વાભાવિક રીતે 'મોટા'ના નિકટના પરિચયવાળાંઓને લાગે એ પણ સ્વાભાવિક છે, કારણ કે જ્યારે 'મોટા' હરિજન સેવક સંઘમાં હતા, ત્યારે તેઓ વહેલી સવારથી તે રાતના દસ-સાડાદસ સુધી એકધારા સતત કામમાં પરોવાયેલા જ રહ્યા કરતા હતા. વળી, જ્યારે નડિયાદમાં હતા, ત્યારે પણ તેઓ તો રોજ રાતે મરીડા ભાગોળે

બધાં હરિજનોને એકઠાં કરી, રામાયણ-મહાભારતની વાતો કહેતા અને ભજનભાવ ધૂન આદિ કરાવતા. તે પછી તેઓ અભયની કેળવણી માટે જ્યાં જ્યાં ભયંકર જગાઓ હોય, ત્યાં રોજ સૂવા જતાં. એટલે તે ગાળામાં પણ તેમણે આ ખંડનાં ગીતોમાં જે હકીકત ગાઈ છે, તેવી હકીકતની શક્યતા તે ગાળામાં પણ મુદ્દલે નથી.

'મોટા'એ **'જીવન લહરી'**માંના 'લેખકના બે બોલ'માં બહુ જ સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે :-

'સ્વજનથી ભોગવાયું જે જીવન આલેખ્યું તેવું છે,
અમારી જાત પર લઈ તે અમે વર્ણન કરેલું છે.'

આ સંદર્ભમાં 'મોટા'એ 'જીવદશાનાં વમળમાં'વાળા ખંડમાં જે હકીકત લખી છે, તે તેના તેવા સંદર્ભમાં યોગ્ય લાગે છે.

'ભયંકરમાં ભયંકર શા અનાચારો થયેલા છે !' આવા પ્રકારની કેટલીય હકીકત તેવાં ગીતોમાં પ્રગટ થયેલી છે. 'મોટા'ને એમાં મુદ્દલે સંકોચ લાગ્યો નથી, એ તો જાણે ઠીક, પરંતુ એનો યોગ્ય મેળ બેસાડવાનું કામ ઘણું ઘણું મુશ્કેલ થઈ પડે છે.

કોઈકે 'મોટા'ને સ્પષ્ટ પૂછ્યું કે : 'મોટા, આનો-એટલે કે તમે 'જીવદશાનાં વમળમાં'નાં ગીતોમાં જે હકીકત ખુલ્લેખુલ્લી લખી છે, એનો મેળ કેમ ખવરાવવો ?' ત્યારે તેમનો નીચે મુજબનો જવાબ હતો :-

'પ્રભુકૃપાથી આ જીવનમાં જે સ્વજન સહજમેળે મળેલાં છે, તેમણે તેમણે જે રીતે જીવન ભોગવ્યું છે, તેને તે રીતે

આલેખવાનો મારો તેમાં પ્રયત્ન છે. વળી, બીજું એક ગૂઢ કારણ પણ તેમાં સમાયેલું છે ખરું. પ્રભુકૃપાથી આ ૨૭૬ જેટલાં ગીતો સાતઆઠ દિવસમાં જ લખાયેલાં છે, અને **'જીવદશાનાં વમળમાં'** એ ખંડમાં જે ગીતો પ્રકાશિત થયાં છે, તે જ્યારે જ્યારે સ્ફુર્યા હતાં ત્યારે ત્યારે તેમાંનું કેટલુંક તો નજર સમક્ષ પ્રત્યક્ષ જીવતું જાગતું દૃશ્ય તરીકે દૃશ્યમાન થતું જતું હતું. એવાં કેટલાંય ગીતો એ ખંડમાં ગાયેલાં છે, તે આ જીવનના પૂર્વજીવનમાં તેવી તેવી હકીકતો બની ગયેલી હતી, મોટાને તેનો સ્પષ્ટ અનુભવ-નીતરતી હકીકત તે ગીત સ્ફુરતી વખતે આબેહૂબ તાદૃશ પ્રગટ્યા કરેલી હતી. શ્રીપ્રભુકૃપાથી કોઈ અગમ્ય એવા નિમિત્તસરને કારણે મોટાનું પૂર્વજીવન તેમની આગળ વ્યક્ત થયેલું છે ખરું. જુદાં જુદાં નિમિત્તના જુદા જુદા તબક્કામાં તે તે પૂર્વજીવન જુદા જુદા પ્રકારનું તે તે નિમિત્તના ગાળામાં મોટાને સ્પષ્ટપણે અનુભવમાં અવતર્યું હતું. તેવી જ રીતે 'જીવદશાનાં વમળમાં'ની ગઝલો માટે પણ તેવું છે, મોટાને આ અંગેની જે અનુભવ હકીકત મળેલી છે, તે તેમના પૂરતી તો તદ્દન સાચી છે.

પરંતુ આ હકીકત સામાન્ય વાચકને ગળે ઊતરે તેવી નથી. તે તે આ જીવ પણ કબૂલ કરે છે, પરંતુ મારા જીવનની ઉપરની હકીકત બીજી કોઈ પણ રીતે પુરવાર કરી આપી શકું એમ નથી. તેમ છતાં આ જીવ જ્યારે જીવનના છેલ્લા આરે બેઠો છે, ત્યારે કોઈ માને કે ન માને એ લક્ષમાં લીધા વિના મારે મન જે સોએ સો ટકા સત્ય છે, તે હકીકત જગતનાં ચરણ આગળ મૂકવી તેને મારો ધર્મ સમજું છું.

જીવન એક સમગ્ર, સળંગ અને અખંડાકાર છે. અનેક જીવનોની એક અખંડ હારમાળા છે. એવા જીવનને એક અખંડ તાંતણામાં પરોવાયેલું અનુભવવું એ તો સામાન્ય જીવદશાવાળા જીવનું કામ નથી. આત્યંતિક અનુભવની કક્ષામાં અને શ્રીભગવાનની અખંડાકાર ભાવનામાં જે જીવતો શરીરધારી આત્મા છે, તેવાને તેવાં તેવાં નિમિત્ત મળતાં, તેના જીવનમાં તેનું પૂર્વજીવન નિમિત્તના સંબંધ પ્રમાણેનું તેની આગળ શ્રીપ્રભુકૃપાથી વ્યક્ત થયા કરતું હોય છે. 'જીવદશાનાં વમળમાં' એ ખંડમાંનાં જે ગીતો મને સ્ફુરેલાં છે, તેનો હું આ રીતે મેળ બેસાડું છું. બાકી, હાલના આ જીવનમાં તેવા તેવા પ્રકારની કોઈ હકીકતો બનેલી હોય તેવું તો મુદ્દલે નથી.

પ્રત્યેકનું હાલનું જે શરીર છે અને તેનું જે જીવન છે, તે કંઈ ઓચિંતું એકદમ અધ્ધરથી ટપકી પડેલું હોતું નથી. તેની આગળની કોઈ પરિસ્થિતિ કે ભૂમિકા હોવી જ જોઈએ. જેમ કે વૃક્ષ જે છે તે મૂળે તો બીમાં જ હતું, તે પછી જ જમીનમાં વવાયું અને તેમાંથી તે ઊગ્યું. નાનો છોડવો થયો. તેમ કરતાં તેનાં મૂળિયાં પરિપક્વ થઈ ક્યાંનાં ક્યાંય ફાલ્યાં. અને એ જ ઝાડ પાછું અનેક બીમાં પોતાના અસ્તિત્વને ગોપવે છે. અને હાલ જે વૃક્ષ છે તેનું અસ્તિત્વ કોઈ ને કોઈ રૂપે ભવિષ્યમાં પ્રગટતું જતું હોય છે, તે હકીકત તો સર્વ કોઈની બુદ્ધિમાં ઊતરે તેવી છે. તેવી જ રીતે હાલમાં આપણું જે શરીર છે અને તેનું જે જીવન છે, તેનું પણ આવા વૃક્ષના જીવનના જેવું છે. હાલ જે વૃક્ષ છે તેની પહેલાં પણ તેનું કોઈ બીજા રૂપમાં અસ્તિત્વ હતું અને ભવિષ્યમાં જ્યારે તે વૃક્ષનું અસ્તિત્વ નહિ હોય ત્યારે

પણ તે જ વૃક્ષનું અસ્તિત્વ કોઈ ને કોઈ જુદા સ્વરૂપમાં પ્રવર્તેલું રહ્યા કરેલું હશે જ. આમ જોતાં પ્રત્યેકની આવી-પોતપોતાની તે તે પ્રકારના જીવનની અનંત હારમાળાઓ છે.

જીવના અનેક પૂર્વજન્મોની, અને તેવા પૂર્વજન્મનાં શરીરોની, અને તેવાં શરીરના તે તે કાળે તેવા તેવા જીવનની હકીકતો, તે પણ એક જાતના સંશોધનનો વિષય છે ખરો, પરંતુ એ સંશોધનને માટે અને એ અનુભવવાને માટે 'પ્રજ્ઞા'ની આવશ્યકતા ખરી. જેની બુદ્ધિ સંપૂર્ણપણે પ્રજ્ઞા થયેલી છે, તેવી પ્રજ્ઞાને તેવા તેવા પ્રકારનું નિમિત્ત મળતાં, તે તે નિમિત્ત પ્રકારનું જ્ઞાન કે હકીકત સહજમેળે હસ્તામલકવત્ હોય છે.

આ 'જીવદશાનાં વમળમાં' જે ગીતો લખાયાં છે, તેમાં જે કેટલીક હકીકત આવે છે, તે આ જીવના હાલના જીવનની નથી. તેના હાલના જીવનના પૂર્વજન્મની હકીકતો પ્રગટેલી છે.

ઉપરાંત, આ પણ એક સાચી હકીકત છે. પ્રભુકૃપાથી આ જીવનમાં નિમિત્ત સંજોગે કરીને જે સ્વજનો મળેલાં છે, તે સ્વજનોને સૂક્ષ્મપણે આડકતરી રીતે, તેમને શરમમાં પણ ન મૂકી દેવાય તેવી રીતે તેમને તેમના જીવનની હકીકત તો, કેટલાંક ગીતોમાં, મેં મારા ઉપર લઈને તેવી તેવી રીતે તે હકીકતને મેં આલેખી છે. આ રીતનાં જે ગીતો લખાયાં છે, તે જુદી જુદી છએક વ્યક્તિઓને વંચાવેલાં પણ ખરાં. અને તે વાંચીને તેમણે મને કહેલું પણ ખરું કે, 'મોટા, આ ગીતો તમે અમને અનુલક્ષીને લખ્યાં લાગે છે !'

આ એક તદ્દન નવી રીત છે ખરી. કેટલીક વાર આવી સૂક્ષ્મ રીતે દર્શાવેલી હકીકત કોઈ જીવને પ્રભુકૃપાથી જાગૃત

કરી દે એવી હૃદયમાંની હૃદયથી ભાવભરી પ્રાર્થના, તે ગીત ગાતી વખતે આ હૃદયમાં હૃદયથી પ્રગટ્યા કરેલી હતી, એ મારા દિલની સાચી હકીકત છે. પછી પરિણામ તો જે આવવાનું હોય તે ભલે આવે - તેની સાથે પ્રભુકૃપાથી ઝાઝી સ્પૃહા નથી.

પ્રભુકૃપાથી મારા હૃદયમાં જે જે સ્વજનો નિમિત્ત સંજોગે મળેલાં છે, તેમનાં હૃદયમાં શ્રીપ્રભુ પરત્વેની અભિમુખતા પ્રગટે તેવી મારી હરહંમેશની ભગવાનને પ્રાર્થના તો હોય જ છે, અને તે તે સમયે તેવાં તેવાં સ્વજનોનું નિમિત્ત મળતાં, તે તે સ્વજનોનું સ્મરણ પ્રાર્થનાભાવે શ્રીભગવાનનાં ચરણકમળમાં પ્રેમપૂર્વક સમર્પણ કર્યા કરવાનો આ હૃદયનો જ્ઞાનભક્તિપૂર્વકનો હંમેશાં જીવતોજાગતો મહાવરો છે. તે કંઈ કશાને નકામું ગણતો નથી અને નકામું જવા દેતો પણ નથી. મળેલાં સ્વજનો પરત્વેની ચેતનાત્મક સદ્ભાવનાને કારણે મારું દિલ શ્રીપ્રભુકૃપાથી તેમના પરત્વે ઢળતું રહ્યા કરે છે અને મારા હૃદયના તેવા પ્રકારના અભિગમને કારણે તે તે મળેલાં સ્વજનો ભગવાન પરત્વેની અભિમુખતાની ગતિ-દિશામાં પ્રગટે તો મારા જીવનનો તે એક મોટામાં મોટો લહાવો, અને તેવા પ્રકારનાં કર્મને ઉત્તમમાં ઉત્તમ પ્રકારની સેવા હું ગણું છું. તેનું કારણ પણ એ છે કે ભગવાન પરત્વેની અભિમુખતા પ્રગટે છે, ત્યારે રાગદ્વેષ વગેરેની ભૂમિકા હોતી નથી. એવું હોય ત્યારે જ પરસ્પરમાં સુમેળ, સદ્ભાવ આપમેળે રહ્યા કરે. ઈર્ષ્યા, અદેખાઈ એ તો આપણા મનમાંની સમજણની મડાગાંઠોને આધારે આપણામાં તે તે બધું પ્રગટતું હોય છે. તેને જ આપણે સાચું માની બેઠાં હોઈએ છીએ. પ્રત્યેક ભૂમિકાની સમજણનું સત્ય પણ જુદું જુદું હોય છે. એટલે

એ રીતે વિચારીએ તો જીવદશામાં જ્યાં સુધી છીએ ત્યાં સુધી તેવી દશામાંની સમજણનું સત્ય આખરી સત્ય હોઈ શકતું જ નથી. એવું સત્ય તો કદીક સાપેક્ષ સત્ય ગણી શકાય.

આટલા જ માટે મળેલાં સ્વજનોને મારી તો પ્રાર્થના અને વિનંતી છે કે, આપણે કોઈનો ન્યાય તોળવાનું સંપૂર્ણપણે મૂકી દેવું જોઈએ. અને સમજવું જ હોય તો પોતે પોતાને જ સમજવું જોઈએ, એ જ આપણે માટે હિતાવહ છે. જે કોઈને ભગવાન પરત્વે ગતિ કરવી છે, તેવા તેવા જીવે પોતાનાં મનાદિકરણ ભગવાન પરત્વેની અભિમુખતામાં કેમ કરીને ગતિ કરતાં સભાનપણે ગળતાં રહ્યા કરે, એ પરત્વેનો તેમનો તેમનો જાગૃતિપૂર્વકનો જીવતોજાગતો પ્રયત્ન હોવો જ ઘટે. આપણે જે કરવું છે, અને તેની જો આપણને ખરેખરી ઝંખના છે, અને જો તે પ્રમાણેની ગતિ ના થતી હોય તો આપણી તે ખ્વાહેશ અને તે પ્રકારની ઝંખના મિથ્યા સમજવી, અથવા તો તદ્દન નીચલા થરની મંદગતિવાળી સમજવી. કોઈક સાંસારિક બાબતમાં આપણને ઈચ્છા થાય છે, તો તે ઈચ્છા ફળાવવાને આપણે ગતિ કરતાં હોઈએ છીએ, તે દરેકના અનુભવની હકીકત છે, તો પછી આમાં જો આપણા હૃદયની ખરેખરી ઝંખના પ્રગટેલી હોય, તો તે પરત્વેની આપણી ગતિ પ્રગટેલી હોવી જ જોઈએ.

આ જીવ જીવદશામાં હતો ત્યારે એને ગરજને કારણે સ્મરણ લેવાનું નિમિત્ત જાગ્યું હતું. એ સ્મરણનો ગાળો કેમ કરીને વધ્યા કરે તેની પણ યોજના કરી હતી. રોજ અઢી કલાક તો સ્મરણ લેવું, લેવું ને લેવું જ રહ્યું. ન લેવાય તો જમવાનું બંધ. એમ પંદર દિવસના આંતરા પછી તેમાં રોજ

સમય વધારતો ગયો. જ્યારે શ્રીભગવાનની કૃપાથી ૧૦ કલાક સુધી પહોંચી શકાયું ત્યારે તેમાં કંઈ થોડીઘણી ઉત્સાહની લહરી પણ પ્રગટી, અને કંઈક ભાવ પણ અનુભવાયો. એ સ્મરણને મહેનત કરી કરીને શ્રીપ્રભુકૃપાથી ૧૫ કલાક સુધી તો લઈ જવાયું. તે પછીથી ગમે તેટલા જબરજસ્ત પ્રયત્નો થયા તોપણ આગળ વધી શકાતું ન હતું. એ તો ભગવાનની કેટલી જબરજસ્ત કૃપાપ્રસાદી થઈ કે તેણે આ શરીરના જીવને મધરાતે સાપ કરડાવ્યો. બોરસદ તાલુકાના બોદાલ ગામની સીમમાં ત્યારે એક પડખે શ્રી ઠક્કરબાપા સૂતા હતા અને બીજી બાજુએ શ્રી શ્રીકાંત શેઠ. શ્રીકાંત શેઠ હજી પોતે હયાત છે. જ્યારે સાપ કરડ્યો ત્યારે આ જીવને લાગ્યું કે હજી ધ્યેય તો સાંપડ્યું નથી, અને ધ્યેયની પ્રાપ્તિ વિના શરીર પડી જાય તે પોસાય તેવું નથી. તેથી, આ શરીર-જીવને તેવો મરણિયો સજ્જડ નિર્ધાર પ્રગટ્યો. એવા નિર્ધારને કારણે એક પ્રકારનું પ્રચંડ ભયંકર યુદ્ધ પ્રગટ્યું. એક બાજુ ઝેર શરીરને સંપૂર્ણ બેભાન બનાવી દેવાના પ્રયત્નમાં, અને તેની સાથે આ જીવનો સતત એકધારો જીવતોજાગતો જીવવાની સભાનતાવાળો પ્રચંડ પ્રયત્ન. આવા ભીષણ કારમા સંગ્રામમાં એકધારું અટક્યા વિનાનું ૭૬ કલાક સુધી સ્મરણ ચાલ્યું. ખાધાપીધા વિના કે કંઈ પણ કશું લીધા વિના. સાપનું ઝેર મંત્રથી ઉતારવા મારા શરીરને બેત્રણ ગામડે લઈ ગયા હતા. તે પછી શ્રી ઠક્કરબાપાએ બોરસદ ગામથી મોટર મંગાવી, અને આણંદના ડૉ. કૂકની હૉસ્પિટલમાં લઈ ગયેલા. ત્યારેય આ જીવ શ્રીભગવાનનું નામ મોટેથી લીધા જ કરતો હતો - અને તે પણ એકધારું અને સતત. શ્રી

ઠક્કરબાપાએ ડૉક્ટરને બધી હકીકત સમજાવી. સાપ કરડ્યાને ઘણો વખત થઈ ગયો હોવાથી ડૉક્ટર સાહેબે આંતરડાં ધોઈને સાફ કર્યાં અને પેટ પણ ધોઈને સાફ કર્યું. આંતરડાં અને પેટમાંથી જે નીકળેલું તેનું પૅથોલોજિકલ એનેલિસિસ કર્યું ત્યારે તેમાંથી 'ભારે ઝેર છે' એમ નિદાન થયું. ખ્રિસ્તી મિશનમાં કામ કરનારા ડૉક્ટરો પણ ભગવાનમાં ભક્તિ રાખનારા હોય છે, એટલે ડૉક્ટરે તો કહ્યું : 'આ છોકરો ભગવાનના સ્મરણને લીધે જીવ્યો !' એવા જીવસટોસટના ભીષણ સંગ્રામમાંથી જ શ્રીભગવાનના નામની ગંગધારા સતત અખંડપણે વહેવી શરૂ થઈ.

સ્મરણ જ્યારે જીવનમાં નિરંતર અખંડાકાર જીવતુંજાગતું પ્રવર્તતું થઈ જાય છે, ત્યાર પછી જ ભાવનાનું ક્ષેત્ર અંતરમાં ખુલ્લું થતું જાય છે. એ ભાવના જ્યારે તેના અખંડપણામાં નિરંતર જીવતીજાગતી પ્રજ્વલે છે, ત્યારે જ મનાદિકરણનું સુદૃઢ રૂપાંતર થયા જતું હોય છે, ત્યારે તેમાં પ્રયત્ન હોતો નથી.

આ સ્મરણનો પ્રયોગ ભગવાનની કૃપાથી મેં પ્રયોગાત્મક રીતે પણ ચલાવ્યો છે. આધ્યાત્મિક માર્ગના વિકાસને માટે બીજાં એવાં સાધનોમાં ચિત્તશુદ્ધિ, પ્રાણશુદ્ધિ અને અહંશુદ્ધિ, આ બધું જોઈએ. એવી શુદ્ધિનું પ્રગટીકરણ થયા વિના યોગ તો થઈ શકે નહિ. યોગને માટે શુદ્ધિ અનિવાર્ય. જ્ઞાનમાર્ગને માટે પણ. પાપીમાં પાપી અને અધમાધમ એવા છેક નિમ્નમાં નિમ્ન ગતિના જીવ ભગવાનનું સ્મરણ કરીને આ ભવસાગરમાંથી તરી ગયા છે, એવા ઐતિહાસિક દાખલા પણ છે. આ કાળમાં (જેને હું 'પ્રપંચકાળ' કહું છું) ભગવાનનું સ્મરણ એ જ એક

ઉત્તમમાં ઉત્તમ તરવાનું સાધન છે. અને એ સાધન પ્રયોગ દ્વારા શ્રીભગવાનની કૃપાથી આ જીવથી સિદ્ધ થયેલું છે. રસ્તે જતાંઆવતાં ભગવાનનું સ્મરણ, ભજન, કીર્તન, ધ્યાન, ત્રાટક આદિ સાધનો આ જીવ કર્યા કરતો હતો. અને તે પણ ગુજરાતનાં સેવાક્ષેત્રમાં તે તે પ્રકારનું સેવાકાર્ય પ્રભુપ્રીત્યાર્થે કર્યા કરતાં, કર્યા કરતાં. આ હકીકત ઘણાંની જાણમાં છે.

લાખોગણી સાબિતી ભલેને આપો, પરંતુ જ્યાં સુધી જે જીવને ભગવાન પરત્વેની ગતિશીલ, ક્રિયાશીલ એવી અદમ્ય જ્વાળામુખીના અગ્નિસમી હૃદયમાં હૃદયથી જિજ્ઞાસા પ્રગટેલી નથી હોતી, તેવો જીવ કશું કરી શકે નહિ. તે આગળ વધી પણ ના શકે. થોડીઘણી પણ જેનામાં જિજ્ઞાસા છે, એવો જીવ તેનાં પ્રકૃતિ અને સ્વભાવને સાનુકૂળ પડે તેવું કોઈ સાધન લઈ, તેને સતત એકધારું વળગ્યા કરીને તેમાં જ મચેલો, મંડેલો અને મથ્યા કરતો રહે તો તેવા જીવમાં પ્રાણ પ્રગટી શકે છે. મંડ્યા કરાયા વિના આ માર્ગમાં કે બીજા કોઈ માર્ગમાં વિકાસનું કામ થઈ શકવાનું નથી.

'જીવન અનુભવગીત', 'જીવન લહરી', 'જીવન ઝલક', 'જીવન સ્મરણ' વગેરે અને આ છપાતી ચોપડીમાં શ્રીભગવાનની કૃપાથી સ્મરણને આ જીવે બહુ રીતે દોહરાવ્યું છે. વિચારી વિચારીને આ જીવને લખવાની કદી આદત નથી. આ જે બધી ચોપડીઓ છપાઈ છે, તે માત્ર થોડાક દિવસોમાં જ લખાયે ગયેલી છે. અને આ સ્મરણને કેટકેટલાં પાસાંઓથી, જુદાં જુદાં પાસાંઓમાં, જુદી જુદી રીતે અને જુદી જુદી ભૂમિકામાં સ્મરણને કેવી રીતે શ્રીપ્રભુકૃપાથી લીધા કરેલું છે, તેનો જો કોઈ

વાચક ખરા દિલથી અભ્યાસ કરે, તો તેને નરી આંખે સમજણ પડે તેવું છે.

સ્મરણનું વિજ્ઞાન આપણી બુદ્ધિ સ્વીકારી શકે અને આપણી સમજણમાં ઊતરી શકે તેવી રીતે એને વિજ્ઞાનપૂર્વક **'જીવન સ્મરણ'** પુસ્તકમાં સમજાવવાનું થયેલું છે. જેનું દિલ થાય તે તેમાંથી વાંચી લે.

કોઈ પણ કર્મનાં ક્ષેત્રમાં આગળ ધપવાને માટે જિજ્ઞાસા, તમન્ના, ઉત્કટ ઝંખના, મહત્ત્વાકાંક્ષા, ગરજ (આ બધા શબ્દો એક જ પર્યાયના છે) તેનામાં જાગેલાં હોવા જોઈશે. તેથી, જિજ્ઞાસા અને ગરજ વિશે પણ મેં ઉપરની ચોપડીઓમાં લખેલું છે. ઉત્કટમાં ઉત્કટ ગરજ જાગ્યા વિના 'ગરજ'ના વિષયમાં એકધારું વળગીને ટકી રહેવું એ દુર્લભ હકીકત છે. સંસાર વ્યવહારમાં પણ ગરજવાળો માણસ આપણને પરખાયા વિના રહી શકતો નથી. કોઈ પણ કાર્ય સિદ્ધ કરવાને માટે તે કર્મ પરત્વેની એવી 'ગરજ' તેનામાં જીવતીજાગતી અગ્નિની જ્વાળાની પેઠે તેનામાં ભભૂકી રહેલી, પ્રગટેલી હોવી જોઈશે. એટલે આવી 'ગરજ'ને મેં બહુ રીતે દોહરાવી છે. વળી, ઉપરનાં છપાયેલાં પુસ્તકોમાં અને આ ચોપડીમાં પણ 'હુકમ' વિશે મેં ઘણું લખેલું છે. આજના આવા સ્વચ્છંદી અને પ્રપંચકાળમાં ભણેલાંગણેલાં, કહેવાતા સુધરેલા વર્ગને આ હુકમનું તત્ત્વજ્ઞાન ગળે ઊતરવું મુશ્કેલ છે, પરંતુ જેને ગરજ લાગી હોય છે, અને જેના જેના તરફથી આપણી ગરજ સફળ થનાર છે, એવું જે જીવને અંતરમાં અંતરથી જીવતુંજાગતું લાગી ગયેલું હોય છે, તેનું કહ્યું માનવાને આપણે પૂરેપૂરાં તત્પર થઈ જતાં હોઈએ

છીએ. તે તો ઘણાખરાના અનુભવની હકીકત છે. તેવી રીતે હુકમની પણ જુદી જુદી ભૂમિકાઓ છે. તે સ્થૂળ છે, સૂક્ષ્મ છે અને કારણ સ્વરૂપે પણ છે. ઉચ્ચતમ ભૂમિકાઓમાં પ્રેરણાના સ્વરૂપમાં પણ હુકમ પ્રગટતો હોય છે. એ 'હુકમ'નાં પણ જુદાં જુદાં પાસાંઓને અને તેની જુદી જુદી ભૂમિકાઓનાં રહસ્યોને, - 'હુકમ'ને - મેં કેવા ભાવથી અને જીવનના ધ્યેયની, હેતુની જ્ઞાનભક્તિપૂર્વકની સભાનતાથી મેં ઉઠાવેલા છે ! અને જીવનની ઊર્ધ્વતમ ભૂમિકાઓમાં મુદ્દલે સંકલ્પ વિકલ્પ વિના પ્રેમભક્તિપૂર્વક હુકમનું પાલન કરેલું છે. હુકમના પ્રેમભક્તિપૂર્વકના પાલનથી-અને હેતુના જ્ઞાનભક્તિપૂર્વકપણે પાલન કરવામાં આવે છે ત્યારે-જીવનની અનેક પ્રકારની મર્યાદાઓને ઓળંગી દેવાને માટે હુકમ એ સમર્થમાં સમર્થ સાધન છે. શ્રીપ્રભુકૃપાથી આ જીવે તેવું તારવેલું છે. 'હુકમ'ને જુદી જુદી ચોપડીઓમાં મારા હૃદયના સચોટ ભાવથી એને મેં ગાયો છે.

આ જીવનું શરીર સમાજના છેક નીચલામાં નીચલા થરનું હતું. ચામડાની ઘણી દુર્ગંધ મારે એવે ઠેકાણે અમારું રહેઠાણ. માત્ર એક નાનકડા ઓરડાવાળું ઘર અને તેની આગળ છ ફૂટ પહોળી અને બાર ફૂટ લાંબી ઓસરી. એ ગરીબાઈને જે રીતે ભોગવી છે, તેનું પણ વર્ણન આ ચોપડીમાંની કેટલીક ગઝલોમાં છે. હવે, હાલનો કાળ અને આવતો કાળ ગરીબોના પુનરોદ્ધારનો છે, એ મને સાચેસાચ લાગ્યું છે. આ કાળનાં કેટલાંક લક્ષણો અંગે મને જે લાગ્યું છે, તે વાસ્તવિકપણે લખ્યું છે.

શ્રીપ્રભુકૃપાથી સળંગ, એકધારી સાધના થતાં થતાં, અને એ સાધના ઊર્ધ્વતમ વિકાસસાધનામાં પ્રગટતાં જે જે અનુભવ થયા કરેલા છે, તે ભૂમિકાનું વર્ણન કરતી હકીકત પણ જુદી જુદી ચોપડીઓમાં છે. તેમાં 'દર્દનું રહસ્ય' સમજવા જેવું છે. સાચેસાચું અંતરનું ખરેખરું ઊંડાણમાં ઊંડાણનું તે પરત્વેનું 'દર્દ' પ્રગટેલું હોતું નથી, ત્યાં સુધી તેની ખરી મજા પણ માણી શકાતી નથી. એવું દર્દ પ્રગટ્યા વિના 'દર્દ'ના વિષયમાં પ્રાણ પણ પ્રગટી શકતા નથી. એવા દર્દ વિના ઉત્તમમાં ઉત્તમ સર્જન પણ પ્રગટી શકતું નથી. ભક્તિનો કે સંગીતનો જે ખરેખરો ઉપાસક છે, તે આ દર્દનાં રહસ્યને સમજી શકે છે. આ ચોપડીમાં અને બીજી ચોપડીઓમાં પણ 'દર્દ'નાં કેટલાંક ગીતો આ જીવે લખેલાં છે. 'દર્દ'ની ભૂમિકા ઉપરનું સર્જન - એ સર્જન ખરેખરું હૃદયનું છે. તેમાં જે હાર્દ પ્રગટે છે, તે કોઈ અનોખા પ્રકારનું છે. અને એવાં દર્દના કારણે જ 'દર્દ'ના વિષય પરત્વે તે સતત એકધારો પ્રાણવંતો પ્રગટેલો રહ્યા કરતો હોય છે. એવાં દર્દને કારણે જ 'દર્દ'ના વિષયમાં તે ઊંડાણમાં, ઊંડો ને ઊંડો ઊતરતો જતો હોય છે. 'દર્દ'ના વિષયને અનુભવમાં પ્રત્યક્ષ કરાવનાર મુખ્ય કારણ તો તેવું 'દર્દ' જ છે.

શ્રીપ્રભુકૃપાથી નિમિત્તભાવે આ સંસારમાં જે કેટલાંયે સ્વજનો મળેલાં છે, જેઓ જુદી જુદી પ્રકૃતિનાં અને જુદા જુદા સ્વભાવનાં પણ છે, તેમને તેમને શ્રીપ્રભુકૃપાથી તેમના પરત્વેનાં લખાયેલાં જોડકણાંમાંથી સદ્ભાગ્યે તેને વાંચવાનું કર્મવશાત્ બની જાય, અને તેમાંથી તેમની અભિમુખતા કેળવાય તેવો તે જોડકણાં લખવા પાછળનો જ્ઞાનભક્તિપૂર્વકનો હેતુ છે. કોક કોકને તે વાંચી સંભળાવ્યાં પણ છે.

આમાં જે જુદા જુદા ખંડ પાડેલા છે, તેના શીર્ષકનાં જે નામ છે, તે તે શીર્ષકનાં નામના ભાવ પ્રમાણે શ્રીપ્રભુકૃપાથી આ જીવનમાં વર્તાયું છે. જીવનના પ્રત્યેક પ્રકારના વર્તનના હાર્દમાં જીવનના ધ્યેયનો હેતુ - ઊછળતો અને ધગધગતો - જીવનને કેળવવા અને મઠારવા માટેનો જ્ઞાનભક્તિપૂર્વક જીવંત રહેલો છે. તેથી તો આ જે જીવન જેવું તેવું છે અને તે પ્રમાણેના ભાવના વર્તનનું પરિણામ છે.

આ બધાં જોડકણાં માત્ર સાતઆઠ દિવસમાં પ્રભુકૃપાથી લખાયેલાં છે. આ જીવનું શરીર ઘણા રોગોથી પીડિત છે અને હવે તે પ્રત્યેક રોગનું દર્દ વધારે વેગીલું અને વેદનાજનક પ્રવર્તતું જતું છે. શ્રીપ્રભુકૃપાથી તે તે તીવ્ર ઉગ્ર વેદનામાં સાક્ષીભાવે રહી શકાય છે, તે એક જુદી હકીકત છે, પરંતુ તેવી વેળાએ શ્રીભગવાનના ભજનમાં રહી શકાય અને તેવા તેવા ભજનના લલકારમાં શ્રીસદ્‌ગુરુના દિલના ભાવ-આશીર્વાદથી આ જીવથી યત્કિંચિત્ જે સાધના થયેલી છે, તેનો પણ કંઈક ઈતિહાસ તેમાં લખાય તો ચરમકમળે પ્રેમભક્તિપૂર્વક તે તે તર્પણ થયાના ભાવથી કૃતાર્થ થવાય, એવો પણ આ હૃદયનો હેતુ રહેલો છે.

આ પ્રત્યેક જોડકણાંમાં શરૂઆત જીવદશાની તદ્દન નીચલી ભૂમિકાથી માંડીને છેક જીવનની ઊર્ધ્વ ભૂમિકામાં પગરણ મંડાય છે, એ બધી હકીકત બહુ જ ટૂંકમાં વર્ણવાયેલી છે.

વળી, આ જીવથી આ સંસારમાં રહીને જીવનમાં મળેલા પ્રત્યેક કર્મને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક જીવનના ધ્યેયના હેતુનું જીવતું લક્ષ રાખીને શ્રીપ્રભુપ્રીત્યર્થભાવે આચરાયેલું છે. આ જીવ સતત સ્મરણ, પ્રાર્થના અને ભજન કીર્તન કર્યા જ કરતો હતો. પોતાનું

કર્મ કરતાં કરતાં કેટલીક વાર વર્ગમાં પણ ભાવાવસ્થામાં પ્રગટી જતો હતો. તે દર્શન કેટલાંકથી નજરોનજર જોવાયેલું છે. એટલે આ જે ગાયેલું છે, તે તો આ જીવની અનુભવકથા છે, અને એ સાધનાકક્ષાનું વ્યક્ત સ્પંદન છે.

આ શરીરનાં હઠીલાં દર્દોની ઉગ્ર અને તીવ્ર વેદનામાં આ ભજનોએ આહ્‌લાદ અને આનંદજનક, નશીલી અને રસીલી જે રાહત બક્ષી છે, તે તો શ્રીભગવાનની પ્રત્યક્ષ કૃપાપ્રસાદી છે.

મારાં જોડકણાંમાં કેટલાયે શબ્દો ગામઠી પ્રયોગના છે. પ્રત્યેક કક્ષાના વાચકને સરળમાં સરળ રીતે સમજણ પડે તેવી રીતે તે લખાયેલાં છે. ગદ્ય કરતાં પદ્યમાં પ્રભુકૃપાથી લખવું મને સરળ પડે છે. એટલે આ ભજનોનો ઢાંચો તો પદ્ય છે, પરંતુ ખરી રીતે તો સરળ સીધું સાદું ગદ્ય જ છે.

આ રીતે શ્રીપ્રભુકૃપાથી શરીરના રોગની વેદનાને કારણે જે વ્યક્ત થવાનું બની શક્યું, તેને પણ શ્રીભગવાનની કૃપા અનુભવું છું. આ પ્રસિદ્ધ કરવાને કેટલાંકે મને રકમ આપીને મદદ આપી છે, તેમનો ખરેખરો ઓશિંગણ છું, અને જે દિલનાં સ્વજનોએ આ બધું પ્રકાશન કરાવવામાં પ્રત્યક્ષ સક્રિય ઓથ અને સહાનુભૂતિ બક્ષી છે, તેમના પરત્વે મારા હૃદયનો ભાવ પ્રેરાય એવી હું ભગવાનને પ્રાર્થના કરું છું.

હરિઃૐ આશ્રમ, **-મોટા**

નડિયાદ.

તા. ૫-૧-૧૯૭૩

❑

## ૩૪. જીવન ઝલક

**‘જીવન અનુભવગીત’** છપાતું હતું, ત્યારે એક શ્રીમતી ડૉક્ટર બહેને વિનંતી કરી કે ‘મોટા, મને પણ રોજની એકાદ ગઝલ પોસ્ટકાર્ડ દ્વારા લખી મોકલો, તો તે બધી એકઠી થયે, તે પુસ્તકરૂપે છપાવીશ.’ શ્રીપ્રભુકૃપાથી તે નિમિત્ત મળ્યું, તેને શ્રીપ્રભુકૃપાની અણમોલ પ્રસાદી સમજું છું.

આવું યોગ્ય નિમિત્ત મળવાથી સ્મરણના સાધનને શ્રીપ્રભુકૃપાથી **આ જીવે** કેવી રીતે જીવનમાં તાણાવાણાની પેઠે વણી લીધેલું છે, તેનો ઈતિહાસ થોડો ઘણો પણ લખવાનો જે અવસર મળ્યો છે, તેને હું મારું સદ્‌ભાગ્ય ગણું છું.

‘જીવન અનુભવગીત’, ‘જીવન લહરિ’ અને ‘જીવન ઝલક’ એ ત્રણે પુસ્તકોમાં સ્મરણને મેં જે રીતે બહુવિધ દોહરાવ્યું છે, તે જોતાં **આ જીવે** સ્મરણ સાધનને જે ભાવે અને જે હેતુની સભાનતાથી લીધા કરેલું છે, તેનો સળંગ ઈતિહાસ તો નહિ, પરંતુ તેનો કંઈક ઈશારો તો મળી શકે તેવું છે.

શ્રીપ્રભુકૃપાથી કેવાં કેવાં નિમિત્ત મળ્યાં છે અને તે નિમિત્તોએ મને જે મદદ કરેલી છે, તેનો પણ એક સ્વતંત્ર અને નોખો ઈતિહાસ છે. એવાં અનેક સ્વજનોના અને **આ જીવ**ના.

(અનુષ્ટુપ)

**‘દોષો કેવા થયેલા જે તેના તે પરિણામને-**
**‘શૂળીનું વિઘ્ન સોયેથી ટળે’, તે ભાવથી હૃદે,**
**મળ્યાં-નિમિત્ત-સંબંધે વર્તાતાં, હેતુથી જ તે-**
**-ભોગવાતાં, સ્તવું, મોળું થજો દોષનું જીવને.’**

પ્રત્યેક કંઈક પ્રાર્થના કરી કરી શ્રીપ્રભુનાં ચરણકમળમાં પ્રેમભક્તિભાવે સમર્પણ કર્યા કરવાનો જે જ્ઞાનભાન સાથેનો જીવંત અભ્યાસ પડ્યા કરેલો છે, તેથી તેવાં તેવાં નિમિત્ત સંબંધોનાં તેવાં તેવાં સ્મરણને પણ સમર્પણભાવે શ્રીહરિનાં ચરણકમળમાં શુદ્ધ થવા સમર્પણ કરી કરી પ્રાર્થું છું કે :-

(અનુષ્ટુપ)

**થવા પાત્ર પ્રભુને તે સ્વજન દિલમાં ઊંડું,**
**'ડંખનું ભાન પ્રેરાવી જગાડો તેમને', સ્તવું.**

જે રીતે, જે ભાવે શ્રીભગવાનને મારાથી ભજવાનું થયેલું છે, તે જ મેં સ્વજનોને ગાઈ બતાવ્યું છે અને સ્વજનોને પણ પોતાને શ્રેયાર્થી થવાની ઉત્કટ ઝંખના હોય, તો તેવાએ પણ કેવું કેવું થવું જોઈશે, તે પણ શ્રીપ્રભુકૃપાથી દર્શાવવાનું થયેલું છે.

નિમિત્ત હેતુએ મળેલાં સ્વજનો મારાં આવાં લખાણને સ્વીકારી પ્રેમથી વધાવી લેશે એવી શ્રદ્ધા સેવું છું.

તે ડૉક્ટર બહેનનો હૃદયથી આભાર માનું છું કે મને આવી રીતે વ્યક્ત થવાની તક તેમણે પ્રેરાવી.

આ તો માત્ર જોડકણાં છે અને તે રીતે શ્રેયાર્થી એને સ્વીકારશે એવી વિનંતી છે.

હરિઃૐ આશ્રમ, **— મોટા**
શેઢી નદી, નડિયાદ.
તા. ૧૯-૮-૧૯૭૧

❑

## ૩૫. કર્મ ઉપાસના

બેંગ્લોરમાં શ્રી રમણભાઈ અમીન (ઍલેમ્બિકવાળા)ને ત્યાં હું હતો, ત્યારે તેમના ચિરંજીવી શ્રી ચિરાયુભાઈ અમેરિકાથી આવેલા હતા. તેમના દિલમાં કર્મ પરત્વેનું મહત્ત્વ જાગે અને કર્મને કેવા હેતુથી અને કેવા ભાવથી કરવું, એ બધી તેમને સમજણ પડે એવી રીતે કર્મ ઉપર મને લખવાનું દિલ થયું હતું, પરંતુ શ્રી ચિરાયુભાઈના દિલની એવી યોગ્ય પ્રકારની ઉત્સુકતા મને પરખાઈ નહિ. વળી, તે ઉપરાંત, તેઓ ગુજરાતી પૂરેપૂરું બરાબર સમજે કે કેમ અને તેનો સાર ગ્રહણ કરી શકે કે કેમ તે વિશે પણ મને સગડગ થઈ. તેથી, ત્યાં પૂરતો તો તે વિચાર મુલતવી રહ્યો.

બેંગ્લોરથી અમે ત્રિચિ થઈ કુંભકોણમ્ આશ્રમે ગયા. ત્યાં ભાઈ હરિ હવે તો ઘણો મોટો થઈ ગયો છે અને ભાઈ નંદુભાઈની પેઢીનું કામકાજ પણ કરતો થઈ ગયો છે. સમજણમાં અને બધી રીતે તે હોશિયાર છે. નાનપણથી જ પ્રભુકૃપાથી એને ઉછેરવાનું મારાથી થયું હતું. તેથી, તેના ઉપર મને વિશેષ વહાલ પણ ખરું. તેને સાચી રીતે ખરેખરી રીતનું જીવનમાં કર્મનું રહસ્ય અને કર્મનું મહત્ત્વ જો સમજાય તો પોતાના જીવનની કારકિર્દી ઘણી ઉત્તમ રીતે પ્રભુકૃપાથી પ્રગટી શકે, તેવો વિચાર જાગવાથી **'કર્મ ઉપાસના'** ઉપર લખવાનું શરૂ કર્યું.

ત્યારે મારા શરીરને acidity-ઍસિડિટીનો રોગ થયો હતો અને જે દવા લઉં તેથી શરીરને તેની ઍલર્જી થઈ જાય. એટલી બધી ખંજવાળ આવે કે ન પૂછો વાત. એ ખંજવાળ તો ભયંકર.

એક રાતે ચશ્માંના ખોખાથી પગને ઘસ્યા જ કરતો હતો, ત્યારે જ અંતરમાં અંતરથી પ્રેરણા જાગી કે 'અલ્યા મૂરખા, અત્યારે જ ખરા સંયમની તો જરૂર ખરી ! અને તે કેટલો છે તેની પારાશીશી તો અત્યારે જ ખબર પડે. વલૂર વલૂર કર્યા કરતાં તો આ **'કર્મ ઉપાસના'** ઉપર લખવા માંડને ! તેમાંથી આ **'કર્મ ઉપાસના'**ની શરૂઆત થઈ. ઍલર્જીની એ ખંજવાળ એટલી બધી ભારે કે ન પૂછો વાત. ભાઈ હરિએ મારા શરીરની તે વખતની સ્થિતિ વિશે પણ Exposition (સંપાદકીય) લખ્યું છે. એનું અંગ્રેજી ઘણું સારું છે. એણે જે અંગ્રેજીમાં લખ્યું છે તેનું ગુજરાતી ભાઈ શ્રી ઇંદુકુમાર દેસાઈએ કર્યું છે. તે ઉપરથી વાચકને ખ્યાલ આવશે કે આ **'કર્મ ઉપાસના'** મોટાની કેવી કઢંગી સ્થિતિમાં લખાઈ છે. લગભગ ચારેક દિવસમાં તો તે લખાઈ ગઈ હશે.

જે મિત્રોને મેં કર્મની ભાવના, કર્મનું રહસ્ય અને કર્મનું મહત્ત્વ સમજાવવાને માટે કેટલાક કાગળો લખેલા હતા, તે બધાય કાગળોમાંની કવિતા **'કર્મગાથા'** પુસ્તકમાં સંગ્રહાઈ ગયેલી છે અને **'સસ્તા સાહિત્યે'** તે બહાર પણ પાડી છે. પૂજ્યશ્રી રવિશંકર મહારાજે તેની પ્રસ્તાવના લખી છે અને સદ્‌ગત શ્રી ઠક્કરબાપાએ તેના ઉપર બે બોલ પણ લખ્યા છે.

તે છપાઈ ગયેલી ચોપડી **'કર્મગાથા'**માંથી લગભગ ત્રીજો ભાગ આ **'કર્મ ઉપાસના'**માં લેવામાં આવ્યો છે.

જીવન તેના ઉત્તમ પ્રકારના વિકાસમાં પ્રગટે એના કાજે કર્મ એ તેના ઘડતર કાજે ઘણું મહત્ત્વનું અંગ છે. કર્મ વડે જ માનવીનું જીવન ઘડાતું હોય છે. કર્મ વડે જ અનેક જીવોની

સાથે સંબંધમાં અવાય છે. કર્મને લીધે જ જે તે બધાંની સમજણ પડે છે. કર્મને લીધે જ આપણા પોતામાં કેટલી કુનેહ, આવડત, ગુણ અને ભાવ વગેરે કેટલાં અને કેટલા પ્રમાણમાં છે અને કયા પ્રકારનાં છે, તે બધું કર્મથી જ સમજણ પડે છે. કર્મમાંથી કર્મ કરતાં કરતાં ઘણી જાતનું શીખવાનું મળે છે. જે કોઈ જીવને પોતાના જીવનનું ધ્યેય મક્કમપણે નક્કી થઈ ચૂકેલું છે, એવા જીવને મળતા જતા પ્રત્યેક કર્મમાં પોતાના જીવનના ધ્યેયનો હેતુ-જ્ઞાનભક્તિપૂર્વક સભાનતાથી-દઢાવતા રહેવાનું કર્યાં જ કરવું પડે છે. જે જીવને જો કર્મમાં હેતુની સભાનતા નથી તો તેવો જીવ શ્રેયાર્થી પણ નથી જ, તે હકીકત પણ એટલી જ સાચી છે. જીવનમાં યોગ્ય પ્રકારનો વિકાસ થવાને માટે કર્મમાં તેવા પ્રકારના જ્ઞાનભક્તિપૂર્વકના હેતુની સભાનતા એટલી જ અત્યંત મહત્ત્વની અને જરૂરની છે. આવી બધી હકીકત આ **'કર્મ ઉપાસના'**માં આવરાઈ લેવાયેલી છે.

શ્રીહરિકૃપાથી જીવનમાં જે રીતે સાધના થયા જવાનું બન્યું છે, તે તે રીત અને તેની સમજણ મારા જીવનમાં શ્રીહરિકૃપાથી જીવતીજાગતી ચેતનાત્મકપણે આજ પણ એટલી જ તાદૃશ અને જીવંત પણ છે. તેનું બયાન પણ આ **'કર્મ ઉપાસના'**માં આલેખાયેલું છે. શ્રીહરિકૃપાથી જ્યારથી આ જીવનો અભિગમ શ્રીહરિનાં ચરણકમળ પરત્વેનો પ્રગટ્યો ત્યારથી કર્મ પરત્વેની સમૂળગી સભાનતા બદલાઈ ગઈ હતી. ત્યારે મારા દિલમાં કર્મના કરતાં, કર્મને કરતાં કરતાં, કર્મમાં જ્ઞાનભક્તિપૂર્વકનો હેતુ કેટકેટલો જીવતોજાગતો અને ચેતનાત્મક રહે છે, અને તે હેતુની સભાનતા ત્યારે કેટલા પ્રમાણમાં અને કેવી કેવી રીતે

પ્રેરણાસ્પદ બનતી, તેનું જ માત્ર હું ખૂબ ખૂબ ધ્યાન રાખતો. જેમાં ને તેમાં જીવનના ધ્યેય પરત્વેના હેતુની સભાનતા પળેપળ જીવતીજાગતી હોવી, ટકવી અને તેમાં (સભાનતામાં) પાછા ચેતનાપ્રાણ ખરેખરા પ્રગટેલા હોય તેવી જીવનમાંની પ્રત્યેક પળની સાવધાની અને સાવચેતીભરી યથાયોગ્ય પ્રમાણેની સભાનતાને જ ત્યારે મેં તો શ્રીहरिकृपाથી સાધના ગણી હતી. જો હેતુની જીવતીજાગતી સભાનતા નથી તો સાધના પણ નથી. તેવા जीवથી શ્રીપ્રભુમય જીવનમાં કોઈ કાળે પણ આગળ ડગ ભરી શકાવાનાં નથી, એ હકીકત પણ એટલી જ સાચી છે. જો સાધના છે તો સભાનતા પણ છે જ. જ્યારે કંઈ કશા પરત્વે ખરેખરાં ગરજ, સ્વાર્થ, રસ, લગની, તાલાવેલી, તત્પરતા વગેરે વગેરે જો પ્રગટ્યાં હોય છે, તો તે પ્રકારની સભાનતા ત્યારે માનવીના મનમાં રહેતી હોય છે. એ તો સર્વ સાધારણ માનવીને પણ બુદ્ધિથી સમજાય તેવી હકીકત છે. તો જે जीवને જીવનવિકાસના હેતુ અર્થે સાધના કરવાની છે અને જો પ્રત્યેક કર્મમાં તે જીવને જીવનના ધ્યેય પરત્વેની સભાનતા જો હોય જ નહિ અને ટકતી ના હોય તો તેવા મંદમાં મંદ પ્રકારની ભાવનાવાળી સાધના જીવનને વિકાસનાં ક્ષેત્રમાં ઉઠાવ નહિ આપી શકે.

કંઈ પણ કશું કર્યા કરતાં હોઈએ છીએ તો તેની પણ આપણને સમજણ પડે છે ખરી. કર્મથી જ ગુણ, ભાવ, શક્તિ, સમજણ, આવડત, કૌશલ્ય વગેરે વગેરે ખીલે છે, પરંતુ તે કર્મ ઊડઝૂડિયા રીતે કરવાથી નહિ. આવા બધા પ્રકારની સમજણ આ **‘કર્મ ઉપાસના’**માં શ્રીપ્રભુકૃપાથી ઉપસાવેલી છે.

કર્મ ગમે તેવા પ્રકારનું ભલેને ક્ષુલ્લકમાં ક્ષુલ્લક હોય, પરંતુ તેનો હેતુ અને ભાવ કેટલા જીવતાજાગતા છે, તેના ઉપર જ પરિણામનો આધાર છે. કોઈક છરીથી શાક પણ સમારે, કોઈક નિષ્ણાત દાક્તર છરીથી નસ્તર મૂકે, કોઈક અણઘડ છરીથી આંગળી પણ કાપી નાખે. સાધન તો એક જ, પરંતુ તે દરેકમાં પ્રત્યેકનાં સમજણ, રીત, હેતુ અને ભાવ જુદાં જુદાં જ હોય છે. માત્ર, કર્મના ઉપરછલ્લાં ચોકઠાં ઉપરથી કશું પૂરેપૂરું નહિ સમજી શકાય. એક નાનકડું બાળક પોતાના મળની સાથે રમતું હોય છે, મળમાં રગદોળાતું પણ હોય છે અને કોઈક વાર તો મળ ખાઈ પણ લે છે. એ જ મળને કોઈક મા સાફ કરે છે અને એ જ મળ કોઈક હરિજન ભાઈ સંડાસમાંથી સાફ કરે છે. ત્રણેયમાં મળ જ મુખ્ય સાધન, પરંતુ પ્રત્યેકના માનસમાં તે તે પળે તે પરત્વેની માનસિક પ્રક્રિયા જુદી જુદી. બાળકને મળમાં સંપૂર્ણ નિર્દોષતા છે. મળને મળની રીતે તે સ્વીકારતું જ નથી. જ્યારે મા, મળને મળ તરીકે સ્વીકારે છે અને તે પોતાના જ બાળકનું હોવાથી તેને એટલો બધો કંટાળો આવતો નથી કે અણગમો જાગતો નથી. (જોકે હાલની ભણેલીગણેલી બહેનોમાં તે પરત્વેનો કંટાળો અને અણગમો પ્રવર્તતો જાય છે. તે પ્રકારનો જો મારી સમજણમાં દોષ હોય તો વાચકો માફ કરે.) એ જ મળ સંડાસમાંથી હરિજન ભાઈ સાફ કરે છે, ત્યારે તેને કંટાળો અને અણગમો પ્રવર્તતો હોય છે. એટલે પ્રત્યેક કર્મમાં આપણું માનસ કેવું હોય છે અને તેનું ધોરણ કયા પ્રકારનું છે, તેની ઉપર જ બધો આધાર છે. આ જીવે હરિજન આશ્રમમાં દિવસોના દિવસ સુધી મળની ડોલો

ઊંચકીને મળ સાફ કરેલો છે. એટલે આ બધી હકીકતની ઝીણવટનો મને ખ્યાલ છે.

કર્મને તો સૌ કોઈ જોઈ શકે છે, પરંતુ કર્મમાં જે જીવતોજાગતો હેતુ હોય છે, તેને તો કોણ જોઈ શકે અને પારખી શકે ? આ હકીકત સાચી છે. આપણે કર્મ કરવાનું છે આપણા પોતાને માટે. જો જીવનના ધ્યેયમાં મરણિયા નિર્ધારની ભાવના જે જીવમાં ખરેખરી જીવતીજાગતી પ્રગટી ગયેલી છે, તેવા જીવને તો થતા જતા પ્રત્યેક કર્મમાં જીવનના ધ્યેય પરત્વેના હેતુ અને ભાવ, ગુણ અને શક્તિ પ્રગટેલાં રહ્યા કરેલાં જ હશે. એવું જ એને પ્રત્યક્ષ પ્રત્યેક કર્મમાં, પોતાની સમજણમાં અને અનુભવમાં ખરેખરું એકધારું દિલમાં દિલથી લાગ્યા જ કરતું હોય તેવો જ જીવ વિકાસમાં આગેકૂચ કરી શકવાનો છે. બાકી નહિ. આવા પ્રકારનો જીવ વિકાસવાંછુ. સાધનામાં પ્રગટેલો જે જીવ છે, તેની વાણીમાં પણ કોઈ ન્યારા પ્રકારનો ટંકાર અને રણકાર પ્રગટેલો હોય છે. તેનાં 'નેણાં અને વેણાં' બદલાતાં જતાં હોય છે.

આ **'કર્મ ઉપાસના'** માત્ર શ્રેયાર્થી માટે જ છે એવું નથી. આ **'કર્મ ઉપાસના'**માંથી જો તે ઇચ્છે તો ઘણું જાણવાનું, શીખવાનું મળી શકે તેમ છે.

આ લખેલી **'કર્મ ઉપાસના'**ની કડીઓ ભાઈશ્રી રમેશભાઈ ભટ્ટે ભાવ પ્રમાણે ગોઠવી પ્રેસમાં મોકલવાની હસ્તપ્રત તૈયાર કરી આપી, તે માટે તેમનો આભાર માનું છું.

ભાઈશ્રી હર્ષદભાઈ શાહે આ પુસ્તક છપાવવાનું ખર્ચ પણ આપ્યું અને તે વેચી આપવાનું પ્રેમથી સ્વીકાર્યું, તે બદલ તેમનો પણ આભાર.

વળી, આ **'કર્મ ઉપાસના'**નાં મૂળ લખાણને અમદાવાદમાં શ્રી રમેશભાઈ ભટ્ટને ત્યાં છસાત કલાક સુધી બેસી પ્રો.શ્રી એ. જી. ભટ્ટ સાહેબે કેટલાક સ્નેહીઓને વાંચી સંભળાવ્યું, તે બધું સાંભળવામાં તે તે ભાઈઓએ જે રસ, ઉમંગ વગેરે દાખવ્યો તે સૌનો પણ આભાર માનું છું.

જેને માટે આ લખવામાં આવ્યું છે, તે ભાઈ, આને વાંચીને આમાંથી સાર ગ્રહણ કરી પોતાના જીવનને વધારે ઉપયોગી બનાવશે એવી પ્રાર્થના કરી વિરમું છું.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**

તા. ૨૯-૯-૧૯૭૨

❏

## ૩૬. કૃપા

'કૃપા' ઉપર ભાઈશ્રી રમેશભાઈ ભટ્ટે મને લખવાને પ્રેર્યો. હરિનો તે પ્રેરણા હુકમ. લખાશે જ એવો ચેતનાત્મક આત્મવિશ્વાસ.

બૅંગ્લોરમાં શ્રી રમણભાઈ અમીન સાહેબને ત્યાં ચાર દિવસ નિરાંતે રહેવાનું હતું, ત્યારે લખાશે એવી ધારણા હતી. ત્યારે કૃપા માને પ્રાર્થના પણ કરી. શ્રી રમણભાઈએ મને કહ્યું પણ ખરું કે 'મોટા, તમે કૃપા વિશે લખવાના હતાને ?' મેં કહ્યું કે 'હજી એવો ભાવ પ્રગટતો નથી. જ્યાં સુધી એકધારું લખાયે જ જવાય, એવી ભૂમિકા જીવતી પ્રગટેલી ના અનુભવાય, ત્યાં સુધી કશું પણ ના સર્જાય. જીવનમાં એવી જીવતીજાગતી આદત જ પડી ગઈ છે, એટલે હવે તો કુંભકોણમ્ આશ્રમમાં જવાતાં જે થાય તે ખરું.'

તા. ૨૫-૭-૧૯૭૨ને દિવસે વહેલી સવારે ચાર વાગ્યે મોટરમાં બૅંગ્લોરથી અમે નીકળ્યા. બસોને દસ માઈલનો રસ્તો. મારાં વેદનાકારી દર્દનો ઈતિહાસ તો જાણીતો છે. તેમાં શરીરની વેદના કેટલી તીવ્ર અને ઉત્કટ હોય, તે તો જેને એવું થયું હોય તે જ જાણે.

તા.૨૫-૭-૧૯૭૨ના રોજ સવારે સાડા દસે ત્રિચિ પહોંચ્યા, જમ્યા અને પછી આરામ.

બપોર પછી બધાં મળેલાં સ્વજનોની ખબરઅંતર પૂછવામાં સમય પસાર થયો. તે દિવસે તો કશું જ ના લખાયું.

ગુરુપૂર્ણિમાનો સવારનો સમય તો પ્રવચનાદિમાં પસાર થયો. બપોરે આરામ.

અને પછીથી ઊઠ્યા બાદ મનમાં, મનથી હૃદયના ગદ્‌ગદભાવે હરિને પ્રાર્થના કરી : 'કૃપા ઉપર લખવા બુદ્ધિમાં સમજણ પ્રેરજે.' તે દિવસે મંગળાચરણ થયું તો ખરું. તે જ સાંજે સાડા પાંચ વાગ્યે તો ત્રિચિથી કુંભકોણમ્ આશ્રમે જવા નીકળ્યા હતા, રાત્રે આશ્રમે આવ્યા, સૂતા અને ઊઠ્યા બીજી સવારે. ત્યારે 'કૃપા' પરનો વેગ હતો એમ અનુભવાયું અને લખવા માંડ્યું.

ચોથે દિવસે લગભગ સાતસો ઉપરાંત કડીઓ લખાઈ. 'કૃપા' વિશે જેટલું સ્ફુર્યું તેટલું છે અને એના કરતાં વિશેષ કશું નથી, એવો દાવો હોય જ ક્યાંથી ? આ તો બિંદુમાત્ર જ ગણાય.

બી.એ.માં મારો મુખ્ય વિષય 'ગુજરાતી' હતો. ઇન્ટર સુધી સંસ્કૃતમાં સિત્તેર ટકા ઉપરાંત ગુણ મેળવતો. શ્રીહરિકૃપાથી ધારું તો સારું વિદ્વત્તાવાળું ગુજરાતી લખી શકાય, પરંતુ મારી નજર સમક્ષ તો સમાજની સમગ્રતાનો ઘણો મોટો ભાગ છે, જેઓ તદ્દન સામાન્ય છે. અભણ હોય તેવા પણ સમજી શકે, એવું લખવાનો મને મારા શ્રીસદ્‌ગુરુનો હુકમ છે અને તેનું હું પ્રેમભક્તિપૂર્વક પાલન કરું છું.

'કૃપા' પરનાં લખાણમાં, કૃપાનું હૃદય હોય અને તેની સંપૂર્ણ યોગ્યતામાં બધાંને સમજાવવાની માથાકૂટમાં ઊતર્યા સિવાય, સહજમેળે સમજી શકાય, તેવું લખવાનો હંમેશાં મારો જીવતોજાગતો આશય રહેલો હોય છે.

'કૃપા' ભલે છંદમાં - કવિતાના ઢાળમાં - લખાયું હોય, પરંતુ કાવ્ય નથી. કાવ્યના સૌંદર્યને સમજું છું. આ તો માત્ર

જોડકણાં છે.કૃપાનું હ્દય જો સામાન્ય માનવી સમજી શકે, એટલું જો તે સરળ લખાયું હશે, તો મારી જાતને ધન્ય લેખીશ.

'ઉત્તમ કૈં કૃપામાં હો, તો કૃપામાનું તે જ છે,
દોષ, દોષ બધો મારો દેજો ઝાટકી ફેંકી જે !

પ્રત્યેક વર્ષે કુંભકોણમ્ આશ્રમમાં શ્રીહરિકૃપાથી કંઈક ને કંઈક નવા વિષય પરત્વેનું સર્જન થયા કરે છે, તે હરિની કૃપા છે.

'કૃપા'માં જે ક્લિષ્ટતા છે, તે આ મૂર્ખની છે. જે ઉત્તમોત્તમ છે તે શ્રીહરિનું છે. એ વિશે મેં ગાયું તો છે જ.

'મોટા વિરચિત' આવાં જે પ્રકાશનો બહાર પડ્યા કરે છે, તેના વેચાણમાંથી જે રકમ આવે છે, તે મોટાની અંગત હોતી નથી, તે તો આશ્રમને ચોપડે પરમાર્થે વાપરવા કાજે જમા થઈ જતી હોય છે. તેથી, મળેલાં સ્વજનો આવાં પ્રકાશનોને વેચવામાં પ્રેમથી મદદ કરતાં રહે, એવી મારી સ્વજનોને હ્દયની ખરેખરી પ્રાર્થના છે. એ નિમિત્તે સ્વજનો પણ પરમાર્થનાં કર્મમાં ભાગ લેતાં બનશે, તે એક સદ્‌ભાગ્યની હકીકત છે.

કુંભકોણમ્ આશ્રમમાં વહાલાં સ્વજનોએ જે સગવડ, સરળતા બક્ષીને લખવા તદ્દન સાવ મુક્ત રાખ્યો, તે કાજે તો કયા શબ્દમાં તેમનો આભાર માનું ?

કુંભકોણમ્, ત્રિચિનાં આપ્ત સ્વજનો જ્યારે આ જીવની કશી જ પ્રસિદ્ધિ ન હતી ત્યારે બહુ રીતે મદદ બક્ષ્યા જ કરેલી, તેને હું શ્રીહરિની કૃપાનું વ્યક્ત લક્ષણ અનુભવું છું.

અંતમાં, કૃપામાને ભક્તિભાવે હૃદયથી નમસ્કાર, પ્રણામો ધરી વંદી, નમું છું.

કુંભકોણમ્ **—મોટા**

(કાવેરી માના સ્પર્શમાં)

તા. ૧-૮-૧૯૭૨

❑

# ૩૭. મોહ

સને ૧૯૭૩ના ઑગસ્ટની ૧૩મીની સાંજે દક્ષિણપ્રવાસમાંથી અમે સુરતના આશ્રમે આવ્યા. શ્રી ચંદ્રકાંતભાઈ મહેતા અમને બારડોલી તાલુકાના વાઘેચા ગામે પૂજ્યશ્રી મૌની બાપુજીના આશ્રમે લઈ ગયા હતા. મુંબઈથી છેક વાઘેચા ગામ સુધી અમે મોટરમાં જ આવ્યા હતા, અને ૧૩મીની સવારે લગભગ ૯-૩૦ વાગ્યે તે આશ્રમે પહોંચ્યા હતા. તે આશ્રમેથી બપોરે ૩ વાગ્યે અમે નીકળ્યા અને રાંદેર, કુરુક્ષેત્રના આશ્રમે તા. ૧૩-૮-૧૯૭૩ના રોજ સાંજે અમે ૪-૩૦ વાગ્યે આવી પહોંચ્યા હતા.

ત્યારે સુરત આશ્રમમાં એક બહેન ૪૯ દિવસના મૌનમાં બેસીને તે જ દિવસે બહાર નીકળ્યાં હતાં. તે બહેને મને કહ્યું, ‘મોટા, તમે જિજ્ઞાસા, શ્રદ્ધા, ભાવ, નિમિત્ત વગરે વગેરે પર બધું લખ્યું, તો હવે તમે **‘મોહ’** પર લખો તો સારું.’ મેં તે બહેનને કહ્યું, ‘બહેન, લખતાં તો વાર નહિ થાય, પરંતુ તે છપાવવા કાજે જે રકમ જોઈએ તે આપવાની ઉમકળાભેર તમારી તૈયારી હોય તો કહેજો. કલમ તૈયાર છે.’ તે બહેને તે બાબતમાં સંમતિ દર્શાવી ને છપાવવાને માટે જે ખર્ચ થાય, તે બધો જ ખર્ચ પોતે આપવાની પ્રેમથી તત્પરતા દર્શાવી. આ હકીકત બની તા. ૧૩-૮-૧૯૭૩ની સાંજે.

તા. ૧૫-૮-૧૯૭૩ના રોજ અમે વડોદરા હતા, ત્યાં બપોરના આરામ કરતી વેળા **‘મોહ’** ઉપર દસેક કડીથી શુભ શરૂઆત થઈ. તે પછીથી ધીમે ધીમે **‘મોહ’** પર લખાતું ગયું. તેમાં કેટલાક દિવસ તો મુદ્દલે લખી શકાતું ન હતું. દસબાર

માસ પહેલાંનો લખવાની બાબતનો જુસ્સો આ **'મોહ'**નાં લખાણમાં પ્રગટી જ શકતો ન હતો. એટલે શ્રીહરિકૃપાથી એમ નક્કી થયું કે જ્યારે તે લખવાની બાબતનો ભાવ જાગે ત્યારે જ **'મોહ'** ઉપર લખવું. આમ, કટકે કટકે થઈને **'મોહ'** ઉપર તા. ૪-૯-૧૯૭૩ સુધીમાં બધું લખાયું.

મોહનાં કેટકેટલાં પાસાં ! તે વિશે ઝાઝું વિચારવાનું બન્યું નથી. તે બધું આપમેળે લખાયા ગયું છે.

મોહનાં પ્રત્યક્ષ લક્ષણો, મોહ કઈ રીતે ઘટે કે મોળો પડે, ક્યારે ન હોય તે, મોહ મોળો પડે ત્યારનાં લક્ષણો, અને કઈ સ્થિતિમાં મોળો પડે, આ બધું શ્રીહરિકૃપાથી તેની તેની યોગ્યતા સાથે અને તેનાં તેનાં તે પરત્વેનાં લક્ષણો સાથે, ને તે તે બધું તેની યથાયોગ્યતામાં સમજી શકાય ને બુદ્ધિથી સ્વીકારી શકાય તેવી રીતે શ્રીહરિકૃપાથી લખાયું છે. મોહના પ્રારંભમાં જે રીતની શરૂઆત છે અને અંતમાં જે રીતે તેનું સમાવર્તન થયું છે, તે વાચકે જરા ગંભીરતાથી ને લક્ષ દઈને વાંચવાની જરૂર છે.

આમાં કેટલાક તદ્દન ઘરગથ્થુ શબ્દોનો પણ ઉપયોગ થયેલો છે. તદ્દન ગામડામાં બોલાતી ભાષાના શબ્દનો પણ ઉપયોગ આ જોડકણાંમાં થયેલો છે. વસ્તુને તદ્દન સરળ બનાવવાને કાજે, આવા હેતુના જ્ઞાનભાન સાથે તેમ થયેલું છે. એમ કરવા જતાં કદીક કાવ્યનો ગુણ ઊડી જતો હોય એવું પણ બને. જોકે આ 'મોહ'નું સર્જન જે થયેલું છે, તે તો છે માત્ર જોડકણાં. એટલે એમાં કાવ્યના ગુણદોષનો સવાલ રહેતો જ નથી.

શ્રીહરિકૃપાથી મારે શબ્દના સોદાગર થવું નથી. તેમ પંકાતી જતી હોય તેવી હરોળમાં બેસવાની દિલની ખેવના પણ નથી.

શ્રીહરિની કૃપાથી લખતાં લખતાં જેમ જે આવ્યું છે તે તેમ ને તેમ રખાયું છે, ક્યાંય પણ કશું મઠારવાનું કરેલ નથી. વિદ્વત્તાભર્યાં લખાણમાં કદીક કદીક બાહ્યાચારની બોલબાલા ને વાતોની વણઝાર હોય છે. આ હકીકત કોઈને અન્યાય કરવા કે થવા નથી લખી, પરંતુ કંઈ પણ કશા પરત્વે અતિશયોક્તિભર્યો ઝોક ન અપાય, તે જ યોગ્ય છે ને તે જ દૃષ્ટિબિંદુ સાચવવાનો આ જોડકણાંમાં મારો નમ્ર પ્રયાસ છે.

વળી, આ 'મોહ' પરનું લખાણ શ્રેયાર્થીને ઉદ્દેશીને પણ છે. જરાતરા, થોડીઘણી મોહની વૃત્તિથી છુટકારો થાય તેવું જેને યત્કિંચિત્ સળવળેલું છે, તેવાઓને ઉદ્દેશીને પણ આ લખાયેલું છે. શ્રેયાર્થીનો માર્ગ પણ વળી સર્વથી નોખો હોય છે.

જેમાં ને તેમાં હરેકમાં તે તે પ્રત્યેક ક્ષેત્રની સાંપ્રદાયિકતા હોય છે. એટલું જ નહિ પરંતુ તે ઘૂંઘટથી વીંટળાયેલી પણ હોય છે. એટલે શ્રેયાર્થીમાં જો સાચે જ મર્યાદાતીત એવું જ ચેતન બ્રહ્મ છે, તેને જ જો અનુભવવાની જ્વાળામુખી જેવી ભડભડતી અને ધગધગતી જિજ્ઞાસા પ્રગટેલી હશે, તો તેવા શ્રેયાર્થીએ અનેક પ્રકારનાં સમજણો, ટેવો, આગ્રહો ને પ્રત્યેક ક્ષેત્રની સાંપ્રદાયિકતાને પણ પ્રેમથી તેના હેતુના જ્ઞાનભાન સાથે છોડવાની તો રહેશે જ, ને આમ, શ્રેયાર્થીનો તો ચીલો જ હોતો નથી. તેણે પોતે કરીને પોતાનો આગવો ચીલો પાડવાનો રહે છે. તો આવી જ કોઈ સમજણથી જે કોઈ શ્રેયાર્થી હોય, તેમણે તેમણે 'મોહ' પરનાં મારાં આ જોડકણાં તેવા હેતુથી વાંચવાં, એવી મારી નમ્ર વિનંતી છે.

જીવનનાં સઘળાં જ મૂલ્યો બદલાયા વિના-તે પણ તેની

સમગ્રતાથી ને તેની સંપૂર્ણતાથી-ચેતનનો અનુભવ થવો કદાપિ શક્ય નથી. તેથી જ આવા પ્રકારનો જે ભાવનાત્મક પુરુષાર્થી છે, એ તો ક્રાંતિવીર હોય છે. જેમાં ને તેમાં એને તો નૂતન ક્રાંતિના નૂપુરઝણકાર સંભળાતા હોય છે. એની કેડી તો એણે પોતે આગવી પાડેલી છે. એવો પછી કોઈની સાથે કેવી રીતે મળતો આવી શકે ? એવાને કોઈની સાથે સરખાવી નહિ શકાય, સરખાવાય જ નહિ. એવો જે કોઈ છે તે તો સાચો જ મરજીવો છે.

બ્રહ્મ જેમ સંપૂર્ણ સમગ્રતાને સ્પર્શે છે, તેવી રીતે જ બ્રહ્મનો અનુભવી પણ કોઈ ને કોઈ રીતે સમગ્રતાને સ્પર્શતો હોવો ઘટે. તેની ભાષા પણ એવી હોય કે જે સમગ્રતાને સ્પર્શે. એટલે કે તે એવી હોય કે તદ્દન અભણ અને ગામડામાં રહેતા માણસને પણ સમજાય. તેનાં કર્મ પણ સમગ્રતાને સ્પર્શે એવાં જ હોય. આવી મારી અંગત સમજણ હોવાથી શ્રીહરિકૃપાથી જે જે કાંઈ લખાણ લખાયાં છે, તે બધાં જ સમજવામાં સરળ છે. વળી, જે યજ્ઞકર્મ શ્રીહરિકૃપાથી લેવાયાં છે, એ પણ સમગ્રતાને સ્પર્શે એવાં છે.

અનુભવીનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ અમર્યાદિત છે, તે કદાપિ સંકુચિત ન હોઈ શકે ને કદાચ હોય, તો તે યોગ્ય પરિપૂર્ણ, પરિપક્વ અનુભવી ન ગણાય, એવી મારી ગાંડીઘેલી સમજણ છે. 'મોહ'ને સમજાવવા બહુ લાંબું જવું પડે તેમ નથી. 'મોહ'ને તો બધાં જ બરાબર જાણે છે. જે તે બધાં મોહમાં પડેલાં જ છે, કિંતુ તેવું તેમને તેમને તે પરત્વેનું કશું જ ભાન જાગતું હોતું નથી. એ જ મોટામાં મોટી મોહની માયા છે. આ 'મોહ' વાંચવાથી 'મોહ'ની સંપૂર્ણ સ્પષ્ટતા, કાંઈ નહિ તો બુદ્ધિની

સમજણમાં તો આવી જશે જ.

આ 'મોહ'નું સર્જન સાહિત્યરસિકો કરતાં શ્રેયાર્થીને માટે શ્રીહરિકૃપાથી લખાયેલું છે. તેથી, સાહિત્યને ન શોભે એવું પણ કેટલુંક તેમાં છે, જેમ કે :-

મોહને શો ચટાકો છે ! ચાટ્યા કરે જ ચાટને !
છતાં જાય હડાકો ના, એવો શો મોહ લટ્ટુ છે !

આ લીટીઓથી કદાચ કોઈની રસિકતાને ખૂંચે એવું લાગે, તો તેવા મને માફ કરે, પરંતુ મોહ પ્રત્યક્ષપણે તેવો જ છે. મારે તો જેવો મોહ છે, તેને તેના સ્પષ્ટ, નગ્ન સ્વરૂપમાં દર્શાવવાનો છે, કે જેથી કોઈ શ્રેયાર્થી તેને જો યોગ્ય રીતે સમજી શકે ને જો તેની શ્રીહરિ પરત્વેની ભાવનામાં અભિમુખતા જાગી શકી હોય, તો મોહનાં એવાં દર્શનથી મોહ તેને ખરેખરા અર્થમાં ઊંડો હૃદયથી હૃદયમાં ડંખવા લાગે, તો મોહ મોળો જરૂર પડી શકે છે. ખરી રીતે તો શ્રેયાર્થીનું આત્મલક્ષણ મોહથી ઊર્ધ્વક્ષેત્રનું જેમ જેમ જીવતું ને ચેતનાત્મક પ્રગટ્યા કરતું રહે છે, તેમ તેમ જીવદશાનાં કામક્રોધાદિ વલણ મોળાં પડતાં જતાં જ હોય છે, એવો શ્રીહરિકૃપાથી પ્રત્યક્ષ અનુભવ છે.

એનો એ જ મોહ અનુભવીનો વળી શ્રીહરિભાવનાં ક્ષેત્રમાં કોઈ અનન્ય ભાવથી તેવા તેવા જીવના ક્ષેમ-કલ્યાણના હેતુ અર્થે જ્ઞાનભક્તિપૂર્વક પ્રવર્તતો હોય છે, તેને તો કોણ પિછાની શકે ? તેવા ચેતનાનિષ્ઠ અનુભવીનું મોહનું વલણ મોહનું દેખાતું હોવા છતાં તેવા ચેતનાનિષ્ઠે પોતાના શ્રીહરિના ભાવનું પ્રત્યક્ષ દર્શન શુદ્ધ પ્રયોગાત્મક રીતે તેમને તેમને કરાવેલું જ હોય છે. एणे પોતાના દિલના ભાવને એમ જીવદશાના કામક્રોધાદિથી

તદ્દન સ્વતંત્રપણે સહજ ભાવે સ્વયંસિદ્ધ શ્રીહરિકૃપાથી પ્રવર્તમાન થયેલો અનુભવ્યો હોય છે. આમ, કામ, ક્રોધ, મોહાદિ જીવદશાના જુદા હોય ને તેના તે જ ઊર્ધ્વ દિવ્ય ચેતનાના પ્રદેશના પણ જુદા હોય.

માતા, બાળકનો મળ સ્વચ્છ કરે, ને એક હરિજન ભાઈ તેમ કરે, બંનેની પ્રક્રિયા એકની એક જ, છતાં બંનેના મનોભાવમાં ફરક. તેવું તેવું કામ, ક્રોધ, મોહાદિનું સમજવાનું છે.

સામાન્ય માનવીને પણ આ 'મોહ' સમજાય તેવો છે, પરંતુ માત્ર ખાલી ખાલી સમજવાથી તે ટળી શકે તેવો પણ નથી. તે કેમ અને ક્યારે ટળે એ વિશે પણ શ્રીહરિકૃપાથી લખાયું છે જ.

'મોહ'ને મોહદશામાં રહીને, તેવી ભૂમિકામાં જીવીને, કદી પણ મોળો નહિ પાડી શકાય. મોહથી ઊર્ધ્વ પ્રકારના મનનચિંતવનમાં, અને તે પરત્વેના એકધારા ભક્તિપૂર્વકના, પુરુષાર્થવાળા જિજ્ઞાસાપૂર્વક લાંબાગાળાના, સદ્ભાવથી અને હેતુપૂર્વકના અભ્યાસથી તેમાં નવચેતન અને પ્રાણ જીવતાંજાગતાં થતાં, ને તે તે બધું ચેતનાત્મકપણે પ્રગટતાં, ને પાછું તે અખંડ થતાં, 'મોહ' ટળતો હોય છે. આ હકીકત પરત્વેનું લખાણ બને તેટલું સ્પષ્ટ આ જોડકણાંમાં લખાયું છે ખરું.

આ 'મોહ'નાં જોડકણાંમાં એકની એક હકીકત કદીક ફરી ફરી આવતી લાગે, તો વાચક મને માફ કરે. જે હકીકત વાચક કે શ્રેયાર્થીના દિલમાં ખાસ દઢાવવાની હોય, તે હકીકત વારંવાર દોહરાવાય, તો જ તેના મનમાં તે ઘોળાય ખરી, તેવા હેતુથી કેટલુંક પુનરાવર્તન થયું છે ખરું. ખાસ કરીને શ્રેયાર્થીને

માટે તો તેવું તેવું યથાયોગ્ય જ છે, તેવો મારો પોતાનો અનુભવ છે. જીવનવિકાસનાં ક્ષેત્રમાં વિકાસને સાનુકૂળ હોય એવી હકીકતના પુનરાવર્તનને યોગ્ય ગણેલું છે. તેમ છતાં તેવું પુનરાવર્તન આ જોડકણાંમાં કોઈકને ડંખે કે દોષ જેવું લાગે, તો તે સર્વની હું ક્ષમા માગી લઉં છું.

આવું બધું જે લખાયું છે, તે તો ભાઈ નંદુભાઈના દિલના મળેલા સંપૂર્ણ સહકારથી. આશ્રમનું દરેક પ્રકારનું કર્મ તેમણે પ્રેમથી માથે ઉપાડી લીધેલું છે અને તેમણે મને બને તેટલો નવરો જ રહેવા દીધેલો છે. સવારે આશ્રમમાં બધાં આવે કરે તેમની સાથે હળવા-ભળવાનું, વાતો કરવાનું થાય છે, તેટલા સમય પૂરતો કદાચ રોકાયેલો લાગું, પરંતુ તેમાં પણ ભાઈ નંદુભાઈનો દિલનો સહકાર મને છે અને આ બધું તેમણે પ્રેમથી ઉપાડી લીધું છે, તેથી તો મારાથી જિવાય છે. મારા શરીરને વેદનાકારક જે દર્દો છે, તેની પીડા દિવસે દિવસે વધતી જ જાય છે. શરીર ઘરડું થતું જાય છે ને રોગ જુવાન થતા જાય છે. વેદના હવે તેની મર્યાદાની બહાર તો ક્યારનીયે ચાલી ગઈ છે. ભાઈ નંદુભાઈએ જો મને પ્રેમથી આરામ આપ્યો ન હોત, તો આ જે બે વર્ષમાં શ્રીહરિકૃપાથી સર્જન થયું છે, તે કદાપિ બની શક્યું ના હોત. આશ્રમનાં બધાં જ કામકાજમાંથી હું તો હવે નિવૃત્ત જેવો જ છું. ભાઈ નંદુભાઈ તો હવે મારા માટે શ્રીભગવાનની કૃપાપ્રસાદી છે. હવે, તેઓ જ કર્તાહર્તા છે. તેથી, મારી સાથે સંબંધમાં આવેલાંઓને પ્રાર્થના છે કે તેઓ ઓછામાં ઓછો પત્રવહેવાર કરે. તે પ્રમાણે મિત્રોમાં, આશ્રમની સાથે સંકળાયેલાં ભાઈબહેનોમાં તેવી સમજણ ફેલાવે.

જેથી, ભાઈ નંદુભાઈને થોડીઘણી રાહત રહે. રાતના ઘણા મોડા સુધી તેમને કામ કરવું પડે છે, તે ભલે તેમનું તપ હોય ને તેમાં તેમને બિલકુલ કદી કંટાળો આવતો નથી, તેનો હું સાક્ષી છું. કર્મનો પ્રેમથી સ્વીકાર કરવાથી ને કર્મમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થવાથી, જીવનમાં કેટલું મળે છે, તે તો તે પ્રકારના અનુભવી જ સમજી શકે. કેટકેટલાં નવાં નવાં દૃષ્ટિ, સમજણો, ઉપાયો ને ઉકેલો પણ સૂઝે છે. પળેપળ કર્મમાં પરોવાયેલા જ રહેવું તે ભાઈ નંદુભાઈની પ્રસાદી છે. અને તેથી જ આટલાં બધાં દર્દની મર્યાદાતીત વેદના હોવા છતાં માત્ર તેમને જ કારણે મારાથી આનંદમાં જીવી શકાય છે. બધી જ ગડમથલો, પ્રશ્નો અને ગૂંચો જે બધી પ્રગટે છે, તેનો તેઓ સારો ઉકેલ કરે છે. તેમના શરીરની ઉંમર પણ લગભગ ૭૦ થવા આવી છે. અને શરીરની તે ઉંમરમાં સતત, એકધારું, થાક્યા વિના કર્મ કર્યા કરવું તે નાનીસૂની હકીકત નથી.

ભાઈશ્રી ઇંદ્રવદન શૅરદલાલને ત્યાં મારી બધી છપાયેલી ચોપડીઓનો મોટો ઢગલો થઈ ગયો છે. ને તેમના મકાનમાં તે બધી ચોપડીઓએ ઘણી બધી જગા રોકી લીધેલી છે. તેથી, તેમાં હળવાશ થવા, મારી સાથે જે ભાઈબહેનો સંકળાયેલાં છે ને લાગણી ધરાવે છે, તેમને મારી વિનંતી છે કે તેઓ ચોપડીઓ વેચી આપવાનું કામ કરે - કરાવે ને તેવી રીતે તેટલી મદદ તેઓ આશ્રમને આપે. લાગણી તો ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ છે. સાચેસાચ જો તેવા લોકોને લાગણી હોય, તો તે તેવું પ્રત્યક્ષ થાય, અને તો જ લાગણી છે તેવું ગણાય. કોક કોક ભાઈ થેલીમાં મારાં છપાયેલાં પુસ્તકો રાખીને જ ફરે છે,

ને જ્યાં ત્યાં બધે વેચવાનું કામ કરે છે. તેવા ભાઈઓનો પણ હ્દયથી ઘણો ઘણો આભાર માનું છું.

વળી, કોઈક કોઈક જેઓએ મારી પાસે લખાવ્યું છે ને તે લખાણ પ્રકાશન પામ્યું ત્યારે તે પુસ્તક વેચી આપવાનું પણ કેટલાંકે કર્યું છે. તેથી, આશ્રમને તેટલી રોકડી રકમ પણ મળી ગઈ, ને તે કાજે પણ તેવા ભાઈઓનો હ્દયથી આભાર માનું છું.

આ કાવ્ય નથી, માત્ર જોડકણાં છે. શ્રીહરિકૃપાથી અનુષ્ટુપ છંદ મને ફાવી ગયો છે. શાસ્ત્ર પ્રકારનું કાંઈ પણ કશું હોય તો અનુષ્ટુપમાં જ લખાય છે, તેવો સામાન્યપણે ઘણાં ઘણાં વર્ષોથી રિવાજ પડી ગયેલો છે. તેથી, આ 'મોહ' ઉપરનું લખાણ અનુષ્ટુપમાં લખાયેલું છે. તેની યથાર્થતા કેટલી યોગ્ય છે તેનો તો વાચકો જ ન્યાય કરશે.

માનસશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી ઈંદુકુમાર જેવા પાસે આ 'મોહ'નાં જોડકણાંનો ઘાટ ઘડાયો છે. તેથી, હું રાજી થાઉં છું, કારણ કે છેવટે તો 'મોહ'ને મનાદિકરણ સાથે જ જીવતોજાગતો સંબંધ હોય છે. એટલે 'મોહ'નું લખાણ તેવી રીતે જોતાં બરાબર બંધબેસતું છે કે નહિ, તેનું તુલનાત્મક અન્વેષણ ને અભ્યાસ તો તેમના જેવા જ કરી શકે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ.

તા. ૧૦-૯-૧૯૭૩ **-મોટા**

❑

# ૩૮. નિમિત્ત

તા. ૨૯-૨-૧૯૭૨ના રોજ વહેલી સવારે છ વાગ્યે પ્રા. ઈંદુકુમાર ખંડુભાઈ દેસાઈ, 'દક્ષિણા' ૧૦, શારદા સોસાયટી, અમદાવાદ-૭ને ત્યાં રોટલા જમવા જવાનું થયું. સત્સંગની ભાવનાથી પ્રા. અનુપરામ ગોવિંદરામ ભટ્ટ, પ્રા. રણધીરભાઈ ઉપાધ્યાય, શ્રી પંધે ગુરુજી (ખાંવગાંવ, વિદર્ભ), શ્રી દત્તા મહા (ગાંધી આશ્રમ, અમદાવાદ), શ્રી કાંતિભાઈ શિલ્પકાર (ચાંદલોડિયા) તથા પ્રા. રમેશભાઈ ભટ્ટ (મણિનગર)-આ બધા ભાઈઓ મળવા આવ્યા હતા.

ભાઈશ્રી ભટ્ટ સાહેબે પૂછવા માટે પ્રશ્નોત્તરી તૈયાર કરી રાખી હતી. એક તો તેઓ સંસ્કૃતના પ્રાધ્યાપક તેમ જ શાસ્ત્રોના ઉપાસક પણ ખરા. એટલે એમના જેવા શાસ્ત્રના અધિષ્ઠાતાના ઘણા ઝીણવટભર્યા અને અઘરા પ્રશ્નોના જવાબ આપવા મારા જેવા માટે ઘણા મુશ્કેલ તો ખરા, કારણ કે શાસ્ત્રો મેં વાંચ્યાં પણ નથી અને તેનો અભ્યાસ પણ નથી, પરંતુ ગમે તેવી મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પ્રસન્નચિત્ત, શાંતિ અને શાતાવાળા રહી શકાય અને સતત એકધારો આનંદ પ્રવર્ત્યા કરે અને જ્ઞાન તો આત્માનું સહજ લક્ષણ છે. ભલેને શાસ્ત્રો ન વાંચ્યાં હોય, અથવા તો અક્ષર પણ ન ભણ્યો હોય, તોપણ જેને અનુભવ થયો હોય છે એવો માનવી ગમે તેવા ભારેમાં ભારે પ્રશ્નો છોને પુછાયા હોય, તેનો તે સંતોષકારક જવાબ આપી શકે છે. એવો માનવી ગમે તેવી દુન્યવી અને વહેવારની દૃષ્ટિએ કઢંગી સ્થિતિમાં ભલેને દેખાતો હોય, છતાં પણ તે ચેતનામાં જ સતત, સળંગ અને અખંડ ચેતનાની ભાવનામાં રમણ કર્યા કરતો હોય છે. તેવું હૃદયમાં હૃદયથી હૃદયનું

શ્રીપ્રભુકૃપાથી જ્ઞાન પ્રગટી ગયેલું હોવાથી મને તો શ્રીપ્રભુકૃપાથી નિશ્ચિંતતા હતી અને દિલમાં પૂરેપૂરી પ્રસન્નતાપૂર્વકની મસ્તીભરી નિરાંત પણ હતી. અને તે ભૂમિકામાં શ્રી ભટ્ટ સાહેબના બધાયે પ્રશ્નોના પૂરેપૂરા ખુલાસા યોગ્ય રીતે થઈ શક્યા તેને હું ભગવાનની કૃપાપ્રસાદી અનુભવી શકું છું. જો તે વખતે ટેપરૅકૉર્ડર હોત અને મોટાની વાણી તેમાં ઉતારી લેવામાં આવી હોત તો તે વાણી સાંભળવાનો લહાવો ફરીથી મળી શક્યો હોત અને તે સાંભળીને બીજાઓને મારું ઉપરનું લખેલું કથન યથાયોગ્ય છે એમ જરૂર લાગત.

આ સત્સંગ થતાં થતાં, કંઈક નિમિત્ત વિશે વાત નીકળી ત્યારે મારી નવી પ્રસિદ્ધ થયેલી ‘જીવનગીતા’માંથી ‘નિમિત્ત’ વિશેનું મેં કેટલુંક વાંચી સંભળાવ્યું. તે બધું સંભળાવ્યા પછી શ્રોતામાંના કોઈકે કહ્યું કે ‘મોટા, તમે ‘નિમિત્ત’ ઉપર હવે લખો તો સારું. જેમ જિજ્ઞાસા, શ્રદ્ધા ઉપર તમે લખ્યું, તે પ્રભુમાર્ગ પરત્વે મથનારાને ઉપયોગી તો જરૂર થઈ પડવાનું જ છે. ગુજરાતી સાહિત્યમાં તો તે પરત્વેનું કોઈ લખાણ છે જ નહિ. એટલે એ રીતે એમાં મૌલિક ઉમેરો થયો. તેવી રીતે આ ‘નિમિત્ત’ વિશે તમે લખો તો ઘણું ઉત્તમ. ‘નિમિત્ત’ વિશેની સમજણ બહુ સ્પષ્ટ થતી નથી. એટલે જો તમે નિમિત્ત ઉપર લખો તો કાંઈ નહિ તો બુદ્ધિથી યોગ્ય સમજણ તો પડે.’ ત્યારે મેં તે ભાઈઓને કહ્યું, ‘નિમિત્ત ઉપર લખવામાં તો મને વાર નથી થવાની, કારણ કે તેની બધી સમજણ મારા મનમાં અત્યારે તૈયાર છે અને લખતાં જરા પણ વાર થાય તેમ નથી, પરંતુ આ નિમિત્ત છપાવવાનું ખર્ચ તમે આપો અને તેને વેચી આપવાનું પણ તમે પ્રેમથી સ્વીકારો, તો હમણાં જ હું તો

તમને નિમિત્ત ઉપર લખી આપું.' અને તે ભાઈઓ તે અંગે કબૂલ પણ થયા.

બીજે દિવસે ભાઈશ્રી પ્રભુદાસ અને જયંતીભાઈ જાનીને ત્યાં તેમના નવા મકાનના વાસ્તુને માટે જવાનું હતું અને સવારમાં વાસ્તુનો હવન મારે હાથે થવાનો હતો. તે પહેલાં સવારે ચાર વાગ્યે ભાઈશ્રી ૧૦૮ રમાકાંત જોશી પાસે **'નિમિત્ત'** ઉપર થોડું લખાવ્યું. એકધારું હું બોલ્યા જતો હતો અને તેઓ લખતા જતા હતા. પછી તો 'હરિઃૐ આશ્રમ સોસાયટી'ના ખાત મુહૂર્તવિધિમાં મારે જવાનું થયું, અને પછીથી વાસ્તુ-હવનની વિધિમાં એમ કાર્યક્રમમાં સમય વીત્યા કર્યો. તા. ૨-૩-૧૯૭૨ના રોજ બપોરના ત્રણ વાગ્યે તો અમે ત્યાંથી નડિયાદ આશ્રમે આવવાને નીકળી ગયા. અને ચોથીએ વહેલી સવારે પાછું 'નિમિત્ત' ઉપર ભાઈશ્રી રાજુભાઈ પાસે લખાવરાવ્યું અને ભાઈશ્રી સોમાભાઈ ભાવસારે તે ઉતારી લીધું. બાકીનું બધું લખાણ લગભગ તે જ દિવસે પૂરું કર્યું.

પાંચમીએ સવારે નડિયાદ હરિઃૐ આશ્રમમાં ઉપરના જણાવેલા સદ્‌ગૃહસ્થો પધાર્યા. તે બધાને મારું નિમિત્તનું લખાણ ભાવપૂર્વક એકાગ્રતાથી એકધારું વાંચી સંભળાવ્યું. તે બધું લખાણ તે ભાઈઓને રુચ્યું તેથી મને ઘણો આનંદ થયો. આવો છે આ 'નિમિત્ત' વ્યક્ત થયાનો ઇતિહાસ. શ્રીપ્રભુકૃપાથી 'નિમિત્ત'ને વ્યક્ત થયાનો આવો મને જે અવકાશ મળ્યો તેથી મને પણ હૃદયમાં આત્મસંતોષ પ્રગટ્યો છે. તે કાજે શ્રી ઇંદુકુમાર અને શ્રી અનુપરામભાઈ ભટ્ટ સાહેબનો હું હૃદયથી આભાર માનું છું.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **મોટા**

તા. ૬-૩-૧૯૭૨

❑

# ૩૯. પ્રેમ

હું રોજ પોસ્ટકાર્ડમાં કેટલાંકને એક એક જોડકણું લખું. આજ સુધી તે બધાં ૨૫૦૦ ઉપરાંતની સંખ્યામાં થાય, એટલે જેમને લખતો હોઉં તે છપાવી આપે, અને કેટલાંક તો તે પુસ્તક વેચી પણ આપે. આમ, તે બધી રકમ હરિઃૐ આશ્રમના ચોપડે જમા થઈ જાય. આમ, હું રોજ પોસ્ટકાર્ડમાં કેટલાંકને કાવ્ય લખતો હોઉં છું, તે ઘણાંખરાંને તો ખબર. મારાં કર્મોના સંગાથી, અનેક રીતે મને મદદ કરનાર, અને બીજી અનેક રીતે અનેક હકીકતમાં જે ખડે પગે ઊભા રહેનાર, એવા શ્રી ઇંદુભાઈ શૅરદલાલે મને એકવાર કહ્યું, 'મોટા ! તમો રોજ જયશ્રીને એક એક કાવ્ય લખો તો સારું, તેની ઘણી જ ઇચ્છા છે.'- **પ્રેમ**નું આ ઉદ્‌ભવસ્થાન. તે મુજબ રોજ જયશ્રીને એક એક કાવ્ય લખતો, અને તે ઘણી બધી સંખ્યામાં થયાં. તે કાગળોનાં જોડકણાંને ઉતારી આપવાનું કામ મારા સ્નેહી શ્રી પ્રતાપભાઈનાં દીકરી અચલાબહેને કરી આપ્યું.

આ બધાં જોડકણાં લખાતાં હતાં ત્યારે કોઈ હરિનો લાલ આ બધું છપાવવાને મળી રહેશે તેવી શ્રદ્ધા તો હતી જ, અને થયું પણ તેમ જ.

મારી સાથે સંબંધ રાખનારાં ભાઈબહેનો, મારા માટે લાગણી રાખનારાં જે બીજાં ભાઈબહેનો છે, તે બધાં આવાં છપાયેલાં પુસ્તકો વેચી આપવામાં મદદ કરે એવી મારી તેમને વિનંતી છે. ભાઈશ્રી ઇંદુભાઈ શૅરદલાલને ત્યાં મારાં આવાં છપાયેલાં પુસ્તકોએ કેટલી મોટી જગા રોકી છે, એ તો જાતે જેણે જોયું હોય તેને સમજણ પડે. નડિયાદ આશ્રમમાં આટલાં બધાં પુસ્તકો

રાખવાની કોઈ સગવડ નથી. આવી સગવડ સરળતાથી ઓચિંતી આપમેળે મળી છે, તેને હું ભગવાનના પ્રસાદરૂપે અનુભવું છું. ભાઈશ્રી ઇંદુ અને જયશ્રીનો ઉપકાર તો કેટલો માનું ? અને કેવી રીતે માનું ? પૂજ્ય બાને તો વીસરાય જ કેમ ? આવાં બધાં જે જીવો ભગવાનની કૃપાથી મળ્યાં છે, તે તે જીવોની મારા પરત્વેની શુભેચ્છાઓ, સહાનુભૂતિ, ઓથ, અને મને ખપમાં લાગવાની એમના દિલની તત્પરતા, તે બધાના બળ વડે કરીને મારા ભાંગેલા શરીરમાં પ્રાણ પ્રગટે છે, અને જિવાય છે પણ તેને જ કારણે.

અમદાવાદમાં જ્યારે હોઈએ છીએ ત્યારે ભાઈ ઇંદુ અને જયશ્રી તો સેવામાં હાજર જ, તેમનું બધું જ કામકાજ પડતું મૂકીને. તેવી જ રીતે નડિયાદમાં ભાઈ રાજુ અને તેમનાં પત્ની રેણુકાબહેન. રેણુકા તો સુરત આશ્રમમાં પણ મારા શરીરની સેવા માટે આવે છે. આ બધાં જીવોનો કઈ રીતે બદલો વાળી શકું ? મારામાં તો તેવી કોઈ શક્તિ નથી. બદલો વાળનારો તો હજાર હાથવાળો મારો ભગવાન જ છે.

મારું શરીર ઘણા રોગોથી પીડાયેલું રહે છે, તે ઘણાં બધાં જાણે છે. મુસાફરીથી હવે શરીરને થાક લાગે છે, જે પહેલાં લાગતો ન હતો. મુસાફરીમાં મોટરમાં ફરવાનું બને છે, પૂરતો આરામ પણ મળે છે, તેમ છતાં બહુ બધા રોગોનાં કારણે શરીરની સહેવાની શક્તિ મર્યાદાની બહાર પહોંચી ગયેલી છે. જે કાંઈ સહેવાનું હોય છે તે શારીરિક શક્તિથી નથી બનતું, એટલી વાત મારે મન નિશ્ચિત હકીકત છે. તેથી, મળેલાં સ્વજનોને અને અન્ય જીવોને પ્રાર્થના છે, કે પરમાર્થનાં કર્મમાં

મદદ કરે અને આ છપાયેલાં પુસ્તકોને વેચવાનું કામ, મારી સાથે સંકળાયેલાં દરેક જીવ ઉપાડી લે અને વેચી આપે. ભાઈ ઇંદુભાઈને ત્યાં ઘણી જગ્યા રોકાઈ ગઈ છે. નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારાઈ હતી, તેમ મળેલાં તમે બધાં આ કામ પાર ઉતારી દો એવી મારી તમને દિલની, દિલથી વારંવાર વિનંતી અને પ્રાર્થના છે.

આ બધાં જોડકણાં **'પ્રેમ'** ઉપરનાં છે. અત્યાર સુધી એના ઉપર મારાથી કશું લખાયું ન હતું. પ્રેમનાં તો ઘણાં પાસાં છે. ભક્ત હૃદયવાળા જીવને પ્રેમના ભાવ વડે કરીને જ જિવાતું હોય છે. એવાં પ્રેમનાં તો ઘણાં પાસાં. સામાન્ય માણસને સમજાણ પડે એવાં જ પાસાં વિશે મેં લખ્યું છે. પ્રેમનાં રહસ્યનાં પાસાં વિશે લખવાનું જાણી જોઈને ટાળ્યું છે. પ્રેમમાં, પ્રેમની ભાવનામાં વિકાસ થવાને કાજે, ઝાંખી, સ્પર્શ અને દિલ ઉપર પણ ભગવાનની કૃપાથી લખાયું છે ખરું. ભક્તિમાં ઝાંખીનું રહસ્ય કોઈ અનોખા પ્રકારનું છે. ઝાંખીથી ભક્તહૃદયને, ભક્તિમાં એકરાગ અને શ્રીભગવાનના ભાવમાં અખંડપણું અનુભવવાને કાજે, શ્રીહરિની ઝાંખી, એ એક અનોખું, અણમોલ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ, અવર્ણનીય એવું એક ભાવાત્મક તે છતાં પ્રત્યક્ષ એવી ઝાંખીનું શ્રીહરિકૃપાથી જે દર્શન થયું છે, તેનું મેં આ જોડકણાંમાં બધું સ્પષ્ટતાથી અને સરળતાથી વર્ણન કરેલું છે. ઝાંખી એ તો શ્રીભગવાનની કૃપાનો કોઈ અગોચર, અગમ્ય, ગૂઢમાં ગૂઢ અને પાછો સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવી એક શ્રીહરિ લીલાના દિવ્ય ભાવનો પ્રત્યક્ષ હકીકતયુક્ત અને ભક્તનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્, અને એ બધાંનીય ઉપર

સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે હૃદય છે, એવાં બધાંય કરણોને ઝાંખીનું દર્શન તેમને તેમને પ્રકૃતિમાંથી ઊંચકીને શ્રીભગવાનની ભક્તિમાં અદ્‌ભુત, દિવ્ય રસમાં તેમને તેમને પલાળીને, તે તે કરણોને એવા તો રસમય બનાવી દે છે, અને ઉત્કટમાં ઉત્કટ ઉન્માદભર્યું, કોઈ અનોખા પ્રકારનું આકર્ષણ પેલા પલળતા જતા ભક્તના દિલમાં પ્રગટાવે છે. તે દિવ્ય આકર્ષણનો આનંદ, શરીરનાં રોમેરોમમાં, અણુએ અણુમાં, નસેનસમાં અને રગેરગમાં ઓતપ્રોત થઈને ફેલાઈ જતો હોય છે. જોકે ઝાંખી એ તો પ્રાણના સૂક્ષ્મ અને દિવ્ય પ્રદેશની હકીકત છે, પરંતુ આ ઝાંખી અને તેનું દર્શન એ તો  પ્રાણનાં કરણને થતાં જતાં, ભક્તની ભૂમિકાને ક્યાંયે ઊર્ધ્વમાં લઈ જાય છે, અને તે પ્રાણનાં કરણની સાથે મન, ચિત્ત, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ પણ સંકળાયેલાં રહ્યા કરે છે. ગમે તેટલું લખીએ તોપણ ઝાંખીનાં દર્શનનું વર્ણન શબ્દાતીત અને ભાવાતીત પણ છે. તેમ છતાં તેની થોડી ઘણી સમજણ પડે અને પ્રભુકૃપાથી તે ભૂમિકામાં જે જે, જેવો જેવો અનુભવ થયો હતો, તેની આછી પાતળી હકીકત આ ઝાંખીનાં જોડકણાંમાં લખી છે. ઝાંખીનું હાર્દ અનોખું છે. ઝાંખીનું રહસ્ય ભક્તને દિલમાંની દિલની એક વાસ્તવિકતાવાળી હકીકત છે. સામાન્ય જીવને માટે તે ઝાંખી જરૂર રહસ્યવાળી છે. જે જીવને ભક્તિના પ્રદેશની કશી સમજણ કે ગતાગમ નથી, તેવાને ઝાંખી વિશે કશી સમજણ પડી ના શકે. એ તો એમ પણ કહે કે એ તો માનવીના મનના ખાલી તરંગો છે, અથવા તો તે એક નવરા પડેલા માણસના મનની ઉડ્ડયનશીલ કલ્પનામાત્ર છે, પરંતુ આવા પ્રકારની ઉડ્ડયનશીલ કલ્પનામાત્રમાં પણ રમવું કોને ગમે છે ?

'સ્પર્શ' અને 'દિલ' વિશે કંઈ હું લખતો નથી.

ઘણાં વર્ષો ઉપર મારા એક સ્વજનને **'પ્રેમ'** ઉપર એક પત્ર લખ્યો હતો. પ્રેમ પરત્વેની સમજણ પ્રગટાવવાને માટે તે આખોયે કાગળ આ 'લેખકના બે બોલ'માં મેં આવરી લીધો છે, અને તે નીચે મુજબ છે :-

'सर्वं खल्विदं ब्रह्म' એવું શ્રુતિવચન જેટલું સાચું છે તેટલું જ સાચું सर्वं खल्विदं પ્રેમ એ કથન છે. અંગ્રેજીમાં તો 'પ્રભુ એ જ પ્રેમ છે' એવી ઉક્તિ છે પણ ખરી. સ્થૂળમાં સ્થૂળથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રેમ પ્રવર્તી રહેલો છે. એને જ લીધે સૃષ્ટિનું ધારણ થાય છે, પોષણ થાય છે. એને જ લીધે માનવી અને પશુ તથા પ્રાણીમાત્રમાં જિજીવિષાની અદમ્ય પ્રેરણા રહેલી છે, કેમ કે જિજીવિષા ત્યારે જ હોય કે જ્યારે જીવવામાં રસ રહેલો હોય. એકલા સચેતન નહિ પણ અલ્પચેતન અથવા આપણે જેને જડ કહીએ છીએ તેવા પદાર્થો પણ પ્રેમબદ્ધ છે.આ કંઈ કોઈ તરંગી કવિનો કલ્પનાવિહાર નથી, પણ શુદ્ધ સત્ય હકીકત છે. પૃથ્વી અને બીજા ગ્રહો પરસ્પરના અને સૂર્યના આકર્ષણથી અને તારાઓ એકબીજાના આકર્ષણથી સ્વસ્થાન અને સ્વમાર્ગથી ચ્યુત નથી થતા અને તેથી સૃષ્ટિનો ક્રમ ચાલ્યા કરે છે. પૃથ્વી ઉપર પણ દરેક જડ પદાર્થને પૃથ્વીનું આકર્ષણ છે, તેથી જ તે પૃથ્વી ઉપર રહી શકે છે. આખું વિશ્વ કોઈ નિગૂઢ, અદૃષ્ટ સાંકળથી એકબીજા સાથે જોડાઈ રહ્યું છે. પછી તેને સાપેક્ષવાદનો નિયમ (Law of Relativity) કહો કે બીજું કોઈ નામ આપો. એ નિયમ, નિયમ હોવાથી સૂક્ષ્મ છે, પણ તેથી જ તે એટલો શક્તિશાળી છે, કે સમસ્ત વિશ્વમાં તે વ્યાપ્ત છે. આ નિયમ પણ

પ્રેમનું જ સ્વરૂપ છે, કેમ કે પ્રેમ એટલે એકબીજાને જોડનારી સૂક્ષ્મ સાંકળ નહિ તો બીજું શું છે ? આ પ્રેમ જ્યારે દેખીતી રીતે એવા પ્રાથમિક સ્વરૂપમાં પ્રગટે છે, કે તેમાં પ્રાણ ના હોય એમ આપણને લાગે ત્યારે આપણે એને જડ પદાર્થનું નામ આપીએ છીએ. એને સજીવ ભલે વૈજ્ઞાનિકો ના કહેતા હોય, પણ એ શક્તિનું સ્વરૂપ છે એમ તો તેઓ પણ કહે છે. કોઈ પણ જડ પદાર્થનું પૃથક્કરણ કરતાં કરતાં વૈજ્ઞાનિકો જ્યાં સુધી પરમાણુ-Atom સુધી પહોંચ્યા ત્યાં સુધી તો ઠીક હતું, પણ સૂર્યમાળામાં શ્રીકૃષ્ણરૂપી સૂર્ય અને આસપાસ ગ્રહોરૂપી ગોપ-ગોપીઓની જે સનાતન રાસક્રીડા થયા કરે છે, તેવી જ સનાતન રાસક્રીડા પેલા अणोरपि अणीयान् જેવા પરમાણુમાં પણ થાય છે,એવી જ્યારે શોધ થઈ ત્યારે તો પછી જડ પદાર્થનું જડપણું ના રહ્યું, અથવા રહ્યું ગણીએ તોપણ ત્યાં કંઈક એવું આકર્ષણનું તત્ત્વ માલૂમ પડ્યું કે જેને ‘પ્રેમશક્તિ’ એવું નામ તાત્ત્વિક રીતે તો આપી શકાય, પછી ભલે એ ભૌતિક વિજ્ઞાનશાસ્ત્ર અનુસાર નામ ના અપાયું હોય.

સૃષ્ટિનું ધારણ અને પોષણ જેમ પ્રેમથી થાય છે, તેમ તેની ઉત્પત્તિ પણ પ્રેમથી જ થઈ છે. રસરાજ ભગવાનને લીલા કરવાની, રસ ભોગવવાની ઇચ્છા થઈ અને एकोऽहं बहुस्याम्ની વૃત્તિ ઉત્પન્ન થતાં જ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ. અને સૃષ્ટિના ધારણ પોષણ દરમિયાન પણ સતત ઉત્પત્તિની જે ક્રિયાઓ થયા કરે છે તેનું કારણ પણ પ્રેમ કે રસ જ છે, એ હકીકતનો ઇન્કાર કોણ કરી શકશે ?

આમ, પ્રેમ વિશ્વવ્યાપી છે. જડ પદાર્થોમાં તે આકર્ષણના

નિયમ તરીકે ઓળખાય છે, અને જીવંત પ્રાણીઓમાં તે વિષયવાસના, અને તેના ઉચ્ચતર સ્વરૂપમાં પ્રેમ તરીકે ઓળખાય છે.

માનવીમાં પશુત્વના અવશેષ અને પ્રભુત્વનાં બીજ છે, એ તો સર્વસ્વીકૃત સત્ય છે. માનવીમાત્ર, (માનવી શું, પ્રાણીમાત્ર-ચેતનમાત્ર) અંતે તો પ્રભુમય થવાનો છે, તેથી જો એણે પોતાના સહજ વિકાસની ગતિ ત્વરિત કરવી હોય અને તે દ્વારા કેટલાંય નિવાર્ય દુઃખો કે ચિંતા કે કર્મવિપાકમાંથી બચવું હોય કે તેને હળવાં કરી નાખવાં હોય તો અને આજકાલ જેનો સૂર પ્રધાનપણે વાગી રહ્યો છે, એવી માનવસેવા તેના સાચા અર્થમાં કરવી હોય તોપણ, તેણે આ વિરાટ તત્ત્વ-પ્રભુત્વ-પ્રેમને દિવ્ય અને દિવ્યતર બનાવવા પડશે.

એ પ્રેમ 'દિવ્યતર' ક્યારે બન્યો કહેવાય ? જ્યારે પ્રેમનાં બંને લક્ષણો-દ્વૈત અને અદ્વૈત-તેના પૂર્ણ સ્વરૂપમાં પ્રગટ થાય ત્યારે. કંઈ પણ 'બે'ના અસ્તિત્વ વિના, નથી સૃષ્ટિનું અસ્તિત્વ-કે નથી પ્રેમનું. અધમમાં અધમ સ્વાર્થી માનવી પણ પોતાના શરીરને કે મનને એટલું ચાહે છે, કે તેને સુખસગવડો મળે તે હેતુથી અનેક નીચ કૃત્યો કરે છે. આમ, શરીર, મન, સ્વભાવ વગેરે પ્રકૃતિનો આવિર્ભાવ અને 'હું' એ બેને તે જાણેઅજાણે જુદાં ગણે જ છે. सोऽहम् કે सर्वं खल्विदं ब्रह्म એ સત્ય સમજવા માટે કંઈ નહિ તો બુદ્ધિથી 'અહં' અને 'સઃ' નો કે 'સર્વં ઇદં' અને 'બ્રહ્મ'નો ભેદ પાડ્યો એટલે પડ્યો. सोऽहम्નો અનુભવ તેને જ થાય છે, કે જેને સઃ ઉપર પ્રેમ ઊપજે છે. પ્રેમ ત્યાં જ હોઈ શકે કે જ્યાં પ્રેમી હોય અને પ્રેમપાત્ર હોય.

એટલે કંઈક બીજું પણ હોય. પણ પ્રેમ એ પ્રભુનું તત્ત્વ હોવાથી તેમાં ઊર્ધ્વગતિ સાહજિક છે. તેથી જ એ દ્વૈતમાં પણ અદ્વૈતનો આદર્શ તે પ્રતિ વેગવાળું કે ધીમું, ભાનપૂર્વક કે સ્વભાવવશ થઈને થતું પ્રયાણ અને અદ્વૈતમાં લય કે સંમિલન-એ બધું જ પ્રેમમાં નિગૂઢ રીતે કે આવિર્ભૂત સ્વરૂપમાં રહેલું છે. આમ, પ્રેમ એ જોડનાર-બાંધનાર-સાંકળ પણ છે અને મુક્તિ અપાવનાર સાધન પણ છે. ખરી રીતે સાચો પ્રેમ એવી સાંકળ છે, કે જે સાંકળ જ નથી પણ મુક્તિનું જ લક્ષણ છે, કે મુક્તિનું જ સ્વરૂપ છે. માનવી કોની સાથે ખૂબ 'છૂટ'થી વર્તી શકે છે ? જેની સાથે તે પ્રેમની સર્વશક્તિમાન સાંકળથી બંધાયો હોય તેની સાથે. પરમ ચૈતન્યતત્ત્વ સાથે બંધાયેલો દેહધારી એટલે જીવન્મુક્ત, એટલે જ જે પ્રેમ દ્વૈત વગર અશક્ય છે, તે જ દ્વૈત તેના જીવન્મુક્ત શુદ્ધતમ રૂપમાં અદ્વૈત જ છે.

પ્રેમની આ સાહજિક ઊર્ધ્વગતિને જેટલે અંશે માનવ ભાનપૂર્વક સ્વપ્રયત્નથી વેગ આપશે, તેટલે અંશે તેને લાભ થશે, કેમ કે સાચો પ્રેમ મેળવવામાં અને તેના પ્રયાસમાં તથા મેળવાતાં થતી મન, પ્રાણ, હૃદય, બુદ્ધિ વગેરેની ક્રિયા પ્રક્રિયામાં જ માનવી આપોઆપ વધારે ને વધારે શક્તિ કેળવતો અને મેળવતો જાય છે. પ્રેમ પ્રભુનું તત્ત્વ હોવાથી તે આપણને આપણી પ્રકૃતિના, જન્મોથી પડેલા સંસ્કારો ઉપર, આપણાં કર્મ અને પ્રારબ્ધ ઉપર, આપણી સરસાઈ અને આપણું નિયંત્રણ કરવા પ્રેર્યા કરતો હોય છે. પ્રેમ આપણને શુદ્ધ કરે છે, કેમ કે પ્રિયજનને ખાતર આપણી સર્વ મનીષાઓ અને માન્યતાઓનો ત્યાગ તે માગી લે છે. પ્રેમ હોય ત્યાં 'હું' અને 'મારું' રહેતું

નથી. જેટલે અંશે 'હું' અને 'મારું' હોય તેટલે અંશે પ્રિયજન ઉપર પ્રીતિ ઓછી જ હોય, કારણ પ્રેમ એટલે જ મારાપણું નહિ પણ પ્રિયજનપણુ. 'પ્રિયજનને ગમે તે જ મને ગમે.' એવી જ્યાં ભાવના અને તદનુસાર વર્તન નથી હોતાં અથવા ઓછાં હોય છે ત્યાં એ પ્રેમ કહેવાય જ કેવી રીતે ? ત્યાં તો કેવળ સ્વાર્થ જ ગણાય. પ્રિયજનને ગમતું જ કરવાની હોંશ જ્યારે હોય ત્યારે જ પ્રિયજન માટે સર્વસ્વનું સમર્પણ આનંદપૂર્વક થઈ શકે અને ત્યારે જ માનવી જેવા માટીના દેહવાળાથી પણ પરાક્રમ, દુઃખસહન વગેરે પ્રભુમય કે અતિમાનવ લક્ષણો પ્રાપ્ત કરી શકાય. બાળકની અનેક જાતની ત્રાસ કે ઘૃણા ઉપજાવનારી કરણીને માતા આનંદથી ભોગવી લે છે, તેનું કારણ પ્રેમ. સાચો પ્રેમ પ્રિયજન પાસેથી કશાની અપેક્ષા રાખતો નથી. પ્રિયજન પાસેથી પ્રેમની પણ અપેક્ષા રખાય તો તેટલે અંશે એ પ્રેમ કાચો છે. અલબત્ત, આવા કેવળ નિરપેક્ષ પ્રેમનું પરિણામ મોડું વહેલું સામા પક્ષ તરફથી પ્રેમમાં પરિણામ પામ્યા વિના રહેતું જ નથી. તેમ છતાં સાચો પ્રેમ તો એવા કોઈ પણ જાતનાં પરિણામની ઈચ્છા કે આશા રાખતો નથી.

ઉદાર માનસ એ તો પ્રેમનું પહેલું પગથિયું માત્ર છે. પરિસ્થિતિ અનુસાર સંબંધમાં આવતી અનેક પ્રકારના સ્વભાવવાળી વ્યક્તિઓને સહન કરી લેવી એ તો પ્રેમનો પ્રારંભ કહેવાય. અને ગેરસમજૂત, મર્મચ્છેદી વાક્યોના ઘા, અન્યાયી વર્તન, કેવળ તુમાખીભર્યો કે કેવળ નીરસ કે ઉદાસીન અથવા વિરોધી વૃત્તિવાળો ભાવ, અનેક જાતના ખોટા આક્ષેપો, દુઃખ દેવા ફેંકાયેલાં લોહબાણથી પણ કઠણ ગણાતાં વાગ્બાણ-એ

બધું જ મૂંગે મોઢે સહી લેવું એટલે માનસિક ઉદારતા, પણ માનસિક ઉદારતામાં પણ થોડું ઘણું દુઃખ અંતર્ગત રહેલું હોય છે. સાચા પ્રેમને તો એવું દુઃખ નથી. અનેક શારીરિક કે માનસિક અડચણો પ્રેમ એક રૂંવાડું પણ ફરકવા દીધા વિના શાંતિથી સ્વીકારી લે છે. એ કદી પોતે કરેલી કરણીને ગાઈ વગાડી જાણતો નથી.

પોતાના સર્વપણાની અને સ્વાર્પણની બાબતમાં પ્રેમ જેટલો મૌન રહે છે તેટલો જ નિરભિમાની રહે છે. અહંકાર-મદ અને પ્રેમ એ બે વચ્ચે કદી મેળ ખાઈ શકે નહિ. તે સાથે પ્રેમને અને મોહને પણ તેજ-તિમિર જેવો સંબંધ છે. જેટલે અંશે મોહ તેટલે અંશે પ્રેમનો અભાવ. મોહ આંધળો છે, પ્રેમ વિરાટ સ્વરૂપ ભગવાનનું લક્ષણ હોઈ અસંખ્ય આંખોવાળો છે. પોતાના પ્રિયજન પ્રત્યે તેના કલ્યાણના હેતુનો સતત ખ્યાલ રાખીને તે દેખીતી રીતે અત્યંત કઠણ થઈ શકે છે, કેમ કે પ્રેમ કંઈ વેવલાપણું કે કેવળ કુમળી કુમળી, પોચી પોચી, લાગણી નથી. પ્રેમ પ્રિયજન પ્રત્યેના વર્તનની બાબતમાં હંમેશ એક ખ્યાલ રાખે છે : પ્રિયજનનું કેવી રીતે શ્રેય થાય. એને પ્રિય લાગે એવું જ કરવું એ કાંઈ પ્રેમ નથી, એ તો કાં તો કાયરતા છે કે ખુશામત. આવા એકમાત્ર કલ્યાણ પ્રતિ દૃષ્ટિ રાખીને કરેલા વર્તનથી ઘણી વાર પેલું પ્રિયજન ઊંધું સમજે, ગુસ્સે થાય, દ્વેષ પણ રાખે. અહિત કરવા તત્પર થાય અને સાચેસાચ અહિત કરે પણ ખરું, તેમ છતાં પ્રેમ તો એની પ્રત્યે દેખીતી રીતે ભલે કઠોર વર્તન કરે તોપણ અંદરથી તો પોતાનું હૈયું સદાય ભીંજાયેલું રાખશે. પ્રિયજનના આઘાતોનો પ્રત્યાઘાત હૃદયના

ઊંડા પ્રેમભાવથી જ આપશે અને બધી વિટંબણા પ્રભુની પ્રસાદી તરીકે સ્વીકારી અને વધાવી લેશે, અને પોતાનું કલ્યાણ જ કરાવવા આઘાતો તેને મળે છે એમ જ સમજશે. આવી રીતે સહિષ્ણુતામાંથી વિકસતાં વિકસતાં દ્વેષનો બદલો પ્રેમમાં પરિણામ પામે છે અને પછી એવું પ્રેમમય વર્તન એકાદ બે વ્યક્તિ કે અમુક સમૂહ પ્રતિ નહિ પણ પ્રાણીમાત્ર પ્રતિ થતાં, પ્રેમ ભગવાન બની જાય છે.

આવો પ્રેમ પ્રાપ્ત કરવાની ઉત્સુકતા ધરાવનારને જગતના સર્વ કોઈ પ્રસંગો, પોતાના કર્મવશાત્ સંબંધમાં આવેલાં સર્વ કોઈ પ્રાણીઓ, પ્રેમનો પાઠ શિખવાડનાર થઈ પડે છે, પણ તે પોતાનું પ્રત્યેક વર્તન ભાનપૂર્વક, જ્ઞાનપૂર્વક, પોતાના આત્મશ્રેયનો હેતુ સતત લક્ષમાં રાખીને કરતો હોય તો. કેવળ પ્રકૃતિને વશ થઈને પ્રેમાળ વર્તન થતું હોય તો વિકાસ ઓછો થાય છે અને કેટલીક વાર પછડાવાનું પણ બને.

આનું પણ કારણ છે. સાચો પ્રેમ પૂરેપૂરો અનાસક્ત છે. આસક્તિ અને પ્રેમ વચ્ચેનું અતિ સૂક્ષ્મ અંતરપટ તો કેવળ સંતો જ પારખી શકે એવું કશું નથી. સાધારણ રીતે પ્રેમ તરીકે જે ઓળખાય છે, તે ઘણી વાર આસક્તિ હોય છે, કેમ કે પ્રેમ એ એકાએક ઉછાળો મારતો અને પછી શમી જતો આવેગ નથી, પણ એ તો શાંત, ગંભીર, ઊંડા જલનિધિ માફક સતત નિશ્ચલપણે વહેતો ભાવ છે. એમાં વિસ્તાર પણ છે અને ઊંડાણ પણ છે. એને સમુદ્ર કરતાં પણ વ્યોમની ઉપમા વધારે યોગ્ય રીતે આપી શકાય, કેમ કે વ્યોમ સમસ્ત સૃષ્ટિમાં વ્યાપક છે, છતાં અલિપ્ત છે, અને સૃષ્ટિની પાર પણ જો કોઈ પ્રકૃતિનું

તત્ત્વ રહેતું હોય તો તે આકાશતત્ત્વ છે. આસક્તિ માણસને પછાડે છે, પ્રેમ ઉઠાડે છે. એવો અનાસક્ત પ્રેમ કેળવવો અને મેળવવો એટલે જ સાધના. એને સાધનાનું એક મહત્ત્વનું અંગ ગણવામાં આવે તો તે પણ અલ્પોક્તિ છે. જેમ એ સાધના છે, તેમ એ સિદ્ધિ પણ છે. કુશળ વર્તન અનાસક્તિથી પ્રાપ્ત થતી કેવળ નિર્લેપ દૃષ્ટિ વગર અશક્ય છે અને પ્રેમ, પ્રેમપાત્રનું કલ્યાણ જ વાંછતો હોવાથી, કુશળ વર્તન તેને માટે અનિવાર્ય છે. યોગ્ય સમયે યોગ્ય હાર્દિક વલણ પણ એણે રાખવું જ જોઈએ. એવાં યોગ્ય વલણ અને વર્તનની ગમ હોવી, સૂઝ પડવી એ કંઈ પુસ્તક વાંચનથી કે સંતોનાં એક રૂઢિનિયમ તરીકે પાસાં સેવ્યાથી કદી પ્રાપ્ત થતી નથી. સંસારમાં કાર્યદક્ષ ગણાતી બુદ્ધિથી પણ એવી સૂઝ મળતી નથી. એ તો અંતરાયરૂપ પણ થઈ પડે, જો એ સંસારી કાર્યદક્ષતાની પ્રાપ્તિ કે ઉપયોગ પાછળ સાધનાની દૃષ્ટિ રાખ્યા કરી ના હોય તો. એ સૂઝ તો સતત, એકધારું કેવળ શુદ્ધ પ્રેમપ્રાપ્તિનું લક્ષ્ય રાખીને તદનુસાર વર્તન કરવાથી ધીમે ધીમે વધારે ને વધારે પડતી જાય છે. વળી, સૂઝ પડવી એ એક વાત છે અને તે જીવનમાં ઉતારવી, તેને સાકાર રૂપ આપવું તે બીજી વાત છે. આપણે ઘણાયે એવા પંડિતો જાણીએ છીએ કે જેઓ વેદવેદાંતમાં ખરેખર નિષ્ણાત હોય, વાત કરવા બેસે ત્યારે પૃથ્વી ઉપર પગ જ ના રહે, પણ એમનું જીવન વર્તન તો કંઈક બીજું જ બતાવતું હોય. મળેલી સૂઝને વર્તનમાં ઉતારવાનો ખંતપૂર્વક, સાચી નિષ્ઠાથી પ્રયાસ થાય તો જ નવી નવી સમજણ ઊગતી જાય, અને પેલી નવી

સૂઝ પ્રમાણેનું જીવન ઘડાતું જાય. આ દૃષ્ટિએ જોતાં પ્રેમપ્રાપ્તિનો આદર્શ કદી પણ પૂરેપૂરો તો વર્તનમાં ઉતારી શકાય નહિ, અથવા એમ કહો કે તે આદર્શની ફલસિદ્ધિ ત્યારે જ થાય કે જ્યારે માનવી પ્રભુનું કેવળ સર્વ ભાવે યંત્ર બની જાય. આવો માણસ જ સાચો પ્રેમ શું તે સમજે છે અને તેવો ભાવ ધારણ કરી શકે છે. સામાન્ય રીતે આપણે જેને પ્રેમ કહીએ છીએ અને જે ઉત્કટ પણ દેખાય તેમાં અનેક સેળભેળ તત્ત્વો ભળી ગયેલાં હોય છે. સ્થૂળ વાસનાથી માંડીને પ્રિયજન ઉપર પોતાનો સૂક્ષ્મ પણ જોરદાર કાબૂ રહે એવી ઊંડી ઇચ્છા જેવી કંઈ કંઈ વૃત્તિઓથી ભળેલો પ્રેમ સાચો પ્રેમ નથી. મનુષ્યનું આંતરમાનસ એવી ગૂઢ રીતે વર્તે છે, કે તે મનુષ્યને પોતાની તેની કલ્પના પણ ઘણી વાર હોતી નથી. જેણે આંતર નિરીક્ષણ સંપૂર્ણ તટસ્થભાવે કરવાની જીવતી ટેવ પાડી હોય તેને જ તે દેખાતું જાય છે. પોતાની સર્વ સુખસગવડોનો ત્યાગ કરતી માતાના ઉત્કટ પ્રેમમાં પણ એ બાળક 'પોતાનું જ લોહી છે, પોતાનું સર્જન છે' એવો ઊંડો ભાવ સદાય છૂપી રીતે વર્ત્યા કરતો હોય છે, તેટલે અંશે તે શુદ્ધ નથી, સંકુચિત છે. જગતની ઘણીખરી માતાઓ વાત્સલ્ય પ્રેમમાંથી વિશ્વપ્રેમ પોતાનામાં પ્રગટાવી શકતી નથી, તેનું કારણ આ જ છે. પોતાના જ દેશ કે અમુક સામાજિક આદર્શ માટે પ્રાણાર્પણ કરવા તૈયાર થનારામાં ઉચ્ચ કોટીનો પ્રેમ નથી એમ તો કેમ કહેવાય ? તેમ છતાં એમાં પણ ઘણી વાર વિસ્તૃત અહંભાવ અને પાર્થિવ માપથી જ અન્ય જનને સમજવાની વૃત્તિ અને દૃષ્ટિ રહેલી હોય છે અને તેથી ત્યાં રાગદ્વેષની માત્રા પણ ઘણી હોય છે. શુદ્ધ પ્રેમ તો

આત્મસ્વરૂપ, પ્રભુસ્વરૂપ છે. એટલે એમાં ક્યાંય આવી પક્ષાપક્ષી ના હોઈ શકે. સંત નરસિંહ મહેતાએ સાચું જ ગાયું છે, કે **'પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર.'**

સાચો પ્રેમ એટલે શુદ્ધતમ વિવેક. સંત કે પ્રભુ સમદષ્ટ છે, તેનો અર્થ એવો છે, કે પેલા સંતના મિત્ર કે શત્રુ ગણાતા હરકોઈ પરત્વે સંત કશી પણ અંતર્ગત રાગદ્વેષની લાગણી વગર તે તેને યોગ્ય ભાવે રાખે. 'શત્રુ'નું શત્રુત્વ સંતને ક્ષોભ પમાડી શકતું નથી, કેમ કે સંતનો ભાવ આવા આઘાત સામે પ્રકૃતિને વશ રહેનારથી થતા પ્રત્યાઘાતવાળો નથી, પણ પોતાના જે રીતના વર્તનથી સામા માણસનું આત્યંતિક શ્રેય થાય તે રીતનો ભાવ સંત આવા આઘાતો પ્રત્યે રાખે છે. 'यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्'નો અર્થ મારી દૃષ્ટિએ આ છે. તેથી જ સંત, સંસારમાં રચીપચી રહેલા તરફ જે ભાવ રાખે છે તેના કરતાં અનેકગણો વધારે ભાવ તે, સાધક પ્રત્યે રાખે છે. સમદૃષ્ટિ એટલે નિર્લિપ્ત દૃષ્ટિ. આવી વિવેકભરી સમદૃષ્ટિ સાચા પ્રેમને જ સૂઝે છે, અને એ જ રાખી શકે છે. સામા માણસના આંતરસત્ત્વ (Inner Being)ને પારખીને જેમ વૈદ્ય પ્રત્યેક દરદીને તેની તેની પ્રકૃતિ અનુસાર જુદી જુદી દવા આપે છે, તેમ તેની પ્રત્યે તે કલ્યાણ માર્ગે કંઈક તો પ્રગતિ કરે એવો શુભાશય સદાય રહે અને તે પ્રમાણે વર્તન થાય, એ તો સાચો પ્રેમ જ કરી શકે. એ શક્તિ કંઈ ઝટ મળી જાય એવી નથી, એને માટે પોતાના આંતરમાનસની સંપૂર્ણ શુદ્ધિની જરૂર છે. પ્રેમ વિકસતો જાય છે તેમ તેમ આ શુદ્ધિ થતી જાય છે.

આંતરશુદ્ધિને માટે કદાચ ઉત્તમમાં ઉત્તમ સાધન પ્રેમની

ઉપાસના છે, કેમ કે પ્રેમ જેટલી સમજણ આપે છે, એટલે કે પ્રેમથી જેટલી જ્ઞાનપ્રાપ્તિ થાય છે, તેટલી બીજા કશાથી નથી થતી. માત્ર એ પ્રેમભાવ ભાનપૂર્વક, હેતુપૂર્વક કેળવવો જોઈએ અને એ ભાવ અને લાગણી કે આવેગ વચ્ચે શો ભેદ છે, તેનો ખ્યાલ આંતરનિરીક્ષણ કરી કરીને મેળવતા રહેવું જોઈએ. બાળકને મા કે પતિને પત્ની જેટલાં સમજી શકે છે તેટલું કોઈ અન્ય જન નથી સમજી શકતું એનું કારણ પ્રેમ જ છે. કોઈ પણ વિષય, ભૌતિક કે આધ્યાત્મિક, હસ્તગત કરવો હોય તો પ્રથમ જરૂરિયાત તો એ વિષયમાં રસ હોવો જોઈએ. આ ‘રસ’ એટલે પ્રેમ નહિ તો બીજું શું ?

આથી, પ્રેમ એટલે જ્ઞાન. પ્રભુનું જ્ઞાન મેળવવા માટે પ્રભુ પ્રત્યે પ્રેમ અનિવાર્ય સાધન છે, અને પૂર્ણ પ્રેમ અને પૂર્ણ જ્ઞાન એ તો પર્યાયવાચક શબ્દો થઈ રહે છે. સૂક્ષ્મ દેહમાં અને તે પછી સ્થૂળ દેહમાં શિરાએ શિરામાં શુદ્ધ પ્રેમનું તત્ત્વ વસે નહિ, ત્યાં સુધી શુદ્ધ જ્ઞાન પણ ના થાય, અથવા પ્રેમના સંપૂર્ણ આવિર્ભાવ માટે તો જીવન પ્રેમમય થાય એવો પ્રયાસ કરવો જોઈએ. એટલે કે પ્રત્યેક કર્મ-મન, વાણી, દેહનું-એ પ્રેમને ખાતર થવું જોઈએ. આમ, કર્મયોગ પણ જ્ઞાનયોગની માફક પ્રેમયોગ કે ભક્તિયોગનો પર્યાયવાચક શબ્દ થઈ રહે છે. તેવી જ રીતે કોઈ પણ વિષયમાં રસ ઉત્પન્ન થાય તો તેમાં આપણું ચિત્ત આપોઆપ એકાગ્ર થાય છે. તેથી પ્રેમયોગ, ધ્યાનયોગ પણ છે. આમ, શાસ્ત્રમાં વર્ણવાયેલા ચારે માર્ગો આ દૃષ્ટિએ જોતાં એક જ છે.

જ્યારે આવો પ્રેમ પ્રગટે છે ત્યારે આપોઆપ સમર્પણ થયા

જ કરે છે, પણ તે આનંદથી. પોતે કંઈ ત્યાગ કે બલિદાન કરે છે, એ વૃત્તિ પણ પ્રેમની કચાશ બતાવે છે. આનંદપૂર્વકનું સમર્પણ એ તો પ્રેમનો સ્વભાવ છે, પણ સાચો પ્રેમી તો એના સ્વભાવનો ઉપયોગ પણ જ્ઞાનપૂર્વક, ભાનપૂર્વક કરે છે, તો જ તે પ્રિયજનનું અને પોતાનું કલ્યાણ કરી શકશે. પછી તો 'પ્રિયજન' અને 'પોતે' એમ જુદાં પણ રહેતાં નથી.

ઘણા લોકો એમ માને છે, કે સાચો પ્રેમ તો પોતાના આત્મકલ્યાણની દૃષ્ટિ પણ ના રાખે અને કેવળ પોતાના પ્રેમપાત્રના જ ભલાની વૃત્તિ રાખે. આ માન્યતા દેખીતી રીતે ઘણી ઉચ્ચ ભાવનાવાળી લાગે છે, પણ જરા ઊંડો અનુભવ કરતાં માલૂમ પડશે કે જેનામાં આત્મકલ્યાણની દૃષ્ટિ હોતી નથી, તેને અન્યનું કલ્યાણ કરવાની દૃષ્ટિ નથી. તે અન્યનું કલ્યાણ કરવાની વૃત્તિ જ સદાય રાખે છે એમ પોતે ભલે માને, પણ ખરી રીતે તો કોઈ ઊંડો સ્વાર્થ, ખૂબ ઊંડો-એટલે કે ઝટ ના દેખાય એવો-પણ જરા વિસ્તૃત અહંભાવથી જ તે પ્રેરાતો હોય છે. કયા વર્તનથી કે ભાવથી સાચી સેવા થશે એ સૂઝવું કંઈ બાળકના ખેલ નથી. એમાં તો સર્વતોમુખી અને નિર્લિપ્ત દૃષ્ટિની જરૂર છે. નહિ તો જેને આપણે અન્યનું કલ્યાણ માનતાં હોઈએ તે તેનું અકલ્યાણ પણ હોય. આવી દૃષ્ટિ કેળવવા અને મેળવવા માનવીએ આંતરનિરીક્ષણ વગેરે સાધનોથી પોતાની આંતરશુદ્ધિ માટે પ્રયાસ કર્યા કરવો જ પડશે. એટલે કે ચિત્તશુદ્ધિ કે આત્મકલ્યાણના હેતુથી જ પ્રેરાઈને સર્વ કર્મો કરે તો જ આવી દૃષ્ટિ પ્રાપ્ત થાય.

આવી જ રીતે ઘણા એમ માને છે, કે 'બીજાની સેવા' એ જ માનવી જીવનનો ઉત્તમોત્તમ આદર્શ છે અને આત્મકલ્યાણ તરફ વૃત્તિ રાખવી તે ઊતરતા પ્રકારનો આદર્શ છે. એમાં પણ પોતે જેને સેવા માને છે તે જ જાતની સેવા, તે સેવા, બીજી નહિ-એવી જાણી અજાણી અપૂર્ણ સત્યવાળી પણ દૃઢપણે ટેવાયેલી માન્યતા જ કારણભૂત છે. સાચા સ્વાનુભવમાં જેમ સર્વાનુભવ આવી જ જાય છે, તેમ સ્વકલ્યાણની પ્રવૃત્તિમાં સર્વકલ્યાણની પ્રવૃત્તિ આપોઆપ થયા કરે છે. આમ, સ્વકલ્યાણની પ્રવૃત્તિ કરનારમાં વિશ્વપ્રેમ નથી એટલે કે તે સાચો પ્રેમ નથી એવી માન્યતા ભૂલભરેલી છે. સ્વકલ્યાણની પ્રવૃત્તિ એ એક જાતના સ્વાર્થની પ્રવૃત્તિ છે એમ જે કોઈ કહે છે, તેમને આવી જાતના નિઃસ્વાર્થ પ્રેમના તત્ત્વજ્ઞાનની કે તેના અનુભવની કશી જ ગતાગમ હોતી નથી.

આમ, પ્રેમ એ તો પ્રભુનો પયગંબર પણ છે અને પ્રભુ જાતે જ છે. સાધના છે અને સિદ્ધિ છે. દ્વૈત છે, અદ્વૈત છે અને તેથી પર પણ છે. સંપૂર્ણ બંધન તથા સંપૂર્ણ મુક્તિ એટલે પ્રેમ. આખું વિશ્વ એમાં સમાયેલું છે. તેની ઉત્પત્તિ પ્રેમથી થઈ છે, તે પોષણ પામે છે પણ પ્રેમથી અને તેનો લય પણ પ્રેમમાં જ થાય છે. એવું કશું જ તત્ત્વ સૃષ્ટિમાં નથી કે જેમાં પ્રેમનો અંશ પણ ના હોય અને જેને પ્રેમ પોતાનામાં સ્વીકારી લેતો ના હોય. વિકૃત સ્વરૂપમાં ભલે હોય, પણ જ્યાં ત્યાં પ્રેમ જ છે. ધિક્કારવૃત્તિ પણ માનવીમાં ત્યારે જ ઉદ્ભવે છે, કે જ્યારે કોઈ પ્રિયજન કે પોતાની સંસ્થા એને અણગમતી રીતે વર્તે, એટલે એ તો કેવળ પ્રેમની વિકૃત દશા જ છે.

સર્વત્ર છાયેલી આ પ્રેમની 'ઝલક' કે જેથી ગગન, પર્વતો, નદીઓ આદિ છવાઈ રહેલાં છે, એ પ્રેમની ભવ્ય ઝલક આ કાગળથી અણુમાત્ર પણ વધારે છવાય એ જ પ્રાર્થના છે.'*

હરિઃૐ આશ્રમ, - **મોટા**
અમરેન્દ્રપુરમ્ અગ્રાહરમ્
મેલે-કાવેરી, કુંભકોણમ્ (દક્ષિણ ભારત)
તા. ૨-૮-૧૯૭૩

❑

## ૪૦. શ્રદ્ધા

તા. ૨૯-૬-૧૯૭૧ની બપોરે મુંબઈથી વિમાનમાં બેસી એકાદ કલાકમાં અમે બેંગ્લોર પહોંચ્યાં. ત્યાંથી એલેમ્બિક કાચના કારખાનાના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી રમણભાઈ અમીન (એલેમ્બિકવાળા)ના ગ્લાસ ફૅક્ટરીના ગેસ્ટ હાઉસમાં પહોંચી ચાપાણી લઈ આરામમાં હતો, તે વેળા કાચના કારખાનાના કેટલાક ઉચ્ચ અમલદાર પણ હાજર હતા. ત્યારે કોઈક નિમિત્તસર શ્રદ્ધા પર કંઈક વાતચીત થઈ. તે પરથી શ્રદ્ધા પર લખવાનું મન થયું અને શ્રીપ્રભુકૃપાથી તેનો અમલ પણ તુરંત થયો. એમ શ્રદ્ધા પર લખવાનું થતાં થતાં તે લખાણ તે અમલદાર ભાઈને પણ વંચાવવાનું બન્યું. હું જેમ જેમ લખતો જતો હતો અને જેમ જેમ નોટનું પાન પૂરું થાય કે એકદમ હૃદયની ઉત્સુકતાથી શ્રી રમણભાઈ ઊઠતા અને ઝડપથી તે પાનામાં લખાયેલું શ્રદ્ધા પરનું લખાણ વાંચી લેતા અને તેટલામાં જ વળી, **આ જીવ** બીજું પાનું લખી લેતો અને તેઓ એમ કેટલીય વાર ઝડપભેર ઉત્સાહ ઝંખનાભર્યા ઊઠતા, તે દૃશ્ય આજે પણ દૃષ્ટિ સમક્ષ જીવતુંજાગતું છે. એવી તે સજ્જનતાની સૌરભભર્યું સૌજન્ય દિલને આનંદવિભોર કરી દેતું અને તેથી શ્રદ્ધા પરનું લખવાને શ્રીપ્રભુકૃપાથી **આ જીવ**ને વધારે પોરો ચડ્યો. ત્યાં કેટલાંય મળવા કરવાને આવ્યાં કરતાં. તા. ૩૧-૬-૧૯૭૧ના રોજ તો બપોરથી સાંજ સુધી બેંગ્લોરમાં ચારેક ઠેકાણે જવાનું પણ થયું હતું. તેમ છતાં તા. ૩૦-૬-૧૯૭૧ અને તા. ૩૧-૬-૧૯૭૧ની સવારે તથા તા. ૧-૭-૧૯૭૧ના દિવસે **'શ્રદ્ધા'** પર લખાયું હતું. **'જીવનગીતા'** છપાતી હતી

તેમાં શ્રદ્ધા પર થોડુંક વિવેચન તો લખ્યું હતું તેમાં ઉમેરવા બેંગ્લોરમાં શ્રદ્ધા પર લખાયેલું આ વિવેચન છપાઈ જાય તો ઉત્તમ, આથી, સુરત શ્રી ચૂનીભાઈ તમાકુવાળાને મોકલી આપ્યું. તે શ્લોકો સો જેટલા પણ ભાગ્યે જ હશે. તે વખતે મનમાં એમ થયું કે ગીતામાં જે ટિપ્પણ-નોંધ હોય, તે વિવેચન તરીકે ભલે હોય, પરંતુ તે નોંધ દોઢસો કડીઓ જેટલી થઈ જાય, તો તે ઠીક ના કહેવાય. હવે જો શ્રીપ્રભુકૃપાથી વધારે લખાય, તો શ્રદ્ધા પરનાં લખાણનું એક પુસ્તક સ્વતંત્ર જ છપાવવું એમ દિલમાં દિલથી નક્કી થયું.

મદ્રાસમાં તો નહિવત્ લખાયું. જે લખાયું તે શ્રી રમણભાઈ અમીનને વડોદરા વાંચવા મોકલી આપ્યું, કારણ કે તેમની તેવી ઝંખનાયુક્ત ઉત્સુકતા હતી.

તે પછી કુંભકોણમ્ આશ્રમમાં આવ્યા પછી તા.૮-૭-૧૯૭૧ના ગુરુપૂર્ણિમાનો ઉત્સવ (જે તિરુચિરાપલ્લીમાં ઊજવાયો) ઊજવાયા બાદ તા. ૯-૭-૧૯૭૧ થી તા. ૧૩-૭-૧૯૭૧ સુધી અને તા. ૧૪-૭-૧૯૭૧ના સવારમાં અને બપોરના એક કલાકમાં થઈને લગભગ તેરસો કડીઓ લખાઈ હશે.

જો હૃદયમાં જીવતીજાગતી સાધનાની જીવંત ચેતનાત્મક સામગ્રી ભરી પડેલી ના હોય, તો આટલા બધા શ્લોકોની સામગ્રી અને તે પણ તે બધી તેના જીવંતપણાના પ્રત્યક્ષ ઈતિહાસની બોલતી સાક્ષી પૂરતી, ચમત્કારિક રીતે દિલમાં સચેતન પડેલી હોય, તો જ તેટલું બધું લખી શકાય. તે ઉપરાંત, તેટલું લખાવાને કાજે **अनुष्टुप** છંદમાં તેવા લખનારનો હાથ સિદ્ધ થઈ ગયેલો હોવો જોઈએ.

શ્રીપ્રભુકૃપાથી **આ જીવ**ના હાથ પર **અનુષ્ટુપ** છંદ તો સિદ્ધ થઈ જ ગયેલો છે, કેટલાકથી તો તે દૃશ્ય અનુભવાયેલું પણ છે.

કુંભકોણમ્ આશ્રમમાં એકાદ વર્ષ પૂરું થયા બાદ પ્રત્યેક ગુરુપૂર્ણિમાના સમયે જ આવવાનું બને છે. ગઈ સાલ **'જિજ્ઞાસા'** પર લખવાનું હતું અને આ સાલ **'શ્રદ્ધા'** પર.

એકાદ વર્ષ પછી આવવાનું થાય, એટલે અહીંનાં સ્વજનોને મારી સાથે વાતો કરવાનું દિલ થાય તો તે સ્વાભાવિક છે, પરંતુ મને તે સ્વજનોએ વાતમાં રોકવાનું કર્યું જ નહિ અને મને શ્રદ્ધા પર એકાગ્રપણે મુક્તપણે લખવાની જે લહેર-મજા બક્ષી, તેવા તેમના ઉપકારનો બદલો કેવી રીતે વાળી શકાય ?

પ્રત્યેક વર્ષે અહીંનાં, દક્ષિણ ભારતનાં સ્વજનો ભેગાં મળી શ્રીપ્રભુકૃપાથી થયેલા સંકલ્પનાં કર્મ ફળવવાને જે પ્રેમથી મને દાનની સારી એવી રકમ ભેટ-દક્ષિણામાં આપે છે, તેથી મને ઘણી સરળતા મળે છે, તે સાથે તે તે સંકલ્પ સંપૂર્ણ થવામાં મને હૃદયમાં હૃદયથી પોરો પણ ચઢે છે. દક્ષિણનાં **આ** સ્વજનોને તેમનાં જીવનમાં શ્રીહરિ યોગ્ય બરકત પ્રેરો એવી પ્રાર્થના છે.

**'આ શ્રદ્ધા'** પણ તે સ્વજનોએ મને આપેલી સગવડ અને રાહતનું પરિણામ છે.

• • •

આટલા સવિસ્તારપણાથી શ્રદ્ધાને બહુ જ થોડા સમજતા હશે, તે પણ આટલી વિશદતાથી તો નહિ જ.

શ્રદ્ધા વિજ્ઞાન પણ છે અને શાસ્ત્ર પણ છે, પરંતુ તે જડબેસલાખ નથી. શ્રદ્ધાના હાર્દનો ભાવ પ્રત્યેક વ્યક્તિની

કેટલી, કેવી, તીવ્ર, ગાઢ, ઉત્કટ જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના છે અને કેટલી ગાઢ, ઉત્કટ તત્પરતા અને તાલાવેલી જાગે છે, તેના પર પણ આધાર રહેલો છે. પ્રત્યેકને પોતપોતાનાં સ્વભાવ, પ્રકૃતિ પ્રમાણે તે પ્રવર્તતી ભલે લાગે, પરંતુ આખરે તો જો જ્વાળામુખી સમી ધગધગતી ઉત્કટમાં ઉત્કટ તમન્ના જાગેલી હોય, તો નદીનાં પ્રચંડ પૂર સમયે તેના બંને કિનારાને છોડીને-વટાવીને નદીનું પાણી ક્યાંનું ક્યાંય વહી જતું હોય છે તેવું. તેવી શ્રદ્ધાનો પ્રભાવ અને પ્રતાપ, તેનો ભાવ તે પ્રમાણે પ્રવર્તતો અનુભવાય છે. **જીવ**નાં પ્રકૃતિ અને સ્વભાવ તો મર્યાદાશીલ છે, તેમ છતાં ઉપરના પ્રકારની શ્રદ્ધા તો **જીવ**નું તેવું બધું પણ તોડીફોડીને ક્યાંયે ફગાવીને ક્યાંયે વહેતી હોય છે. એવી પ્રચંડ ઝળહળતી તીવ્રતાથી જલતી શ્રદ્ધાને નથી કોઈ મર્યાદા, નથી કોઈ રીતરસમ, કે નથી કોઈ પદ્ધતિ. તેનો માર્ગ નિરનિરાળો છે. પોતે પોતાના જ સ્વયં ધોરણે સ્વતંત્ર રીતે વર્તનારી ચેતનાશક્તિ છે. તે પોતે સ્વયંભૂમાંથી પ્રગટેલી, સ્વયંભૂમાં મળવા, હળવા, ભળવા અને ગળવાને તથા તેમાં ચોક્કસ થઈ શ્રદ્ધા પોતે પણ તેમ થવાતાં થવાતાં કેટકેટલાં સ્વરૂપના પલટા લેતી હોય છે, એ પણ એક મૌલિક અનુભવ દર્શન છે.

શ્રદ્ધા કદી સાંકડા બંધાયેલા માર્ગની હોતી નથી. શરૂ શરૂમાં એનો માર્ગ ભલે અમુક ધોરણનો લાગે, કિંતુ ત્યાં પણ **એના** પ્રવાહનો વેગ પ્રચંડપણે વધતાં વધતાં શ્રદ્ધાના કિનારાની ક્ષિતિજો ક્યાંની ક્યાંય ગગનગામિની પ્રવર્તતી હોય છે.

આ સાધના માર્ગમાં ગણતરીનું મુદ્દલે કામ નથી. ભાવ

કેળવાતો જાય અને ભાવનો ઉત્કર્ષ જેમ જેમ પ્રગટતો જાય, તેમ તેમ તેવા નવા નવા ઉન્મેષ ધોધની જેમ વહેતાં વહેતાં કેવા ફૂટી નીકળતા અને જે ભૂમિકા આપમેળે રચાતી જતી હોય છે, તેવા જુદા જુદા તબક્કામાં શ્રદ્ધાનાં શાં કક્ષા, દક્ષા, લક્ષણો હોય વગેરે બધું શ્રીપ્રભુકૃપાથી વર્ણવવાનું થયું છે અને તે જ રીતે શ્રીપ્રભુપદે પ્રેમભક્તિભાવે ધર્યું છે.

(અનુષ્ટુપ)

અનુષ્ઠાન કરીએ છીએ કિંતુ તે માનતા નથી,
માનીએ જે છીએ તેનું પાલન કરતા નથી.
એવા કૈંક મળ્યા લોક ચેતન પામવા હૃદે,
ભલીવાર કશો તેમાં આવે પછીથી શી રીતે ?

જે મેળવવું છે, તેના પરત્વે હૃદયની હૃદયમાં ઉત્કટ જ્વાળામુખી જેમ ધગધગતી લગની જ્યાં સુધી લાગતી નથી, ત્યાં સુધી સાધનામાં જ્વલંત ચેતનાત્મક વિકાસ થવો શક્ય નથી. તેમ છતાં સાધન પકડીને તેને એકધારા સતત વળગી જ રહ્યા કરવાથી પણ એવી શ્રદ્ધા જાગે ખરી.

શ્રદ્ધાનાં અનેક લક્ષણોને જુદી જુદી રીતે જેમ જેમ તે અનુભવમાં આવ્યાં કર્યાં હતાં, તે તે હકીકતોને મેં તે તે રીતે રજૂ કરી છે. કેટલીક વાર એકની એક હકીકત અનેક રીતે, દોહરાવી પણ છે. શ્રદ્ધાથી ઊંડો પૃથક્કરણભર્યો ચેતનાત્મક જાગૃત અભ્યાસ માનવીના હૈયામાં જાગૃત હોય છે. તેનાથી કરી તેની તટસ્થતાયુક્ત વિવેકશક્તિ પણ જાગી જઈ વૃત્તિ, વિચાર, લાગણી, ભાવનાં ક્ષેત્રમાં તે કેવી કુશળ કારીગરની જેમ કામ આપે છે, તેનું પણ આમાં નિરૂપણ થયું છે.

શ્રદ્ધા આટલી વિશદતાથી અને આટલા વિસ્તૃત સ્વરૂપમાં ભાગ્યે જ વ્યક્ત થયેલ હશે એમ માનું છું. શ્રદ્ધાને કેળવાતી રહેવાવાને કાજે હેતુના જ્ઞાનની સભાનતાથી ભાવને મહત્ત્વ આપ્યા કરવાનું જે થયું, તેને હું શ્રીભગવાનની પરમ કૃપાપ્રસાદી લેખું છું. ભાવ વિનાનું બધું જ શુષ્ક છે. ભાવ એ જ શ્રદ્ધાની પાંગરતી જતી પ્રાણશક્તિ.

આધ્યાત્મિક વિજ્ઞાનશાસ્ત્રમાં શ્રદ્ધાનું મહત્ત્વ અગ્રસ્થાને છે. શ્રદ્ધા પરત્વેનું ગુજરાતી ભાષામાં એનાં સર્વ પાસાંને લગતું ખાસ કોઈ લખાણ નથી. સાધનાના પંથના પથિકોનું એ પંથે પ્રથમ પગલું શ્રદ્ધા વડે કરીને મંડાય છે.

પ્રત્યક્ષ પ્રવર્તતાં લક્ષણ વિના કંઈ જ કશું એની યોગ્ય રીતિનું, સ્થિતિનું, યોગ્ય રીતે સ્વીકારાય જ નહિ અને તેવાં શ્રદ્ધાનાં લક્ષણો પણ આમાં બતાવવાનું શ્રીપ્રભુકૃપાથી બની શક્યું છે, કારણ કે જીવનવિકાસના સાધનાપંથમાં ધપતાં ધપતાં, અથડાતાં કુટાતાં, જે અનુભવ શ્રીપ્રભુકૃપાથી થયો અને તે કાળે તેમાં તેમાં જીવંત ચેતનાત્મક તટસ્થતાની સભાનતા શ્રીપ્રભુકૃપાથી જાગેલી રહ્યા કરેલી હોવાથી, તેવું અનુભવથી સમજણમાં આવેલું હોવાથી, આ બધું તેથી કરી લખવાનું બની શક્યું છે અને તે પણ શ્રીપ્રભુકૃપાનું નિમિત્ત પ્રગટ્યું ત્યારે જ.

શ્રદ્ધા લખતાં લખતાં, 'શ્રદ્ધા**મા**' એમ લખતાં લખતાં **આ** શરીરને જન્મ દેનારી **મા**ની સ્મૃતિ જીવતી ઊગી આવી. તેથી શ્રદ્ધાને ઉદ્દેશી **મા** પર મેં લખ્યું છે. તે લખતાં લખતાં રડવું પણ આવ્યું છે. **મા** તે **મા** છે. **'મા તે મા, બીજા બધા વગડાના વા'** એવી જૂની કહેવત છે, તે કદાચ યથાર્થ જ હશે. **મા**નું હૃદયમાંનું

સંભારણું ભાવનાપ્રેરક, ચેતનાત્મક, જીવતું હોય છે, વળી, તે શ્રદ્ધાને જ સંબોધીને સાથે સાથે લખાયું છે.

'જિજ્ઞાસા' પર લખાયું હતું, ત્યારે જ 'શ્રદ્ધા' પર લખવાની અછરતી ઊર્મિ થઈ હતી ખરી, તે પણ આ લખાણથી પૂરી થાય છે.

શ્રદ્ધાને હૃદયના પ્રેમથી જ દોહરાવી છે. કેટલુંક તો જુદા જુદા સંદર્ભમાં બેવડાય પણ છે, પરંતુ શ્રેયાર્થીને માટે તો તે ઉત્તમ છે. જીવનની આધ્યાત્મિક સાધનામાં પુનરાવર્તન તે દોષ નથી, કિંતુ ગુણવિકાસની વિકાસ પામતી જતી પ્રક્રિયાનું તે એક મુખ્ય લક્ષણ છે. આ હકીકત આધ્યાત્મિક માર્ગના પથિકને નવી ના હોવી ઘટે.

જીવનવિકાસના માર્ગમાં 'શ્રદ્ધા' તો મૂળ પાયો છે. આમેય પ્રત્યેકના જીવનમાં શ્રદ્ધા તો તે તે પ્રકારની છે જ.

શ્રદ્ધા પરનું જેમ જેમ લખાતું ગયું છે, તેમનું તેમ તે રહેવા દીધું છે, એને મુદ્દલે મઠારવાનું તો કર્યું જ નથી, માત્ર એને ક્રમવાર ગોઠવવાનું થયું છે.

આપણા જીવનમાં જો કોઈ ઊંડો રસ લેતું હોય છે, તો તે આપણને ગમતું હોય છે. એટલું જ નહિ, પરંતુ કોઈ આપણને કે આપણાં કર્મને કે ગુણને કે પછી આપણા સર્જનને બિરદાવતું હોય છે, તો તે આપણા અંતરને ગમતું હોય છે. એથી જે ઉત્સાહભર્યા, જે ઉત્સુકતાભર્યા અને ઉત્કટ રસથી શ્રદ્ધાનાં લખાણને શ્રી રમણભાઈ અમીન વાંચવાનું દિલ કરતા, તે દર્શને મને એટલી બધી દિલમાં દિલથી દિલચસ્પી પ્રેરી હતી કે તેમની તેવી લાગણીએ આ શ્રદ્ધા લખવાને મને ઉત્તેજિત અને

પ્રોત્સાહિત કર્યો છે, તે બદલ તેઓશ્રીનો હું ઋણી છું.

શ્રીપ્રભુકૃપાથી **આ જીવ**ને એવાં અભ્યાસ, ટેવ અને સમજણ છે, કે જે કંઈક કરવાનું દિલ થાય, તેને બની શકે એટલી ત્વરાથી આટોપી લેવાય તે ઉત્તમ, કારણ કે મૃત્યુની નિશ્ચિતતા તો નથી જ. તેથી મૃત્યુના વિચારથી નહિ, પણ તે તો છે જ, તેથી જે સંકલ્પ હોય તે શ્રીપ્રભુકૃપાથી જેટલો સવેળા સ્વસ્થતાપૂર્વક, શાંતિ અને ભાવથી પૂરો થઈ જાય, તે ઉત્તમોત્તમ.

વળી, મને એમ પણ છે, કે હવે **આ** શરીરને ઘણા રોગ છે અને તે ખવાતું જાય છે. તે હાલ વેદનાગ્રસ્ત તો છે જ, પરંતુ હવે તેવી વેદનાનો હુમલો સહન કરવાની શરીરની પણ મર્યાદા છે. શરીર ઉંમરને કારણે ઘરડું થતું જાય છે અને તેથી તેની સહન કરવાની તાકાત ઘટે તે સ્વાભાવિક છે. તે ઉપરાંત, હવે **આ** શરીરને થાક પણ લાગે છે, જે પહેલાં મુદ્દલે લાગતો જ ન હતો. આ ઉપરાંત, આમેય શરીરનો ભરોસો ના ગણાય. તેથી પણ જેટલું જલદી આટોપાય તેટલું ઉત્તમ.

આ કારણથી પણ મને થયું કે જેટલાં પ્રકાશન, જે કંઈ થવાનાં છે, તે જેટલાં વહેલાં શ્રીપ્રભુકૃપાથી થઈ જાય તો ઉત્તમ. બાકી, મને પોતાને તો **જીવવાની** કે **મરવાની** તે બેમાંથી એક પણ મરજી નથી. બંને આવકાર્ય અને સ્વીકાર્ય છે.

છેવટે એક જ પ્રાર્થના. મળેલાં સ્વજનોએ જે પ્રેમથી સાથ આપ્યો છે, તે હવે જરા વધારે પ્રેમથી, ભાવથી, ઉત્સાહથી અને દિલના ઉમંગથી, રસથી, જીવતોજાગતો સાથ મને આપે અને મારાં કર્મને બિરદાવે અને જલદી સ્વસ્થતાથી નીપેટાય, તેમ થવા દેવામાં પોતે પોતાની શક્તિ પ્રેરાવે.

સમાજમાં જે કામ લીધેલાં છે, કે હવે પછી જે થશે કે જે પહેલાં થયેલાં છે, તેમાં 'મોટા'ની કશી જ વિશેષતા નથી. મોટા તો સમાજનો નોકર છે અને બહુ બહુ તો તે મુનીમ છે. મોટાનાં વખાણ થાય તે યથાયોગ્ય નથી, તેને લાયક પણ નથી. લાયક તો એકમાત્ર શ્રીભગવાન પોતે જ છે.

શ્રદ્ધા પરનું લખાણ તો જોડકણું છે. એને કાવ્ય ગણતો નથી, પણ તે સાથે મને એટલું સ્પષ્ટ લાગેલું છે, કે શ્રીપ્રભુકૃપાથી શ્રદ્ધા-જિજ્ઞાસાના ભાવથી યુક્ત મનન ચિંતવનની એકધારાથી સહજપણે જે પ્રગટ્યું છે, તે તો મારા ભગવાનની કૃપાપ્રસાદી છે, કારણ કે તે તો એકદમ એક જ ઝપાટે અને સપાટે સતત સ્ફુર્યાં જ કરેલું છે.

શ્રદ્ધાભાવની નિષ્ઠાથી જો કર્મને યોગ્ય રીતે ફળાવવું હોય, તો તેવાં કર્મને સંપૂર્ણપણે પ્રેમભક્તિભાવે, એકમાત્ર પોતાના જ વિકાસના હેતુની સભાનતાથી પ્રતિપળ જીવતીજાગતી ચેતનાત્મક તત્પરતા અને તાલાવેલી એનામાં લાગી પડેલાં જીવંતપણે વર્તાયેલાં, વર્તાતાં રહેતાં, પ્રત્યક્ષ કર્મના વહેવારમાં અનુભવમાં વ્યક્ત થયા કરેલાં જોઈશે જ એવી જ્ઞાનભક્તિયોગની સંપૂર્ણ સ્વસ્થતા તેવી તાલાવેલીમાં દર્શન દેતી અનુભવાતી હોય છે. એવી કર્મને સંપૂર્ણ થઈ જવાની દિલમાં, દિલમાંની, દિલના ભાવે જે એકતાનતાની સભાનતા સાથોસાથ કર્મમાં પ્રત્યક્ષ જીવતી હોવી ઘટે અને તે તેમ હોવાથી શ્રેયાર્થીને કંઈ કશા પરત્વે નકામી યદ્વાતદ્વાવાળી ઢીલ પોસાઈ શકતી નથી. આ મારા જેવાના અનુભવાયેલા જીવની પ્રત્યક્ષ હકીકત છે. તેથી, હંમેશાં 'પરવારાયેલી' દશામાં જ પ્રવર્તવું, તે તે એના એવા

કર્મવહેવારનું પ્રત્યક્ષ દર્શન છે.

'સ્વાનુભવ કથન' જે 'જિજ્ઞાસા'માં છપાયેલું છે, તે મેં આ 'શ્રદ્ધા'માં પણ લીધેલું છે, કારણ કે શ્રદ્ધા અને જિજ્ઞાસાનાં વર્તન- અનુભવ પરસ્પર સંકળાયેલાં જ હોય, તેથી તેમ કર્યું છે. વળી, તે 'સ્વાનુભવ કથન'માં તો શ્રીપ્રભુકૃપાથી જેમ જેમ જે વર્તાયું છે, તેના અનુભવનો નિચોડ છે. હજી તેમાં ઉમેરી શકાય તેવું છે ખરું, પરંતુ જે આપમેળે, એક ઝપાટે અટક્યા વિના કે થંભ્યા વિના લખાઈ ગયું છે, તે પણ શ્રદ્ધા**મા**ની પ્રત્યક્ષ પ્રેરણાથી જ થયું છે, એમ અનુભવાયું હોવાથી, તેમાં નવો ઉમેરો કર્યો નથી.

શ્રદ્ધા પર લખતાં લખતાં નીચે પ્રમાણે જે લખાયું છે, તે **આ જીવ**ને અનુભવે યથાર્થ લાગ્યું છે :-

(અનુષ્ટુપ)

જ્યારે તે કરવું કર્મ, તેમ જ્યાં યોગ્ય લાગતાં,
સ્વસ્થતાથી શી ત્વરાયે કર્મે સધાતી હાર્દમાં !
તેવી ત્વરા વિશે **પ્રાણ** સ્વસ્થ જાગૃતિ જીવંત-
-પ્રગટેલી શી ર્‌હે કર્મે, ચેતેલી વર્તતી દિલ.
શ્રદ્ધાની શક્તિ કેવી જે ચેતેલી અગ્નિપેઠ તે
-હૃદે ભારે ત્વરા દ્વારા વ્યક્ત કેવી થતી રહે !

તેથી જ જ્યારે શ્રીપ્રભુકૃપાથી જે જે કંઈ કરવાનું પ્રાપ્ત થતું હોય છે, ત્યારે તેમાં ત્વરાનાં દર્શન થતાં રહે છે ખરાં. વળી, જ્યારે 'સંપૂર્ણ પરવારવું' હોય છે, ત્યારે સ્વસ્થતાયુક્ત ત્વરા એ ખાસ મહત્ત્વની હકીકત થઈ પડે છે, એ પણ એટલું જ સાચું છે.

શ્રદ્ધામાં શું કે જિજ્ઞાસામાં શું એવી ત્વરા એ પણ એક તેનું તે લક્ષણ જ ગણાયેલું છે. જ્યારે શ્રદ્ધા જ્વાળામુખી સમી ધગધગતી, પ્રજ્વળેલી જીવતી હોય છે, તેવા તેના તે કાળનાં ચેતનાત્મક લક્ષણમાં ત્વરા એ તે તે દશાનું પ્રત્યક્ષ સક્રિય પ્રવર્તતું લક્ષણ છે.

શ્રેયાર્થીના જીવનમાં જ્યારે ઉત્કટમાં ઉત્કટ શ્રદ્ધા પ્રજ્વળેલી હોય છે, ત્યારે તેને થોભવું કે થંભવું પાલવે તેવું હોતું નથી, તે પણ એટલી જ યોગ્ય વાસ્તવિક હકીકત છે.

શ્રદ્ધા શ્રેયાર્થીને જીવનમાં શીખવે છે, કે તેણે જીવનવિકાસના માર્ગમાં જે તે બધું પૂરેપૂરું સમજી લેવું અને તે તે બધું પૂરેપૂરું પરવારી લેવું અને તે પણ શાંતિથી, સંપૂર્ણ સ્વસ્થતાથી. વળી, આવા પ્રકારની પૂરેપૂરી સભાનતાથી, તે તે આચરવાની કળા જીવનમાં જેમાં તેમાં પ્રત્યેક કર્મના વર્તનમાં ચેતનાત્મક કેળવતા રહેવાની ખાસ અગત્ય છે.

જીવનધ્યેયના હેતુ પરત્વેની ચેતનાયુક્ત ખાસ સભાનતા વિના થયેલાં કર્મ તે કર્મ ગણાતાં નથી. સાધનામાં યાહોમ કરીને ઝંપલાવ્યા પછી શ્રેયાર્થીનું પ્રત્યેક કર્મ એ તો પ્રત્યક્ષ યજ્ઞ છે. એવો એનો કર્મયજ્ઞ સતત જીવંત ચાલુ રહ્યા કરવો જ ઘટે છે. એવા યજ્ઞમાં અનેક પ્રકારના હેતુથી પ્રેરાયેલ જ્ઞાનપૂર્વકનાં બલિદાનો અપાયાં જ જતાં હોય છે અને એવાં જે બલિદાનો અપાયે જતાં હોય, તેની જીવતી પ્રેરણા તો શ્રદ્ધામાતા જ પ્રેરાવતી રહેતી હોય છે. જીવનને જીવનના ઊર્ધ્વ દિવ્ય વિકાસ માર્ગમાં જે નવા નવા જીવનના પલટા પ્રગટ્યા કરતા હોય છે, તે જ મોટામાં મોટો શ્રદ્ધામાતાનો ચમત્કાર છે. આવી બધી

હકીકતો શ્રીપ્રભુકૃપાથી શ્રદ્ધાથી પ્રેરાયેલા જીવનના કર્મયજ્ઞ દ્વારા **આ જીવ**થી અનુભવાયેલી છે.

**આ જીવે** પ્રત્યક્ષ સંસારવહેવારમાં રહી રહીને જ આ પ્રકારની સાધના કરેલી છે. મૌન, એકાંત, અભય, નમ્રતા આદિ સાધનો હેતુની જ્ઞાનપૂર્વકની ભાવનાથી સેવેલાં, તે કેટલાંયની જાણમાં પણ છે અને હજી તેવાં કેટલાંક જીવતાં પણ છે, કોઈ સંતમહાત્મા હિમાલયની ગુફામાંથી આવીને એવી હકીકત કહે, તો તેની યોગ્યતા અને તેની હકીકતોના સાચાપણાની આપણને સાબિતી મળી શકતી નથી, જ્યારે શ્રીપ્રભુકૃપાથી મારા જીવનનું તેવું નથી, એ વિશિષ્ટતા છે, પરંતુ ગમે તેટલી યોગ્ય સાબિતી આપો તોપણ તેવાનો સ્વીકાર જ્ઞાનભક્તિપૂર્વક સંસારીઓથી થશે કે કેમ તે પણ વિચાર માગી લે તેવી હકીકત છે.

**આ જીવ**થી આશ્રમો સ્થપાયા બાદ જે જે કર્મના સંકલ્પ થયા છે, તેવાં તેવાં કર્મો પણ શ્રદ્ધાના રણકાર દેતા બળ વડે જ તેણે લીધેલાં છે અને તે શ્રદ્ધામાતાએ જ તે તે સંકલ્પ ફળાવ્યા છે, એટલું જ નહિ પરંતુ શ્રદ્ધા જ્યારે એવી ઉત્કટમાં ઉત્કટ ભભૂકતા અગ્નિના જેવી પ્રગટેલી હોય છે, ભડકા જેવી જલતી થયેલી હોય ત્યારે, તેવી શ્રદ્ધા પોતે જ તે તે સંકલ્પ ફળાવવાને સામર્થ્યવાન હોય છે. તે હકીકત પ્રયોગ દ્વારા મારા જેવા અડબોથનું જીવન પુરવાર કરી આપે છે.

વળી, એવાં કર્મો દ્વારા કેટલાંય નિમિત્ત પ્રકારના **જીવો**નો સંબંધ શ્રીપ્રભુકૃપાથી મને જે મળી ગયેલો છે અને શ્રદ્ધામાતાએ તેવો કાળ જે ટૂંકાવી દીધો છે એનો, એવા વિજ્ઞાનનો ઇતિહાસ તો કાંઈ ન્યારો જ છે. આ હકીકત કદાચ બધાંને ના પણ

સમજાય, છતાં આધ્યાત્મિક જીવનમાં પ્રવર્તતા તેવા વિજ્ઞાનની તે આવી યોગ્ય સાચી હકીકત છે. હવે, શરીર જ્યારે તેના સાવ છેલ્લા તબક્કામાં છે, ત્યારે સ્પષ્ટ ચોખ્ખા શબ્દોમાં લખતો જાઉં તો વાચકો તે માટે મને સમજવાને પ્રેમભાવે તસ્દી લે, એવી મારી સર્વને પ્રાર્થના છે. શ્રદ્ધાથી પ્રગટેલ અને અનુભવમાં પ્રતિષ્ઠિત થયેલ ચેતના સ્થળ અને કાળ ટૂંકાવી દે છે, તેવો અનુભવ એવા કેટલાય અનુભવીઓનો છે.

શ્રીપ્રભુકૃપાથી મળેલાં-થયેલાં-નિમિત્ત સંબંધોના **જીવો**માં શ્રીપ્રભુ પરત્વેની અભિમુખતા કંઈક પ્રગટાવી શકાય તો જીવ્યું સાર્થક, એવી જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના **આ જીવ**ની છે, પરંતુ તેમાં સામે પક્ષેથી એટલા જ જીવંત સહકારની અપેક્ષા રહેલી હોય છે, જે મુશ્કેલીની હકીકત અનુભવે જણાયેલી છે. તોપણ **આ જીવ** તેમના તેમના પરત્વે તેમનું તેમનું સ્મરણ થતાં, તેવા સ્મરણનાં નિમિત્તે ત્યારે ત્યારે સહૃદયતાભરી પ્રાર્થના કર્યા કરવાનું કદી ચૂકતો હોતો નથી. એવી પ્રાર્થના પણ સંસ્કાર છે.

જે વિચાર જીવંત એકાગ્રપણે કેંદ્રિતતાથી જેના પરત્વેનો પ્રગટેલો હોય, તેવા વિચારનાં મોજાં તેવા **જીવ** પરત્વે જ વહેતાં જતાં હોય છે અને તે સૂક્ષ્મમાં પકડાઈ જતાં હોય છે. આ પણ આધ્યાત્મિક જીવનના વિજ્ઞાનની એક ના સમજાઈ શકાય તેવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ હકીકત છે.

'એ વાતો છે ઝીણિયું'

આ બધી હકીકતો પણ શ્રદ્ધાના પ્રયોગાત્મક થયેલા અનુભવમાંથી પ્રગટેલી છે.

શ્રદ્ધાને દોહરાવાતાં જે આનંદ પ્રગટ થયેલો છે, તે તો

શ્રદ્ધા**મા**ની તેના બાળકને મળેલી પ્રત્યક્ષ ભેટ છે. એ ભેટનો લહાવો શ્રેયાર્થી પ્રેમભક્તિપૂર્વક લેવા પ્રેરાશે એવી શ્રદ્ધાથી વિરમું છું.

ભાઈશ્રી ચીમનભાઈ મહાજને મને જ્યારે કોઈ પિછાનતું ન હતું ત્યારથી અપનાવેલો છે અને આ શ્રદ્ધાના પ્રાકટ્યનું નિમિત્ત પણ તેઓ થયા છે.

(અનુષ્ટુપ)

શ્રદ્ધાના રસનું ભાવે થવા પ્રાકટ્ય જીવને
-નિમિત્ત શા થયા પોતે સહાનુભૂતિપૂર્વકે,
આભાર તેમનો ઊંડા હૈયાના ભાવથી કરી,
ગદ્‌ગદ ભાવથી માનું અંતર, અંતરે ચહી.

હરિઃૐ આશ્રમ, - **મોટા**
નડિયાદ.

❑

# ૪૧. શ્રીસદ્‌ગુરુ

હરિજન આશ્રમ, સાબરમતીના વિનયમંદિરના આચાર્ય શ્રી પ્રતાપભાઈ તો મારા ઘણા કાળ પહેલાંના સાથી અને સ્નેહી. આ સાબરમતી આશ્રમમાં જ્યારે રહેતો હતો, ત્યારે અવારનવાર રોજ સાંજે અમે સામસામા બેસતા અને સત્સંગની વાતો કરતા. એ બધા રૂડા આનંદપ્રમોદના દિવસોમાં આવી જ ભગવાનની ભાવનાની વાતો કરતા. તેમની મને ઘણી હૂંફ અને ઓથ પણ ખરી. તેમનાં પત્ની શ્રીમતી ભારતીમૈયા તો રોજ સાંજે અચૂક હૃદયના ભાવથી પોતાની સેવા પણ આપે. આમ, શ્રી પ્રતાપભાઈ સાથે તો મારે દિલથી દિલનો ઘરોબો.

એવા શ્રી પ્રતાપભાઈએ એક વખત મને કહ્યું કે : 'મોટા ! તમે 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'નિમિત્ત', 'ભાવ', 'કૃપા', 'કર્મઉપાસના' આ બધાં શાસ્ત્ર લખ્યાં તો ખરાં, પરંતુ સદ્‌ગુરુને કાં બાકી રાખ્યા ?' ત્યારે મેં તેમને કહ્યું : 'પ્રતાપભાઈ, તમારી વાત તો સાચી જ છે. લખી તો હમણાં જ નાખું, કારણ કે એની બધી સમજણ તો કોઠામાં તૈયાર બેઠી છે. તે વ્યક્ત થાય એટલી જ વાર છે, પરંતુ તે લખાણ કોઈ છપાવવાને તૈયાર થાય અને વેચી આપે તો હમણાં લખી કાઢું, કારણ કે મારે ક્યાં કાવ્ય રચવાં છે ? મને અનુષ્ટુપ છંદ બહુ અનુકૂળ આવ્યો છે. જોડકણાંની ઢબે બધું જ લખી નાખું. મુદ્દલે વાર નથી.' તે સાંભળી શ્રી પ્રતાપભાઈએ તે અંગે બધું જ કબૂલ કર્યું અને તે નિમિત્તથી જ આ **'સદ્‌ગુરુ'** ઉપર લખવાની મને શ્રીહરિકૃપાથી પ્રેરણા મળી ગઈ.

'ચેતન જેમ સમગ્રતાને સ્પર્શે છે, તેવી રીતે અનુભવમાંથી

વ્યક્ત થતું જતું જે કંઈ હોય તે સમગ્રતાના જેટલા મોટામાં મોટા ભાગને સ્પર્શી શકે તેવું સરળ અને સમજાઈ શકે તેવું હોય, તેવું તારે લખવું.'-એવો શ્રીસદ્‌ગુરુ મહારાજનો મને હુકમ. બાકી, બી.એ.માં મારો વિષય ગુજરાતી હતો અને તેમાં પણ મેં ઑનર્સ લીધું હતું. ઇન્ટર સુધીનો મારો સંસ્કૃતનો વિષય ઘણો સારો હતો અને ઘણા વધારે સારા ગુણ હું મેળવી શકતો હતો. શ્રીહરિકૃપાથી જો ધારી શકું તો ઊંચી વિદ્વદ્‌ભોગ્ય ભાષામાં પણ લખી શકાય ખરું, પરંતુ અમારે ભેખધારીને તો શ્રીસદ્‌ગુરુના હુકમનું પ્રેમભક્તિપૂર્વકનું પાલન એ જ અમારું તો જીવન અને ભોજન. તેથી, આ 'સદ્‌ગુરુ' ઉપરનાં જોડકણાં જેટલાં સરળમાં સરળ લખી શકાય તેવી રીતનાં મેં લખ્યાં છે. ગદ્ય કરતાં પદ્ય મને વધારે સાનુકૂળ છે. મારું ગદ્ય, પદ્ય કરતાં કંઈક અંશે અઘરું ખરું, પદ્ય જેટલું સરળ તો નહિ જ. ઊંચી ભાવનાની હકીકતો પણ સરળમાં સરળ ભાષામાં મૂકી શકાય છે અને શ્રીહરિકૃપાથી જો આપણા દિલની તેવી નેકદાનત જીવતીજાગતી પ્રગટી હોય તો તેમ થઈ શકે છે.

મારું આ લખાણ સાહિત્યરસિકો માટે મુદ્દલે નથી, પરંતુ પા પા પગલી કરતા એવા જે શ્રેયાર્થીઓ છે અથવા તો એવા આરોહણ માર્ગના પ્રવાસીને કંઈ કરતાં પણ થોડીઘણી પણ સમજણ મળી શકે, તેવા હેતુથી મારું આ 'સદ્‌ગુરુ' ઉપરનું લખાણ તેવા તેવા મથનારને માટે છે. ખરો જે શ્રેયાર્થી છે, એ તો હૃદયના ભાવપૂર્વક સાર ગ્રહણ કરી લેવામાં જ એકમાત્ર સમજે છે. એટલે સંપૂર્ણ નિશ્ચિંતતાથી તેવા શ્રેયાર્થીઓનાં

ચરણકમળમાં પ્રેમભક્તિભાવે મારું આ 'શ્રીસદ્‌ગુરુ' ઉપરનું જોડકણાંનું લખાણ મૂકું છું.

સને ૧૯૨૧ની સાલમાં અને '૨૨ની શરૂઆતમાં અમારા જેવા કેટલાય વિદ્યાર્થીઓએ દેશની ભક્તિની ભાવનાના ઝનૂનમાં દેશની સેવામાં ઝંપલાવ્યું હતું. તે કાળનો ભાવનાનો જુસ્સો અને ભાવનાની રોનક, ઝલક અને એ ભાવનાનો ચમકારો આજે પણ દિલમાં અને નયનમાં ચમકારા પ્રેરે છે. સાહસ અને જોખમોને બિરદાવવાને જુવાનીને એ લડતે પડકાર આપ્યો હતો, અને એ પડકારને યુવાનીએ પ્રેમથી સત્કાર્યો અને ઝીલ્યો હતો, પરંતુ એની પાછળ તો ધક્કો હતો ભાવનાનાં પરિબળનો. તે કાળ ભાવનાથી છલોછલ ઊભરાતો હતો. ત્યાગની પરંપરા ફૂટતી હતી. માથાં વધેરાવાં કેટલાયે યુવાનોમાં તત્પરતા જાગેલી હતી. એવા કાળમાં ભગવાન જ્યારે આપણું મોઢું ફેરવાવે છે, તે એક કોઈક મોટા ચમત્કારની હકીકત છે. ગરીબાઈ તો બહુ કારમી હતી. છસાત માણસનું કુટુંબ, પોષણની જવાબદારી એકલી મારા ઉપર, ઘરડાં મા અને વિધવા ભાભી પણ થોડુંઘણું ઘરખૂણે મજૂરી કરીને મેળવે. એવી કપરી ગરીબાઈની સ્થિતિમાં હાથમાં ગંગાજળ લઈને વ્રત લીધેલું કે, 'જીવીશ ત્યાં સુધી સેવામાં જ જીવન ગાળીશ.' એટલે સેવાની તત્પરતામાં પડેલા એવા કાળમાં શ્રીસદ્‌ગુરુએ મને પાસે ખેંચ્યો.

અમદાવાદમાં શહેરમાંથી મંગળદાસ હૉલ તરફ જતાં પુલની શરૂમાં જમણે હાથે સાધુનાં કેટલાંક રહેઠાણો હતાં, અને આજ પણ છે. ત્યાં એક બાળયોગી પધાર્યા હતા. તેમની પાસે ઘણા માણસો એકઠા થાય. તે કંઈ ઉપદેશ કે પ્રવચન આપતા

નહિ. તેમની અવસ્થા ઉન્મત્ત હતી. રાત્રે સાબરમતી નદીનાં પાણીમાં ગાંડા હાથીની માફક મસ્તીથી ઊછળતા અને કૂદતા. આજે પણ અમદાવાદના કેટલાક ભાવુક ભાઈઓ તેમને યાદ કરે છે. તેમને હું ના ઓળખું, તેઓ મને ના ઓળખે. છતાં તેઓશ્રી જે બધાં ત્યાં એકઠાં થયાં હોય, તેમને કહે કે : 'નડિયાદથી ચૂનીલાલ ભગતને બોલાવો !' એક વખત નડિયાદના શ્રી નાનુભાઈ કંથારિયા તેમનાં દર્શનાર્થે ગયા હશે. તેમણે આ હકીકત સાંભળી. શ્રી નાનુભાઈ કંથારિયા અમદાવાદથી નડિયાદ જ્યારે પાછા ફર્યા, ત્યારે તેમણે મને આ હકીકત કહી સંભળાવી. ત્યારે મેં તેમને કહ્યું કે : 'મારે સાધુની સાથે શી નિસ્બત ! મારે કંઈ એમની પાસે જવું-કરવું નથી.' વળી, ત્યારે તો હું એમ પણ માનતો કે સાધુ લોકો સમાજની ઉપર આર્થિક રીતે ભારરૂપ છે-They are economic burden on society-એમ હું દઢપણે સમજતો. જોકે આજે મારું તે પરત્વેનું મંતવ્ય બદલાયું છે. એમાં કોઈક એવા વિરલા વીરો છે ખરા, પરંતુ સાધુસમાજનો પોતાનો જે ધર્મ છે, તે તેઓ સંપૂર્ણપણે યથાયોગ્ય પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક બજાવતા હશે કે કેમ, તેની મને આજે પણ શંકા છે.

આ બાળયોગી મને વગર ઓળખાણ-પિછાન વિના બોલાવતા હતા, તે હકીકતનો જવાબ તો મેં વાળી દીધો હતો, પરંતુ વગર લેવેદેવે ઓળખાણ-પિછાન વિના, મારું નામ પણ જાણ્યા વિના, મારું નામ દઈને જ જ્યારે બોલાવે છે, ત્યારે એમાં જરૂર કંઈક રહસ્ય તો હોવું જોઈએ, એમ મન, બુદ્ધિ વારંવાર દલીલ કરવાં લાગ્યાં, અને એ વિચારે તો પછી મારો

કેડો જ ન છોડ્યો. એ વિચાર મારો કેડો મૂકે એ હેતુથી હું અમદાવાદ ગયો. ત્યારે મારી ગરીબાઈની સ્થિતિ એવી કે અમદાવાદ જવાના પૈસા પણ ન મળે. ત્યારે મહિને એક આનો માત્ર હજામતનો ખરચતો હતો. જવા આવવાનું ભાડું પણ પેલા શ્રી નાનુભાઈ કંથારિયા પાસેથી મેળવી લીધું હતું. આમ, શ્રીહરિકૃપાથી શ્રીબાળયોગી મહારાજનો ભેટો થયો. ભૂરકીથી અંજાઈ જઉં એવો તો હું ન હતો. છતાં એમના તરફનું મારામાં આકર્ષણ પ્રગટ્યું. તેનાં કારણોમાં અહીં ઊતરતો નથી. તેમની પાસે વધારે રહી શકાય એવી તો મારી સ્થિતિ ન હતી. જે ચાર દિવસ એમની પાસે રહેવાનું પ્રભુકૃપાથી બન્યું, એ ચાર દિવસ ભાવાવસ્થામાં જ વીત્યા હતા. ભાવાવસ્થા તો આજે હું કહું છું, પણ ત્યારે તો તે સ્થિતિને હું સમજી શક્યો ન હતો. કોઈક ભાવમાં સંપૂર્ણપણે તલ્લીન અને તરબોળ હતો એટલી હકીકત યાદ છે. ત્યારે કોઈ સમયનું ભાન રહ્યું ન હતું. વધુ રહેવાય તેવું તો હતું નહિ, એટલે મનમાં ને મનમાં સંકલ્પ પ્રભુકૃપાથી થયો કે શ્રીબાળયોગી પોતે કૃપા કરીને નડિયાદ પધારે અને તેઓશ્રી આ બાબતમાં કંઈક શિખવાડે તો શીખવું તો ખરું. મનમાં એવી ઉત્કટ ઝંખના પણ જાગી હતી.

સાચે જ તેઓશ્રી કૃપા કરીને નડિયાદ પધાર્યા અને અમે બંને મિશન હૉસ્પિટલથી આગળ જતાં ડભાણને રસ્તે હાજીકાસમના બંગલામાં રહેતા. ત્યાં કૃપા કરીને તેમણે મને દીક્ષા આપી. એ દીક્ષાની હકીકત રોમાંચક અને રસિક પણ છે, પણ એ લખવાનું સ્થાન આ નથી. એકવાર દોઢમાસ અને બીજી વાર બે માસ એમ બેવાર મારી સાથે તેઓ એકલા જ

રહ્યા હતા. ત્યારે તેમણે કહ્યું કે : ‘અલ્યા છોકરા, તારા ગુરુમહારાજ તો શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદાજી છે. તેઓ મધ્યપ્રદેશના ઈટારસીથી આગળ સાંઈખેડા છે, ત્યાં તું જઈને તેમના આશીર્વાદ લે અને તે પછીથી તેઓશ્રી જે હુકમ આપે તે પ્રમાણે તારે વર્તવું.’ શ્રીબાળયોગીની આવી સલાહથી પ્રેરાઈને હું તો શ્રીસદ્‌ગુરુ મહારાજ પાસે ગયો અને ત્યાં સાતઆઠ દિવસ રહ્યો. પૂરી તૈયારી કરીને ગયો હતો. કદાચ બધું જ છોડવાનો હુકમ આપે તો તેવી તૈયારી સાથે મારી માને મળીને તેની તથા કુટુંબની આર્થિક સગવડ કરીને ગયો હતો. ત્યાં શું શું થયું તે તે હકીકત લખવી અહીં અસ્થાને છે. શ્રીગુરુમહારાજે મને આદેશ આપ્યો કે ‘જ્યાં છે ત્યાં કામ કર, પરંતુ આ જે ગાંડું ઝનૂન દેશસેવાનું છે, તે તારે મૂકી દેવું પડશે. પ્રભુપ્રીત્યર્થે અને પ્રભુને માટે જ તારે કામ કરવાનું છે. બીજા કોઈને માટે નહિ. સેવાની વાત પણ તારે મૂકી દેવી. રાગદ્વેષથી સંપૂર્ણ મુક્તિ પામ્યા વિના કોઈને સેવાનો અધિકાર નથી. એવો જ્ઞાનભક્તિપૂર્વકનો યોગ્ય અધિકાર પ્રાપ્ત થયા વિના જે લોકો સેવા કરવા નીકળી પડે છે, તેઓ સમાજનું કદી પણ કલ્યાણ કરી શકતા નથી. ભલેને રાગદ્વેષ ઘટાડવાના એકમાત્ર ઉચ્ચ આદર્શ કે હેતુથી સેવાનાં ક્ષેત્રમાં પડે, તેમનામાં પણ કોઈ આંતરિક શક્તિ તો જાગેલી હોતી નથી, તેવા પછી શી રીતે પોતાની વૃત્તિ સંયમમાં લાવી શકવાના ? એવા લોકોને પોતાના જીવનના ધ્યેયનું કશું નિશ્ચિતપણું હોતું નથી. આવા લોકો કેવી રીતે રાગદ્વેષ ઘટાડી શકવાના ? ઊલટા તે તો સમાજમાં રાગદ્વેષ વધારશે. આપસઆપસમાં પણ ભેદ વધારશે. સમાજમાં પણ

ભેદ વધવાના. ગાંધીજી અહિંસાની વાત કરે છે ખરા, પરંતુ ભગવાનને માર્ગે જે જનારા છે, તેમને માટે તે હકીકત સાચી છે. તેવા લોકોના દિલમાં અહિંસા ચેતનાત્મક રીતે, ભાવનાત્મક રીતે સતત રમ્યા જ કરવી જોઈશે, પરંતુ સેવા કરનારના દિલમાં તે અહિંસા જીવતીજાગતી નથી. તેમના દિલમાં અહિંસા પરત્વેનું પૂરેપૂરું સભાનપણું પણ મુદ્દલે હોતું નથી. નર્યા રાગદ્વેષથી ભરેલા છે. માટે તારું મોં તે તરફથી ફેરવી લેવાનું છે. ભગવાન પરત્વેની તારા હૃદયમાં અભિમુખતા જાગે તે તારા માટે ઘણું જરૂરનું છે.'

પરંતુ આ હકીકત ત્યારે મારા દિલમાં ઊતરી ન હતી, તે મારે સાચેસાચું કબૂલવું પડશે, પરંતુ શ્રીસદ્‌ગુરુ મને એમ છોડે તેમ ન હતા. એવી રાગદ્વેષની ચુંગાલનાં જ્યાં ત્યાં મને દર્શન તો કરાવ્યાં, પરંતુ એથી કંઈ પૂરેપૂરું સમજી શકાયું નહિ 'પાડેપાડા લડે અને ઝાડનો ખોડો કાઢે' એ પ્રમાણે શ્રી સરદાર અને શ્રી ઇંદુલાલ યાજ્ઞિકની વચ્ચે કોઈ પૂર્વગ્રહ હશે. શ્રી ઇંદુલાલે તો હાથ ઉપર લીધેલાં કાર્યોને એકદમ છોડી દીધાં. ત્યારે **આ જીવે** શ્રી ઇંદુલાલે શરૂ કરેલા 'અંત્યજ સેવામંડળ'માં તેમના મંત્રી તરીકે કામ કર્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠમાંથી સૌથી પ્રથમ હરિજનોની સેવામાં જોડાનાર **આ જીવ** જ હતો. શ્રી ઇંદુલાલ તો છોડીને ભાગ્યા. તે પછી 'અંત્યજ સેવામંડળ'ની પ્રવૃત્તિ શ્રી ઠક્કરબાપા અને શ્રી મામા સાહેબના હાથમાં આવી. તે વેળા શ્રી ઇંદુલાલના કોઈ પણ માણસને રાખવા નહિ, તેવી સમજણની કંઈક ગંધ આવી કે તેવું મને કોઈકે કહ્યું, ત્યારે મને જે આંચકો લાગ્યો હતો અને સમગ્ર મારા આધારમાં જે ધ્રુજારી

પ્રગટી હતી તે આજે બધું યાદ આવે છે. ત્યારે શ્રી સરદારને પણ હું મળ્યો હતો અને મેં કહ્યું : 'સાહેબ, હું તો એક ગરીબ વિદ્યાર્થી હતો અને મને શિષ્યવૃત્તિ પણ મળતી હતી. માત્ર દેશભક્તિથી પ્રેરાઈને જ મેં કૉલેજ છોડી હતી અને વિદ્યાપીઠમાં જોડાયો હતો. એક વખત ગાંધીજીએ વિદ્યાપીઠના પ્રવચનમાં કહ્યું કે : 'તમે તો એક ડિગ્રીનો મોહ છોડી અને બીજી જાતની ડિગ્રીનો મોહ હજી જીવતો રાખ્યો છે. મારી તો એવી શ્રદ્ધા હતી કે જુવાનો કૉલેજ છોડીને દેશની સેવામાં લાગી જાય અને ગામડે ગામડે ભમીને સમાજને જાગ્રત કરે.' એ સાંભળીને તરત જ વિદ્યાપીઠ પણ છોડી અને 'અંત્યજ સેવામંડળ'માં જોડાયો હતો. ત્યારે પણ મને સારા વેતનથી દેશી રાજ્યમાં નોકરી મળી શકે તેમ હતું, પરંતુ મેં દેશસેવાનું વ્રત લીધેલું છે, એટલે હરિજનસેવા છોડી દેવાનો નથી. તમે નહિ રાખો તોપણ દેશસેવાનું કામ તો હું ચાલુ જ રાખીશ અને મારી મેળે કરીશ. રોટલો આપનાર તો ભગવાન છે. સેવાનું વ્રત તો અખંડ રાખીશ જ એવો મારો દૃઢ નિશ્ચય છે.' એમ કહીને હું તેમની પાસેથી વિદાય થયો, પરંતુ આ હકીકતની ભીંસ મને એવી તો સજ્જડ ચારેકોરથી સતત ભીંસાતી જ રહી. એણે મારી આંખ ખુલ્લી કરી કે શ્રીગુરુમહારાજ કહેતા હતા તે હકીકત તો સાચી જ હતી. આ સેવાનાં ક્ષેત્રમાં હજી રાગદ્વેષ તો છે. મારે માટે જ જ્ઞાનપૂર્વક શ્રીસદ્‌ગુરુએ પ્રસંગ ઊભો કર્યો હશે અને આ હકીકતની જે દેશભક્તિનું ઝનૂન અને આ સેવાની ધૂન એકમાત્ર શ્રીહરિકૃપાથી ઉપરના પ્રસંગથી મોળી પડવા લાગી. એમ મારું

મોં દેશભક્તિ પરત્વેથી ભગવાનની અભિમુખતા તરફ ફેરવાતું ગયું. આવી છે-શ્રીસદ્‌ગુરુ મળ્યાની હકીકત.

જ્યારે પહેલી વાર હું સદ્‌ગુરુ પાસે ગયો, ત્યારે તે કાળમાં હયાત એવા ચેતનાનિષ્ઠ આત્માઓ જે શરીરધારી હતા તે બધા જ હું પોતે છું, એમ તેઓ પોકારતા. ત્યારે મને સંદેહ થયેલો ખરો કે એક માણસ એકીસાથે આવા બધા કેવી રીતે હોઈ શકે ? હું વ્યક્ત રીતે કશું બોલ્યો કર્યો હતો નહિ, પરંતુ મનમાં તે પરત્વેનો સંશય તો જાગેલો હતો ખરો જ કે આવી હકીકત સંભવી ન શકે અને તે શક્ય જ ન હોય. તે પછી તો ઘણો કાળી વીતી ગયો. શ્રીહરિકૃપાથી સાધનામાં દૃઢતા પાકી થઈ. સાધનાભ્યાસ જોર પકડતો ગયો. તેમાં ખૂંપવાનું થતું ગયું. તેવા કાળમાં શ્રીસદ્‌ગુરુ બોલતા હતા તેવા શરીરધારી મહાત્માઓ કૃપા કરી કોઈક કોઈક વખત મને પ્રત્યક્ષ થયા ખરા. સૌથી પ્રથમ તેમના હૃદયના પ્રદેશમાં શ્રીસદ્‌ગુરુનું જ મને દર્શન થયું. ત્યારે પેલા સંશયની હકીકત મને યાદ આવતી, તેવા પ્રત્યેકે મને સાધનામાં ધક્કો મારેલો છે. શ્રીસાંઈબાબા અને શ્રીઉપાસની મહારાજની મારા જીવનમાં બનેલી હકીકતના કોઈ કોઈ સાક્ષી આજે પણ હયાત છે. બીજા મહાત્માઓના પ્રસંગના કોઈ સાક્ષી નહિ હોવાથી તે અંગે કશી વાતચીત કરી નથી. માત્ર શ્રીસાંઈબાબા અને શ્રીઉપાસની મહારાજની મારા જીવનમાં જે હકીકત બની હતી, તેનું મેં ક્યાંક વર્ણન કર્યું છે ખરું.

આવા બધા જે મહાત્માઓ શ્રીભગવાનની કૃપાથી મળ્યા અને તેઓશ્રીનું જે રૂબરૂ મળવાનું થયું ત્યારે ત્યારે તેઓ કેવા કેવા લાગ્યા, કેવા કેવા પ્રકારના હતા, તેમના કેવા કેવા રંગઢંગ

હતા, તેમની રીતિનીતિ કેવી હતી અને તેમની રીતરસમ કેવી હતી, આવી અનેક પ્રકારના વર્ણનની હકીકત મારા 'સદ્ગુરુ' ઉપરનાં જોડકણાંમાં લખેલી છે. મારા ગુરુમહારાજને ખોળવા અથવા તો મળવા, મારા જીવનની થતી સાધનાની કોઈ મુશ્કેલીનો માર્ગ મેળવવા તેઓશ્રીની શોધમાં હરદ્વારના કુંભમેળામાં મારે જવાનું થયું હતું. ત્યારે પણ શ્રીબાળયોગીની પ્રેરણાથી કેટલાક ઉચ્ચ મહાત્માઓનાં દર્શનનો લાભ મળ્યો હતો. એવા જુદા જુદા મહાત્માની હકીકત ત્યારે સમજમાં જે પ્રવેશેલી તેનું તેનું વર્ણન શ્રીસદ્ગુરુમાં કરેલું છે. એમાં કશુ માન્યતાથી લખેલું નથી કે ક્યાંય અતિશયોક્તિ કરેલી નથી. જેમ જે કાંઈ હકીકત હકીકતરૂપે છે, તેને તે રીતે જ દર્શાવી છે.

અંતમાં મારા સદ્ગુરુની સાથે શ્રીહરિકૃપાથી સંકળાવવાનું જે સદ્ભાગ્ય પ્રાપ્ત થયું, ત્યારે જીવનને શ્રીભગવાનની ભક્તિ પરત્વેનો વળાંક અને ઝોક અપાવવા માટે મારું ભગવાન પરત્વેનું વલણ કેવું રહ્યું હતું અને મારાથી તેમનામાં ભાવનાથી કરી જીવનમાં કેવી રીતે સંકળાઈ રહેવાનું થતું, તે પરત્વેની બધી હકીકત મેં ખુલ્લા દિલથી સ્પષ્ટપણે લખી છે. હાંજા ગગડી જાય તેવાં સાધનાનાં સાધનો કૃપા કરીને તેમણે મારી પાસે કરાવ્યાં છે. તેનો થોડોક નિર્દેશ આ સદ્ગુરુનાં જોડકણાંમાં કર્યો છે ખરો. મારા જીવનની સાધનાની કોઈ પણ હકીકત જેના કોઈ સાક્ષી ન હોય તે મેં લખેલી નથી. મારા જીવનના આ પ્રકારનાં વલણની મારી સાથે સંબંધ કેળવનારને પૂરી ખબર છે. 'સદ્ગુરુ' વિશે લખવાનું જ્યારે આવ્યું છે ત્યારે શ્રીભગવાનની કૃપાથી મારાથી થયેલી સાધનાની હકીકત જો

તેમાં ન ઉમેરાય તો તેમાં એક પ્રકારની ઊણપ લાગે. એટલે જે આજ સુધી કદી મેં જાહેર કર્યું નથી, તેવું બધું જ મેં ખુલ્લું ખુલ્લું લખ્યું છે.

'શબ્દ' ઉપરનું લખાણ 'સદ્‌ગુરુ'માં આવે છે, તે વાંચીને કોઈકને એમ પણ થાય કે મોટાએ આ તો વિષયાંતર કર્યું, પરંતુ તે તેમ નથી. પ્રત્યેક ચેતનાનિષ્ઠને ઉપાસના તો આવશ્યક. ઉપાસનામાં કોઈ ને કોઈ ગૂઢ રીતે 'શબ્દ' તો આવી જાય. 'શબ્દ'ની અનંત લીલા છે. પ્રકૃતિનાં ક્ષેત્રે પણ અનંત લીલા છે. કામ, ક્રોધાદિ વગેરેમાં પણ તેની લીલા છે. 'શબ્દ'ની સંગાથે રહીને 'શબ્દ'ને વર્ણવવા જવું એટલે ગૂઢમાં ગૂઢ પ્રદેશમાં ઊતરવું. વ્યક્ત થયેલ દરેક શબ્દને અખંડ, નિરવયવ, અનિર્વાચ્ય એવા 'શબ્દ' સાથે સંબંધ છે. 'શબ્દ'ને કુંડલિનીની જાગૃતિ સાથે પણ સંબંધ ખરો. અત્યારે એક રીતે બધાંની કુંડલિનીની જાગૃતિ છે જ, પરંતુ તેની નિમ્ન ગતિ છે. તે પ્રકૃતિનાં વહેણમાં વહે છે. જો ઊર્ધ્વ મનન ચિંતવન થાય, તો તે પ્રમાણે વહેવા લાગે.

'શબ્દ'ને લીધે પ્રાણ છે, પ્રાણને લીધે 'શબ્દ' નથી. શબ્દમાં એકાકાર, અખંડાકાર વૃત્તિ થઈ જાય ત્યારે જે 'શબ્દ' થાય તે જુદો. ત્યારે તે બધે જ રમે છે. પ્રકૃતિમાં રમતો હોવા છતાં અખંડાકારે રમતો હોય છે. ત્યારે જે તે સર્વત્ર છે. નિમ્નમાં નિમ્ન ગતિમાં 'પોતે અખંડ છે', 'હું જ છું', 'ક્યાંય ભિન્નતા નથી' એવી પ્રતીતિ એને ત્યારે જ થાય છે.

'શબ્દ'નાં મોજાં દ્વારા આધાર પરિપક્વ થતો જાય છે. **ह्रीँ, क्लीँ** વગેરે એકાક્ષરી બીજમંત્રો તંત્રમાં શોધાયા એની

પાછળ એવું દૃષ્ટિબિંદુ હતું કે એવા કોઈ પણ શબ્દ શોધવા કે જેનાથી સ્વરૂપપ્રાપ્તિ વગેરેનો કાળ ટૂંકાવી શકાય. એમાં પણ બે ફાંટા છે. કૃષ્ણગતિ અને શુકલગતિ. 'શબ્દ'ના માત્ર ઉચ્ચારણથી જ્ઞાનતંતુના ભાવમાં પરિપક્વતા થાય તો પ્રકૃતિની સ્થિતિ હોવા છતાં સાક્ષીભાવે એકાકાર, અખંડાકાર રહી શકાય. એમાં શ્રદ્ધા, માનવું કે ન માનવું એને કોઈ સંબંધ નથી. તાત્પર્ય કે માત્ર ઉચ્ચારણથી કાર્યસિદ્ધિ થાય છે. શરીરમાં પણ વિરોધનાં તત્ત્વો વચ્ચે અખંડતા જન્મે ત્યારે ખરી અખંડતા કહેવાય.

'શબ્દ'ની પણ જુદી જુદી ભૂમિકાઓ છે. અગિયારમી ભૂમિકા પછી 'શબ્દ'નો નાદ સંભળાય છે. નાદ છેક સમાધિ સુધી લઈ જાય છે. કોઈ વાર પક્ષીના, કોઈ વાર વાછરડાં ભાંભરે તેવા, કોઈ વાર વાજિંત્રના જેવા નાદ સંભળાય છે. નાદ એવો લાગે, પણ ખરેખર એવો હોતો નથી. આ છે શબ્દની લીલા. 'શબ્દ' ઉપરનાં લખાણમાં એની સંપૂર્ણ ઉચ્ચમાં ઉચ્ચ પ્રદેશની હકીકત નથી આવી. એ પરત્વે શ્રી અનુપરામ ભટ્ટ સાહેબે મને અંગુલિનિર્દેષ પણ કર્યો. તે વેળાએ માનસશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી ઇંદુકુમાર દેસાઈ પણ હાજર હતા. તે વખતે જુદી જુદી ઉચ્ચ ભૂમિકામાં શબ્દનો કેવો પ્રકાર, અને તંત્રમાં બોલાતા શબ્દો કે જેનો કંઈ અર્થ જ નીકળી ન શકે એવા ઉપર દર્શાવેલા તાંત્રિક શબ્દની પણ, એટલે કે તેવા શબ્દોનાં મોજાંની અસર કેવી કેવી અને ક્યાં ક્યાં કેમ થાય છે, તે બધી હકીકતનું સ્પષ્ટીકરણ ત્યારે મેં કર્યું હતું. આ બધું મારે આ શબ્દગાથામાં ઉમેરવું તેવો શ્રી ભટ્ટ સાહેબનો મારા ઉપર આગ્રહ પણ હતો. તે ઉપરથી મેં કહ્યું કે : 'અત્યારે મેં જે જે બધું કહ્યું તે બધું મને

લખી આપો અને પછી તેમાં હું ઉમેરો કરીશ.' આ ઉપરથી શ્રી ઇંદુકુમારભાઈએ તે બધું કેટલાક કાગળનાં પાનાં ઉપર લખી દીધું અને એકવાર ફરી પાછા શ્રી રમેશભાઈ ભટ્ટને ત્યાં મળ્યા ત્યારે 'શબ્દ' ઉપર કેટલુંક મેં અનુષ્ટુપમાં તેમને લખાવ્યું હતું. આ બધાં કાગળિયાં તે નોટબુકમાંથી પડી ગયેલાં. ત્યારે તો તે જયશ્રીએ નોટબુકમાં મૂકેલાં ખરાં, પરંતુ કોણ જાણે કેમ પછીથી તે હાથ ન ચડ્યાં. જોકે જયશ્રીથી તે ખોવાઈ ગયાં, તેવું મારું કહેવાનું મુદ્દલે નથી, પરંતુ મારું જે તે બધું તે વેળા જયશ્રી સંભાળતી હતી, તે હકીકત પણ સાચી છે. તે હાથે ન ચડ્યાં તેનો મને હરખશોક નથી. આ હકીકત સ્પષ્ટપણે જાહેર એટલા માટે કરી છે કે શ્રી અનુપરામ ભટ્ટ સાહેબને કે શ્રી ઇંદુકુમારભાઈને એમ ન લાગે કે મોટાએ આ બધું કહ્યું અને તે શબ્દગાથામાં કેમ ન ઉમેર્યું ? તેનો સંશય તેમને ન થાય, તેટલા માટે લખ્યું છે. શ્રી ઇંદુકુમારભાઈનું લખાણ હાથવગે ન થયું એટલે શબ્દગાથામાં તે અંગે લખ્યું નથી. ખેંચી ખેંચીને યાદ કરીને કશું લખવાની મને આદત નથી. 'સદ્‌ગુરુ' ઉપરનું પણ બધું લખાણ સહજમેળે જેમ લખાતું ગયું તેમ લખાયેલું છે. વિચાર કરીને તો કશું લખવાનું જ નહિ, તે અમારો સ્વધર્મ પણ નથી.

જેમ એક **જીવ**દશાવાળા સામાન્ય **જીવ**ના જીવનનાં ઘણાં ઘણાં પાસાં હોય છે, તેવી રીતે ચેતનાનિષ્ઠના જીવનનાં પણ અનેક પાસાં હોય છે. તેવાં તેનાં પાસાંનો અભ્યાસ કોઈ પણ **જીવ**થી થઈ શકે એવી શક્યતા જ નથી. એ તો ચેતનાભિમુખી- જેનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ શ્રીહરિકૃપાથી આવિષ્કાર પામેલાં

છે કે પામતાં જતાં હોય છે, તેવા માત્ર જરાતરા તેવા સત્પુરુષના જીવનનાં અનંત પાસાંઓનું કંઈક સમજી શકે તો સમજી શકે. ચેતનાને જ્ઞાનભક્તિપૂર્વક અનુભવવાને માટે જ્વાળામુખીના જેવી ધગધગતી ઉત્કટમાં ઉત્કટ જિજ્ઞાસાગ્નિ જે **જીવ**ને પ્રગટે છે, ત્યારે એવા **જીવ**ને તે પરત્વેનો ઊંડામાં ઊંડો, તલસ્પર્શી જે સ્વાર્થ લાગે છે, અને એ સ્વાર્થનો જે તલસાટ છે, એ તલસાટ તો પ્રકૃતિ પ્રદેશનો કંઈ હોતો નથી, એ તલસાટની પાંખ તો સતત ચેતનાત્મક ઉડ્ડયનશીલ આકાશ પરત્વેની જ એકધારી રહ્યા કરતી હોય છે. એવા ભભૂકતા અગ્નિના જેવો એના હૃદયનો જે તલસાટ છે, એવા તલસાટમાંથી એને જે ભક્તિ પ્રગટે છે, તે ભક્તિનો ભાવ એ જ્ઞાનપ્રેરક છે. ભાવમાં ભક્તિ અને જ્ઞાન બંને સમાયેલાં છે. આમ, આ પ્રકારે શ્રેયાર્થીને શ્રીસદ્‌ગુરુમાં ચોંટીને જે લીલાત્મક રહસ્યવાળાં પાસાંઓનું જ્ઞાન થાય છે, એવું જ્ઞાન કે સમજણ કોઈ પણ **જીવ**દશાવાળાને થઈ શકવાની કદી પણ શક્યતા જ નથી. ભક્તિ પાંગર્યા સિવાય સાચી સમજણ કે જ્ઞાન પ્રગટી શકતાં નથી. એવી ચેતનાત્મક અગ્નિના જેવી ઝબકારા મારતી અને ચમકારા દેતી, સર્વનો જે તે તલસ્પર્શી અભ્યાસ કરતી ભક્તિનો પ્રકાશ જ્યારે શ્રેયાર્થીના દિલમાં પાંગરવા માંડતો હોય છે, અને શ્રેયાર્થી સદ્‌ગુરુનાં જે પાસાં સેવતો હોય છે, એવાં પાસાંના સેવનથી અને ભક્તિમૂલક અભ્યાસથી તેને જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે અલૌકિક અને મૌલિક છે. શ્રીહરિકૃપાથી સદ્‌ગુરુને સેવવાનું એવું જે સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું અને સદ્‌ગુરુ ઉપર લખવાનું જ્યારે પ્રભુકૃપાથી બની શક્યું છે, ત્યારે આટલો ઉલ્લેખ કરવો અસ્થાને લાગતો નથી.

શ્રીપ્રભુકૃપાથી **આ જીવે** આ પ્રકારનો વેશ ધારણ કરેલો છે, અને એને કેટલાય એવા **જીવો** મળેલા છે. જેને ભગવાનને અનુભવવાને માટે જ્વાળાગ્નિ કંઈ પ્રગટેલો નથી, એવા અડૂકિયાદડૂકિયા **જીવો**એ **આ જીવ**નું જે મૂલ્યાંકન કર્યું છે, તેનો મને ખ્યાલ છે. પ્રભુકૃપાથી તેવા દરેક **જીવ**ને એણે ચાહ્યા જ કરવાનું કરેલું છે. એમનાં કરેલાં મૂલ્યાંકનો સામે જો જોવાનું કર્યું હોત, તો તો કદાપિ એવાનો સંગ અને સાથ ટક્યો જ ન હોત, પરંતુ મારે તો શ્રીપ્રભુકૃપાથી મળેલાંમાં પ્રવેશવું છે, અને એ પ્રવેશ તો પ્રકૃતિ દ્વારા જ થઈ શકે. તેથી, મળેલા સામા **જીવો**નો પ્રેમભક્તિપૂર્વકનો જ્ઞાનાત્મક સહકાર જ્યાં સુધી ન મળે, ત્યાં સુધી કંઈ કશું કામ (જ્ઞાનનું), કંઈ પણ થઈ શકવાની યોગ્ય શક્યતા પ્રગટી શકતી નથી. આવી સ્થિતિ હોવા છતાં ચેતનાનિષ્ઠ આત્મા એથી કંઈ હારી જતો નથી. મળેલા **જીવો**માં પેલા ચેતનાનિષ્ઠનો સંકલ્પ વારેવારે પછડાઈને પાછો ફરતો હોય છે. એવી એક વારંવારની પ્રક્રિયાને કારણે પેલા ચેતનાનિષ્ઠની સાથે પેલા **જીવ** પ્રકારના શરીરવાળા **જીવ**નો સંબંધ કાયમનો થઈ જતો હોય છે. તેથી, પેલા **જીવ**ને ભલેને કેટલાયે જન્મ થાય, તેમ છતાં પેલા ચેતનાનિષ્ઠનો તેના શરીરનાં મનાદિમાં પડેલો સંકલ્પ, પેલાના જુદા જુદા હયાત શરીરના વખતે તેનાં મનાદિમાં ઝબકારા મારતો હોય છે, અને અંતે તો તેને ચેતનાના પ્રવાહમાં ઘસડી ગયા વિના તે સંકલ્પ રહેવાનો નથી, તે પણ એક અનુભવના પ્રદેશની હકીકત છે. તેમ છતાં એવાને મળેલા **જીવો** જો ખરેખરો સહકાર આપે તો આ જીવનમાં પણ તેવા **જીવો** એવા પ્રયોગાત્મક અનુભવ કરે તો

તેમને જે મળશે તે **જીવ** પ્રકારના મળતર કરતાં અનોખા પ્રદેશની હકીકત હશે. શ્રીપ્રભુકૃપાથી મને મારા સદ્‌ગુરુના પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકના સેવનથી ઉપલી હકીકત સમજાઈ છે.

ચેતનાનિષ્ઠમાં જ્યારે મહત્ત્વે અને મોખરે આકાશતત્ત્વ હોય છે, ત્યારે આકાશતત્ત્વ સહજપણે વિસ્તારની ગતિમાં જ હોય છે. આકાશ સર્વત્ર બધે ઠેકાણે પ્રવર્તેલ છે. ચેતનાનિષ્ઠની શ્રાવ્યશક્તિ અને દૃષ્ટિશક્તિ તથા એનું એવું બધું સતત વિસ્તારની ગતિશીલતામાં જ પ્રવર્તેલું અને જીવતુંજાગતું હોય છે. આ હકીકત સામાન્ય વર્ગની બુદ્ધિ સ્વીકારી તો નહિ શકે, પરંતુ મારા પોતાના અનુભવની હકીકત છે. મને લાગે છે, ત્યાં સુધી છાતીએ હાથ મૂકીને ઠોકીને કહી શકું છું કે ભ્રમણાથી હું કદી દોરવાઈ જઉં એમ નથી. આત્યંતિક સત્યને સ્વીકારી લેવાય એવી ભૂમિકા જ્યારે થાય છે, ત્યારે જ સત્યને તે રીતે સ્વીકારાતું હોય છે. શ્રીસદ્‌ગુરુ એમના પોતાના સ્થાને હોવા છતાં એમનાં ત્રણ વાર મને દર્શન થયેલાં છે, અને વાતો પણ થયેલી છે. સાધનાના પ્રશ્નો ગૂંચો ઉકેલાયાં છે. એમણે મને કેટલીક ટેક્‌નિક પણ બતાવેલી છે.

હું નડિયાદમાં કે બીજે ગમે ત્યાં હોઉં ત્યાં કદી શહેરમાં કે રહેઠાણમાં સૂતો નહિ. ભયંકર ભય લાગે એવા ઠેકાણે હંમેશાં સૂતો. ત્યાં પ્રભુકૃપાથી મારાથી થયેલી પ્રાર્થના પોતે પોતાના સ્થાનથી બિરાજેલા બોલતા અને મારા એક સ્નેહી ભાઈશ્રી ભગવતપ્રસાદ પંડ્યા આ પ્રાર્થના મોટાની છે એમ માની ઉતારી લેતા. જે ઢબે અને જે લયમાં હું પ્રાર્થના ગાતો, તેવી જ રીતે શ્રીસદ્‌ગુરુ મહારાજ ગાતા અને કહેતા કે : ‘જુઓ, આ છોકરો

કેવી પ્રાર્થના કરે છે ! એની પ્રાર્થનામાં કેટલો બધો ગદ્‌ગદ ભાવ છે ! અને એના ભાવને કારણે જ તેની પ્રાર્થના મારાથી સંભળાય છે.' શ્રીસદ્‌ગુરુ મહારાજ પાસે જ્યારે જવાનું બન્યું હતું, ત્યારે પેલા ભાઈશ્રી ભગવતપ્રસાદે મને તેમણે ઉતારી લીધેલી પ્રાર્થનાઓ બતાવી હતી. એક અક્ષરનો ફેર ન પડે. મારી પ્રાર્થનામાંનું એક ભજન છે 'શરણચરણમાં રાખો રે, પાવલે લાગું' આ પ્રાર્થનાગીત તે ભજનોમાંનું એક હતું.

અનુભવીને દેહ રહે છે, પણ તેના દેહની લીલા ન્યારી છે. તેને દેહ છે પણ અનંતમાં વિહરે છે. નિમિત્ત જ્યાં હોય ત્યાં અનુભવી હાજર હોય પણ નિમિત્ત એને સમજી શકે નહિ, કારણ કે ભક્તિ ન હોય. જો ભક્તિ હોય તો સમજાય. અનુભવી નિમિત્તની જોડે હાજર જ હોય. એ આકાશ સાથે એક હોવાથી એકીપણે અનેક સાથે જુદી જુદી ભૂમિકામાં પ્રવર્તતો હોય છે. અને એથી જ અનુભવીને દરેક વિજ્ઞાન (Branch of knowledge)નું જ્ઞાન ન હોય, પરંતુ જો કોઈ વૈજ્ઞાનિક નિમિત્ત બને તો તેને અનુભવી સ્પર્શી શકે, પરિણામે નિમિત્તવાળા વૈજ્ઞાનિકથી આશ્ચર્યકારક શોધ થાય. આવી બધી હકીકતો જે બને છે તે આકાશતત્ત્વના મહત્ત્વના મોખરાપણાને લીધે હોય છે.

જ્યારે શ્રીસદ્‌ગુરુ ઉપર લખવાનું મારે સહજમેળે થયું, ત્યારે મારે સાચેસાચી હકીકત લખવી જોઈએ. કોઈ માને કે ન માને તે તરફ બિલકુલ દૃષ્ટિ રાખી નથી. કેટલીક હકીકતો એવી હોય છે કે પ્રકૃતિનાં ક્ષેત્રમાં જેની બહુ ભારે પ્રતિભા હોય એવી પ્રખર અને પ્રચંડ બુદ્ધિ પણ ઊર્ધ્વમાં ઊર્ધ્વ આધ્યાત્મિક

કક્ષાનાં સત્યોને નહિ સ્વીકારી શકે અને સમજી પણ નહિ શકે. જેમ કે, આઈન્સ્ટાઈનની Theory of Relativityનો જે સિદ્ધાંત છે, તેને આખી દુનિયામાં થઈને માંડમાંડ થોડા માણસો જ વિગતવાર સમજતા હશે. બીજા બધા તો એમ માને કે આવી એક થીઅરી છે એટલું જ, પરંતુ તે થીઅરીનું સત્ય તો તેમનાથી બરાબર સમજાય નહિ. તેવી જ રીતે ઊર્ધ્વમાં ઊર્ધ્વની ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાનાં રહસ્યો અને તેની સાચી હકીકતો પ્રકૃતિનાં ક્ષેત્રની બુદ્ધિ સમજી નહિ શકે.

ઉપર જે મેં અનુભવની હકીકત લખી છે, તે સાચેસાચ તેમ હોવા છતાં કેટલાક વિચારકો, તેને સ્વીકારી શકવાની વાત તો દૂર રહી, પણ તેને કદાચ ગપ્પાં જ માને, પરંતુ **આ** શરીર જ્યારે તેના અંતના છેલ્લા આરે બેઠું છે, ત્યારે શરીર જતાં જતાં સાચેસાચી હકીકત ખુલ્લા કરતા જવું, અને વિશેષ કરીને જ્યારે 'શ્રીસદ્ગુરુ' ઉપર લખવાનું નિમિત્ત મળ્યું ત્યારે તો એના પરત્વેનું સ્ફુરતું ગયું એમ લખતો ગયો છું અને લખવાનો ધર્મ પણ સ્વીકાર્યો છે. આ બધું જ લખાણ માત્ર થોડા જ દિવસોમાં લખાઈ ગયું છે. બધાંની સાથે ગામ-પરગામ ગયો હોઉં, બધાંની સાથે હળવામળવાનું થતું હોય, તેવી દશામાં પણ શ્રીભગવાનની કૃપાથી **આ** લખાણ લખાયે જતું હતું. આ બધું છે તો ગદ્ય જ, પરંતુ અનુષ્ટુપ છંદમાં લખવાની મને સરળતા છે. તેથી, તે છંદમાં બધું લખાયું છે. છંદરચનાનો લાભ એ છે કે વિચારોને સ્મૃતિમાં સંઘરવાને માટે તે સરળ અને સહેલું છે, લયમાં બોલાતું હોવાથી ગદ્ય કરતાં વિશેષ ભાવ પ્રગટતો હોય છે. વળી, શાસ્ત્રના જેવી કોઈ હકીકત

હોય, તો તેવી હકીકતોને અનુષ્ટુપમાં લખવાનો એક પ્રકારનો રિવાજ પડી ગયો છે. ગીતાજી શાસ્ત્ર છે અને એવી જે બીજી સૂક્ષ્મ હકીકત હોય, તે પણ અનુષ્ટુપમાં લખાઈ છે, તેને અંગે કેટલાક મિત્રોએ કહ્યું કે, 'મોટા, તમે આ યથાયોગ્ય કર્યું છે. અને આપણી પ્રણાલિકાને સાનુકૂળ છે.' આ મત સંસ્કૃત ભાષાના કોઈ પ્રખર અભ્યાસીનો પણ છે. નામ ન આપવા બદલ વાચકો મને ક્ષમા કરે.

આ સદ્ગુરુનાં લખાણમાં પુનરોક્તિ દોષ પ્રગટે છે ખરો, તે હું કબૂલ કરી લઉં છું. તે માટે વાચકો મને ક્ષમા આપે. મારી તેવા પ્રકારની આદતને તેઓ સહન કરી લે, તેવી મારી તેમને વિનંતી. શ્રેયાર્થીના માનસ ઉપર આવી હકીકતોનું વારંવાર પુનરાવર્તન થાય તે તદ્દન યોગ્ય છે એમ દૃઢપણે સમજું છું અને તેથી મેં થવા દીધું છે. સાધનાની હકીકતની ભૂમિકામાં મારે વારંવાર પુનરાવર્તન કરવું પડેલું છે. પુનરાવર્તનની ભૂમિકા નક્કર થતી જાય છે, સમજણમાં દૃઢતા પ્રગટે છે, અને સમજણ પરિપક્વ પણ બને છે. મારા જીવનમાં મેં આવા પ્રકારના પુનરાવર્તનને દોષ ગણેલો નથી. સાધનાના પ્રદેશમાં ઊલટો એને મેં ગુણ ગણેલો છે. તે હકીકત શ્રેયાર્થીને જણાવવાની રજા લઉં છું.

અંતમાં, શ્રેયાર્થીને મારી પ્રાર્થના છે કે **આ** બધું લખાણ જિજ્ઞાસાભાવે વાંચે અને તેમાંથી જે તત્ત્વ જેવું લાગે તે સ્વીકારે અને બાકીનું ફોતરાં જેવું સમજીને ભલે ફેંકી દે. શ્રી**હરિ**કૃપાથી છેલ્લાં વર્ષ દોઢ વર્ષમાં જે કાંઈ સર્જન થયું છે, તેનો બધો જશ ભાઈ નંદુભાઈને ભાગે જાય છે. તેમણે મને બધી રીતે સાવ

છૂટો કરી દીધો છે. આવા અનેક વેદનાકારી રોગોની હયાતીમાં જે વેઠવાનું અને વેદવાનું આવ્યા કર્યું છે, તેવા ગાળામાં કેટકેટલાં શાસ્ત્રોનાં જે ભજન-કીર્તન સર્જાયાં, જેથી **આ જીવ**ને દુઃખમાં આનંદોલ્લાસ અનુભવવાનો મળ્યો, તે સદ્ભાગ્ય કાંઈ ઓછું નથી.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**

તા. ૧૫-૧૨-૧૯૭૨

❑

# ૪૨. સ્વાર્થ

અમદાવાદમાં ગુલબાઈના ટેકરે શ્રી પ્રમુખલાલભાઈને ત્યાં રોટલા જમવાનું આમંત્રણ હતું. ત્યાં બધા ભાઈઓ મળ્યા હતા. 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'ભાવ', 'નિમિત્ત', 'રાગદ્વેષ', 'કૃપા', 'કર્મઉપાસના', 'શ્રીસદ્‌ગુરુ' એ વિષય ઉપર જુદા જુદા સદ્‌ભાવીએ મને લખવાનું સૂચવ્યું. તેઓએ માત્ર લખવાનું સૂચવ્યું એટલું જ નહિ, પરંતુ તેનો પ્રકાશનખર્ચ પોતે માથે લઈ લેવાનું પ્રેમથી સ્વીકાર્યું અને તે છપાયેલાં પુસ્તકો વેચી આપવાનું પણ કબૂલ્યું. તેથી, **શ્રીહરિ**કૃપાથી પરમાર્થમાં મદદ મળ્યા કરી. વાતવાતમાં શ્રી પ્રમુખલાલભાઈએ મને **'સ્વાર્થ'** ઉપર લખવા સૂચવ્યું અને પોતે તેનો ખર્ચ આપશે અને તે વેચી પણ આપશે એમ જણાવ્યું. આ સાંભળી એમ પ્રત્યાઘાત થયો કે **'સ્વાર્થ'** વિશે શું લખવું ? એ તો ઉઘાડો જ છે, અને સ્વાર્થને તો બધાં જ ઓળખે છે. એ વિશે ઊંડું શું લખાય ?' વળી પાછું એમ થયું કે 'નાનામાં નાનું ભલેને અર્થ કે રહસ્ય વિનાનું હોય, છતાં તે વિશે શાસ્ત્ર કે વિજ્ઞાન જેવું લખાય ત્યારે જ ઉત્તમ.' આવો વિચાર ઉદ્‌ભવ્યો અને **શ્રીહરિ**કૃપાથી પ્રેરણા થઈ. એવામાં શરીરની-પેટની ભયંકર વેદના પ્રગટી અને દવાખાનામાં શરીરને દાખલ થવું પડ્યું. તે ગાળામાં **'સ્વાર્થ'** અંગે માત્ર થોડુંક જ લખાયું હતું, તે પૂરું કરવામાં **શ્રીહરિ**કૃપાથી દિલ લગાડવાનું થયું અને તે દવાખાનામાં જ પૂરું થયું.

આ **'સ્વાર્થ'** લખવા જેમણે મને પ્રેર્યો, તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. **'સ્વાર્થ'** વિશે આવડ્યું તેવું ગાયું છે. એમાં જે દોષ હોય તે મારો છે. જે કંઈ સારું હોય

તે **શ્રીહરિ**કૃપાનું છે. સજ્જનો ફોતરાં ફોતરાં ફેંકી દઈ, કુશકા કાઢી નાખી ઉત્તમ ગ્રહવા કરવા જેવું લાગે તે ગ્રહણ કરશે એવી વિનંતી-પ્રાર્થના છે.

સર પી.ટી. જનરલ હૉસ્પિટલ, **-મોટા**
બાલાજી રોડ, સુરત, તા. ૧૯-૨-૧૯૭૩

❑

## ૪૩. મનને

સને ૧૯૨૨ની શરૂઆતથી શ્રીપ્રભુકૃપાથી જીવનના ઉચ્ચતમ ભાવનાના વિકાસ પરત્વેની દિલમાં દિલથી દિલની અભિમુખતા પ્રકટી, ને ત્યારથી મનની અનેક પ્રકારની આડીઅવળી મથામણો, મંથનો ને કેટલાંય સંગ્રામનાં અવનવાં દર્શન થયે જતાં, ને તેનું ક્રિયાશીલ, જાગ્રત, ગતિશીલ તટસ્થતાપૂર્વક પૃથક્કરણ થયા જતું, ને મનનું સંઘર્ષણ અનેક પ્રકારે અનેક પાસાંઓમાં ને ક્ષેત્રોમાં, કર્મમાં ને જીવનવહેવારમાં પ્રગટતું જતું, પરંતુ તેનો સુમેળ જીવનની ઉચ્ચતમ ક્ષેત્ર-ભાવનામાં કેમ કરીને પ્રગટાવવો, કેળવવો ને તેને જીવંતપણે ભાવનાના પ્રદેશમાં સક્રિયપણે જાગ્રત થઈ તેનો સર્જનશીલ સમન્વય સધાય, એવો પ્રભુકૃપાથી સતત જાગ્રત ચેતનવંતો પ્રયત્ન થયે જતો હતો, ને તેમાંથી જ આ મનનેનું ઉદ્‌ભવવું થયું. તે કાળે આ જીવનો તે એક ભારે સંગ્રામનો તબક્કો હતો. મનનો ગુરુ મન બને ને તે પણ યથાર્થપણામાં, તો જ જીવનવિકાસના ભાવમાં ભારે વેગ પ્રગટ્યા જાય ને જીવનવિકાસ પરત્વેનો ઝોક આપમેળે ઊગીને, તેને ગતિશીલ, ક્રિયાશીલ ને સર્જનશીલ થયે જવામાં પ્રેરણાન્વિત થતો જતો અનુભવાતો હતો. તેવા તે જીવનના તબક્કામાં આ ગનનેનું જોડકણું મનને સમજાવવા, કેળવવા, ચેતાવવા, જાગ્રત થવા ને જીવનવિકાસ પરત્વેની મનની સાચી ઉત્કટમાં ઉત્કટ અભિમુખતા પ્રગટે તેવો તેનો જ્ઞાનભક્તિપૂર્વકનો હેતુ હતો.

શ્રીસમર્થ રામદાસના 'મનાચે શ્લોક' તો તેઓશ્રીના જ્ઞાનના અનુભવના પરિણામ પરાકાષ્ઠાની પ્રસાદીરૂપે હતા. 'મનાચે

શ્લોક'ની ને આ મનનેની સરખામણી જ શક્ય નથી. બંનેની ભૂમિકા જ જુદા પ્રકારની છે. સમજુ વાંચકો આનો યોગ્ય વિચાર કરીને આ મનનેનું મૂલ્યાંકન આંકે એવી લેખકની વિનંતી છે.

મન પણ અનંત છે ને એનાં પણ અનેક પાસાં છે, ને મનને જીવનવિકાસનાં ક્ષેત્રમાં આપમેળે રંગાઈ જવાનું કર્મ તે કંઈ નાનુંસૂનું નથી. મન મનાઈ જતું ભલે લાગતું હોય, તેમ છતાં એને પાછું છટકી જતાં વાર પણ લાગતી નથી. મનનો દંભનો પડદો તો હિમાલય પર્વત કરતાં પણ મોટો હોય છે, ને દંભ તો સત્યની નજીકમાં નજીક સુધીની મર્યાદા સુધીનો ભાગ ભજવી શકે છે. એવાં મનનાં વલણોને પારખવાં ને જીવન-વિકાસમાં તે રચનાત્મક છે કે નકારાત્મક છે, એ પ્રીછવું, તે સહેલું નથી, તથા તેવાં તેનાં પાસાંમાં ગતિશીલ, ક્રિયાશીલ ને સંપૂર્ણ ચેતનાત્મક જાગૃતિ ને જીવન પરત્વેની જ્વાળામુખી સમી ઉત્કટમાં ઉત્કટ ધગધગતી જિજ્ઞાસા જેને સંપૂર્ણપણે ચેતનાત્મક ભાવવાળી છે, તેવા જ માત્ર, તેવાં મનનાં પાસાંમાં તટસ્થ રહી શકે છે, બાકીનાંનું તો ગજું જ નથી.

મનની પણ અનેક પ્રકારની ભ્રમણાઓ હોય છે. અનેક પ્રકારની સમજણોની પણ મડાગાંઠો ને પૂર્વગ્રહો હોય છે, તે બધું જ જીવનવિકાસની ભાવનાને સાનુકૂળ મનનું તેવું જ્ઞાનભક્તિપૂર્વકનું હેતુની સભાનતાવાળું વલણ જન્મેલું હોય છે, ને તે નિત્ય જાગ્રત સાતત્ય ભોગવતું હોય છે, ત્યારે જ તેવું તેવું મનનું બધું ફેરવાવી શકાય છે.

હાલ આ મનને જે પ્રસિદ્ધ થયું છે, તે તો તે કાળના તબક્કાના મારા જીવનમાં મનને સમજવા, એને મઠારવા,

કેળવવા, જાગ્રત થવા, યોગ્ય દિશાનું ભાન પ્રેરાવવા ને મનને પોતાનું એકમાત્ર કર્તવ્ય શું છે, તે તે મનને પ્રેમભાવે, મિત્રતાથી ને કદીક કઠોર થઈને પણ દૃઢાવવાનો મારો પ્રયત્ન હતો. વાચકોને આ મનને વાંચતાં તે કાળના મારા જીવનનો કંઈક ખ્યાલ ઊપજે એટલા માટે આટલું સ્પષ્ટ લખવાનું થયું છે.

આ મનને જીવનવિકાસના સંપૂર્ણ વિકસિત થયેલા જ્ઞાનભક્તિના અનુભવની પરાકાષ્ઠાનું સ્વરૂપ નથી, પરંતુ એ તો એ માર્ગના મથતા જીવનું નિરૂપણ છે.

શ્રી ઉમાશંકરભાઈ જોશીએ પોતાની અતિ વ્યવસાયી પ્રવૃત્તિમાંથી સમય કાઢી આની પ્રસ્તાવના લખી આપી છે, તે માટે તેમનો હૃદયથી ખરેખરો ઋણી છું. ૧૯૬૭ના જૂન માસના **'સંસ્કૃતિ'**ના અંકમાં પણ **'મનને'**ની આ પ્રસ્તાવના છપાઈ છે.

**—મોટા**

❑

## ૪૪. તુજ ચરણે

પ્રશ્ન : મોટા, 'તુજ ચરણે' હિમાલયનો પ્રવાસ કરતાં પહેલાં લખાયેલું ?

ઉત્તર : હા, પણ તેની પાછળ એક વાત છે, જ્યારે મારી ઉંમર ૨૪-૨૫ વર્ષની હશે ત્યારે નડિયાદમાં મેથોડિસ્ટ ચર્ચના એક પાદરી-અમેરિકન ત્યાં હતા. તેમણે આપણા ધર્મ અને દેવદેવીઓ સંબંધે વાત કરી અને કહ્યું કે 'તમારામાં ઘણાં બધાં શાસ્ત્રો, ઘણાં દેવદેવીઓ અને ગૂંચવાડો થાય એવું શાસ્ત્ર-પુરાણ વગેરે છે. જ્યારે અમારે ત્યાં એક જ ધર્મ અને એક જ ઈશ્વર !'

ત્યારે મેં કહ્યું, 'ના, એવું નથી. જુદી જુદી રુચિના જુદા જુદા માણસોને માફક આવી જાય તે રીતે ધર્મની વાતો અને આચારો નક્કી કરવામાં આવ્યાં છે. અમે પણ એક જ ઈશ્વરમાં અને એક જ પરમ તત્ત્વમાં માનીએ છીએ.' ત્યારે પેલા પાદરીભાઈ કહે કે 'મારા જોવામાં એવું કંઈ આવ્યું નથી.' એટલે તે જ દિનની રાતે સળંગ જાગતો બેસીને મેં 'તુજ ચરણે' લખી નાખ્યું અને બીજે દિવસે પાદરીભાઈને તે કાવ્ય બતાવ્યું. તેના લેખક કોણ છે તે બતાવ્યું નહિ. તે ગુજરાતી જાણે એટલે તેમના કહેવાથી મેં આખું કાવ્ય વાંચી સંભળાવ્યું. તે સાંભળીને તે રાજી થયા. આમ, આમાં સાકાર અને નિરાકાર બંને રીતના પ્રભુનો, તેની ભક્તિનો ઉલ્લેખ છે અને વિશેષમાં આ કાવ્યના વેચાણમાંથી જે પૈસા મળ્યા તેમાંથી મેં હિમાલયનો પહેલો પ્રવાસ ખેડ્યો.

**-મોટા**

❑

# ૪૫. નર્મદાપદે

આ જીવના શરીરને પ્રભુકૃપાથી ફેફરુંનો રોગ લાગુ પડેલો, તેથી કંઈક શાંતિ ને પ્રસન્નતા મળે એવા હેતુથી નર્મદાતટે એકાંત મળે એટલા માટે રજા લઈને ત્યાં જવાનું બનેલું. શરૂ શરૂમાં તો કોઈક ને કોઈક સ્નેહીનું સાથે રહેવાનું બનતું અને થતું. કેટલોક સમય એકલા રહેવાનું પણ થયેલું. એકવાર ત્યાં જઈ આવીને ફરીથી પાછું ત્યાં જવાનું પણ બનેલું અને ત્યારે તો એવો મક્કમ મરણિયો નિર્ધાર થયેલો કે નબળા મનની લાગણીપ્રધાન સ્ત્રીઓના જેવો આ રોગ શરીરને થયો અને મરદ થઈને મારામાં એટલી પણ શક્તિ નથી કે આવા લાગણીવેડાને રોકી શકું ! આવું જીવતર નકામું સમજી નર્મદામૈયાના ખોળામાં પડતું મૂકીને જીવનને ખતમ કરવાનું દિલમાં દિલથી નક્કી કરેલું.

ગરુડેશ્વરથી આગળ જતાં નર્મદામૈયાને કિનારે એક ઊંચી ભેખડ આવે છે, ત્યાં આગળ ભેખડની ધારથી જરાક પાછા હઠીને એકદમ દોટ મૂકીને શ્રીનર્મદામૈયાના ખોળામાં પડતું મૂકેલું. નર્મદામૈયાનાં જળના પુનિત પ્રવાહનો પગને સ્પર્શ થયેલો, તેનું અત્યારે પણ તાદૃશ ભાન છે. તે મૃદુ, કોમળ, શીતલ સ્પર્શ થયો ન થયો ત્યાં તો પાણીના પ્રવાહમાંથી એક એવો પ્રચંડ વંટોળ પ્રગટ્યો ! તે વંટોળે શરીરને ઉછાળીને ભેખડથી ક્યાંયે દૂર, ઉપર ફેંકી દીધું. તે વંટોળની મધ્યમાં તે વેળાએ કોઈક અદ્‌ભુત દર્શન થયેલું. તે દર્શનનું સ્વરૂપ કોઈ સ્થૂળ પ્રકારની માતા જેવું ન હતું. તે દર્શન તો અલૌકિક પ્રકારનું હતું. અને તે વેળાએ આમ જે ચમત્કારિક રીતે બચી જવાનું બન્યું, ત્યારથી જ દિલમાં ઊગી ગયું

કે, By his Grace I am meant for some thing. 'एनी કૃપાથી જિંદગીમાં કંઈક થવાને સર્જાયેલો છું.' એવું નિશ્ચિત ભાન જાગ્યું, તે કાળથી 'एनी ભાવના પરત્વે મોં ફરી ગયું અને એ દિશા પરત્વેની ખરેખરી ઉત્કટ, મંથનયુક્ત વિકટ સંગ્રામવાળી ગડમથલની શરૂઆત થઈ. આ ભાવ નીચેની કડીઓમાં આ પુસ્તિકામાં વ્યક્ત થયો છે :-

ઓ મૂર્ખ બાળ ! તુજને ક્યમ આમ સૂઝ્યું !
છે ભાન ના કંઈ તને તુજ ભાવિકેરું,
છે તારી ભાત જ જુદી જન સર્વથી કો,
છે હેતુ કૈંક તુજ જન્મ વિશે પ્રભુનો.
જીવો અસંખ્ય જગમાં જીવીને મરે છે,
કીડા જ કાદવતણા સમ સૌ રહે તે,
તે પંકમાં કમળ કોઈ કદી ઊગે છે,
તું શોભશે અવર સર્વથી તેવી રીતે.
જે આદર્યો સતત યજ્ઞ ચલાવજે તે,
મંજિલ તારી હજી દૂર સુદૂર ક્યાંયે,
જેવો પ્રવાહ મુજ જાય અખંડ વ્હેતો,
તેવું વહી વિલીન તત્ત્વમહીં થઈ જા.

આજકાલના બુદ્ધિયુગના જમાનામાં આવી હકીકતને કોઈ માને નહિ એ સ્વાભાવિક છે. આવી હકીકતને બહાર મૂકવી એમાં કેટલાકને ડહાપણ ન પણ લાગે, પરંતુ પોતાને જે સાચો અનુભવ થયો હોય, તે જગતની આગળ પ્રેમભાવે નમ્રતાથી મૂકવો, તે પણ જરૂરનું લાગે છે. આપણે માનતાં હોઈએ, તે જ માત્ર સાચું છે અને બીજું સાચું નથી એવી માન્યાતામાં એક પ્રકારનો જડ મતાગ્રહ રહેલો છે.

ઉપર દર્શાવેલા અનુભવની હકીકતની શક્યતા ખરેખરી રીતે છે, કારણ કે તે માત્ર hallucination (ઉત્કટ કલ્પનાનું જ સર્જન) હતું, એવું મુદ્દલે નથી. આજે પણ તે દર્શન મારી આંખ સામે જીવંત છે. તે દર્શનમાંથી પ્રભુકૃપાથી પ્રેરણા મળેલી છે, તે ઉપરાંત, સાહસ, હિંમત, ધીરજ, સહનશક્તિ, મક્કમતા વગેરે ગુણ અને તેની શક્તિ પણ મળેલાં છે અને તે દર્શનના અનુભવથી ઓચિંતું આપોઆપ જીવનનું જે વહેણ બદલાયું તે કંઈ નાનોસૂનો પ્રસંગ ન ગણાય. આવું બધું માત્ર કલ્પનાના કે ઊર્મિના ઉત્કટપણામાંથી જીવનમાં ઉદ્ભવવું શક્ય નથી. કલ્પનાની ઉત્કટતાનો ભાવાવેશ લાંબો કાળ ટકી શકતો નથી. તે જીવનપરિવર્તન પણ લાવી શકતો નથી.

શ્રીપ્રભુકૃપાથી શરીરનું ઊગરી જવાનું થતાં આ જીવના જીવનમાં પ્રથમ વાર પ્રાર્થનાનો ભાવ પ્રગટ્યો. અને સર્વથી પ્રથમ ત્યારે આપોઆપ શ્રીનર્મદામૈયાનું પ્રાર્થનાભાવે સ્તવન થયું, સદ્ગત પૂજ્યપાદ સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજે એક વેળા વડોદરાથી ચાણોદ સુધીનો પગપાળા યાત્રાનો કાર્યક્રમ ગોઠવેલો. આ પદયાત્રામાં તેમની પોતાની સૂચનાથી આ ‘નર્મદાગીત’ છપાવવાનું બનેલું. રોજ સાંજે તેમના પ્રવચન પછી એ ‘નર્મદાગીત’ વંચાતું. આ પુસ્તિકાની ત્યારે બે આના કિંમત રાખી હતી. તે ચાણોદ પહોંચતાં પહેલાં તો ક્યારનીયે ખપી ગયેલી. તેની બધી જ રકમ સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજે પ્રેમથી મને આપી દીધી હતી. તે ‘નર્મદાગીત’ને વસંતતિલકાના છંદ-ઢાળમાં ફરી વાર ગોઠવ્યું છે અને તે આ રીતે નવા સ્વરૂપે બહાર પડે છે.

**-મોટા**

❑

## ૪૬. રાગદ્વેષ

શ્રી રમણભાઈ અમીન (એલેમ્બિકવાળા, વડોદરા)ને કાગળ લખવાનું થયું, અને તે માટે શ્રેયાર્થીએ મૂળભૂત કેવી ભૂમિકા પોતાના જીવનમાં પચાવવી જોઈએ, તે લખતાં લખતાં જ દિલમાં સહજમેળે ઊગી ગયું કે, રાગદ્વેષથી સંપૂર્ણ રીતે મુક્ત થયા વિના ભગવાનને અનુભવવા માટેની ભૂમિકા કદી પણ રચાતી નથી.

કાગળની શરૂઆતમાં તો ઈશને મેળવવાની જે ઝંખના અને તે જ્વાળામુખીના જેવી તીવ્રતમ પ્રગટેલી હોય એવા જ જીવની લાયકાત તે બાબતમાં હોય, અને એવી ધગધગતી જિજ્ઞાસા જે જીવમાં પ્રગટે છે, તે જીવનાં વલણ, વૃત્તિ અને દૃષ્ટિ અને તેની અભિમુખતા ચેતના અભિમુખી, જીવંત અને ચેતનાત્મક પ્રગટેલી રહ્યા કરે છે, એ વિશે લખાયું. એવા શ્રેયાર્થીને તે માર્ગ પરત્વેના, પોતાને જે જે અવરોધો જીવનના આરોહણ પરત્વેના પોતાના માર્ગમાં પ્રગટતા હોય તેની ઓળખ તો પડી જવી જ ઘટે. ઓળખ પડી જાય એટલું માત્ર પૂરતું હોતું નથી, પરંતુ તે અવરોધોથી મુક્ત થવાની તેના પોતાના અંતઃકરણમાં તેના અંતરતમ બળની-તેની અંતરની શક્તિની-તેને સભાનતા પણ પ્રચંડપણે જાગી ગયેલી હોવી જોઈશે.

એવા અનેક પ્રકારના અવરોધોની એને જે હૈયાસૂઝ જાગે છે, તેવા શરૂઆતના શ્રેયાર્થીના સાધનાકાળના તબક્કામાં રાગદ્વેષ એના ઊર્ધ્વ આરોહણમાં એને હરાવવા, પાછા પાડવા અજાણમાં ઓચિંતો હુમલો પાડીને, જેની અંતરતમ શક્તિ ઊગતી હોય છે, તેને ડામવા મથતા હોય છે. રાગદ્વેષ તો ધાડપાડુઓ, ડાકુઓ અને લૂંટારા છે. અને એને મોળા પાડ્યા સિવાય શ્રેયાર્થીની જીવનના ઊર્ધ્વમાર્ગ

પરત્વેની વિકાસની ગતિ સાચી રીતે થઈ શકતી નથી. અને તે રાગદ્વેષ જીવનમાં કેટકેટલી રીતે અશાંતિ, ક્લેશ, સંઘર્ષણ પેદા કરે છે અને ચિત્તને વિક્ષિપ્ત કરી નાખે છે, તેનું જીવતુંજાગતું ભાન પ્રેરાવવાને માટે પણ રાગદ્વેષ ઉપર શ્રીપ્રભુકૃપાથી જે લખાયું તેમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ થયો છે. રાગદ્વેષના અનેક સૂક્ષ્મ પ્રકારો અને ભેદો પણ છે. સ્થૂળ અને સૂક્ષ્મ એવા મુખ્ય ભેદ તો ખરા જ. સ્થૂળ ભૂમિકા ઉપર રાગદ્વેષ શ્રેયાર્થીને કેવા અવરોધકર્તા છે અને નડતરરૂપ છે, તે વિશે પણ સારી રીતે વિશ્લેષણ થયું છે. સૂક્ષ્મ ભૂમિકામાં પણ રાગદ્વેષનું સૂક્ષ્મપણું વધારે જોરદાર હોય છે, તેનું પણ વિવરણ થયું છે.

શ્રેયાર્થી તો હંમેશાં સતત મથનાર જીવ છે. જીવનનાં અનેક પાસાંમાં અને ક્ષેત્રોમાં તેનો સતત એકધારો સંગ્રામ ચાલુ જ રહ્યા કરતો હોય છે. દેશ દેશ પરત્વેના સ્થૂળ યુદ્ધના ક્ષેત્રનાં જે મોટામાં મોટા મહારથીઓ અને સેનાપતિઓ હોય તેના કરતાં પણ આ સંગ્રામમાં રાગદ્વેષની સામે ઝઝૂમવાને માટે તેવા શ્રેયાર્થીની બુદ્ધિ-જેની ચેતના પરત્વેની શક્તિ પ્રતિષ્ઠિત થતી જતી હોય છે-વધારે સૂક્ષ્મ અને તેજ થયેલી હોય છે અને સામે આવી પડતા પ્રશ્નોનો ઉકેલ કાઢવા માટે તત્પરતાવાળી જીવંતી હોય છે. શ્રેયાર્થી કદી પણ જીવનમાં સલામત સ્થિતિમાં પડી રહી શકવાનું જાણે જ નહિ. એ તો સતત જીવનની પ્રત્યેક ભૂમિકામાં ઊથલપાથલ થયા કરવાનું જ જાણતો હોય છે અને તે પ્રમાણે કર્યા કરતો હોય છે. એમ કરતાં કરતાં શ્રેયાર્થીને અંતરમાં અંતરથી લાગી જતું હોય છે કે આવા ચોર, ડાકુ, ધાડપાડુને હરાવ્યા વિના કદી પણ આગળ ડગલું ભરી શકાવાનું નથી. એવી એને અંતરમાં અંતરથી પ્રતીતિ

થઈ જાય છે. એવી જાગેલી પ્રતીતિનો રણકાર કોઈ ન્યારો છે. એવી પ્રતીતિ છાનીમાની પડી રહી શકતી નથી. રાગદ્વેષ ભલેને ગમે તેવા કપરા હોય અને હરાવવા મુશ્કેલ હોય, છતાં પણ એવી પ્રતીતિ તેનો પડકાર ઝીલી લે છે. તે પણ કુનેહથી, કળાથી સમજાવીને અને કેટલીય વાર એનો પ્રચંડ સામનો કરીને પણ રાગદ્વેષને હઠાવવાને સદાય શ્રેયાર્થી મર્દાનગીથી, હિંમતથી, શૌર્યથી, ધીરજથી, ખંતથી, ઉદ્યમથી અને ચીવટાઈથી એકધારો સતત મથ્યા જ કરતો હોય છે. રાગદ્વેષનાં અનેક પાસાંઓને તે સમજી લે છે. શ્રેયાર્થી માત્ર રાગદ્વેષને હઠાવવાને મથે છે, એ એનું તાકેલું નિશાન હોતું નથી, પરંતુ એને હઠાવવા કરતાં એને હઠાવવા માટેની જે આંતરિક બળની જરૂર તેને કેળવવાને માટે જ્ઞાનભક્તિપૂર્વક સદાય ભાવનાશીલ, પ્રાર્થનાશીલ, મનનચિંતવનશીલ અને ચેતના પરત્વેની અભિમુખતાને વધારે ને વધારે તેજસ્વી, ખમીરવાળી અને ખુમારીવાળી પોતાના અંતરમાં બેઠી થાય તેવા સાધનના અભ્યાસમાં તે સતત પરોવાયેલો રહે છે. શ્રેયાર્થીને એટલી દિલમાં દિલથી ખાતરી થઈ જાય છે કે જીવનમાંની એવી કોઈ દિવ્ય શક્તિનો ચેતતો રણકાર પૂરતો જાગે નહિ ત્યાં સુધી રાગદ્વેષને હઠાવવા એ લગભગ અશક્ય હકીકત છે. તેથી, એક બાજુથી જીવનની એવી આંતરિક શક્તિનો વિકાસ થયા કરે, તેમ તેમ, તેવી આંતરિક શક્તિનો ઉપયોગ જીવનધ્યેયના હેતુને લક્ષમાં રાખી રાખીને, રાગદ્વેષનાં વલણો ઊઠે ત્યારે, તેવા વલણના સમયમાં આંતરશક્તિના વિકાસ પરત્વેના મનનચિંતનાત્મક અભ્યાસમાં કે પુરુષાર્થમાં વધારે ને વધારે ઓર તેજસ્વિત થઈને, પોતાનામાં હોય એ બધું જ બળ વાપરી વાપરીને,

તેનો ઉપયોગ કર્યા કરીને, પેલા રાગદ્વેષનાં વલણોમાં તે ભેરવાઈ પડતો નથી અને એમ કરીને પેલા રાગદ્વેષના વલણને વહી જવા દે છે. તેની સાથે તે કશો સહકાર સાધતો નથી, ભાગ લેતો નથી. અને રાગદ્વેષનાં જે મૂળ કારણો હોય, તે કારણોને નાબૂદ કરી નાખવાને તે હંમેશાં તત્પર રહે છે. રાગદ્વેષ જેના જોર વડે કરીને ટકે છે, એના મૂળને જ તે ઉખેડી નાખવાની હૈયાસૂઝ ધરાવે છે. અને એવી હૈયાસૂઝનો તે પૂરેપૂરો ઉપયોગ પણ કરે છે. રાગદ્વેષને માત્ર બુદ્ધિના બળથી હરાવી નહિ શકાય, પરંતુ તેની સાથે સાથે ચેતના પરત્વેની શ્રેયાર્થીની જ્ઞાનપૂર્વકની ભક્તિ કેળવાતી જતી હોવી જોઈશે. જીવનની એવી ભક્તિની શક્તિ અપરંપાર છે. ત્યારે જ એવી ભૂમિકામાં જે શ્રેયાર્થીની જીવનની શક્તિ બઢતી જતી હોય છે, તે રાગદ્વેષ પ્રકારના એવા અનેક અવરોધોને નિર્મૂળ કરવાને શક્તિમાન હોય છે. બુદ્ધિમાં ભક્તિ પ્રગટ્યા વિના રાગદ્વેષ કદી પણ નિર્મૂળ થઈ શકતા નથી. એક મિત્રે આ રાગદ્વેષ ઉપર લખતો હતો ત્યારે ખાસ કહ્યું કે 'મોટા, રાગદ્વેષ મોળા પડતા જતા હોય એ કેવી રીતે સમજાય ? અને એનાં લક્ષણો કેવાં કેવાં હોય ? તે વિશે પણ લખો તો સારું.' એટલે તે વિશે પણ થોડુંક વિસ્તારથી લખ્યું છે ખરું. વળી, શ્રી એ. જી. ભટ્ટ સાહેબે મને કહ્યું કે 'મોટા, તમે રાગદ્વેષ ઉપર સારું લખ્યું છે, તો હવે એ મોળા કેવી રીતે પડે, એ વિશે પણ લખો તો સારું.' એટલે એ વિશે પણ ભગવાનની કૃપાથી સારું સ્પષ્ટીકરણ થયું છે.

પ્રતિષ્ઠા પામેલા એવા વિદ્વાનો પાસે એ બધું રાગદ્વેષ અંગેનું લખાણ વાંચી સંભળાવ્યું અને બધાંને તે ગમ્યું. આવા મિત્રોએ જ મને **'રાગદ્વેષ'** વિશે લખવાને પ્રેર્યો.

આ બધું લખાણ એકીસપાટે એકધારું લખાયે ગયું છે. ભાઈશ્રી રમાકાંત જોશી પાસે આ બધું અનુષ્ટુપમાં બોલ્યે જતો અને તે ભાઈ લખ્યે જતા. આ બધી સમજણ શ્રીભગવાનની કૃપાથી અનુભવથી દિલમાં પડેલી તો હતી જ, એને આ રીતે વ્યક્ત થવાનું જે થયું છે એમાં મારે તો મિત્રોનો આભાર માનવાનો જ રહ્યો. ભાઈશ્રી ઇંદુકુમાર અને બીજા મિત્રોએ મને એમાં દિલથી પ્રોત્સાહન આપ્યું છે અને આ બધું છપામણીનું ખર્ચ તથા **'રાગદ્વેષ'** પુસ્તકને વેચી આપવાનું પણ પ્રેમથી સ્વીકાર્યું છે, એ બદલ તેમનો હૃદયથી આભાર માનું એ પૂરતું નથી, પરંતુ એ મિત્રો આ રાગદ્વેષ પરત્વેનાં લખાણને સમજી રાગદ્વેષને મોળા પાડવાનું સત્કર્મ કરશે, તો જ કંઈક બદલો વાળ્યાનો હૃદયમાં મને સંતોષ થશે.

કોઈ પણ માણસને જ્યારે કંઈ કશું ઘણું ઘણું ખૂંચે, ત્યારે જ તે તેમાંથી મુક્ત થવાને પ્રેરાય છે. તેવી જ રીતે શ્રેયાર્થીના જીવનમાં કાંટાની પેઠે આ રાગદ્વેષ ખૂબ ખૂંચતા અને સાલતા થયા હશે, તો જ તેને મોળા પાડવાનું બની શકશે, નહિતર નહિ.

પૂરેપૂરું વિના ખૂંચ્યા, સાલતું તે થયા વિના,
તેથી મુક્ત થવાવાનું કદાપિ થાય શક્ય ના.

અંતમાં જે મિત્રોએ મને આ **'રાગદ્વેષ'** ઉપર લખવા પ્રેર્યો અને તે લખવાથી કરી મને જે સંતોષ થયો છે, એને શ્રીભગવાનની કૃપા અનુભવું છું.

**-મોટા**

❑

॥ હરિઃૐ ॥

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગરગમહીં, નખશિખમહીં,ને શરીરના નવદ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો--પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ

થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઈત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪**થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ | ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ | ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ | ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ | ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ | ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ | ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ | ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ | ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ | ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ | ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ | | |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ | | |
| ૨૫. જીવનઆહ્લાદ | ૧૯૭૨ | | |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ | | |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ | | |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ | | |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ | | |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ | | |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ | | |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ | | |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ | | |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ | | |
| ૩૫. મોહ | ૧૯૭૩ | | |
| ૩૬. કૃપા | ૧૯૭૩ | | |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ | | |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ | | |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ | | |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ | | |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ | | |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## English books available at Hariom Ashram Surat.
## January - 2020

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિ:ૐ ॥

કિંમત : રૂ. ૩૫/-